શાહનામાનાં દાસ્તાનો.

ભાગ બીજો.

કર્તા

એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ.

મુંબઇ:—

ધી જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઑરફનેજ કૅપટન પ્રિંટીંગ વર્કસ.

૧૯૦૭.

EPISODES

FROM THE

SHÂH-NÂMEH.

PART II.

BY

JIVANJI JAMSHEDJI MODI, B. A.

Bombay:

PRINTED AT [illegible] PARSEE ORPHANAGE CAP[illegible] [illegible]ORKS.

1907.

એજ લખનારનાં બીજાં પુસ્તકો.

BY THE SAME AUTHOR.

In English.

The Religious System of the Parsees.

Wine among the Ancient Persians.

Asto-dân.

The Funeral Ceremonies of the Parsees, their Origin and Explanation.

The Persian Mâr-Nâmeh, or, The Book for the taking of Omens from Snakes.

Charms or Amulets and a few Ancient Beliefs about the Eclipse.

Marriage Customs among the Parsees, their Comparison with similar Customs of other Nations.

Aiyâdgâr-i-Zarirân, Shatrôihâ-i-Airân, va Afdiya va Sahigiya-i-Seistân *i. e.* The Memoir of Zarir, Cities of Irân, and the Wonders and Marvels of Seistân. (Pahlavi translations Part I. Texts in Gujarati character, with English and Gujarati translations and notes.)

The Parsees at the Court of Akbar and Dastur Meherji Rânâ.

Two Avesta Amulets.

Jâmâspi (Pahlavi translations Part III. Pahlavi, Pazend and Persian texts with English and Gujarati translations and notes.)

Asiatic Papers.

A Glimpse into the work of the Bombay Branch of the Royal Asiatic Society during the last 100 years.

A few events in the Early History of the Parsees and their Dates.

In French.

Impressions d'un Parsi sur la Ville de Paris.

La Visite d'un Parsi à la ville de Constantinople.

La Cérèmonie du Naôjote parmi les Parsis.

ગુજરાતી *In Gujarati.*

વાયુચક્રશાસ્ત્ર. Meteorology.

જમશેદ, હોમ અને આતશ. Jamshed, Hom and Fire.

અવસ્તા જમાનાની ઘરસંસારી જીંદગી, ભૂગોળ અને એકરારનામું. The Social Life, Geography and Articles of faith of Avesta times.

અનાહીત અને ફ્રોહર. Anâhita and Farôhar.

ભવિષ્યની જીંદગી અથવા આત્માનું અમરપણું. Immortality of the Soul.

મેહેર અને જશને મેહેરંગાન. Mithra and the Feast of Mithras.

અવસ્તાનાં વિશેષ નામોની ફરહંગ. A Dictionary of Avestic Proper Names.

ઇરાની વિષયો. Irânian Essays, Part I.

ઇરાની વિષયો, ભાગ બીજો. Irânian Essays, Part II.

ઇરાની વિષયો, ભાગ ત્રીજો. Irânian Essays, Part III.

મોત ઉપર વાએજ. A Sermon on Death.

શાહનામું અને ફીરદોસી. Shâh-nâmeh and Firdousi.

જ્ઞાન પ્રસારક વિષયો. Lectures before the Dnyân Prasârak Society (Part I.)

જ્ઞાન પ્રસારક વિષયો, ભાગ બીજો. Lectures before the Dnyân Prasârak Society, Part II.

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ પેહેલો. Lectures and Sermons on Zoroastrian subjects (Part I)

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ બીજો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part II.

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ ત્રીજો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part III.

શાહનામાનાં દાસ્તાનો. Episodes from the Shâh-Nâmeh, Part 1.

શાહનામાની સુંદરીઓ (છપાય છે.) Episodes of well-known Women in the Shâh-Nâmeh (in the Press).

શાહનામું, મનોચેહરનાં રાજ્ય સુધી. Shâh-nâmeh up to the Reign of Minocheher.

બુનદહેશ Bundehesh (Pahlavi translations Part II).

કદીમ ઇરાનીઓ, હેરોડોટસ અને સ્ટ્રેબો મુજબ, અવસ્તા અને બીજાં પારસી પુસ્તકોની સરખામણી સાથે. The Ancient Irânians, according to Herodotus and Strabo, compared with the Avesta and other Parsee books.

WORKS EDITED BY THE SAME AUTHOR.

The K. R. Cama Memorial Volume.

Mâdigân-i-Hazâr Dadistân.

The K. R. Cama Masonic Jubilee Volume.

શેઠ બમનજી દીનશા પીટીટ.

મેહેરબાન શેઠ બમનજી,

"બાપ જેવા બેટા અને વડ તેવા ટેટા" એ આપણી પુરાણી કહેવતને આપના સંબંધમાં કેટલીક બાબતમાં ખરી પડેલી જોઉં છું. જે બાબતમાં હું તે ખાસ કરી ખરી પડેલી જોઉં છું, તે આ છે કે એક સખી વજુદ પીતાના સખી તબે બેટા નીવડવાની તમોએ ઘણીક ગવાહી આપી છે. પારસી જેનરલ હોસ્પીટલનો પાયો નાખવાનો આજનો મુબારક દિવસ જેમ તમારી જીંદગીમાં તેમ પારસી કોમની આ શેહરની તવારીખમાં એક અગતનો દિવસ ગણાશે. એ હોસ્પીટલની હીલચાલના દહાડે એક મોટી બક્ષેશથી હીલતો કરી તમોએ તમારી સખી તબેહની વધુ જીવતી અને જાગતી ગવાહી આપી છે. એવી ગવાહી અનેક રીતે આપવાને ખોદા તમારા માર્ગમાં સવળતા મેલે એવી દુઆઓ સાથે, આજના સુભ દિવસની યાદમાં, અને સખાવતના તમારા સદગુણની, અને એક ચપળ જીંદગી માટેની તમારી કારસાજીની પીછાંણની એક નાહની નીશાંણી તરીકે, માન સાથ, તમોને આ પુસ્તક અર્પણ કરવાની રજા લઉં છું.

તા॰ ૧૧ મી દીસેમ્બર ૧૯૦૭.

લા॰ સેવક,

જીવનજી જમશેદજી મોદી.

DEDICATED

TO

BOMANJI DINSHAW PETIT Esq.

દિબાચો.

શાહાનામાનાં દાસ્તાનોનું આ મારૂં બીજું પુસ્તક છે. એમાં કુલે ૧૧) દાસ્તાનો છે. શાહાનામાનાં દાસ્તાનનું પેહલવેહેલું વાંચન મેં તા૦ ૧૦ મી સપ્ટેંમ્બર સને ૧૮૯૦ ને દીને આપ્યું હતું. ત્યાર પછી આજ સુધી શાહાનામાનાં મેં કુલે ૨૨) દાસ્તાનોનાં વાંચનો જાહેરમાં આપ્યાં છે. તેમાંથી ૧૪) મેં પેહેલા ભાગમાં પ્રગટ કર્યાં છે. આ ભાગમાં બાકીનાં ૮) હું પ્રગટ કરૂં છું. એ ૮) શાહાનામાનાં દાસ્તાનો ઉપરાંત બીજાં ત્રણ જાહેરમાં વાંચેલાં દાસ્તાનો આ પુસ્તકમાં હું પ્રગટ કરૂં છું. એ ત્રણ દાસ્તાનો અલબત્તે શાહનામાનાં દાસ્તાનો ન કહેવાય, પણ તે એવાં દાસ્તાનો છે, કે જેઓને અસલી ઇરાની શાહાનશાહત સાથે અને તે શાહનશાહતના સંબંધના આપણા પુરાણા ઇરાની મુલક સાથે અને તેની જરથોસ્તી દીનના વિચારો સાથે સંબંધ છે. આ દાસ્તાનો વધારે વિસ્તારમાં વંચાય તેવી મતલબે તે મોટે ભાગે નુરે એલમ નામના માહવારીમાં કકડે કકડે પ્રગટ થયાં હતાં. હું તે સઘળાં હાલ એક પુસ્તકમાં પ્રગટ કરૂં છું. આ પુસ્તકમાં પ્રગટ કરેલાં ૧૧) દાસ્તાનો-માંથી ૮) મેં નીચલી મંડળીઓ યા મેળાવડાઓ મારફતે આપ્યાં હતાઃ—

૧	બજમે જશને રૂજે ઓહરમજદ મંડળી.	૪
૨	થીઓસોફીકલ સોસાએટીની અતરેની શાખા.	૨
૩	જશન મંડળી.	૧
૪	નૌસારી ખાતેની એક લગનની મિજલસ.	૧

બાકીનાં ત્રણ મેં મારા પોતા તરફથી આપ્યાં હતાં.

ઉપલી મંડળીઓ વીગેરેએ મને આપેલી જોગવાઇ માટે આ તકે હું તેઓનો ઉપકાર માનું છું.

આ પુસ્તકમાં દિસતી ખામીઓ માટે દરગુજર ચાહતાં જે બાબત ઉપર શાહાનામાનાં દાસ્તાનોના પેહેલા ભાગમાં મેં ખાસ ધ્યાન ખેંચ્યું હતું, તે બાબત ઉપર ફરીથી ખાસ ધ્યાન ખેંચી ક્ષમા માગું છું. તે બાબત પુસ્તકમાં પ્રગટ કરેલી બેતોની છે. ફીરદોસીનાં કાંઇક લખાણોને ગુજરાતી બેતમાં રજુ કરતાં હું કોઇ સુંદર બેતોના રચનારનો દાવો કરતો નથી. મેહેરબાન વાંચનારાઓએ ફકત કાફ્યા સાથની સતરોને જેટલું વજન ઘટે તેટલુંજ વજન એ બેતોને આપી તેઓ ઉપર જોવું.

કોલાબા, તા૦ ૮ મી ડીસેમ્બર ૧૯૦૭.

PREFACE.

Since the year 18[illegible]0 I have been regularly giving readings from the Shâh-Nâmeh before Parsee audiences, every year, especially during the Fravardegân Holidays. I read chosen passages from the Shâh-Nâmeh in the original Persian, render them in Gujarâti rhymed couplets and then connect them with an explanatory and running commentary. Up to now, I have given 22 such readings. I have published the episodes of 14 of these readings in my "Episodes from the Shâh-Nâmeh" Part I. I publish the remaining 8 in this volume. Besides these readings from the Shâh-Nâmeh I have given readings of the following episodes on different occasions.

1. "The Fire Worshippers" from the Lalla Rookh of Thomas Moore.
2. "The Love of the Angels" by Thomas Moore.
3. "Les Guebres" by Voltaire.

These three are included in this Volume.

Most of these episodes were, at first, published in parts in the different issues of the Nur-i-Elam, and are now published in a book form. Eight of these readings were given under the auspices of the under mentioned Societies and gatherings.

Bazam-i-Jashan-i-Roz-i-Ahura Mazda	4
The Bombay Branch of the Theosophical Society ...	2
The Jashan Mandli	1
A Marriage-gathering at Naosari...	1

The remaining three were given on my own account.

I beg to thank these societies for the facilities they gave me to give these readings.

Colaba, 8th December, 1907.

PREFACE.

Since the year 1890 I have been regularly giving readings from the Shâh-Nâmeh before Parsee audiences, every year, especially during the Fravardagân Holidays. I read chosen passages from the Shâh-Nâmeh in the original Persian, render them in Gujarâti rhymed couplets and then connect them with an explanatory and running commentary. Upto now, I have given 22 such readings. I have published the episodes of 14 of these readings in my "Episodes from the Shâh-Nâmeh" Part 1. I publish the remaining 8 in this volume. Besides these readings from the Shâh-Nâmeh I have given readings of the following episodes on different occasions.

1. "The Fire Worshippers" from the Lalla Rookh of Thomas Moore.
2. "The Love of the Angels" by Thomas Moore.
3. "Les Guebres" by Voltaire.

These three are included in this Volume.

Most of these episodes were, at first, published in parts in the different issues of the Nur-i-Elam, and are now published in a book form. Eight of these readings were given under the auspices of the under mentioned Societies and gatherings.

Bazam-i-Jashan-i-Roz-i-Ahura Mazda	4
The Bombay Branch of the Theosophical Society ...	2
The Jashan Mandli	1
A Marriage-gathering at Naosari...	1

The remaining three were given on my own account.

I beg to thank these societies for the facilities they gave me to give these readings.

Colaba, 8th December, 1907.

શાહનામાનાં દાસ્તાનો ભાગ ૨ જો.

સાંકળીયું.

વિષયક્રમ. બાબત. પાનાં.

શાહનામાનાં દાસ્તાનો.

અર્દેશર બાબેગાન (૧)

હમાજોર ફરોહરે અર્દેશર બાબેગાન બાદ અવા હમા ફરોહરે વીરાસ્તારાન વીનારતારાને દીને ખોદાએ બાદ.

(રપીથવનની આફ્રીન.)

અર્થ—અર્દેશર બાબેગાનના ફરોહર સાથે હમાજોર હોજો. તેની સાથે ખોદાતાલાની દીનને આબાદ રાખનારાઓ અને સુધારનારાઓના ફરોહરો સાથે હમાજોર હોજો.

અર્દેશર બાબેગાનનું દાસ્તાન એક મહાત્મા ઇરાનીનું દાસતાન છે, કે જે હાલનાં મુકતાદના ગંભીર અને પવીત્ર દીંગામને લાયકનું ગણાય. ફ્રાનટાંએબલયનાં જંગલના એક મઠમાં આશરો લેનાર એક સાધુ, વિલયમ ડ બીયરને એબટ સ્ટીફન નામના વડા સાધુએ જે શીખામણ દીધી હતી, તે શીખામણને ગોયા યાદ કરવા માટેના આપણા આ મુકતાદના તેહેવારો છે. તે શીખામણ આ હતી, કે અંહી એકાંતવાસમાં "તું તારે પોતાને માટે રડજે; તારા પડોશી માટે રડજે; તારા ખોદા માટે રડજે." વરસની સેવટના અને પવિત્ર દીવસો ઉપર આપણે પોતા માટે રડવું, એટલે એબટ સ્ટીફન સમજાવે છે તેમ, ખલાસ થવા આવેલાં વરસમાં આપણાથી જે ગુનાહો થયા હોય, તે માટે પસ્તાવો કરવો, અને તે માટે ખોદાની માફી ચાહવી. બીજું, આપણા પાડોશી માટે રડવું, એટલે આપણાં નજદીકનાંઓમાંથી, આપણાં વાહલાં ખેશીઓ અને મિત્રોમાંથી, જે જીવતાં હોય અને હાજતમંદ હોય, તેઓ માટે રંજ ખેંચી તેઓને યારી દેવી અને મદદ કરવી, અને જેઓ ગુજરી ગયાં હોય તેઓ માટે ખોદાતાળા આગળ બંદગી કરી તેઓને યાદ કરવાં અને તેઓના રૂહ માટે શાંતી ઇચ્છવી. ત્રીજું, ખોદા માટે રડવું, એટલે આ દુનીયા ત્રણ પાંચ દાહાડાની છે, માટે ભવિષ્યને માટે તે સાહેબ ઉપર વિશ્વાસ રાખવો અને તેણે આ જીંદગીમાં જે નેયામતો આપી છે તે માટે તેનો ઉપકાર માનવો.

એબટ સ્ટીફનની એ શીખામણો મુકતાદના દીંગામને લાયકની છે. આજનાં વાંચન માટે મેં જે બાબદ હાથ ધરીછે, તે, એક રીતે, જાણે એ શીખામણોને અમલમાં મેલે છે. જે દીન અને દેશહિતકારી પાદશાહની હકીકત ઉપર આપણે આજે વીચાર કર્યે છીયે, તે પાદશાહની જીંદગી અને શીખામણો એબટ સ્ટીફનની શીખામણોનું જાણે લાંબું વીવેચન છે. અર્દેશર બાબેગાંનનો જમાનો ઇરાનની તવારીખમાં એક અગત્યનો સફો રોકે છે.

બહમન યશ્ત પ્રમાણે પેગમ્બર જરથોસ્ત સ્વપનામાં એક ઝાડ જોય છે, જેને સાત ડાંખળીઓ છે. તે ડાંખળીઓ સોના, રૂપાં, ત્રાંબા, પીતળ, કલાઇ, પોલાડ અને લોખંડની છે. અહુરમજદ તે સ્વપ્નાનો ભાવાર્થ સમજાવતાં કહે છે, કે એ ઝાડ તે આ દુનિયા છે, અને ધાતુની એ સાત ડાંખળીઓ તે જૂદા જૂદા જુગો અથવા જમાનાઓ છે, જે ઇરાનની તવારીખમાં ધર્મ સંબંધી તબક્કાઓ છે. એ મુજબ ત્યારે એઓમાં સોનેરી જમાનો તે ગુસ્તાસ્પનો છે. ૨ રૂપેરી તે બહમનનો છે. ૩ ત્રાંબાનો તે વલખશ (Vologeses)નો છે. ૪ પીતળનો તે અર્દેશર બાબેગાનનો છે.

---

(૧) આ દાસ્તાનનું વાંચન ગાથા ૩જો સને ૧૨૬૨ યજદજરદી તા૦ ૧૩ મી સપટેંબર ૧૮૯૩ ને વાર બુધને દીને રાતે ૮–૩૦ ને અમલે શેઠ દાદી નસરવાંનજી દાદીશેઠનાં આતશ બેહેરામના ચોકમાં કદમી અનજુમન તરફથી બાંધવામાં આવેલા ઓટલાના માળ ઉપર આપવામાં આવ્યું હતું.

૫ કલાઇનો તે બેહરામગોરનો છે. ૬ પોલાદનો તે નોશીરવાન અદલનો છે. ૭ અંને લોખંડનો તે આરબોની ફતેહનો છે.

હવે પીતળનો જમાનો તે અર્દેશર બાબેગાં-નનો જમાનો છે, જેણે દીનને નવી સજીવન કરી છે. એ સ્વપ્નો અને જમાનાઓ બાઇબલનાં ડેનીયલ (પુસતક બીજું) નાં પુસતકમાં વર્ણવેલા નેબુકદનેજરનાં સ્વપ્નાં અને જમાનાઓની મીસાલે છે.

પાદશાહ અર્દેશરની હકીકત માટે આપણે નીચલાં જૂદાં જૂદાં સાધનોને આભારી છીયે. (૧) ફીરદુસી અને ઇરાનનાં બીજા લખનારાઓ. (૨) રૂમી લખનારાઓ, જેવા કે હીરોડીયન. (૩) એ પાદશાહનાં સીક્કા અને સીક્કાઓ. તવારીખે સાસાનીઆનના કર્તા, શેઠો બરજોરજી અને પાલનજી દેસાઇ બાપ બેટાઓએ એ ત્રણને આધારે પોતાની સાસાનીઅન તવારીખમાં એ પાદશાહોનો સારો ઇનતેખાબ પોતાના વાંચનારાઓ સનમુખ ધર્યો છે. (૪) ચોથું સાધન "કારનામે એ અર્દેશર બાબેગાંન" નામનું એક પેહેલવી પુસ્તક છે, જે પુસ્તકની પોતાનાં પારસી વાંચનારાઓ સાથે દસતુર પેશોતન બેહરાંમજી સંજાનાએ ઘણું થયું ઓળખાંણ કરાવી છે. ફીરદુસીએ પોતાનું શાહનામું પોતાને મળેલાં આગલાં પેહેલવી પુસતકોને આધારે રચેલું છે, તેની ઘણી સરસ ગવાહી એ કારનામું પુરૂં પાડે છે.

બહમન યસ્તમાં અર્દેશર બાબેગાંનના જમાનાને તવારીખનાં એક અગતના સફા તરીકે જે વજન આપ્યું છે તે ખરૂં છે, કારણ એનો જમાનો તે, દાર્મસ્ટેટર કહે છે તેમ, ખરેખર ઇરાનની તવારીખમાં તે જગ્યા રોકે છે, કે જે યુરોપની તવારીખમાં સીહા જમાના (Dark ages) તરીકે જણાયલા જમાનાઓ પછી, રૈનેસાંસ (Renaissance) એટલે "સજીવન થવાના જમાના" ના નામથી જણાયલા જમાનાઓ રોકે છે. એનો જમાનો તે ખરેખરો ઇરાનનો સજીવન થવાનો જમાનો હતો. આગલાં પાર્થીઅન વંશનો જમાનો, તેનાં કોઇક નામાંકીત પાદશાહોની નામાંકીત હકુમત છતાં, ધર્મ, સાહીત્ય, રાજકારોબાર વીગેરેમાં જાણે ઇરાનમાં અંધકારનો જમાનો હતો, જે અંધકાર અર્દેશરે દુર કર્યો. તેણે અસલી ઇરાની હકુમત સ્થાપી રાજકારોબાર સુધાર્યો, અને જે સર્વથી અગતયનું તે કર્યું, એટલે કે દીન સુધારી. દીનકર્દ પ્રમાણે એ દીન સુધારવાનાં કામમાં તેને મુખ્ય મદદ તોસર અથવા તાનસર નામના દસ્તુરની હતી. એક દીન સુધારક તરીકે એની પ્રખ્યાતી એટલી બધી હતી, કે ગીબન જેવો તવારીખનવેશ પારકે આધારે ભુલમાં પડયો છે તેમ, વીરાફ નામામાં જણાવેલી પાછલી ધર્મ સંબંધી મોટી મીજલસો પણ એના જમાનાને લાગુ પાડી દેવામાં આવી છે.

ફીરદોસી પ્રમાણે એના વડીલોની હકીકત નીચે મુજબ છે. સીકંદરે ઇરાન જીતી તેને પાયમાલ કર્યું હતું. તેના પછી થોડે વખતે આરેશ નામના શખસના વંશના શાહજાદાઓ ઇરાનના જૂદા જૂદા ભાગોમાં "મુલુકે તવાયફ" એટલે "તાયફાઓના રાજાઓ," એવે નામે રાજ્ય કરતા હતા. એવી રીતે ૨૦૦ વર્ષ પસાર થયાં. એ અરસામાં ઇરાનમાં કોઇ એક પાદશાહ આખા મુલક ઉપર પગભર રહી રાજ કરતો નહીં હતો. એ સર્વ નાના રાજાઓ પોતપોતે સ્વતંત્ર હતા. સીકંદરે પોતે એમ ઇરાનને નાના રાજ્યોમાં વેંહેચી નાંખ્યું હતું, કે તેથી તે યુનાન અથવા રૂમ સામે એકત્ર થઇ માથું ઉંચકે નહીં.

એ સ્વતંત્ર રાજાઓમાં પેહેલો જાણીતો રાજા અશક નામનો હતો, જે કએકોબાદનાં વંશનો હતો. બીજો શાપુર હતો. પછી ગોદરેજ નામનો પાદશાહ હતો. તેની પછી બેજન નામનો ધણી પાદશાહ થયો, જે કેઆની વંશ સાથ સંબંધ ધરાવતો હતો. એની પછી નર્સી, ઓહરમજદ અને અરેશ નામના રાજાઓ થયા. એઓ પછી જાણીતો પાદશાહ અર્દવાન નામનો હતો. એનું અસલ નામ બેહરામ હતું. પણ તે મેંઢાંને સીંહની ચુંગાલમાંથી છોડવે એવો બાહાદુર હોવાથી તેને અર્દવાન કહેતા. શીરાજ અને ઇસ્ફહાનના મુલકો, જે ઇરાનના મુખ્ય મુલકો ગણાતા, તે એના હાથમાં

હતા. તેણે ઇસ્તખરનું રાજ બાબકને સોંપ્યું હતું. ફીરદોસી એ અશકાનીઅન વંશ માટે કહે છે કે "નામે ખુસ્રવાંન"માં એ વંશ માટે, તેના પાદશાહોનાં નામ સીવાય, વધુ હકીકત મળતી નથી અને તેઓનાં રાજ્યનાં વર્ષો પણ મળતાં નથી.

હવે એ અશકાનીઅનો પછી અર્દેશર બાબેગાને સાસાનીઅન વંશ સ્થાપ્યું. તે વંશ માટે અને અર્દેશર બાબેગાનના વડીલો માટે ફીરદોસી નીચે મુજબ હકીકત આપે છે. જ્યારે દારા પાદશાહ સીકંદરને હાથે માર્યો ગયો અને ઇરાનનું રાજ સીકંદરને હાથ ગયું, ત્યારે દારાનો એક સાસાન નામનો છોકરો હતો. તે પોતાના બાપની હાર અને મરણ પછી હિંદુસ્તાન ગયો હતો અને ત્યાં મરણ પામ્યો હતો. તેનો એક છોકરો હતો, જેનું નામ પણ સાસાન હતું. એમ બીજી ચાર પેહેડી સુધી બાપને ત્યાં અવતરેલા બેટાને સાસાન નામ આપવામાં આવતું. એ સાસાનો ઘણા ગરીબ અવસ્થામાં આવી જઇ ભરવાડ અને ઉંટોના સારવાન તરીકેનું કામ કરતા હતા. એઓમાંથી પેહેડી દર પેહેડી ઉતરી આવેલો એક છેલ્લો સાસાન ધંધો શોધતો શોધતો, ઉપર જણાવેલો બાબક, જે અર્દવાનનાં રાજ્યમાં ઇસ્તખરની હાકમી કરતો હતો, તેના મુલકમાં આવી પોંહચ્યો અને તેના વડા ભરવાડને મળી તેનાં હાથ હેઠળ ચાકરી રહયો, અને આસ્તે આસ્તે પોતાની ચાલાકી અને ચતુરાઇથી વડો ભરવાઠ થયો.

એક રાત્રે પેલા હાકેમ બાબકે સ્વપ્નામાં જોયું, કે ભરવાડ સાસાન, લડાઇના હાથી ઉપર, હાથમાં હીંદી તલવાર પકડી સવાર થયો છે અને સઘળાઓ તેને માન અકરામ આપે છે. તે દુનિયામાં સારી રીતે અમલ ચલાવે છે અને લોકોનાં દુઃખો ટાળે છે. બીજી રાત્રે પાછું બાબકને સ્વપ્નું આવ્યું કે આતશની સેતાયશ કરનારાઓ સાસાન સનમુખ ત્રણ આતશો[1] —આદર ગુશસ્પ ખોર્દાદ અને મેહેર—લઇ જાયછે.

સાસાને બીદાર થતાં કાબેલ સેતારેશનાસોને તેડાવી તેઓ આગળ બેઉ રાતનાં સ્વપનાઓની હકીકત કહી અને તેઓની તાસીર પુછી. તે સેતારેશનાસોએ મસલત કીધી અને પછી તેઓમાંના વડાએ બાબકને કહ્યું કે "જે ધણી (સાસાન) માટે તેં આવાં સ્વપ્નાં જોયાં છે, તે પાદશાહ થશે, અને પોતાનું નામ સરફરાજ કરશે. જો તેના પોતાના બાબમાં એમ નહીં બનશે, તો તેને ત્યાં જે બેટો પેદા પડશે, તે એ મુજબ દુનિયાનો પાદશાહ થશે."

આ તારીફ સાંભળી બાબક ખુશી થયો અને પછી પેલા ભરવાડ સાસાનને પોતા પાસે તેડાવ્યો. સાસાન બીહતો બીહતો બાબક આગળ આવ્યો. તેનાં આંગ ઉપર ભરવાડ તરીકેની ધાબળી હતી, જે ઉપર થંડીને લીધે બરફ પડેલું હતું. બાબકે પોતાની હજુરથી સઘળાઓને બાહાર કાઢ્યા અને પછી તેણે સાસાનને માયા મોહોબતથી તેની હકીકત અને તેની ઓલાદ પુછી. પણ ભરવાડ સાસાને બીહીને કાંઇ જવાબ આપ્યો નહીં. પછી તેણે બાબકને કહ્યું કે "જો તું, મને મારા જાનની જામીનગીરી આપે અને તારો હાથ મારા હાથમાં આપી કોલ આપે, કે તું મને હેરાન કરશે નહીં, તો હું તુંને મારી ઓલાદને લગતી હકીકત કહું." બાબકે કબુલાત આપી, કે "હું તુંને કોઇપણ રીતે હેરાન કરીશ નહીં, પણ માન અકરામ આપીશ." ત્યારે ભરવાડ સાસાને બાબકને કહયું કે "ઓ પેહેલવાન! હું સાસાનનો છોકરો છું. અને અર્દેશર જે ગુસ્તાસ્પનાં બેટા અસફન્દયારના બેટા બહમનને નામે જણાયલો હતો, તેના વંશનો છું."

આ શબ્દો સાંભળી બાબકની આંખમાંથી આસું ટપક્યાં. પછી તેણે સાસાનને કહ્યું કે "તું હમામખાનામાં જા અને ત્યાં તારે માટે નવો પોષાક લાવવામાં આવે ત્યાં સુધી થોભ." પછી તેણે એક પાદશાહી પોષાક અને પેહેલવાની સાજ સાથનો એક ઘોડો તૈયાર કરાવ્યો અને વળી તેને માટે એક સુંદર મેહેલ

---

(૧) આતશની નીઆએશમાં "રોજ નેકનામ" ભણવા પછી, જે ત્રણ આતશો આદર ગુશસ્પ, આદર ખોર્દાદ, આદર બુર્જીન મેહેરને યાદ કરવામાં આવે છે, તે આ આતશો છે.

તૈયાર કરાવ્યો. પછી તેને તેના પાદશાહી ખાનદાન મુજબ સરદાર બનાવ્યો. તે મેહેલમાં તેણે નોકર નફરો તેની સેવામાં રાખ્યા અને સેવટે તેને પોતાની એક બેટી સાથે પરણાવ્યો.

ફીરદોસીનાં ઉપલાં વર્ણન મુજબ, અને તેજ પ્રમાણે બુનદેહેશ મુજબ, એવું દિસે છે, કે એ સાસાનનો છોકરો અને બાબકની છોકરીનો છોકરો હતો, તે ઉપરથી એનું વંશ સાસાનીયન ગણાયું છે અને એ પોતે બાબેગાન, એવાં નામથી ઓળખાયો છે. હવે ઉપર કહ્યું તેમ, એના જનમ વખતે પાર્થીઅન વંશનો છેલ્લો પાદશાહ અર્દવાન (યુનાનીઓનો આર્ટાબેનસ) રાજ કરતો હતો, અને બાબક, પારસ ઉપર તેના હાથ તળે હકુમત કરતો હતો. જવાન ઉમરે અર્દેશરની ચબરાકીની વાત સાંભળતાં અર્દવાને કાગળ લખી બાબક પાસે અર્દેશરને પોતાની દરબારમાં તેડી લીધો, એવી કબુલાત આપીને, કે "હું તેને બચ્ચાં મીસાલે રાખીશ." તેણે નીચે મુજબ એક પત્ર બાબક ઉપર લખ્યો.

અર્દવાને બાબક ઉપર લખેલું નામું.

"ઓ અક્કલના સાહેબ ! ઓ પાકીઝે રાએ !
નેકીના બોલનાર ઓ રેહનુમાએ !
અર્દેશર નામનો તારો આ પુત
થયો છે હાલ સવાર સપુત.
આ વાંચીને તેને તુરતને કાલ
મોકલી દે અંહી, રાખીશ ખુશાલ.
જોઈતી ચીજ આપીશ, જોઈતો સઉ સાજ,
દરબારમાં કરીશ બહુ સરફરાજ.
ઉધારીશ તેને જાણે ફરજંદ
ગણીશ ન સીવાય ખેશ ને પેવંદ"

આ નામું વાંચી બાબક પોતાની બેટીના બેટાથી છુટો પડવા દલગીર થયો. પણ અર્દવાન મોટો પાદશાહ હોવાને લીધે તેને મોકલવા સીવાય કોઈ ચારો ન હતો. તેણે પોતાની આગળ અર્દેશરને તેડાવ્યો અને નવીસ્ન્દા પાસે અર્દવાન ઉપર એક નામું લખાવ્યું. તેણે અર્દેશરને નીચે મુજબ કહયું.

બાબકના અર્દેશરને અર્દવાનનાં નામાની બાબદમાં સખુનો.

"નામું છે મોકલનાર શાહ અર્દવાન
તે વાંચ અને સમજ, એએ રોશન રવાન !
મોકલું છું જવાબ તેનો હું એક,
પોહોંચાડશે તેને તે કાસદ જે નેક.
લખું કે 'હાલ તું પાદશાહની ગમ
મોકલું છું બેટો, જે મારી ચશમ.
શીખામણ દીધી છે, આપી સલાહ
જે કામ આવે તેને તારી પનાહ.
પાદશાહને ઘટે તેમ રાખજે તું સાથ
રખે થાય હેરાન તે પવનને હાથ."

પછી બાબકે અર્દેશરને કેટલીક કીમતી ભેટ સોગાદ આપી, અને પાદશાહ અર્દવાન માટે પણ કેટલીક ભેટ આપી તેને અર્દવાનની દરબારમાં મોકલ્યો.

અર્દવાને અર્દેશરને સારો આવકાર આપ્યો, અને તેને પોતાની દરબારમાં પોતાનાં ફરજંદ તરીકે માન મરતબા સાથે રાખ્યો.

હવે એક દિવસે અર્દેશર અર્દવાન સાથે શીકારે ગયો. તેઓ સાથે અર્દવાનનો બેટો પણ હતો. શીકારગાહમાં અર્દેશરે એક ગોરખરને માર્યું. "તે ગોરખર કોણે માર્યું ?" એમ અર્દવાને પુછતાં, તેના શાહજાદાએ કહયું કે "તેને મેં માર્યું છે." અર્દેશરે આ ખોટી વાત સાંભળી ગોસ્સે થઈ તેને ખોટો પાડયો. તે ઉપરથી પાદશાહ અર્દવાન તેની ઉપર ગોસ્સે થયો. ફીરદોસીનાં કહેવા પ્રમાણે, પાદશાહે નીચે મુજબ સવાલ કરવાથી તેઓ વચ્ચે નીચલી વાતચીત થઈ.

શીકારગાહમાં અર્દેશર અને અર્દવાન વચ્ચે વાતચીત.

"કોણે છે માર્યું તીરથી આ ગોર ?
રવાન તેનું મેળવે તન જેવું જોર."
અર્દેશરે દીધો શાહને જવાબ,
"માર્યું છે તીરથી મેં આ સેતાબ."
શાહજાદો બોલ્યો "મારનાર છું હું,
જોડાને શોધવાની પેરવીમાં છું."

ગોસ્સાથી બોલ્યો જવાન અર્દશીર,
"બોહળું છે મેદાન બહુ ગોરખર ને તીર.
માર બીજાં ગુરખર, કર તું નેશાન,
જુઠું છે ગુનાહ નજદીક પેહેલવાન."
અર્દવાનને લાગો ગોસ્સો ને ખાર,
તે જવાન પર માર્યો મોટો પોકાર,
"મારોજ છે એમાં વાંક ને ગોનાહ
કે ઊધારવા તુંને લીધો મેં રાહ.
શું મીજલસની અંદર! કે શેકાર ગાહ
લઇ ગીઓ શા કાજ સાથે સેપાહ,
કે આજે મુજ ફરજંદ પર કરે શોખઇ
સરસાઇ ને ચહડતીની કરે તુંદાઇ!
નીકલ, જા અંહીથી, જા ઘોડાની પાસ
ત્યાંજ રહી કર તેમની હમેશ તપાસ.
મુજ ઘોડાનો થા તું હાલ રખેવાળ
તે કામજ છે તારૂં હવે આજકાલ."

એમ કહી અર્દવાને અર્દેશરનો મર્તબો પોતાની દરબારમાં ઓછો કરી તેને પાદશાહી તબેલાનો વડો (Equerry) બનાવ્યો. આ બાબતની જ્યારે અર્દેશરે પોતાના મમાવા બાબકને ખબર કીધી, ત્યારે તે તેના ઉપર જરા ગુસ્સે થયો, અને તેના ઉપર પોતાની નાપસંદગી દેખાડવા નીચે પ્રમાણે પત્ર લખ્યો, અને આ હાલતમાં તે રખેને પૈસા સંબંધી તંગીમાં આવે, એવી ચીંતાથી તેના ઉપર થોડુંક નાણું મોકલ્યું.

બાબકની અર્દેશરને શીખામણ.

"ઓ ઓછી અક્કલના નાદાન જવાન!
જો શેકારમાં લઇ ગયો તુંને અર્દવાન,
તો હરોલમાં શા કાજ કરી જુમ્બેશ?
નોકર તું હતો, નહીં ફરજંદ કે ખેશ.
વાંક તેનો નથી, કે થયો દુસ્મન;
વાંક છે ખુદ તારો, અકકલ છે કમ.
મરજી તું સાચવ ને કર ખુશરૂઇ
ફરમાનો તેનાંથી ફેરવ નાં રૂઇ.
મોકલું છું આ સાથ થોડો હું ગંજ
મુજ શીખામણ સાંભળવા લેજે તું રંજ.
જોઇએ કાંઇ બીજું તો માંગજે મુજ પાસ
જ્યાં તલક ફેરવાય તુંજ નસીબની આસ."

હવે થોડા વખતમાં અર્દેશરનું નસીબ ફરવા લાગ્યું..અર્દવાનનો એક મેહેલ, જે તેની પડોશમાં હતો, તેમાં તેની દરબારની એક ખુબસુરત બાનુ રેહતી હતી. તેણીનું નામ ગુલનાર હતું. તેણી અર્દવાનનાં એક દસ્તુર મીસાલે હતી, એટલે કે તેણી તેની દરબારનો કેટલોક કારોબાર કરતી હતી અને તેને સલાહ આપતી હતી. વળી અર્દવાનનો ખજાનો પણ તેણીને હસ્તક હતો. અર્દવાન તેણીને ઘણો ચાહતો હતો અને તેણીથી ખુશ રહેતો હતો.

એક દિવસે જ્યારે તેણી પોતાના મેહલની સફીલ ઉપર આવીને ઉભી હતી, ત્યારે તેણીની નજર અર્દેશર ઉપર પડી. કારનામે એ અર્દેશર બાબેગાન પ્રમાણે અર્દેશર એક વાંસળી ઘણી સુંદર અને મનોરંજક રીતે વજાડતો હતો અને ગાણું ગાતો હતો. તેના ખુશ આવાજ ઉપરથી તેણી અર્દેશર તરફ ખેંચાઇ હતી. જવાન ખુબસુરત અર્દેશરને જોઇ.તેણી તેની સાથ મોહોબતમાં પડી. એક દિવસે તેણી ખોદાતાળાનું નામ લેઇ અર્દેશર આગળ આવી. અર્દેશરે તેણીને તેણીની હકીકત પુછી. પછી બેઉ વચ્ચે મીત્રાચારી વધી.

હવે થોડોક વખત બાદ અર્દેશરનો મમાવો બુઢો સાસાન મરણ પામ્યો. ત્યારે અર્દવાને તેનો મુલક પોતાના બેટાને સોંપ્યો. પોતાના મમાવાના મુલક ઉપર કોઇ વખતે પોતે હાકમી કરવાની અર્દેશર આશા રાખતો હતો. તે હવે નાસીપાસ થાયો.

હવે એક દિવસે અર્દવાને ગુલનારનાં રહેવાનાં મકાનવાળા મેહેલમાં ઘણાક કાબેલ નજુમીઓ અને સેતારેશનાસોને ભેગા કર્યા અને કહ્યું કે "વરતારો કાહડી મને જણાવો કે મારા પછી કોણ પાદશાહ થશે?" તેઓ ત્રણ દહાડા સુધી ગુલનારનાં મેહેલમાં રહ્યા અને રાત દાહાડો તારાની ચાલ અને સેતારેશનાસીની મદદથી પાદશાહે પુછેલા સવાલનો જવાબ શોધી કાહાડવા મંડયા. તેઓ જે વાતચીત કરતા અને મસલત કરતા, તે ગુલનાર સઘળું સાંભળતી. ચોથે દાહાડે તેઓ અર્દવાન આગળ ગયા અને પોતાની મસલતનું પરીણામ જણાવ્યું કે "તારી પોતાની નોકરીમાંને

એક પુરૂષ, જે પોતે ઉંચા ખાનદાનનો છે, તે તારી દરબારમાંથી નાસી જશે અને તે એક મોટો શાહાનશાહ થશે." પાદશાહ અર્દવાન આ વાત સાંભળી દલગીર થયો.

હવે ગુલનારે એ સઘળી હકીકત સાંભળી. તેણી અર્દવાન અને તેના સેતારેશનાસો વચ્ચેની વાતચીત સાંભળવામાં રોકાઇ ગઇ. તેથી તે દિવસે અર્દેશર હજુર ધારા કરતાં મોડે-થી ગઇ. તેથી અર્દેશર દલગીર થયો હતો. તેણીએ અર્દેશરને પોતે મોડે આવવાનો સબબ જણાવ્યો. સેતારેશનાસોએ જણાવેલી સઘળી હકીકત સાંભળી અર્દેશર વિચારમાં પડયો અને તેણે તે સેતારેશનાસોની નજુમ પોતાને લાગુ પાડીને અર્દવાનની દરબારમાંથી નાસી જવાનો વિચાર કર્યો. તેણે ગુલનારને કહ્યું કે "હું જો ઇરાન જાઉં અને આ શેહેર છોડી જાઉં, તો તું મારી સાથે આવશે કે અર્દવાન આગળ રહેશે?" તેણીએ કહયું કે "હું તારી ફર્માનબરદાર છું, અને જયાં સુધી જીવીશ ત્યાં સુધી તારીથી છુટી પડીશ નહીં." ત્યારે અર્દેશરે કહયું કે "આપણે કાલને કાલ અંહીથી નીકળી જવું જોઇએ." એ ઠેરાવ સાંભળી ગુલનાર પોતાના મેહેલ ભણી ગઇ અને પોતા સાથે કેટલોક ખજાનો અને જર જવાહેર લીધાં. પછી રાત પડતાં તેણી અર્દેશર આગલ ગઇ. અર્દેશરે પાદશાહી તબેલામાંથી બે નામીચા ઘોડા તૈયાર કરી રાખ્યા હતા, અને તબેલાનાં માણસોને શરાબથી મસ્ત કીધા હતા, કે તેઓ તેની નાસભાગ જાણે નહીં. ગુલનાર જર જવાહેર સાથે આવી પોંહોચતાં તેણે એક ઘોડા ઉપર તેણીને બેસાડી અને બીજા ઉપર પોતે સવાર થઇ બેઉ જણ શેહેર બાહાર નીકળી ચાલ્યાં.

ગુલનાર દરરોજ સવારનાં પોહોરમાં પાદ-શાહ અર્દવાનના મેહેલમાં હાજર થતી હતી. બીજી સવારે તેણી ધારા પ્રમાણે તેમ હાજર ન થતાં પાદશાહ ગુસ્સે થયો અને તેનો સબબ પુછવા લાગો. તેવામાં પાદશાહનો વડો મુનશી (દબીર) દાખલ થયો અને કહ્યું કે "અર્દેશર, પાદ-શાહનાં ખનગ અને સીહારંગના બે નામીચા ઘોડાઓ લેઇ નાહાસી ગયો છે, અને તેની સાથે પાદશાહની ખજાનચી બાનું ગુલનાર પણ ચાલી ગઇ છે." આ વાત સાંભળી પાદશાહ ચોંકયો. તુરત તે ઘોડા ઉપર સવાર થઇ તેઓની પુઠે ગયો. રાહમાં એક ગામડું આવતાં અર્દવાને ત્યાંના લોકોને પુછયું કે "તમોએ બે જણને ઘોડા ઉપર બેસી નાસી જતાં જોયાં છે?" એક જણે જવાબ આપ્યો કે તેણે બે જણને નાસી જતાં જોયાં હતાં અને તેઓ પાછળ એક જંગલી મેંઢો દોડતો હતો. અર્દવાને પોતાનાં દસ્તુરને એમ મેંઢો પછવાડે દોડવાની મતલબ પુછતાં તેણે કહ્યું કે "એ તેના ખોરેહ (ફર્ર) ની નીશાણી છે. તે પાદશાહીની નીશાણી છે." (१)

અર્દેશર ગુલનાર સાથે સેતાબ કુચ કરતો નીકળી ચાલ્યો અને અર્દવાન તેને પકડી શકયો નહીં. એ બાબે ફીરદોસી કહે છે કે "જેની ઉપર બુલંદ આસમાન મેહેરબાન હોય તેને કોઇ પણ દુશ્મનથી હાણી પોંહોચે નહીં."(२)

હવે અર્દેશર થાકી જવા આવ્યો હતો. તેણે એક ઉંચી જગ્યાએથી નીચે પાણીનો ચસ્મો જોયો. તેથી તેણે ગુલનારને કહ્યું કે "હવે આપણે અંહી ઉતરી આસાએશ લઇએ અને ઘોડાઓને આસાએશ આપીએ." તેઓ ત્યાં નાહવાનો વિચાર કરતાં હતાં, તેવામાં ત્યાં ઉભેલા બે જવાનોએ તેઓને કહ્યું, કે "તમો જો અજદહાનાં મોહમાંથી છુટવા માંગતાં હોવ તો તમોએ અંહી ઉતરવું નહીં જોઇએ." તેઓના શબ્દો ઉપર ધેઆન આપી તેઓ આગળ ચાલ્યાં.

---

(૧) બેહરામ્ યશ્તમાં, બેરામ યજદ, જે ફતેહ ઉપર મવકુલ છે, તેને એક જંગલી ખુબ સુરત મેંઢાનાં (મએપહે કેહર્પ અઉરૂનહે સ્રીરહે) રૂપમાં આવતો જણાવ્યો છે. તે બાબત ઉપર આ બાબત રોશની નાંખે છે. પેહલવી કારનામું અર્દેશરની એક બીજી કુચમાં એક ગોરખરને તેની ડાબી બાજુએ કુચ કરતું જણાવે છે.

(૨) કેરા યાર બાશદ સેપેહેરે બુલન્દ,
બરૂ બર જ્! દુશ્મન ન આયદ ગજન્દ.

અર્દવાન સેતાબ પવન માફક તેઓની પુઠે આવતો હતો. બપોર પછી તે એક સુંદર ગામ આગળ આવી પોંહતો. અને ત્યાંના મોબેદોને પુછયું કે "અહીંથી એક હથિયારબંદ સવાર કયારે પસાર થયો?" તેઓમાંથી એક વડા મોબેદે કહ્યું કે "કાલે સાંજને વખતે તે પસાર થયો છે અને તેની પાછળ, કોઈએ કદી જોયું નહીં હોય એવું એક સુંદર મેંઢું પસાર થયું છે." આ શબ્દો સાંભળી હવે પાદશાહના વજીરે તેને સલાહ આપી કે "હવે તેની પાછળ જાવું ફોકટ છે. તું પારસ તારા બેટા ઉપર આ હકીકત લખ, કે તે અર્દેશરની ખબર કાહાડે. હવે તું તેની સાથે લડવાની તૈયારી કર." અર્દવાને હવે અર્દેશરને પકડી પાડવાની આસા છોડી અને ત્યાંથી પોતાનાં રએના મુલક ભણી પાછો ફર્યો.

પેલી બાજુ અર્દેશર એક નદીને કીનારે આવી પોંહતો. ત્યાં તેણે આસાએશ લીધી અને ખોદાતાળાને યાદ કરી તેણે તેને દુશ્મનનાં પંજામાંથી છોડવ્યો તે માટે ઉપકાર માન્યો. પછી અર્દેશર એક કીશ્તીમાં તે નદી ઓળંગી પેલે પાર ગયો અને ત્યાંથી ઇસ્તખર ગયો. તેના મમાવા બાબકનાં મીત્રો ભેગા મલ્યા અને તેઓએ તેની કુમકે લશ્કર ભેગું કર્યું. અર્દેશરે પારસના શેહેરની બાહેર ભેગા મળેલા લોકોની અનજુમન આગળ નીચે મુજબ એક ભાષણ કરી પાદશાહી માટે પોતાના વિચારો જણાવ્યા.

અર્દેશરનું પારસનાં શેહેર બાહેર ભાષણ.

જબાન ખોલી બોલ્યો તે નવ જવાન
"કએ નામદારો! અએ રોશન રવાન!
દાનાવ શખ્સોની તમ અનજુમન
માં નથી કોઇ એવો એકુ પણ જન,
જે જાણતો નહીં હોય સીકંદરની વાત
તે કમ જાતે કરી જગતને માત.
મુજ વડવાને માર્યા એક પછી એક
દુનીઆમાં ફેલાવી જબરી અનેક.
વડવો છે મારો અસ્ફન્દયાર
તો અર્દવાન કેમ થાય અહીં શેહર્યાર?
પાદશાહ તે થાય, તો ખરે બીદાદ
કરવી નહીં એ વાતની કદી બી યાદ.
એ વાતમાં થાઓ જો મદદ ને યાર
તો રહેવા હું દેઉં ન કોઇ શેહેર્યાર.
કહો છો શું તમ? કહો છો શું આજ?
સલાહ દેઇ કરો મને સરફ્રાજ.

આ સખુનો સાંભળી પારસનાં લોકોએ નીચે મુજબ જવાબ આપ્યો.

પારસ બાહેર અર્દેશરને શેહેરીઓનો જવાબ.

"અમો છીએ બાબકનાં ખેશ ને ઓલાદ
જોઇ તારો ચેહરો થયા છીએ શાદ.
બીજું કે છીએ સાસાનીઆન
કમર પર બાંધીછે કીનાની મેઆન.
ધરીએ તુજ સનમુખ તન અને જાન
ગમે કર દલગીર ગમે શાદમાન.
માબાપથી તારી બુલંદ ઓલાદ,
લાયક છે તુંને રાજ, નેકજાદ!
તુંજ ફર્માનથી કર્યે પહાડને મેદાન,
દર્યાનાં પાણીને લોહીનું ચોગાન."

જયારે પારસનાં લોકોએ ઉપર મુજબ તેને મદદ કરવા કબુલ કર્યું, ત્યારે અર્દેશરે અર્દવાંનનો છોકરો બહમન, જે પારસમાં હકુમત કરતો હતો, તેની સાંમે લડાઇ જાહેર કરી. એ લડાઇમાં અર્દવાંનનો તબાક(૧) નામનો પેહેલવાંન તેને મળી ગયો.

પેહેલે અર્દેશરને તેની ઉપર વિશ્વાસ આવ્યો નહીં. તે ચીંતા રાખતો કે રખેને તે દગો રમતો હોય. તબાક અર્દેશરની ચીંતા પામી ગયો. તેથી તેણે જંદ અવસ્તા હાથમાં લઇને સોગંદ ખાધા અને કહયું કે "તું અર્દેશરને માટે મારા મનમાં કાંઇ પણ બુરા વિચાર (૨)

---

(૧) પેહેલવી કારનામામાં એ નામ બનાક છે. એ બેઉ નામ એકજ છે. પેહેલવી શબ્દ બનાકને ફારસી હરફે લખતાં નુકતાં ફેરબદલ થતાં 'બનાક'નો 'તબાક' બને છે.

(૨) પેહેલવી કારનાગે એ અર્દેશર બાબેગાન પ્રમાણે તેણે સોગંદ લીધા કે "આઈગ વદ જીન્દે ચેહવુનમ બેનર્ઘ્શમન લેવતમન ફરજન્દાન ફર્માનબરદારે લેકુમ ચેહવુનમ" એટલે "જયાં સુધી હું જીવતો છું ત્યાં સુધી મારા ફરજંદો સાથે તમારો ફરમાનબરદાર થઈ રેહેવશ."

નથી. જ્યારથી તારા આ તરફ આવવાની ખબર મેં સાંભળી.ત્યારથી, જેમ એક જવાન આદમીને એક બુઢી ઓરત માટે ધીક્કાર હોય છે, તેમ મને અર્દવાન માટે ધીકકાર છુટવા લાગોછે." તબાક બાબે પોતાની ખાતરી થવાથી તેને પોતાની સફમાં લેઈ અર્દેશરે રામ ખરૂરાદ નામનાં આતશકદેહમાં ખોદાતાલાની બંદગી કરી તેની યારી માંગી. પેહેલવી કારનામુ એને આદર ફરોબાના આતશકદેહમાં બંદગી કરવા જતો જણાવે છે. એ લડાઇમાં બહમન હાર્યો. અર્દેશરે પારસ લીધું. તેના મમાવા બાબકનો કેટલોક છુપો ખજાનો તેને હાથ આવ્યો.

હવે અર્દેશર સામે અર્દવાન લડાઇ કરવા આવ્યો. લડાઇ વેળાએ વાદળો ભરાઈ આવી મોટું તોફાન થઈ આવ્યું. તેથી અર્દવાનનું લશ્કર ધાસ્તી ખાઇ ગયું કે "આ સઘળું ખોદા-તાળા તરફથી અર્દવાન સામે બરપા થયુંછે." અર્દવાન હાર્યો અને કેદ પડયો. અર્દેશરે તેને મારી નખાવ્યો. તેના બે બેટાઓ પણ કેદ પડયા. બીજા બે બેટાઓ નાઠા અને હિંદુસ્તાન ભણી ગયા. અર્દેશરે અર્દવાનની એક બેટી સાથે શાદી કરી અને પછી પારસ તરફ પાછો ફરી ત્યાં " ખોરૂરહે અર્દેશીર " નામનું શેહર સ્થાપ્યું. કારનામામાં એ શેહેરને " અર્દેશીર ગદમન " કહેલું છે. પેહેલવી ' ગદમન ' ને બદલે ફારસીમાં ફીરદોસીએ તેને મળતો શબ્દ ખોરૂરેહ વાપરેલો દીસે છે. ફીરદોસી અર્દેશરનાં વર્ણનમાં આતશકદેહ માટે અને " ગદમન હોમંદ " નામની જગ્યા માટે બોલે છે અને બુનદેહેશમાં આદર ફરોબા આતશને "ગદમન હોમંદ" નામની જગ્યાએ સ્થાપેલો જણાવે છે. ત્યારે એ બે વચ્ચેનો સંબંધ એ ઉપરથી ખુલ્લો દિસે છે. કારનામામાં જે કહેછે, કે "કેઆની નુર અથવા ખોરેહ અર્દેશર ઉપર ઉતરેલું હતું તેથી તેણે ફતેહ મેળવી," તે બાબત એ શેહેરને ખોરૂરેહે અરદેશર નામ શું કરવા પડયું તે સમજ પાડેછે. એ શહેરમાં એક આતશકદેહ સ્થાપી અર્દેશરે તેમાં મેહરંગાન અને સદેહનાં જશનો ચાલુ કીધાં. પાછળથી એ શેહરને 'ગુર' નામ મળ્યું. અર્દેશરે ત્યાં કેટલાક મોટાં પાણીનાં બાંધકામો બરપા કર્યાં અને પહાડો-માંથી સેંકડો નેહેરો મારફતે પાણી લાવી મુલકને આબાદ કીધો.

ત્યાર પછી અર્દેશરે કુર્દ લોકો ઉપર હુમલો કીધો. તેમાં તેણે પેહેલે હાર ખાધી. તેઓના પાહડી મુલકે તેઓને યારી દીધી. અર્દેશર પેહેલી લડાઇમાં ફકત થોડા સખસો સાથે બચ્યો. એક દૂરનાં પહાડ ઉપર આતશ બળતો જોઇ તે તે ઉપર ગયો. ત્યાં ભરવાડોએ તેને દુધ આપ્યું અને ખાણું ખવાડયું. સવારના પોહરમાં થોડાક ભરવાડોએ તેને રસ્તો દેખાડયો. એક ગામમાં જઈ તેણે પોતાનાં ખોરૂરેહે અર્દેશીર શેહેરમાં પોતાની હાલતનો પેગામ મોકલ્યો. તેથી ત્યાંથી બીજું લશ્કર આવ્યું. તે સાથે તેણે એક રાતે કુર્દ લોકોના મુલક ઉપર હુમલો કીધો અને તેઓનો મુલક લીધો. એ મુલક, જે મોટે ભાગે લુટારાઓનો મુલક હતો, ત્યાં એવી શાંતી ફેલાવી, કે જો એક બુઢો મરદ પણ ઉગાડી રીતે એક રકાબી (તશ્ત) માં જર-જવાહેર લઇ જાય, તો તેને પણ કોઇ હેરાન કરે નહિ.

ફીરદોસીએ વર્ણવેલી એ કુર્દ લોકો સામેની લડાઇ તે રોમન લખનારાઓએ વર્ણવેલી આર્મીનીઅનો સામેની લડાઇ દિસેછે, કારણ કુર્દીસ્તાન અને આરમીનીયા પડોશના મુલકો છે. ફીરદોસી રોમનો સાથેની અર્દેશરની લડાઇનું વર્ણન નથી આપતો, કારણ પેહેલવી કારનામામાં પણ એ બાબેનું કાંઇ વર્ણન નથી. રોમન શેહેન-શાહ એલેકઝાંન્ડર અને અર્દેશર વચ્ચે એ લડાઇ બાબે ચાલેલાં કાગજ પતરો, જેમ હેરે-ડીઅન નામનાં તવારીખનવેશે આપ્યાં છે, તેમ વાંચતાં શાહાનામાના પત્રવેહેવારની રીત યાદ આવેછે. કુર્દ લોકોની લડાઇથી ફારેગ થઇ હવે અર્દેશરે હફતવાદ નામના એક નવા ઉભા થયલા પાદશાહ સાથે લડાઇ કરી. આ પાદશાહની કેટલીક નીચલી વીચિત્ર હકીકતો ફીરદોસી આપેછે.

ઇરાની આખાતની સરીલ ઉપર કુજારાન નામનો મુલક હતો. તે શેહેરમાં ઘણીક ગરીબ

છોકરીઓ વસતી હતી, અને તેઓ પોતાનાં ગુજરાન માટે પોતે મેહેનત કરતી હતી. સવારના પોહોરમાં તે છોકરીઓ શેહેરનાં દરવાજા આગળ ભેગી મળતી હતી અને પોત પોતાનું ખાણું સાથે લઇ પડોશનાં પહાડ ઉપર જતી અને ત્યાં આખો દાહાડો રૂ કાંતતી અને સાંજ પડતાં પાછી પોતાને ઘરે આવતી.

હવે તે શેહરમાં એક હફ્તવાદ નાંમનો પુરૂષ હતો. તેને હફ્તવાદ (૧) એટલા માટે કહેતા, કે તેને સાત (હફ્ત) છોકરા હતા. તેને પેટે એક એકપુરી છોકરી હતી. તેણી પણ ગામની બીજી છોકરીઓ સાથે પેલા પહાડ ઉપર સુતર કાંતવા જતી. એક દિવસે પવનનાં જોરે ઝાડ પરથી તુટી પડેલું એક સપરચંદનું ફળ તેણીને મલ્યું. તેણીએ તે ઉપાડયું અને તે કરડીને ખાતાં તેમાંથી એક કીડો નીકળ્યો. તેણીએ તે કીડાને ધીમેથી ઉઠાવી પોતાનાં કાંતવાનાં રૂમાં મેલ્યો અને બોલી કે "ખોદાના નામથી, સપરચંદનાં કીડાનાં નસીબથી, આજ રોજે હું કેટલું કાંતું છું તે તમોને દેખાડીશ." તે દિવસે ઉલટમાં તે છોકરીએ દરરોજ કરતાં બેવડું કાંત્યું અને સાંજે ખુશી થઇ પોતાની માતાને તે દેખાડયું. તે માતા તેથી ખુશી થઈ અને તેણીને આશીર્વાદ દીધા. બીજે દિવસે તેણી વધુ સુતર કાંતવા લઇ ગઇ અને તેણીએ આગળ કરતાં વધુ જલદીથી તે ખલાસ કીધું. તેણી, પેલો કીડો, જેને તેણીએ પોતાના રૂમાં સાચવી રાખ્યો હતો, તેને રોજ સપરચંદનાં ફળનો થોડોક ભાગ ખાવા આપતી. તે કીડો તે ખાઇ દરરોજ કદમાં વધતો જતો હતો. તેમ દરરોજ તેણી વધુ રૂ કાંતવા લઈ જતી હતી અને વધુ સુતર કાંતતી હતી.

એક દિવસે તેણીનાં માબાપે પુછ્યું કે "તું આટલું બધું સુતર કાંતે છે તે તુંને કોઇ પરીની છુપી મદદ છે કે?" તેણીએ ત્યારે પોતાનાં માબાપને પેલો કીડો દેખાડયો અને કહ્યું કે "આ કીડો હાથમાં આવવા પછી તેની બરકતથી હું વધારે કાંતવા લાગી છું." એ ઉપરથી હફ્તવાદને પણ હીમત અને ઉલટ આવી કે "આ કીડો મારા ઘરમાં બખ્તાવર અને સગનવંતો છે." તે ઉલટ સાથે તેણે પણ ઉલટથી પોતાનો ધંધો કરવા માંડયો અને વધુ આબાદ થવા લાગો. પેલો કીડો પણ સારા ખોરાકથી હવે કદમાં વધવા લાગો અને તેની રૂની દાબડી તેને માટે પુરતી મોટી ન હોવાથી તેને હવે એક પેટીમાં રાખવામાં આવ્યો.

હવે ગામમાં બધા લોકો હફ્તવાદની વાત કરવા લાગા, કે તે હવે આબાદ થતો જાય છે. તે પોતાના ધંધામાં તવંગર બનતો ગયો અને તેનો લાગવગ ગામમાં બહુ વધ્યો. તે ગામના અમીરને હફ્તવાદની વધતી જતી તવંગરીની ખબર પડી અને તેણે તેની પાસે તેની દોલત પડાવી લેવાની તજવીજ કીધી. હફ્તવાદે પોતાનાં સાત બેટાઓ સાથે થોડાક લડાયક માણસોને એકઠા કીધા અને તે અમીરની સામે થઇ તેને મારી નાંખ્યો, અને તેનું શેહર લઇ લીધું. પછી પડોશનાં એક પાહાડ ઉપર કીલ્લો બાંધી ત્યાં શેહેર વસાવી તે તેના પાદશાહ તરીકે રહયો. હવે પેલો કીડો પણ દરરોજ સારા ખોરાકથી મોટો થતો ચાલ્યો. તેથી તેણે તેને માટે હવે પેટીને બદલે એક હોજ બનાવી અને તેમાં તેને રાખ્યો. તેના વધતાં જતાં કદ પ્રમાણે તેને હવે અનાજ વગેરેનો વધુ ખોરાક આપવા લાગો. પાંચ વર્ષ એમ પસાર થયાં અને પેલો કીડો એક હાથીના જેવા કદનો થાયો. હફ્તવાદની છોકરી હવે એ કીડાની વધુ બરદાસ્ત લેતી, તેનાં અંગ ઉપર ચીનાઇ કાપડ પેહેરાવતી અને તેને ચોખા દુધ અને મધનો ખોરાક દરરોજ આપતી.

---

(૧) કારનામે એ અરદેશર બાબેગાનમાં જે "હર્ફ્તાન બોખ્ત કેરમ ખોદા" એટલે "કેરમનાં પાદશાહ હફ્તાન બોખ્ત" માટે બોલવામાં આવે છે, તે "હફ્તાન બોખ્ત" તે આ "હફ્તવાદ" છે. હું ધારૂંછું કે કારનામાનો એ "હફ્તાન બોખ્ત" અસલમાં "હફ્તાન દોખ્ત" એટલે "સાત છોકરીવાળો" એવો શબ્દ છે.

હવે હપ્તવાદનો દોર અને દમામ વધતો ગયો. તેણે પોતાનું લશ્કર, જે કેરમ એટલે કીડાનું લશ્કર, એવે નામે ઓળખાતું, તેની મદદથી આજુબાજુના મુલકો જીતયા. જ્યારે અર્દેશરને તેનાં આ વધતાં જતાં જોરની ખબર પડી, ત્યારે તેણે એક લશ્કર તેની સામે મોકલ્યું. પણ તે લશ્કરને હપ્તવાદે હરાવી હાંકી કાહાડયું. ત્યારે અર્દેશર પોતે એક લશ્કર સાથે તેની સામે ગયો. હપ્તવાદનો વડો છોકરો, જે શાહુઇ નામનો હતો, તે બાહાર મુલકથી પોતાનાં બાપની મદદે આવ્યો. બેઉ લશ્કરો એકમેક સાથે લડવાને તૈયાર થયાં.

એવામાં મેહેરક નુશજાદ નામનો એક જણ, જે કૈઆની વંશનો હતો અને જેહરમના મુલકનો હતો, તે ઉઠી ઉભો થયો. તેણે અર્દેશરને હપ્તવાદ સાથેની લડાઇમાં રોકાયલો જોઇ અર્દેશરના મુલક ઉપર હુમલો કીધો. એ "મેહેરક નુશ્જાદ" તે પેહેલવી કારનામાનો "મીથ્ર અનુશે પાતાન" છે.

મેહરકે તેના મુલક ઉપર કરેલા આ હુંમલાથી અર્દેશર ચીંતાતુર થયો. તેને તેના સરદારોએ દીલાસો દીધો કે "ફીકર નહીં. અમો તારી સેવામાં છઇએ." અર્દેશરે હીંમત પકડી. તેણે ખાણું મંગાવ્યું અને સર્વ ખાવાને બેઠા હતા, તેવામાં એક તીર, સામેના કીલ્લા તરફથી, તેઓ ભણી આવ્યો, અને ખાણા પર એક મેંઢું આખું બીરીયાન કરી મેલ્યું હતું તેમાં ભોકાઇ ગયો. સર્વ અજાયબીથી દંગ થઇ ગયા. એક જણે તે તીર ખેંચી કાહાડયો અને જોયું તો તે ઉપર પેહેલવી ભાષામાં લખ્યું હતું કે "ઓ પાદશાહ! આ તીર તે કીલ્લા ઉપરથી આવ્યોછે કે જે ઉપર કેરમ (કીડા)ના સેતારાથી યાને બરકતથી સઘળી રાહત છે. જો હું અર્દેશર ઉપર તીર ફેંકીશ તો તે તેનાં તનમાંથી આરપાર પસાર થશે. તેના જેવા પાદશાહને લાયક નથી કે આ જમાનામાં તે કરમ (કીડા)નો નાશ કરે." તે કીલ્લો અને તેઓ બેઠેલા હતા તે જગ્યા વચ્ચે બે ફરસંગનો તફાવત હતો. તે છતાં તે તીર ત્યાં આવ્યો તેથી સર્વે અજબ થયા. સઘળાઓએ ખોદાતાળાની અર્દેશર ઉપર મેહેર અને યારી માંગી.

સવારના પોહોરમાં અર્દેશરે પોતાનો પારસનો મુલક, જે ઉપર મેહરકે હુમલો કીધો હતો, તે તરફ કુચ કરવા માંડી. ત્યારે હપ્તવાદનું લશ્કર તેની પુઠે લાગ્યું. અર્દવાનનાં બીજાં લશ્કરે તેનો માર્ગ કાપી નાંખ્યો. એમ બેઉ બાજુથી ઘેરાઇ જઈ અર્દેશરનું લશ્કર પાયમાલ થયું અને અર્દેશર પોતે થોડાક સવારો સાથે નાહાઠો. તે એક ગામમાં આવી પોંહતો. ત્યાં એક ઘરના દરવાજા ઉપર બે આદમીઓ ઉભા હતા. તેઓએ તેને અને તેના સાથીઓને તેઓના ગભરાત અને નાસભાગનો સબબ પુછયો. તેઓએ કહયું કે "આ માર્ગે અર્દેશર બાખેગાન પસાર થયોછે અને અમો તેના સાથીઓ પછવાડે રહી ગયા છઇએ. તે હપ્તવાદ અને તેના કરમના લશ્કરથી હાર ખાઇ નાહઠો છે." તે બે ધણીઓએ તેઓને પોતાને ત્યાં ઉતારી તેઓની આગતાસ્વાગતા કીધી અને પછી દિલાસો દીધો કે "જોહાક, અફ્રાસીયાબ અને સીકંદર જેવા પાદશાહો, જેઓ જુલમગાર હતા, તેઓ ગયા છે, અને તેઓ પાછળ ફકત તેઓની અપકીર્તી રહી ગઇ છે. માટે ફીકર નહીં, આ બુરા હપ્તવાદનો પણ અંત આવશે." તેઓના આ સખુનો સાંભળી અર્દેશરને હીંમત આવી, અને જેમ બાહારની મોસમમાં ગુલાબનું ફુલ ખીલે તેમ તે ખીલ્યો, અને પછી તેઓને કહયું, કે "હું પોતેજ અર્દેશર છું." તેઓએ એ સાંભળી તુરત તેની કુર્નેશ બજાવી અને કહયું કે "જ્યાં સુધી તું પાદશાહ કોઇ તાલમેલ કરશે નહીં ત્યાંસુધી તું હફ્તવાદ સામે ફાવશે નહીં. હપ્તવાદનો કીલ્લો એક બુલંદ પહાડ ઉપર છે અને તે ઉપર જે કીડો કેહવાયછે તે ખરેખર તો એક દેવ છે." પાદશાહે તેઓની મદદ માંગી. તેઓ પાદશાહની સાથે ગયા. પાદશાહ ત્યાંથી પેહલે ખોરૂરેહ અર્દેશરનાં પોતાનાં શેહેરમાં ગયો અને લશ્કર એકઠું કરી મેહરક સામે

લડવા ગયો. તેણે મેહરકને પકડયો અને મારી નાંખ્યો અને તેનું સર છુટું કરી તેનાં શરીરને આતશમાં બાળી નાંખ્યું. તેનાં ખાનદાનનાં સર્વને તેણે મારી નાંખ્યાં. પણ તેની એક છોકરી કેથે નાહડી તે તેના હાથમાં આવી નહીં.

એ મુજબ મેહરકને જેર કરી તે પાછો હફ્તવાદ સામે લડવા ગયો. તેણે પોતાના શેહેરગીર નામના એક સરદારને તેના કીલ્લા આગળ દુરથી હરીહામ થઈ લશ્કર સાથે રેહવા ફરમાવ્યું અને કહ્યું કે "મારા વડવા અસ્ફન્દયારની માફક હું એક તાલમેલ કરૂંછું. જ્યારે તું એ કીલ્લા ઉપર એક આતશ રોશન થયલો જોએ, ત્યારે જાણજે કે મારી કોશેશ ફતેહમંદ થઈછે." તેણે પોતા સાથે સાત સવારો લીધા અને કેટલોક જર ખજાનો લીધો. તેણે સીસાંથી ભરેલી બે સન્દુકો અને એક ધાતુની દેગ લીધી. તેણે દસ ઘોડાં ઉપર તે સઘળું લાધી લીધું અને પછી કીલ્લા તરફ જવા નીકળ્યો. તેણે પેલા બે ભાઇઓ, જેઓએ ગામડાંમાં તેની મેહેમાનદારી કીધી હતી, તેઓને પોતાના ભોમીઆ અને સલાહકાર તરીકે સાથે લીધા. તે કીલ્લા ઉપર ૬૦ જણ, અવારનવાર, પેલો કરમ, જેની તે લોકો હવે એક દેવતા તરીકે પરસ્તેશ કરતા હતા, તેની સેવામાં હતા. કીલ્લા ઉપર જતાં એક જણે તેને પુછ્યું કે "આ સંદુકમાં શું છે?" અર્દેશરે જવાબ દીધો કે "હું વેપારી છું, અને આ કીડાના નામની બરકતથી હું સુખી થયો છું. તેથી હું તેનાં તખ્ત હજુર પરસ્તેશ માટે આવ્યો છું." પછી અર્દેશર પોતાનો સામન ખોળવા મંડયો. તેણે શરાબ કાહાડી પેલા કરમના પુંજારીઓને નોશ કરવા આપ્યો. તેઓએ ના પાડ્યું કે "નહીં, અમારી વારી હાલ આ કરમની પરસ્તેશ અને સેવા કરવાની છે. માટે અમો શરાબ પીયે તો તેની મસ્તીમાં અમારીથી આ કીડાને તેનું દુધ અને ખોરાક અપાય નહીં." અર્દેશરે કહ્યું કે "તમો ચીંતા ના કરો. મારી પાસે દુધ અનાજ પુરતો છે. તે હું ત્રણ દિવસ સુધી એ જાનવરને તેની પરસ્તેશ કરી ખવાડીશ. તેની પરસ્તેશની બરકતથી હું સુખી થયોછું, માટે હું તેની સેવા ત્રણ દિવસ કરીશ. માટે તમો બેશીકર રહી શરાબ નોશ કરો." ત્યારે પેલા પુંજારીઓએ શરાબ નોશ કીધો અને મસ્ત થઇ પડયા. પછી અર્દેશરે આતશ સળગાવી, સાથે લાવેલી દેગમાં ધાતુ પીગળાવી, પેલાં જાનવરનાં ગળાંમાં દુધ અને ખોરાકને બદલે તે ધાતુ રેડી. તે જાનવર બુમ બરાડા મારી મરણ પામ્યું. અર્દેશર અને તેના સાથીઓએ હાથમાં તલવાર અને ગુરૂજ પકડી આજુબાજુનાઓને મારી નાંખયા અને પછી પાહાડ ઉપર બુલંદ આતશ સળગાવ્યો. તેથી હેઠે શેહેરગીરે જાણ્યું કે અર્દેશર ફતેહમંદ નીવડયોછે.

હફ્તવાદને આ વાતની ખબર પડતાં તે કીલ્લો પાછો હાથ કરવા લશ્કર સાથે આવ્યો. તેનો બેટો શાહુઇ પણ તેની સાથે હતો. પેલી ગમથી પહાડ ઉપર બળતા આતશની નીશાણી જોઈ શેહેરગીર અર્દેશરની મદદે દોડી આવ્યો. લડાઈ થતાં હફ્તવાદ અને તેના બેટાને અર્દેશરે પકડયા. પછી તે બેઉને ફાંસી દીધા અને તેઓનાં લશ્કરને તારાજ કીધું.

હફ્તવાદ સામેની એ ફરીથીની લડાઇમાં, એને બે ગામડયા ભાઇઓએ કેટલીક કીમતી સલાહથી મદદ કરી. એ બે ભાઇઓ કારનામાં પ્રમાણે 'બોજરક' (બરજો) અને 'બોઝર આતુન' નામના હતા. ફીરદોસી એઓને ગામડયા ગણેછે. કદાચ એ વિશેષ નામ 'બોજ-રક'ને 'બુરજીગર' એટલે 'ખેડુત' શબ્દ સાથ ભેળી નાંખી તેણે એ અર્થ કર્યો હોય. સેવટે, અર્દેશર, એ ફતેહ મેળવી, ખોર્રેહ અર્દેશીરના આતશબેહેરાંમમાં ગયો અને ફતેહની ખુશાલીમાં તેણે સદેહ અને મેહેરગાંનનાં જશનો કર્યાં.

પછી તેણે ઉપલા બેઉ ભાઇઓ, જેઓએ તેને મદદ કીધી હતી, તેઓને કેટલાક મુલ-કોની હકુમત સોંપી. પછી તેણે જુર શેહેર અને કેર્માન તરફ કુચ કીધી અને ત્યાં હકુમત

સ્થાપી. પછી તેણે તેસીફુન (Ctesiphon) માં હકુમત સ્થાપી.

આ મુજબ પોતાનું રાજ મજબુત સ્થાપી અને નવા મુલકો જીતી તેણે બગદાદ શેહેરમાં, તે શેહરને પોતાની હકુમત તળેનાં રાજયોના મુખ્ય મથક તરીકે ગણી, તખ્ત લીધું. એ મુલકમાં તે તખ્તનશીન થયો. અલબતે તે પાદશાહ તો આગળથી થયો હતો. પણ હવે પોતાનાં રાજ્યને મજબુત કરી અને પોતાની હકુમત જૂદા જૂદા દેશોમાં મજબુત સ્થાપી (૧) તે શાહનશાહ તરીકે બગદાદમાં ગાદીપર બેઠો. એમ બગદાદમાં રાજગાદી પર બેસી તેણે એક ઉમદા ભાષણ કર્યું અને તેમાં પોતાની હકુમતનો પાયો ઇનસાફ ઉપર જાહેર કર્યો. દ 'એરબેલો' (D' Herbelot) નામનો ફ્રેંચ લખનાર, જેને આધારે ગીબન પણ એ પાદશાહના ઇનસાફ માટે કેટલુંક બોલેછે, તે જે નીચલા સખુનો કહે છે તે, એનાં એ ભાષણને, અને પાદશાહીને જોખમમાં લાવનાર ત્રણ સબબો બાબેનાં એનાં બીજાં ભાષણને આધારે દિસેછે. અર્દેશરના સખુનો આ હતા.

" એક પાદશાહની સત્તા ફકત તેનાં લશ્કરથી ટકી શકેછે. લશ્કર પૈસાથી રાખી શકાયછે. પૈસા જમીનની ખેતીમાંથી ઉત્પન્ન થાયછે. પણ શેહેરમાં ઇનસાફ નહી હોય, તો ખેતી થઇ શકે નહીં." અર્દેશરનું કેહવું આ હતું, કે એક દેશની આબાદીનો આધાર ચોખ્ખા ઇનસાફ ઉપર રહેછે. ખેડુતો એવા ઈનસાફી કાનુનો ઉપર ઇતબાર રાખી વગર દેહશતે ખેતી કરી શકે. કારનામાં પ્રમાણે તેણે શરૂઆતમાં એક નિયમ જાહેર કર્યો હતો કે ખેતીની આવકમાંથી તે દસમો ભાગ (મીન દેહ અયોક એટલે "દસમાથી એક") લેશે, અને તેની આવકમાંથી દેશની નીગેહબાંની માટે એક લશ્કર રાખશે. તે દસમાં ભાગમાં પણ પાછલથી ફીરદુસી પ્રમાણે અર્દેશરે છુટછાટ મુકી અને ખજાનામાં કર ભરવાનું ખેડુતો અને વેપારીઓની મરજી ઉપર રાખ્યું. આજુબાજુના દુશ્મનોને જીતી પોતાનું રાજ મજબુત સ્થાપી અર્દેશર દેશના અંદરના કારોબારને સુધારવા ઉપર મંડયો. તેણે લશ્કરને તાલીમ આપી નવા પાયાપર મેલ્યું. ભણેલા શેહેરીઓને *દેશનાં કારોબારમાં સામેલ કર્યા. હકુમત ઉપર જતા નવા હાકેમોને પોતા પાસે બોલાવી ઇનસાફ માટે નસીયત દેવા લાગો. સેપેહસાલારોને લડાઇની નવી કુનેહો શીખવી અને તાકીદ કરી કે કુચમાં કોઇપણ ગામડાંમાંથી પૈસા આપવા વીના કોઇ ગરીબનો માલ લીયે નહીં. લશ્કરી બંદીવાંનોથી, તે પોતાનાં મુલકની વેરાન જગ્યા વસાવતો. પોતાનાં જૂદાં જૂદાં શેહેરો ખાતેથી આવતા મુસાફરોથી તે છુપી ખબર મેળવતો કે ત્યાંના હાકેમો કેવી રીતે કારોબાર ચલાવતા.

ઉપર જણાવવા મુજબ બગદાદનાં તખ્ત ઉપર બેસી અર્દેશરે ઇનસાફ બાબે જે ભાષણ કર્યું હતું તે નીચે મુજબ છે.

અર્દેશર બાબેગાને બગદાદમાં તખ્તે બેસી કરેલું ભાષણ.

" ઇનસાફ છે મારો આ દુનીઆનો ગંજ,
જે દુનીઆને આપવા મેં લીધો છે રંજ.
છીનવી નહીં શકશે કોઇ મારો એ ગંજ,
બદીનું સેવટ છે બદી ને રંજ.
મેહેરબાન જો હશે તે દાદારે પાક
તો મારે હાથ દેશે આ ધરતી ને ખાક.
આપી મેં જેહાંનને મારી પનાહ
પસંદ મેં કરી ઇનસાફની રાહ.

(૧) આ મુજબ ધણાક રાજાઓ કરેછે. તેઓ રાજગાદી ઉપર તો આવી ચુકેલા હોયછે પણ પોતાનાં રાજ્યને એકત્ર કરી તેઓ કોઇ નામીચાં શેહેરમાં તખ્તનશીન થાયછે. પાદશાહ જમશેદે એમ તખ્તનશીન થઈ જમશેદી નઓરોજનું જશન સ્થાપ્યું. હાલના જર્મન શાહાનશાહના બપાવા વીલીઅમે ફ્રાંસપર ફતેહ મેળવી તેનાં વર્સેલ્સના મેહેલમાં તખત પર બેઠો. શાહાનશાહબાનું વીકટોરીઆએ રાજગાદીએ આવ્યા પછી લાંબા વખતે હીંદુસ્તાનની શાહાનશાહબાનુંનો ખેતાબ લીધો અને દીલ્લીમાં દરબાર ભરી.

પુછ્છુંછું એમ કે મારા સરદાર,
શું અમલદાર, શેહરી, કે સેપેહ સાલાર,
એ સર્વથી પામે મુજ રૈયત કરાર,
શું ગરીબ ફકીર કે શાહ પાયદાર.
ઇનસાફ કાજ ખોલ્લી છે મારી દરગાહ
શું દુશમનને માટે કે દોસ્ત નેકખાહ.

પોતાનો કર બાબે શું નિયમ હતો, અને કર એક પાદશાહે શા કાજે નાંખવા જોઇએ, તે બાબે અર્દેશરે પોતાના દરબારીઓ હજુર કરેલું ભાષાણ નીચે મુજબ છે.

અર્દેશરનું કર બાબે ભાષણ.

માંગુછું કરવા ઇનસાફ ને દાદ,
કરૂંછું બેઆન તે, રાખો તે યાદ.
આવકના દસમા પર મારો છે હક
તે દેહકાન ને મોબેદો જાણે બરહક.
મેલી દેઇ બખ્શું છું તમને તે કર
છોડવુંછું કરથી સર્વ જાનવર.
પણ વધતી તમ આવક પર રાખુંછું આસ,
કે ખુશીથી ભરશો મુજ ખજાનો ખાસ.
દસમા જે ભાગ પર હું રાખતો તો હક,
ને વધ ઘટના કર, જે હતા બરહક,
ખરચતો તે હું ફાયદાને કાજ,
રાખવા એક લસ્કર જાણુક બા સાજ,
કે રહો તમો ખુશ ને સાથે અએમન
દુર રહે તમથી બુરો આહરેમન.
હાથ જોડી કરો યાદ પર્વર્દેગાર
રહો તેના ફર્માનો પાળવા તૈયાર.
રાખનાર તે સાહેબ ને બખશનાર તે,
આસમાનને બીન થંબે ટેકવનાર તે.
આપે છે હમેશ તે ઇનસાફ ને દાદ;
છોડ તેની બખશેશથી તુંદાઇ ને બાદ.
ફરેબ ના દેતો તું દેલને કદી
જશે આજ ચહડી તો કાલે પડી.
ગયા તે કયાં જે હતા તાજદાર,
સીંહ જેવા હતાં જેમના શેકાર?
ખાકમાં લોટે છે સઘળાં દરખ્ત
નેકી જે રોપે, ખરો નેકબખ્ત.
તમો જે સઘળા છો મારી રૈયત,
કાન ધરી સાંભળો મારી નસીએત.
પાંચ તમને કહું છું વાતો હુ આજ
તે મીસાલ કીમતી ન તખત કે તાજ."

જૂદે જૂદે મુલક હાકમી માટે જતા હાકેમો માટે અર્દેશરના શીખામણના શબ્દો નીચે પ્રમાણે હતા.

એક નવા હાકેમને અર્દેશરના સખુનો.

વેચતો ના માણુસ તું પૈસાને કાજ
કે દુનીઆ છે એ પાંચ દિવસની આજ.
રાસ્તી ને ડહાપણની શોધજે પનાહ
નાદાની લોભની તજજે તું રાહ.
સગા કે ખેશની ન રાખવી શરમ
એ ઇનસાફનાં કામમાં ખરો ધરમ.
ગરીબને આપજે દેરમ હર માહ
આપતો ના તેને જે હોય બદ ખાહ.
ઇનસાફથી કરશે જો મુલક આબાદ
તો ઇનસાફથી થશે તું ખુશ અને શાદ.
ખાબ કરશે દરવીશ જો ધારતીની સાથ
તો વેચાયો તું જાણે પૈસાને હાથ.

લડાઇ પર જતાં લશ્કરને તેની શીખામણના શબ્દો કીમતી હતા. હાલમાં પણ એક ઇનસાફી રાજા તે ઉપર ધ્યાન આપેછે. તે પુચ્છે છે કે કુચ કરતું લશ્કર માર્ગમાં મળતાં શૈહેરો અને ગામોનાં લોકોનો માલ પૈસા આપવા વગર લીએ નહીં. તેના એ બાબેના કીમતી સખુનો નીચે મુજબના હતા.

લડાઈ પર જતાં લશ્કરને અર્દેશરની શીખામણ.

"ઓ જંગના ઉઠાવનાર સેપાહ નામદાર!
ઓ હીમત ને આબરના માલેક સરદાર!
પોહોંચાડતા ના તમો કોઇને પણ રંજ
શું ફકીર ગરીબ, કે અમીર બા ગન્જ.
પડાવ નાંખી કરો જયાં આવજાવ,
આપજો ત્યાં માલની કીમત ને ભાવ.
જે કોઇ હોય ખરો યજદાં પરસ્ત
તે હરગેજ નહીં લંબાવે હરામનો દસ્ત.
ફેરવશે જંગમાં જે પીઠ બદબખ્ત
દિવસ તેનો થશે સીહા ને સખ્ત.

પોંહોચશે તે જત મોહોતને ચુંગાળ
બેડી તેના હાથમાં જોશે એકબાળ.
નામ તેનું થશે નેહેસ્ત ને નાબુદ
ધુળ ખાતો પડશે જમીન પર ખુદ.

લડાઇ કેમ કરવી, તે બાબે સરદારોને શીખામણના તેના શબ્દો નીચે પ્રમાણે હતા.

અર્દેશરની સેપેહસાલારને શીખામણ.

સુસ્તી ના કરતો, ના રેહતો પાછળ
આકરો ના થતો, ના જતો આગળ.
હાથીને રાખજે તું હમેશ હરોલ,
ચાર મૈલ દુર કરે તલાયા ખોલ.
લડાઇનો દીન જ્યારે પોંહોંચે બહુ પાસ,
ફરતો તું રેહેજે લસ્કર આસપાસ.
સ્વમાન જાળવવા કરજે અરજ
લસ્કરને શીખવજે તેમની ફરજ.
શું ઘરડા કે જવાન, સર્વ લસ્કર
ને ખેલાતનાં ઈનામની આપજે ખબર.
મોકલજે પેહેલાં સો ઘોડે સવાર
બીજા સો હરોલમાં અવાર નવાર.
બાજુથી કરે હુમલો દુસ્મન
તો આગળ તું વધવાને કરતો ના મન.
છોડવી નહીં કોઈએ મધ્યમ કલ્બગાહ
હોય જો કે ઘણાં દલેર સેપાહ.
દાબી ને જમણી પાંખના સેપાહ
ઘટે કે લડે દેઈ એકમેક પનાહ.
જમણી ને દાબી ગમનાં સવાર
એકમેકને હીંમત આપવા તૈયાર.
કલ્બગાહનું લસ્કર ખીસે નહીં કોઇ
વચમાંથી પગ બાહેર મુકે નહીં કોઈ.
દુસ્મન જો છોડે પોતે કલ્બગાહ
તો વધજે તું આગળ છોડી તુંજ રાહ.
જો ફતેહ તું મેળવે, દુશમન લે હાર
તો રેડતો ના લોહી ફોકટ ઝીનહાર.
દુસ્મન જો માંગે મારી પનાહ
તો મારી તું આપજે, કીનો ના ચાહ.
નાહાસતો તું જોએ તારો દુસ્મન
તો પાછળ તે દોડવા કરતો ના મન,
કે છુપાયલો હોય ત્યાં દુશમન કોઇ ગમ
આવી લે કીનો તું પર એક દમ.
પણ હાર ખાઇને આજેજ થાય દુસ્મન
તો સાંભળતો ના તું કોઈના સખુન.
પણ લડાઇમાં મેળવેલી ચીજો ને લુટ
જંગી દલેરોને આપજે અખુટ.
બંદીવાન થાય જે જંગને મેદાન
મોકલજે તેમને મુજ દરબારને મેહમાન.
તેઓથી કરીશ હું શેહેર એક આબાદ (૧)
જ્યાં કાંટા ને કચરાથી જમીન બરબાદ.
એ શીખામણ સાંભળી ના ફેરવતો મન
જો ચાહતો હોય રહેવા રંજથી અમન.
ફતેહ બાદ ફેરવજે મોંહ અને રાહ
ખોદાની તરફ, માંગજે પનાહ.

એક પારસીને માટે યાદ રાખવાજોગ અર્દેશરની સેવાઓ દીનના બાબમાં હતી, કે જેને માટે તેને રપીથવનની આફ્રીનમાં યાદ કર્યોછે. એ દીન સજીવન કરવાને તેણે શા શા ઉપાયો લીધા તે બાબે શાહનામું તેમજ કારનામુ ચુપ છે. પણ શાહનામાં ઉપરથી આડકતરી રીતે દીસે છે, કે તેણે એ માટે પોતાના બોહોળા મુલકમાંથી દસ્તુર દાવરોની મોટી સંખ્યા બોલાવી, તેઓની મીજલસ ભેગી કરી કામ હાથ ધર્યું. ગીબન એ મીજલસ ૮૦ હજાર મોબેદોની જણાવેછે, પણ તે અર્દેશરની

(૧) અહીં અર્દેશર લડાઇમાં પકડેલા બંદીવાનોથી શેહેરો વસાવવા માટે જે કહે છે તેને મળતા આપણને મધ્ય એશીઆમાં કેટલાક દાખલા મળેછે. અફગાનીસ્તાનના કેટલાક તાયફાઓ એમ ઈરાનીઓને હાથ યુનાનીઓથી ઉતરેલા છે. દાખલા તરીકે લીબીઅન બાર્કે (Lybian Bârké) નામના લોકો પાદશાહ દારાયસના વખતમાં બંદીવાનો તરીકે પકડાઇ ત્યાં વસ્યા હતા. તેઓથી બારાકી (Baraky) તાયફો ઉતરી આવ્યો છે. જર્કસીસનાં વખતમાં મીલેશીયાના મુલકનાં બ્રાખીદાઈ (Brakidai of Milesia) લોકોને ત્યાં વસાવેલા હતા. તેઓથી બારાઓકી (Barauqi) તાયફો ઉતરી આવ્યો છે.

મીજલસોને અરદાએ વીરાફની પછવાડેની મીજલસો સાથે ભેળી નાંખેછે. એ મીજલસો માટે ઘણાં પ્રકારનું કામ હતું. તેમાં એક તો દેશમાં દાખેલ થએલી બુતપરસ્તી તોડવાનું હતું. અર્દેશરની હફ્તવાદ સાથની લડાઇ તે બુત-પરસ્તો સાંમેની લડાઇ હતી, જે બુતપરસ્તો જાનવરોની પરસ્તેશ કરતા હતા. એ જાન-વરને કારનામામાં ‘ કરમ ’ કહ્યું છે, તેથી કદાચ ફીરદુસી તેને કીડો ગણેછે. શત્રોઇહા એ ઇરાન પ્રમાણે કેર્માન શેહેરની સ્થાપના હફ્ત-વાદને હાથે થઇ હતી. એ કેર્માન શબ્દ ‘કરમ’ પરથી નીકળેલો દિસેછે.[1] એના સંબંધનું હફ્ત-વાદનું શાહનામાનું દાસ્તાન પેહેલવી કારનામાંને મળતું નથી.

એક પાદશાહની પાદશાહી મુખ્ય કરી ત્રણ ચીજોથી જોખમમાં આવી પડે છે, એમ અર્દેશર કહેતો. ૧ ગેર ઇનસાફ. ૨ નાલાયક હાકેમો અને ૩ દેશની આવકને સ જગ્યાએ લોકોના સુખ કાજે ખરચવાને બદલે સંઘ્રી રાખવી. એ બાબેના એના કીમતી સખુનો નીચે મુજબ છે.

અર્દેશરનાં પાદશાહીને જોખમમાં લાવવા બાબેના વિચારો.

ત્રણ કામો બુજાવે પાદશાહીના હાર;
પેહેલું કે બીદાદ હોય શેહેરયાર.
બીજુ, કે હલકો થાય સરફરાજ,
કાબેલ ને લાયક પર થાય કારસાજ.
ત્રીજું, કે ખજાનો સંગ્રે તે બઉ,
તે માટે કરે કોશેસો સઉ.
સખાવત, ઇનસાફ, ને અક્કલ તું ચાહ,
જુઠાંને કદી ના આપ તું રાહ.
સીહા થાય છે જુઠાંથી મરદનું રૂખ
કીર્તી નહીં જોય તેની રોશનીનું સુખ.
એકઠો તું ના કર બીન સખાવત ગંજ
લાવે છે ગંજ એવો બીસીઆર રંજ.
ગંજનો જો રાખે છે લોભ પાદશાહ
તો રૈયત બંહુ થાય છે હેરાન તબાહ.
ખેડુતના ગંજમાં છે પાદશાહનો ગંજ
જોકે પુશકળ હોય તેમાં મેહેનત ને રંજ.
થાય ખેડુતના ગંજનો શાહ નેગેહબાન
તો શુભ તેના ફળ આપે ઝાડ પાન.

અર્દેશર બાબેગાનના કેટલાક નસીએતના શબ્દો યાદગાર રહયા છે. તે તેણે જેમ ઉપર જણાવવા મુજબ, હાકમી ઉપર જતા હાકેમોને અથવા લડાઇમાં જતાં સેપેહસાલારોને કહ્યા હતા, તેમ નસીએત યા વસીએત તરીકે પોતાના દરબારીઓને અને બેટાને કહ્યા હતા. તેમાના કેટલાકો નીચે મુજબ હતા.

અર્દેશરની ઇરાની અકાબરોને વસીએત.

ઓ શેહેરના બુજાર્ગો વડીલ નામદાર !
ઓ અક્કલ ને દાનેશમાં કામગાર !
બુલંદ આ ઉંચું ફરતું આકાશ
ફરતું નહીં ઇનસાફથી મદ્દા એમ ખાશ.
ચહડાવે કોઇને જો આસમાન બુલંદ
તો કરે તે કોઇને ખાકમાં બતંગ.
નામ સીવા રેહતું નથી અંહીં કાંઇ;
રંજ તેની જાયછે સઘળી ધોવાઇ.
દુનિયામાં ઇચ્છે જે ભલું અન્જામ
તેનુંજ અહીં રહે છે સદા નેકનામ.

દીન અને પાદશાહી બાબે અર્દેશરની પોતાના બેટા શાપુરને નસીહેત.

સાંભળ મુજ સુખન ને રાખજે તે યાદ
પુરાના સખુનને ગણજે બરબાદ.
અમલમાં મેલવા તું દેજે તે ધેઆન
કીમતી ને નાચીજની કરજે પીછાન.
રાસ્તી કાજ ધર્યો મેં ઇનસાફનો રાહ
ખાનદાની માણુસને દીધી પનાહ.
દુનિયાનું કામ થયું રાસ્તીમાં ખાસ
પણ જીંદગીની જોતનો ઘટ્યો પ્રકાશ.
પરસેવો પાડી મેં ખેંચ્યો છે રંજ
ભેગો મેં કર્યો છે પુષકળ મેં ગંજ.
તુંને પણ જોવો છે રંજ અને નાજ
ચહડતી ને પડતી કાલ અને આજ.

(૧) જુઓ મારી ચોપડી "યાદગારે જરીરાન શત્રોઇહા એ અઇરાન વ અફદીઅ વ સહીગીઅ એ સીસ્તાન."

એવો છે ફરતો આ આકાશનો દોર
આજે જો સુખ, કાલ દરદ ને શોર.
નસીબ છે છેડાયલા ઘોડા સમાન
સુખ વચ્ચે લાવે છે દુઃખનું તે ભાન.
કોઇવાર તે રોનકદાર ઘોડા સમાન
સર્ફરાજ કરે છે નેકીથી કામ.
જાણુ મારા બેટા! કે ઠગારી જેહાંન
રાખતી નહીં કોઇને સદા શાદમાન.
ઇચ્છતો તું હોય કે જોએ ન બદ
તો સ્વચ્છ રાખ તન અક્કલ ખેરદ.
જો દીન ઉપર કરે શાહ આફ્રીન
તો એકમેકને યારી દે શાહ અને દીન.
બાદશાહી ને દીન, યાર અરસપરસ
ઢંકાય એ બેઉ એક ચાદરથી બસ.
શાહ વીના દીન નહીં રહે બરકરાર
દીન વીના શાહ નહીં રહે પાયદાર.
દીબા માફક ગુંથાય એકમેકની સાથ
ભલી ભેટી જાય અક્કલને હાથ.
શાહની કુમક વીના નહીં હોય દીન
ન દીનની કુમક વીના શાહ નાઝ્ચીન.
બેઉને છે એકમેકની હાજત ને આસ
જોડાયલાં દીઠાં છે તેમને મેં ખાસ.
દીન સાથનો દાનાવ મરદ નેક રૂઇ
થાય છે બેઉ જેહાંનમાં બઉ શુર્ખ રૂઇ.
દીનનો જો પાદશાહ થાય પાસબાન
તો બેઉને તું ભાઈ બેન મીસાલે જાન.
પાદશાહ પર રાખે જો વેર દીનદાર
તો હર્ગેજ ના હોય તે પરહેજગાર.
પાદશાહની સામે જે ખોલે જબાન
હર્ગેજ તું તેને દીનદાર મા જાણુ.
કહ્યા છે દાનાવે કીમતી સખુન
કે દીન છે ઇનસાફનું મુળ અને બુન.

અર્દેશરની બેટાને નસીઅત.

"થાશે, ઓ બેટા! તારૂં બખત
ખોદાનાં હશે જેમ ચાહ ને સર્જત.
ખોદાથી કર તારી મોરાદ તલબ
રાખનાર ને આપનાર તે એક રબ.
મુશકેળ હોય કામ તો દીએ પનાહ
સારે ને માથે મદદ ને રાહ.
મુશકેલ તારૂં કરશે તે સઘળું આસાન
તેથીજ છે ખુશી, ફતેહ ને માન.
મુજ જીંદગીથી લેજે ધડો ને ફળ
ચહડતી ને પડતીની ફેરવજે કળ.
પકડયો જ્યારે મેં દાદારનો રાહ
થયો હું ખુશ મળ્યું તાજ ગાહ.
જેમ દીઠું તે સાહેબે ખુબ અને નેક
દીધી સાતે ખંડોની પાદશાહી અનેક.
રૂમ અને હીંદે આપી ચોથાઇ
જેહાનમાં ફેલાઇ નરમી ભલાઇ.
તે યજદાનનો માનું છું ઉપકાર સેપાસ
કે આપ્યું જોર, બખ્ત ને ભલી બહુ આસ.
કોણ કરે તેની પુરતી સેતાશ?
કોણુ કરે તેની પુરતી નીઆશ?
સાંભળે છે તે આપણી બંદગી તમામ
બુજોર્ગી દેખાડી થાય મેહેરબાન[1].

---

૧ અર્દેશરના આ છેલ્લા શબ્દો સાથે સરખાવો આ નીચલા શબ્દો.

For when God wills to save, all things He'ill bend
To serve as instruments, to work his end." (Euripedes.)
"If God design to save you, safe you are
Though sailing in mid-ocean on a mat."

(૧)
નોશીરવાન અદલ અને મઝ્દક.(૧)

:o:

હમાજોર ફ્રેરોહરે અનઓશેરવાન ખોસરો કોબાદાન બાદ; અવા હમા ફ્રેરોહરે ઉરવંદાન, દાદસ્તાન, દાદ દારાન, દીન યોજદાસરીની-દારાન, ખોદાએ-પઐરાસતારાને મેહેસ્તાન બાદ.

હમાજોર ફ્રેરોહરે અશોઆન ચીરાન અવર-વીઝાન પીરોઝગરાન, પઓઇર્યો તકએશાન, ફ્રેરોહરે નબાનજદીસ્તાન, ફ્રેરોહરે આશોઆન બાદ.

હમાજોર ફ્રેરોહરે અશોઆન હસ્તાંન, બુ-દાન, બેદાન, હુદહ્માન, ઉઝ-દહ્માન, પેરેનાયુકાન, અપેરેનાયુકાન બાદ. (રપીથવનની આફ્રીન).

અર્થ.—હમાજોર હોજો અનોશેરવાન ખોસરો કોબાદના ફ્રેરોહર સાથે; હમાંજોર હોજો ચાલાક, ઇનસાફી, દાદ આપનાર, દીનને પવિત્રાઇ આપ-નાર, ખોદાની પરસ્તેશ કરનાર, બુજોર્ગોનાં ફ્રેરોહર સાથે.

હમાજોર હોજો, અશો, જોરાવર, કૌવતમંદ, ફતેહમંદ, પઓઇર્યોતકેશોનાં ફ્રેરોહર સાથે; હમાજોર હોજો નબાનજદીસ્તો અને અશોનાં ફ્રેરોહરો સાથે.

હમાજોર હોજો, હાલ હૈયાતી ભોગવના-રાઓ, હૈયાતી ભોગવી ગયલાઓ, અને હવે પછી હૈયાતી ભોગવનારાઓ, શું આ દેશના કે પર દેશના, શું પુખ્ત ઉમરના કે નાની વયના, એ સર્વનાં અશો ફ્રેરોહરો સાથે.

ફીરદોસી પ્રમાણે નોશેરવાનનું અસલ નામ 'કેસ્રા' હતું, જે પેહેલવી લખનારાઓ પ્રમાણે 'ખુસ્રો' હતું. ઉપલા આફ્રીને રપીથવનના ફકરામાં "અનુશેરવાન, ખોસ્રો કોબાદાન" શબ્દો છે. તેમાં "અનોશેરવાન" જેનો પાછ-ળથી "નોશરવાન" શબ્દ બન્યો છે, તે તેનું ખેતાબી નામ છે. ખોસ્રો તેનું પોતાનું જન્મ નામ છે અને કોબાદ તેના બાપનું નામ છે.

ફીરદોસી પ્રમાણે તેનો બાપ કોબાદ ઢંગઢડા વગરનો પાદશાહ નિવડયો હતો. તેનો સુફ્રાય નામે એક વડો વજીર હતો. તે વજીરે પેહેલે કોબાદને હએતલના રાજા ખુશનવાજના કેદ-ખાનામાંથી છોડવ્યો હતો. એ વજીરનો કાબુ ઇરાન ઉપર ઘણો હતો અને કોબાદ તો એક નામનો પાદશાહ થઇ પડયો હતો, કારણ કે તે ગાદી ઉપર આવ્યો, ત્યારે તેની ઉમ્મર ફકત ૧૬ વર્ષની હતી. એક વખત જ્યારે સુફ્રાય પોતાના શીરાજ શેહેર ભણી ગયો હતો ત્યારે લોકોએ આવી કોબાદને ઉશકેર્યો, કે "સુફ્રાય બડાઈ મારેછે કે 'કોબાદને મેં પાદશાહ કીધોછે અને તે તો નામનો પાદશાહ છે.' માટે તુંએ તેનો દોર તોડવો જોઇએ." સુફ્રાય ઘણો જબર-દસ્ત અને રાજ્યમાં વગવસીલો ધરાવનાર હતો. તેથી કોબાદ તેની સામે જાહેર રીતે કાંઇ હીલચાલ કરી શકયો નહીં. માટે તેણે રએના હાકેમ શાપુરને તેડાવી તેને એક નામું આપી છુપી રીતે શીરાજ મોકલ્યો અને તેની પાસે સુફ્રાયને મારી નખાવ્યો. કોબાદની આવી પ્રપંચી વર્તણુકથી દરબારીઓએ તેને ગાદી પરથી ઉઠાડી મેલ્યો અને તેને કેદખાને નાંખ્યો.

અસલી ઇરાનીઓ પોતાના પાદશાહ તરફ હમેંશા વફાદાર રહેતા અને તેને ખાતર પોતાનો જાન આપવાને તૈયાર રહેતા. પાદશાહ તરફ ફરમાન બરદારી અને વફાદારી એ તેઓ-ની જરથોસ્તી દીને શીખવેલું ફરમાન હતું. પણ એ દીનનાં ફરમાનો પ્રજાના કોઇ પણ જાતના વધારા (progress) ની આડે આવતાં નથી. જો કોઇ ફરમાનોનો આડો ઉપયોગ થતો હોય તો તે એક પેહેલવી કહેવત કે "ચારે તો-ખ્શાક, અચારે ખોરસ્નદીઅ" એટલે "બને ત્યાં સુધી કોશેશ કરવી અને નહીં બને ત્યારે સંતોષ પકડવો," પ્રમાણે ચોકસ જૂદા પ્રકારના

(૧) આ દાસ્તાનનું વાંચણુ ગાથા ૪ થો સને ૧૨૬૪ યજદજરદી તા૦ ૧૪ મી સપટેમ-બર ૧૮૯૫ ને દને ફરામજી કાવસજી ઇનસ્ટીટ્યુશનમાં આપ્યું હતું.

સંજોગો વચ્ચે તે ફરમાન મુલતવી રાખવાની છુટ મેલે છે. તે પ્રમાણે જો કે તે પાદશાહ તરફ ફરમાન બરદારી ફરમાવે છે, તોપણ બૂરા પાદશાહને દૂર કરવા ફરમાવે છે. Down with the Tyrant. Down with the Despot, એટલે "જાલેમ પાદશાહને દૂર કરો." એ જેમ હાલની આગલ વધતી પ્રજાઓનું ફરમાન છે, તેમ ઇરાનીઓનું પણ હતું.

"દુશ પાદ્શાહાન અવાદશાં બાદ" એટલે "બૂરા પાદશાહો નાબુદ થાજો," એ દરેક જરથોસ્તીની કુસ્તી બાંધતાં "અહુરમજ ખોદાએ"ની બંદગી ભણતાં માંગવામાં આવતી દુઆ છે. આફ્રીન ગાનની ક્રિયા કરતાં આફ્રીનમાં એક મોબેદ હમેંશ દુઆ માગેછે કે "દાના પાદશાહ બાદ, દુજદાના અવાદશાં બાદ" એટલે "દાનાવો પાદશાહ થજો અને બુરૂ જાણનારાઓ દફે થજો." એ કારણને લીધે જેમ ઈંગ્લંડની તવારીખ એડવર્ડ બીજા, હેનરી છઠા, રીચર્ડ બીજા અને ચારલસ પેહેલાના દાખલાઓ દેખાડે છે, કે તેઓને પ્રજાએ બુરા હોવાથી ગાદી ઉપરથી દૂર કીધા હતા, તેમ ઇરાનની તવારીખ પણ કોબાદ જેવા પાદશાહોના દાખલા દેખાડે છે, કે તેઓને ઇરાની પ્રજાએ તેઓની બુરી વર્તણુકને લીધે દૂર કીધા હતા.

હવે કોબાદ બંદીખાનામાંથી નાઠો અને હએતાલના મુલક ભણી ગયો. ત્યાં તેણે એક દેહેકાન, એટલે એક મોટો ખેડુત અથવા જાગીરદાર, જે પોતાને શાહ ફરેદુનના વંશથી ઉતરી આવેલો જણાવતો, તેને ત્યાં ઉતારો લીધો. તે દેહેકાનની એક ખુબસુરત છોકરી ઉપર તે આશક પડયો અને તેની સાથે શાદી કરી. પોતાની બાનુને પોતાની નિશાણીની એક પાદશાહી વીંટી પેહેરાવી તે ત્યાંથી વીદાય થયો, અને હએતાલના પાદશાહની દરબારમાં કેટલોકવાર રહી, તે પાદશાહની મદદ મેળવી, પોતાનું ખોયલું રાજ્ય પાછું મેળવવાને ઇરાન ઉપર હુમલો લઇ ગયો. ઇરાન તરફ જતાં પેલા દેહેકાનની છોકરીની એટલે પોતાની રાણીની મુલાકાતે પાછો ગયો. ત્યાં તેને ખબર પડી કે તેની રાણીએ એક બેટાનો જનમ આપ્યો હતો. તેનું નામ તેણે 'ખોસ્રો' અથવા કેસરા આપ્યું. એ બેટો તે નોશેરવાન અદલ હતો. આફ્રીને રપીથ્વનના મથાળે મુકેલા ફકરામાં તેને "ખુસ્રો" કહયો છે, તે એ સબબે છે. એજ ફકરામાં અનુશેરવાન કરી જે શબ્દ છે તે એનું સેફાતી નામ છે, જે ઉપરથી એ "નોશેરવાન" નામથી જણાવા લાગ્યો. એ નામ એને કેમ મળ્યું, તે નીચલી હકીકત ઉપરથી માલુમ પડે છે, જે હકીકત નોશેરવાનની જીંદગીનો પેહેલો સફો આપણી આગળ રજુ કરે છે.

કોબાદ પાદશાહ પોતાનાં કેદખાનેથી નાહાસી હએતાલના મુલકના પાદશાહની મદદ લેઇ ઇરાન ઉપર ચઢાઇ લાવ્યો અને પોતાનું રાજ્ય પાછું મેળવી ગાદી ઉપર બેઠો, અને પાછો પોતાનો દસ્ત સ્થાપ્યો. પોતાના બેટા નોશરવાનને તેણે ઓલમાઓ આગળ કેળવણી લેવા બેસાડયો અને તે બેટો ભવિષની સઘળી સારી આગાહી આપતો ઉધરતો ગયો.

એ પ્રમાણે કેટલાંક વર્ષ બાદ ઇરાનમાં મઝ્જદક (અર્થ પ્રમાણે "નાનો મઝ્દ" અથવા "નાનો ખોદા")[1] નામનો એક શખ્સ જાહેર પડયો, જે, ફીરદોસી કહે છે તેમ, એક સુભાષિત બોલનાર, અકકલમંદ અને ચાલાક શખ્સ હતો. તે પાદશાહનો દસ્તુર અથવા વજીર હતો અને પાદશાહનો બહુ માનિતો હતો. પાદશાહ તેને પુછીને ઘણુંખરૂં કામ કરતો. એક સાલ વર્ષાદ અને બરફની ગેર હાજરીને લીધે ઇરાનમાં દુકાળ પડયો. એ ઉપરથી નાનાં મોટાં સર્વ, પાણી અને રોટી માટે ફર્યાદ કરતાં, શાહની દરબારમાં ગયાં. મઝ્જદકે તેઓને કહ્યું કે "ઉભા રહો. પાદશાહ તમોને એનો ઇલાજ દેખાડશે." એમ કહી

(૧)જેમ કે અંગ્રેજીમાં Hill ટેકરી અને Hillock એટલે "નાની ટેકરી"; ફારસીમાં "પેસર" એટલે"છોકરો" ને "પેસરક" એટલે "નાનો છોકરો."

તે પોતે પાદશાહ કોબાદ આગળ ગયો અને શાહને કહ્યું કે "અએ પાદશાહ ! જો એક શખ્સને સાંપ કરડે, અને બીજો શખ્સ જેની પાસે સાંપના ડંખનો ઇલાજ હોય, તે પોતાનો ઇલાજ અથવા દવા દરદીને નહીં આપે, તો પેલા ઇલાજ ધરાવનાર શખ્સને શું સજા ?" શાહે કહ્યું કે "તે ખુની મિસાલે છે, કારણ તે ઇલાજ કરવા ના પાડે છે, તેથી પેલો દરદી માર્યો જાય છે." એ સવાલ જવાબ ફીરદુસી પ્રમાણે નીચે પ્રમાણે છે.

દુકાળના ઉપાય વિષે મજદકનો કોબાદને પેહેલો સવાલ.

દોડતો તે ગયો પાદશાહની પાસ,
કહ્યું કે "ચાહુંછ બોલાસો ખાસ.
પુછું છું તુંને સવાલ હું એક,
જવાબ તેનો આપી દેખાડ વિવેક."
કોબાદે કહ્યું, "પુછ તુ સવાલ
વાકેફ કર અને કેવો છે હાલ."
મજદકે કહ્યું કે "સાંપના ડંખ
થી આવી હોય માણસની હાલત બતંગ,
ને બીજા પાસ હોય મોહોરો ઉપાય,
તે આપે જો નહીં તો ઇલાજ શું થાય ?
પોતા પાસ હોય ગર સાંપનો ઉપાય
પણ આપે તે નહીં, તો સજા શું થાય?"
પાદશાહે દીધો જવાબ તુરત
"ખુની તે ગણાય જો આપે નહીં ઝટ.
ખુનના બદલામાં કરવો કતલ,
જાન તેનો લેવો તુરત તે પળ."

મજદક, પાદશાહના એ જવાબથી ખુશી થઇ, પેલાં લોકો, જેઓ દુકાળની દાદ ચાહવાં આવ્યાં હતાં, તેઓ સનમુખ ગયો, અને કહ્યું કે "તમો કાલે આવજો. હું તમોને કાલે ઇલાજ કેહેવશ." બીજી સવારે તે પાદશાહ કોબાદ આગળ પાછો ગયો અને શાહને કહ્યું કે "ઓ પાદશાહ ! જો એક માણુસ બંધ પડયો હોય અને તે ભૂખે મરતો હોય, અને બીજો, જેની પાસે રોટી હોય, તે પેલા બંદીવાનને નહીં આપે, અને તેથી તે બંદીવાન મરણ પામે, તો પેલા રોટી ધરાવનાર શખ્સને શું સજા ?" પાદશાહે કહ્યું કે "એક જાતનું ખુન કીધા બરાબર તે જવાબદાર છે." ફીરદુસી પ્રમાણે એ સવાલ જવાબ નીચે પ્રમાણે છે.

મજદકનો દુકાળના સંબંધમાં બીજો સવાલ.

કહ્યું કે "અએ શાહે ફીરૂજગર !
બીદાર તારૂં બખ્ત, રોશન તારૂં ફર.
કાલે મેં પુછયો તો તુને સવાલ
જવાબ તેનો દેઈ તેં કર્યો નીકાલ.
જો ફરમાવે પુછું એક બીજો સવાલ
બોલાસો જેનો ચાહુંછું હાલ."
પાદશાહે કહ્યું, "ના રહે ચુપ,
પુછવું હોય પુછ, સાચું ને ખુબ."
બોલ્યો કે "અએ નામવર શેહરયાર !
બંદમાં જો હોય કોઇ એક નાચાર,
ભૂખ્યો તે હોય, ન મળે એક નાન,
નાન એક ખાતર ખોહે તે જાન.
બીજા પાસ હોય ખોરાકો સઉ
પણ આપે તે નહીં ને રીબાવે બહુ;
તો સજા શું ઘટે ? તે કેહ પાદશાહ.
શું કહેવાય તે ડાહ્યો ખરો નેક ખાહ ?"
પાદશાહે કહ્યું, "તે કમબખ્ત
ને ઘટે છે મારવો મજબુત સખ્ત."

એ જવાબથી ખુશી થઈ મજદક, પેલા લોકો, જેઓ તેના બોલાવ્યા પ્રમાણે સવારે દુકાળ માટે દાદ ચાહવા પાછાં આવ્યાં હતાં, તેઓ આગળ ગયો. અને કહ્યું, કે "જાઓ, જ્યાં પણ કાંઇ અનાજ હોય ત્યાંથી તમે દરેક જણ થોડો થોડો અનાજ લેઓ. જો કોઇ પૈસા વાળો મળે તો તેના પૈસા પણ લુટી લેજો(૧)". ભૂખા થયલા લોકો દોડયાં અને ગામમાં લુટફાટ ચલાવી અને જ્યાં પણ કોયે અનાજ મળ્યો તે લુંટી લીધો. તેથી શેહેરમાં હોહા થઇ રહી. ખીદમતગારો શાહ કોબાદ પાસે દોડતા ગયા કે શેહેરમાં લુટફાટ ચાલી છે, અને લોકોએ શાહાના ભંડારમાં પણ લુટ ચલાવીછે, અને એ સઘળાંનું મુળ મજદક છે. શાહે મજદકને તેડાવી મંગાવ્યો

(૧) કલકત્તા એડીશન મો૦ મોહલની આવૃતી પ્રમાણે "તેનું નામ લુટી લેજો."

અને એમ લોકોને ઉશકેરી મેલવાનો સબબ પુછયો. મજદકે કહયું કે "તું પાદશાહે જેમ મને જવાબ આપ્યો હતો તેમ, તેજ પ્રમાણે મેં અમલ કીધો છે. ભૂખા લોકો તે સાંપે કરડેલા દરદી અને બંધ પડેલા કેદીની મિસાલે છે; અને જેઓ પાસે અનાજ હોય છે પણ ભુખે મરતાઓને આપતા નથી, તેઓ, પોતા પાસે સાંપનો ઇલાજ હોવા છતાં, દરદીઓને નહીં આપનાર અને તેથી તેઓનું ખુન કરનાર મિસાલે છે. શેહેરમાં અનાજના ભંડારો ભરેલા હોય અને ગરીબો ટુકડો રોટી વગર ભૂખા મરે એ દુરસ્ત નથી." ફીરદુસી પ્રમાણે તેના શબ્દો નીચે પ્રમાણે છે.

લોકને ઉશકેરવા બાબે શાહે પુછવાથી મજદકે કરેલો ખુલાસો.

બોલ્યો કે "જીવજે અમર અએ શાહ!
તુંજ શબ્દોથી અક્કલ પામજો પનાહ.
સખુનો કહ્યા જે તેં શેહરયાર!
તે કહ્યા મેં તેમને, કરે અખત્યાર.
પુછી મેં હતી તુંને અએ શાહ!
સાંપોની બાબદ, ઇલાજ ને રાહ.
તું શાહે દીધો તો એવો જવાબ
કે ઇલાજ શોધનારને ઘટે છે આપ.
સાંપનાં ઝેહરે જો મરે મરદ,
સારૂં નહીં કરે જે તેનું દરદ,
તેનું જો રેડાય કીનામાં ખુન,
તો તેમાં નહીં ગણાય ગુનાહ જબુન.
ભૂખ છે તે ઝેહેર, ને નાન છે એલાજ,
ભરેલા પેટ પર રોટી શા કાજ?
કેહ મને તું, ઓ શાહ નેકનામ?
ભંડાર ભરેલો અનાજ શું કામ?
ભુખે જો તવંગ ને મરે બહુ મર્દ
ભંડારો બંદ લાવે મોત અને દર્દ."

મજદકની એ દલીલો, જો આજુબાજુની બીજી સઘળી બાબતો ઉપર નહીં જોઇએ તો, દેખઇતી રીતે પસંદ કરવા જોગ દલીલો (plausible arguments) હતી. તેણે હિંમત પકડી ભેગા મળેલા લોકોને વધુ કહેવા માંડયું કે "એક ગરીબ અને તવંગર બેઉ બરાબર છે. કોઇપણ શખ્સ પાસે પોતાને જોઇએ તે કરતાં વધુ માલ ખજાનો નહીં હોવો જોઇએ. આ દુનિયામાં સઘળે સરખાપણું (equality) હોવું જોઇએ. તવંગરો પાસે તેઓના ઉપયોગ ઉપરાંત નાણું રહે તે બહુ ખરાબ છે. ઓરત, દોલત, ઘરબાર, એ સર્વ સરખે ભાગે બખશાવાં જોઇએ. એક ખાલી હાથવાળો ગરીબ તવંગરની બરાબર છે." એવા એવા વિચારોથી મજદકે ઘણા મુફલેસ અને ઉતરતા વર્ગના લોકોને પોતાને હાથ કીધા. ફીરદોસી કહે છે તેમ, તેણે પેલી ઇંગ્રેજી કહેવત, કે To rob Peter, to pay Paul એટલે "એકને લુંટીને બીજાને આપવું", તે પ્રમાણે વર્તવાને લોકોને સમજાવ્યું.

મજદકનું દોલતની સરખી વાંટણી બાબે બીજું ભાષણ.

બોલ્યો તે સખુન બીજા અનેક,
કે "તવંગર ગરીબ સરખાં છે એક.
ન ઘટે કે નાણું પડે ફાજલ,
ને ખરચાય ન તે ગરીબ પાછલ.
સરખું સૌ જોઇએ, દોલત ને કામ,
કોઇ રાખે ફાજલ એ ખોટું હરામ.
ઓરત ને ઘરબાર ને દોલત તમામ,
એ સર્વનું સર્વને સરખું છે કામ.
પાક મારી દીનમાં એ ગણ્યાં છે એક,
કે ખરૂં શું હલકું ને ખરૂં શું નેક.
એ દીન સીવા માને બીજો જે ધર્મ,
યજદાનની પામજો તે લેઆનત ને ગમ.

અલબતે, સપાટી ઉપરથી એ સઘળાં ફરમાનો ઘણા મજાનાં લાગ્યાં. "આ દુનિયામાં સર્વ કોઈ સરખાં છે. શું તવંગર કે ગરીબ સરવે સરખાં છે," એ સઘળું કહેવું ઘણું ઠીક દિસ્યું. તેથી તે ફરમાનોના પરીણામો ઉપર વિચાર કરવા વગર, બીજા ઘણાકો સાથે, ખુદ પાદશાહ કોબાદ પણ મજદકની કહેવાની નવી દીનના ફરમાન ઉપર મોહીત પડી તેના વિચારનો થયો અને તેને પોતાનો માનીતો કર્યો.

હવે ત્યારે મજદકે લોકોની મિજલસ આગળ પોતાની કહેવાતી નવી દીનના જે ફરમાનો

સમજાવ્યાં, તે બે પ્રકારનાં હતાં. એક આ, કે દેશની દોલત સામાન્ય મિલકત છે, અને ગરીબોને તવંગરોની દોલતમાં હક છે, અને તે તેઓએ જાસ્તીથી ભોગવવી. ખાનગી મિલકત (private property) જેવું કાંઈ નથી. ૨, બીજું એ કે ઓરત જાત પણ એક રીતે ગોયા સામાન્ય મિલકત છે. કોઇપણ સ્ત્રી કોઇ ચોકસ ધણીની પોતાનીજ સ્ત્રી તરીકે ગણાવી નહીં જોઇએ. તેણીના ઉપર પણ હર કોઇનો શું તવંગર કે ગરીબનો હક છે. એ બે ફરમાનો- માંથી પેહેલું ફરમાન મજદકે ઘણું ખુલ્લું સમજાવ્યું હતું અને બીજાનો ફક્ત ટુંકમાં ઇસારો કાધો હતો.

હવે આપણે આગલી પાછલી તવારીખ ધીરજથી જોઇએ છીએ, તો દિસે છે, કે એવા વિચારોમાં મજદક જેમ પેહેલો તેમ છેલ્લો થયો નથી. મધ્ય એશિયાએ, અને તેમાં મુખ્ય કરી, અસલી ઇરાને પશ્ચિમ ભણીના મુલકોને ઘણીક સારી ચીજો અને સારા વિચારો આપ્યા છે. તેમ તેના કોઈ વિચિત્ર વિચારના પુરષોએ વિચિત્ર અથવા બુરા વિચારો પણ ફેલાવ્યાછે. મજદક અને માની ઇરાનના એવા પ્રકારના પુરષો હતા. તેઓ તરફના ઇનસાફ ખાતર, કદાચ આપણ એમ કહી શકયે, કે તેઓએ કાંઇ ખાખશુસ કોઇ બુરા હેતુથી પોતાનાં ફરમાનો નહીં આપ્યાં હતાં. શાપુરના જમાનામાં પેદા થયલા માનીએ પછવાડેના ખ્રિસ્તીઓના Albigenses ટોલાને બરપા કર્યો હતો. પણ તેઓના સઘળા વિચારો માટે કાંઈ માની જવાબદાર ન હતો.

મજદકે મિલકતની વેહેંચણી માટે જે વિચિત્ર વિચાર જાહેર કર્યો, તે વિચાર બોલીને તે પોતે બેસી રહયો નહીં. તેણે પોતાના અનાજના ભંડારો અને પોતાની મિલકતો પણ લોકો માટે લુટફાટ કરવા મેલી દીધાં. પણ પોતાના સપાટી પરથી ભલાં દેખાતાં ફરમાનોનું શું પરિણામ આવશે તે વિચારવાને તે અશકત હતો.

હાલના જમાનાનું દોલતની સરખી વાંટણી વાગેરે બાબે જણાયલું સોશીએલીજમ (Socialism) અને કમ્યુનીજમ (Communism) કાંઇ નહીં પણ મજદકના ફરમાનોનું એક જાતનું સ્વરૂપ છે. એ વિચારવાળાઓ મજદકની માફક, કેટલીક હદ સુધી, ખાનગી મિલકતનો હક (right of private property) ના પાડે છે, અને કહે છે, કે "દોલત મોટા જથ્થામાં એક હાથે નહીં રેહેવી જોઇએ, પણ તવંગર અને ગરીબોમાં સરખે ભાગે વેહેંચાઇ જવી જોઇએ. તવંગર અને ગરીબ સરખા છે." એવા સપાટી ઉપરથી ભલા દિસતા વિચારોથી કેટલાક ગ્રહસ્થોએ ઘણીક વાર યોજનાઓ રચી તે ઉપર અમલ કર્યો છે. સેન્ટ સાઇમોન અને ફુરીએ (St. Simon and Fourier)ની યોજનાઓ અર્થ વિદ્યા (Political Economy) ના અભ્યાસીઓને રોશન છે. એ યોજનાઓમાં, તેના સ્થાપકો, નવા મુલકોમાં ચોકસ સંખ્યાથી નવાં સ્વસ્થાનો સ્થાપી, સઘળા સાથે કામ કરી, આવક એક સરખી રીતે વેહેંચી લેવાની કોશેશ કરતા. પણ કુદરતેજ માણસોને જૂદી જૂદી ચપળતા હુશિયારી અને ઉદ્યોગ સાથે સરજ્યાં છે. તેથી શરૂઆતની ગમે તેટલી સરખી વાંટણી છતાં, થોડા વખતમાં, ચપળતા, ચંચળાઇ, ઉદયોગ ફાવી નીકળી, તે સદગુણો ધરાવતા માણસો તવંગર થઇ જાય છે અને આળસુઓ અને શુસ્તો ગરીબ રહી જાય છે. એવી ઘણીક યોજનાઓ એ કારણે નિસ્ફલ ગઇ છે. હવે મજદકનો પોકાર પણ શોશીએલીસ્ટોની માફક 'સરખાપણું. છુટાપણું" (equality, liberty) નો હતો. પણ સરખાપણા અને સરખાપણા વચ્ચે, છુટાપણા અને છુટાપણાં વચ્ચે ફેર છે. સરખાપણા અને છુટાપણાના આકલા, હુલ્લડ, ઉતાવલા અને બરાબર સમજ વગરના પોકારે, ફ્રેંચ રેવોલ્યુશનના વખતમાં, દીન અને દેશને પાયામાલ કરી ફ્રાંસનું ખાણું ખરાબ કર્યું હતું. ફ્રેંકો પ્રશીયન લડાઇ વખતે દેશ બાહારના જર્મન દુશ્મનોએ જેટલું ગુલજાર પેરીશ શેહેરને ખરાબ કર્યું નહીં, તેટલું દેશ માહેલા દુશ્મનની ગરજ સારનારા

કમ્યુનીસ્ટોએ, "સરખાપણું અને છુટાપણું" એવા શબ્દોના પોકારના ઝુંડા હેઠળ, ખરાબ કર્યું, જે ખરાબીની બાકી રહેલી નિશાણી આજે પણ તે દેશના મિત્રોનું અને મુસાફરોનું લોહી ઉકળાવેછે.

મજદકે સરખામણી અને છુટાપણા માટે ઇરાનમાં જે પોકારો ઉઠાવ્યા હતા, અને તે પોકારો અમલમાં લાવવાને માટે જે ઉપાયો સુચવ્યા હતા, તે એજ પ્રમાણે દેશની ખાણા ખરાબી કરવા માટે અસરકારક હતા. જરથોસ્તી દીન પણ સરખાપણું અને છુટાપણું આપે છે અને શિખવે છે. તે પણ તવંગરોને કહેછે, કે "ખોદાતાળાએ તમોને દોલત આપીછે તે તમારા એકલાનાજ ઉપયોગ માટે નથી. તે કાંઇ ફક્ત તમારા શોખો અને એશ આરામ ભોગવવા માટે નથી." તે, જાણે યુરીપાડીસ (Euripedes) ના શબ્દોમાં કહેછે કે "The things we do possess are not our own" એટલે "જે ચીજો આપણી પાસે છે તે આપણી પોતાનીજ નથી." (૧)

એ દીન ફરમાવે છે, કે "તમારી દોલત ઉપર તમારા ગરીબ હમજાતિઓનો, તમારા ગરીબ દેશી ભાઇઓનો હક છે. માટે તે તેઓને આપો. સખાવત કરો. અન્નદાન આપો, વસ્ત્રદાન આપો. ભૂખાઓની ભુખ મટાડો, તરસાઓની તરસ મટાડો. નાગાઓને વસ્ત્ર આપો. મકાન વગરનાઓને રેહેઠાણુ આપો. બિમારોને દવાદારૂ પુરી પાડો. જેઓ જ્ઞાન શોધવા આવતા હોય તેઓને કેળવણી આપો. જેઓ ધંધો ખોળતા આવતા હોય તેઓને ચાકરી ધંધે લગાડો. જેઓ બાયડી શોધતા આવતા હોય તેઓને પરણાવીને ભલી નિયમિત જીંદગી ગુજારતા કરવામાં સહાય થાઓ. એ સઘળું કરો, નહીં તો તમારી દોલત આશીર્વાદને બદલે શ્રાપ થઇ પડશે. તમારી દોલતનો પુરતો ભોગવટો કરવાને, તે મારફતે તમારું ઘટતુ તન મનનું સુખ શોધવાને, તમોને પુરતો હક છે. પણ તમારી જરૂરની સગવડો ઉપરાંત ફાજલ પડતી દોલતમાંથી બીજા તમારા ગરીબ જાતભાઇઓને સગવડ આપો. એ સઘળું કરશો તો ખોદા તમોને તેનો બદલો આપશે. એ સઘળું નહીં કરશો, ખોદાતાળાએ આપેલી તકો તમો નહીં સાચવશો, અને તમારી મારફતે પોતાના ગરીબ બંદાઓની સગવડ સાચવવાની તેણે રાખેલી ઉમેદો તમો નહીં પાર પાડશો, તો તે સાહેબ તમારી ઉપર નારાજ થશે. તમોને તે માટે ખમવું પડશે."

જરથોસ્તી દીન બીજા હાથ ઉપર ગરીબોને દીલાસો દે છે કે "ખોદાતાળા તમોને તવંગર જેવા સરખા ગણે છે. પોતાની કુદરતની બખશેશો, જેવી કે હવા, પાણી, જમીન, ગરમી, રોશણી વિગેરે, તે જેમ તવંગરોને તેમ તમો ગરીબોને આપે છે. તે છતાં, તમારી હાલત ગરીબ હોવાને લીધે, તમો ઉપર થોડોક વાર કાંઇ સંકટો પડે તે હિંમતથી સોશો. તે કાંઇ જાથુકવારના નથી. તે તમારા ભવિષ્યના સુખના લાયકાત માટેની કસોટી છે. તમો પણ ઉદ્યોગ કરો, કોશેશ કરો, મેહેનત કરી રોટી મેળવવાને યત્ન કરો. ખોદા તમોને સહાય થશે." જરથોસ્તી દીન જ્યારે સરખાપણા અને છુટાપણાનો એ બોધ ઇરાનીઓને આપતી, ત્યારે મજદકે છુટાપણા અને સરખાપણાના બોધો જાસ્તી અને જબરદસ્તીની સલાહથી આપવા માંડયા. "જાઓ તવંગરોનાં ઘરો ફાડો, તેઓની દોલત લુંટો, ખાનગી મિલકત જેવું કાંઇ નથી, સઘળું સામાન્ય છે. માટે જેમ જેના હાથમાં આવે તેમ લેઓ." એવી જબરજસ્તીનું રણશિંગડું તેને ફુંકવા માંડયું.

મિલકતની વાટણી બાબેના એ વિચારો ઉપરાંત સમજુ ઇરાનનું તેના જે વિચારોએ હાડ ધ્રુજાવ્યું, તે ઓરત જાત માટેના વિચારો હતા. જેમ તે મિલકતમાં ખાનગી હક ના પાડતો, તેમ એક ખાવિંદનો પોતાની ઓરત ઉપર પોતાની મોહોરદાર તરીકેનો હક ના પાડતો. ટુકમાં કહીએ તો લગ્નના પવિત્ર કોલનો સંબંધ તે ના પાડતો. કોઇપણ મરદ કોઇપણ ઓરત

---

૧. Plutarch's Consolation to Apollonius.

સાથે રહી શકે. કોઇપણ ઓરત કોઇ પણ ચોકસ ધણીનીજ ધણીયાણી થઇ રહે એમ નહીં. મજદકના એ વિચારો પણ હાલની ૧૯ મી સદીના સુધરેલા કહેવાતા જમાનામાં મિલકતની વાટણીના તેના વિચારોની માફક, જોકે તેટલી બધી હદે નહી, તોપણ ચોકસ હદે, પ્રગટી નિકળે છે. યુરોપનાં માહાવારી ચોપાંનીઆંઓ આવા વિચારોને અવાર નવાર એક નવા વિચાર અથવા અનુમાન તરીકે બાહર પાડે છે.

ઓરત અને મરદનો સંબંધ કુદરતે સરજેલો છે. એ બેઉનો એકમેક સાથે મેળાપ માણસ જાતના ખવાસમાં સમાયલોજ છે. પણ ગરીબોને, પોતાની ગરીબીને લીધે, લગન કદાચ મવસર નહીં થાય. તેટલા માટે જરથોસ્તી દીન તવંગરોને ફરમાવે છે, કે "તમોએ બનતાં સુધી લગનનાં કામને મદદ કરવી. પરણીને ભલી શાંત જીંદગી ગુજારવા માટે ગરીબોને શક્તિવાન કરવાં. એ પુન્યનું કામ છે. પરણેલી જીંદગી દેશનાં ભલાં માટે સારી છે, કે તેથી કરીને એક મરદ પોતાની ધણીયાણી અને બચ્ચાં છોકરાંના પોષણ માટે વધુ ઉદ્યોગી થવાને ઉમંગ બતલાવે છે." જ્યારે જરથોસ્તી દીન એમ ફરમાવે છે અને ઇરાનમાં ફરમાવતી, ત્યારે મજદકે પરણેલી જીંદગીનો હક ના કબુલ રાખી ફરમાવ્યું કે "દરેકે જે ગમે તે ઓરતને પોતાને હાથ ધરવી." એવાં ફર્માનથી થાય એમ, કે કોઇ ધણી ધોરી વગરના હજારો બચ્ચાં દેશમાં જન્મ પામે. તો પછી તેઓના ગુજરાનનો આધાર શું?

હવે કુદરતી છે, કે એવા વિચારની કોઈ દીન, જે દરેકને પોતાના ઉદ્યોગ, હુન્નર, ચંચળાઇનો બદલો ના પાડે, જે લગનની જોખમદારી ના પાડે, તે દીન તરફ એક શેહેરના અજ્ઞાન, વગર કેળવાયલા, હલકે વાંધેના લોકો હજારોની સંખ્યામાં ખેંચાય; અને વલી જ્યારે સપાટી પરથી સરખાપણું દેખાડનારા તેનાં ફરમાનો તરફ દેશનો પાદશાહ તરફદારી દેખાડે, ત્યારે તે દીન કબુલનારાઓની સંખ્યાનો પાર કેમ રહે? મજદકની દીનના સંબંધમાં ખરેખર એમ બન્યું. એક દિવસે ૩૦૦૦૦ આદમીઓનું તેની દીન પાળનારૂં એક ટોળું તેણે એકઠું કર્યું અને તેઓની મુલાકાત લેવાને શાહ કોબાદને કહ્યું. શાહે પોતાના મેહેલનું દિવાનખાનું તે માટે તૈયાર કરવા કહ્યું, ત્યારે મજદકે કહ્યું કે "તેઓની સંખ્યા ૩૦૦૦૦)ની મોટી છે, માટે મેહેલ બહાર ભેગા મળવું અગત્યનું છે." એ પ્રમાણે તેણે પોતાના પંથવાળાઓનો એક મોટો દેખાવ (એક જાતનું demonstration) કરવા મેદાનમાં ખુલ્લી જગ્યાએ એક મિજલસ (an open air meeting) ભરી. આવો એક મોટો દેખાવ કરવાની મજદકની મતલબ બૂરી હતી. તે મિજલસમાં શાહનો બેટો નોશેરવાન હાજર હતો. તેનો હાથ પકડી મજદકે શાહ આગળ ફર્યાદ કીધી, કે "હજુર નોશેરવાન આપણી આ નવી દીનમાં સામેલ થયો નથી. માટે તેની પાસે તે દીનમાં સામેલ થવા માટે તેને હાથે લખાવી લેવું જોઈએ." તેણે વધુ કહ્યું કે "દુનિયામાં પાંચ બૂરા દુર્ગુણો છે. ૧, અદેખાઈ. ૨, કિનો ૩, ગુસ્સો. ૪, નાચારી. અને ૫, લોભ. એ પાંચે દુર્ગુણો દોલત અને ઓરતને લીધે છે. જો સર્વ માણસો એ બેઉ સરખે ભાગે ભોગવે અને 'ફલાણું મારૂંજ છે,' એમ નહીં કહે, તો એ પાંચે દુર્ગુણો, જે દેવના ગુણો છે, તે દુનિયામાંથી નાબુદ થાય." એ બાબે ફીરદોસીના શબ્દો નીચે પ્રમાણે છે.

૩૦૦૦૦ આદમીની રાક્ષસી મીજલસમાં મજદકે કરેલું ભાષણ.

મજદકે કહ્યું "કએ શાહે જમીન!
ચઢતી તારી અકકલ! શાબાસ! આફ્રીન!
પુસરો નહીં રાખતો દીન આ કબુલ,
દૂર તેથી રહેવામાં તેની છે ભૂલ.
લખાવી લે તું તેના દસ્તખત,
કે બૂરી કોઇ રાહથી ફરે તે ઝટ.
પાંચ ચીજ ફેરવે સદા નેક રાહ,
દાનાવો થાય છે તેથી તબાહ.
અદેખાઇ, કિનો ને લોભની તરસ,
ગુસ્સો, ગરીબી, એ પાંચ ચીજ બસ.

એ પાંચેને કરે જો તું તબાહ,
તો દુનિયાની પાદશાહીનો મેળવે તું રાહ.
દોલત ને ઓરત એ પાંચનો સબબ,
ભલી દીનના માર્ગને દે છે જરબ.
જો ઓરત ને દોલત પર સરખો હોય હક,
તો નુકસાન નહીં પામે દીને બરહક.
અદેખાઇ ગરીબીનું એઓ છે મુલ,
લોભ, ખશ્મ, ક્રાનો એ બેથી છે કુલ.
એ બેથી ફરે છે ડાહયા અનેક,
મેલવાં તે ખુલ્લાં દિસે છે નેક.

એમ કહી નોશેરવાન પાસે લખાવી લેવાને મજદકે તેનો હાથ પકડયો. નોશેરવાને તુચ્છકાર સાથે પોતાનો હાથ છોડવી લીધો. શાહે નોશેરવાનને કહ્યું કે "આ નવી દીન તું કબુલ રાખતો નથી તે ઠીક નથી." ત્યારે નોશેરવાને કહયું કે "તું મને વખત આપ, કે હું તુંને દેખાડી આપું, કે આ દીન ખોટી છે." મજદકે પુછયું કે "શાહા પાસે તું કેટલો વખત માંગેછે?" નોશેરવાને કહયું કે "પાંચ મહિના. છઠ્ઠે મહિને હું શાહને સઘળો ખુલ્લાસો કરીશ."

મજદકીઓની આ ગંજાવાર મિજલસ આ સેવટ સાથે ખલાસ થઇ, અને નોશેરવાનનું નામ તવારીખમાં અને જરથોસ્તી પુસ્તકોમાં એક દીનદાર પાદશાહ તરીકે મશહુર રહી ગયું છે. ઉપલા આફ્રીનના સખુનોમાં તેને, દીનને પવિત્રાઈ આપનાર અશો નર તરીકે યાદ કર્યો છે, તે આ મજદકી દીન સામે હિમ્મતથી થવા માટેની કીર્ત્તિ માટે છે. પોતાનો બાપ અને પાદશાહ એ મજદકના વિચારો તરફ ઢળ્યો હતો, તે છતાં, તે પોતે આપ અખત્યારીથી સ્વતંત્ર વિચાર બાંધી, એ દીનની સામે થયો અને ગુલજાર ઇરાનને, દોલત અને દીન, એ બેઉમાં બરબાદ થતું તેણે બચાવ્યું.

શાહની મિજલસમાંથી ઘેર જઈ તેણે શેહેરે શેહેરથી એ બાબે વિચાર કરવા દાનાવો અને ઓલમાઓને બોલાવ્યા. તેણે ખોરૂરેહ અર્દશીર નામના અર્દશીર બાબેગાને સ્થાપેલા શેહેરથી હોરમજદ નામના એક બુજોર્ગ વિદ્યાનને બોલાવ્યો. ઇસ્તખરથી મેહેર આદર નામનો વિદ્યાન પોતાના ત્રીસ ભણેલા મિત્રો સાથે આવ્યો. એ સઘળા ભણેલા પુરૂષોએ મજદકની દીન બાબે કેટલાક દીન સુધી સાથે બેસી મસલત ચલાવી અને તેના ખોટાણાંથી અને તેનીથી ફેલાતી બદીઓથી નોશેરવાનને વાકેફ કર્યો. સઘળી બાબતથી વાકેફ થઇ તે શાહ કોબાદ આગળ ગયો અને કહ્યું કે "મજદક સાથે તકરાર કરવા અમો તૈયાર છીએ. જો મજદકનો ધર્મ ખરો હશે, અને જરથોસ્તનો ખોટો હશે, તો હું જરથોસ્તી ધર્મ છોડી મજદકનો પકડીશ. જો જે દીન શાહ ફરેદુન પોતે પાળતો હતો, તે દીન ખોટી ઠરશે, તો આખી દુનિયા જંદ અવસ્તા છોડી દેશે, મજદકના ફરમાનો ફાવશે, અને તેના સિવાય બાજો કોઇ રેહેતુમાએ રેહેશે નહીં. પણ જો તેની દીન ખોટી પડે, તો તું પાદશાહે તેની સંગત છોડવી અને તેની દીન તર્ક કરવી, અને તે મજદક અને તેના મળતા વિવેકોને મને સોંપી દેવા કે તેઓને મારી નાંખી સજા કરૂં." પોતાના આ જાતના કરારના ગવાહ તરીકે નોશેરવાન પોતા સાથે રઝમેહેર, ખરાદ, ફરાહીન, બન્દુઈ અને બેહેજાદને લેઇ ગયો અને એ પ્રમાણેની સરત કરી પોતાને મકાને આવ્યો. આ બાબે ફીરદોસીના શબ્દો નીચે પ્રમાણે છે.

શાહની દરબારમાં નોશેરવાને મિજલસ માંગવા બાબે કરેલું ભાષણ.

આવ્યો છે હાલ એક એવો વખત,
કે ભલાઇની દીન તર્ફ ફેરવું બખત.
જો ભલી હોય મજદકની દીન અને રાહ,
જો થઈ હોય જરથોસ્તી દીન કુલ તબાહ,
તો પકડીશ હું તેની નવી દીન પાક,
તે પર થઇશ શીદા, દેલ ચાક ચાક.
જો ખોટી તે દીન, જે ફ્રેદુનની ખાસ,
તો અવસ્તા વ જંદ આ જેહાનથી ખલાસ,
તો મજદકનીજ દીન ખરી કેહેવાય,
તો સર્વના તેજ ખરો રાહનુમાએ.

પણ જુઠાઇ જો હોય તે ધર્મનું મૂળ,
યજદાનની ચાહથી તે ફરતો હોય કુળ,
તો પાછો તું ફર, અને છોડી દે દીન,
તજ તેની રાહ, રસમ આઇન.
સોંપી દે મને મજદક ને દોસ્ત,
કે ઉખડાવી કાઢું તેની હું પોસ્ત.

બીજી સહવારે નોશેરવાન પોતાના મોબેદો સાથે શાહની દરબારમાં મજદક સાથે તેની દીન બાબે તકરાર કરવા ગયો. એક મોબેદે મજદક સાથ નીચે પ્રમાણે તકરાર શરૂ કીધી.

મોબેદનું મિજલસમાં મજદકી દીન સામે ભાષણ.

મિજલસમાં બોલ્યો તે સખુન અનેક,
"કુએ મજદક જે શોધે છે દાનેશો નેક!
બરપા તેં કરી છે એવી દીન હાલ,
કે ઓરત ને દોલત છે સામાન્ય માલ.
પિછાનશે કેમ બાપ, 'છોકરો છે કોણ'?
પિછાનશે કેમ પુત, 'પેદર છે કોણ'?
જો દુનિયામાં હોય સઘળા સરખા ને એક,
તો પિછાને નહીં નાના મોટા એકમેક.
કોણ થશે નાનો ને કોણ કેહેતર ?
કોણ થશે મોટો ને કોણ મેહેતર ?
કોણ કરશે તારૂં ને મારૂં અહીં કામ ?
કોણ જાણશે બુરો ને કોણ નેકનામ ?
કોઇ મરનારની મિલકતના વારસનું કેમ ?
શાહ અને ગોલામ સરખા હોય કેમ ?
આ મામલાથી થશે કુલ ખલક વેરાન
નહીં ઘટે કે બરબાદ થાએ આ ઇરાન.
સઘળા હોય માલેક, તો મજુરો કોણ ?
સઘળા પાસે જર, તો ખજાનચી કોણ ?
કહેતી નહીં દીન કોઇ આવા સખુન,
દીવાનું લાગ્યું છે તુંને જબુન.
તું માણસને દેખાડેછ દોજખનો રાહ,
બૂરાઇને સોંપતો નહીં બૂરાઇનો રાહ.

મિલકતની અને દરજ્જાની સરખી વાંટણી સામેની એ મોબેદની આ મજબુત દલીલ તે પ્રકારની હતી, કે જે પ્રકારની દલીલ પ્રોફેસર ફ્રોસેટ પ્રમાણે સોશીઆલીસ્ટો માટેની ફુરીયેરની કોઇ યોજના સામે લાવવામાં આવતી. જ્યારે સઘળાઓ સરખા થાય ત્યારે ચઢ ઉતર કામકાજો કોણ કરે? પેલો કેહશે "આ હલકું કામ હું નહીં કરૂં," પેલો કેહશે "હું નહીં કરૂં," ત્યારે કોણ કરે? પ્રોફેસર ફ્રોસેટ કહેછે તેમ :—

"Internal dissensions would be the greatest difficulty against which the scheme of Fourier would have to contend. Men would be dissatisfied with the grade in which they were placed, and the chiefs of a community would occupy a position most difficult to maintain, for a man is most jealous for any interference with the details of his daily life."

પેલા મોબેદે મજદકની દીન સામે જે દલીલો રજુ કીધી તેથી શાહ કોબાદનું મન પીગળ્યું. ત્યાર પછી વળી નોશરવાને પોતા તરફથી તે મોબેદને ટેકો આપ્યો. એ ઉપરથી આખી મિજલસ પોકારવા લાગી કે "મદજકે પાદશાહની હજુરમાં રહેવું નહીં જોઇએ. તે ખોદાતાળાની દીનને ખરાબ કરે છે. માટે તેણે શાહની દરબાર છોડવી જોઇએ." મોબેદોની દલીલો ઉપરથી અને મિજલસમાં જાહેર થયલી લોક લાગણી ઉપરથી મજદકી દીનના તકલીદીપણા માટે શાહની ખાતરી થઇ, અને તેણે કબૂલાત પ્રમાણે, મજદક અને તેની સાથવાળાઓને નોશેરવાનને સોંપી દીધા અને કહ્યું કે "તુંને ગમે તે એઓને શિક્ષા કર." નોશેરવાને તેઓને લોકોને ભમાવી લુંટફાટ કરવા માટે ઉશ્કેરવા માટે મારી નખાવ્યા.

મજદકને આટલો બધો વખત સુધી ટેકો આપવા માટે પાદશાહ ઘણો શરમાવા લાગ્યો. હવે શેહેરના મોટા માણસો પોતાની દોલત અને પોતાનાં બચ્ચાં છોકરાંની લાજ માટેની ચિંતાથી ફારેગ થયા. શાહે પોતે ગરીબોને

મોટી બખશેશો કીધી અને દેશનાં આતશકદેહોમાં ભેટો મોકલી. હવે તે નોશેરવાનથી ઘણો ખુશાલ રહેવા લાગ્યો અને સર્વ બાબતમાં તેની સલાહ લેવા લાગ્યો.

શાહ કોબાદ જયારે ઉમરે પુગવા આવ્યો અને તેના રાજયને ૪૦ વર્ષ પુરાં થવા આવ્યાં ત્યારે તેને મરણનો વિચાર આવવા લાગ્યો. માટે તેણે પોતાનું વસિયેતનામું કર્યું અને નોશેરવાનને પોતાનો ગાદીવારેસ નેમ્યો. તે વસિયેતનામામાં ખોદાતાળાને પેહેલે યાદ કર્યો.

શાહ કોબાદનું વસિએતનામું.

ખોદા પર કીધી અવલ આફ્રીન,
કે કરી છે પેદા અક્કલ ને દીન.
તે સાહેબના સખુન છે બીગુમાન,
શું જાહેર ને રોશનુ શું છુપા નેહાન.
પાદશાહી છે તેની ન હદ કે શુમાર,
પકડ તેનો રાહ ન થાય હાડમાર.
જોબી કોઇ જુઓ મુજ કોબાદના ખત,
દાનાવની શોધજો સલાહ ને દસ્ત.
ખોસરૂ ને સોંપું છું મારૂ હું તખ્ત,
મુજ મરણ બાદ શાહ તે નેકબખ્ત.
એ ફરજંદથી થાજો ખોદા ખુશનુદ,
દુશ્મનો થાજો એથી નાબુદ.
મોહોર કરી ફરમાઉંછ કે સર્વ મોબદ,
શું નાના કે મોટા, નોકર કે રદ,
સર્વ કોઇ માને તેનો હુકમ,
કરશે તે પુર જે ખજાનો કમ.

એ પ્રમાણે તેણે વસિયતનામું કરી પોતાનું રાજ્ય પોતાની પછી નોશેરવાનને સોંપ્યું. એ વસિયતનામાંના થોડાક શબ્દો હાલના વસિયતનામાઓ અને કરારનામાંઓની રીતના શબ્દોની યાદ આવે છે. હાલમાં કરારનામાઓમાં આપણે આવા શબ્દો વાંચીયે છીએ, Know ye all who witnesseth this &c. એનેજ મળતા કોબાદના શબ્દો ફીરદોસી જણાવે છે કે "જોબી કોઈ જુઓ, મુજ કોબાદના ખત," વિગેરે, વિગેરે.

એ પ્રમાણે વસિયતનામું કરી શાહ કોબાદે તે રામ બરજીનના વડા મોબેદને સોંપ્યું. એ વખતે કોબાદની ઉમર ૮૦ વર્ષની થઇ હતી અને ફીરદોસી કહે છે કે "જો કે તે આવી મોટી ઉમરનો જઇફ થયો હતો, તોપણ તેને મરવા ગમતું નહીં. કોઇને મરવા નહીં ગમે કારણ મરણ બાદ શું હાલત થશે તેની તેની ખબર નથી."

ફીરદોસી કહેછે કે કોબાદ ૮૦ વર્ષનો થયો તોપણ તેને મરવા નહીં ગમતું. હવે મરવા નહીં ગમે તોપણ એટલી મોટી ઉમરે જઈફ મરદોએ કામકાજની જુસ્સરી જવાનોને સોંપવાની અને ખોદાની યાદમાં ચોકસ હદે વધુ રહેવાની કોશેશ સર્વએ કરવી જોઇએ, એમ આ જમાનામાં પણ મેક્ષમુલર જેવો આપણો બુજોર્ગ પંડીત આપણને શિખામણ દેતો દિસે છે.

શાહ કોબાદને અવલ મંજલ પહોંચાડવાને લગતી ક્રિયા ખલાસ થઇ, કે પેલા વડા મોબેદે શાહ કોબાદનું વસિયતનામું શાહની દરબારની અન્જુમન હજુર રજુ કીધું. સઘળાઓએ તેમાં ફરમાવવા પ્રમાણે નોશેરવાનને તખ્તે બેસાડયો અને "શાહ જાવીદ બાદ" (cf. Vive le roi) એટલે "શાહ કાયમ જીવતો રેહજો" એવા પોકાર કીધા. એક ગમથી મરનાર પાદશાહનાં મરણનો ગમ કરી બીજી ગમથી નવા પાદશાહને ખુશાલીના અવાજથી ગાદીનશીન કર્યો. ફ્રેંચ પ્રજાનો એ સાધારણ પોકાર કહેવાય છે કે Le roi est mort, Vive le roi એટલે "પાદશાહ હક થાયો છે. પાદશાહ લાંબો વખત જીવજો." એ પ્રમાણે શાહ કોબાદ અને નોશેરવાનના બાબમાં બનયું.

એ પ્રમાણે ખુશાલીના પોકારથી નવા પાદશાહ ખુસરોને વધાવી તેઓએ તેનું નામ નોશેરવાન આપ્યું. એ નોશેરવાન નામ આગળ જણાવવા મુજબ, શરૂઆતમાં રપીથવનની આફ્રીનમાં યાદ કરવા પ્રમાણે "અનુશે રવાન" છે. એ "અનુશે રવાન" શબ્દ અવસ્તાનો "અન અઓષધહે ઉર્વન" છે, જેનો અર્થ "નહીં મરણ પામે

એવા રવાનનો," એટલે "અમ્મર કીર્ત્તિ"નો, એમ થાયછે. અવસ્તાના એ શબ્દનો પેહેલવીમાં 'અન અઓશ રોબાન' થયો, જેનો પાજંદમા "અનોશે રવાન" થયો. પછી ફારસીમાં આગલા 'અ' નો લોપ થઇ 'નઓશરવાન' થયો. મજદકના વિચાર આચારો ઇરાનમાં ફેલાતા અટકાવી એ પાદશાહે ઇરાનની જે અમ્મર કીર્ત્તિવંત સેવા બજાવી હતી, તે ઉપરથી તેની પ્રજાએ તખ્ત ઉપર આવતાં વાર તેને એ ખેતાબ આપ્યો.

પાજંદ આફ્રીનના ઉપલા ફકરામાં જણાવવા પ્રમાણે એ પાદશાહનું અસલ નામ પેહેલવી પુસ્તકો પ્રમાણે ખુસ્રુ હતું, જે નામ અવસ્તાના હુસ્રવંઘહ એટલે "સારા સખુનવાળો, સારી કીર્ત્તિવાળો" હતું. હુસ્રવંઘહ શબ્દ ઉપરથી ખુસ્રુ થયો છે. પેહેલવી અને પાજંદના નોશેરવાનનાં એ નામ ઉપરથી ફીરદોસીએ એનું નામ કેસરા વાપર્યું છે. યુનાનીઓનું સીઝર (Cæsar) નામ, એ ખુસ્રુ અથવા કેસ્રા ઉપરથી લીધેલું દિસેછે. અસલી રોમના શાહનશાહો પણ ફીરદોસી પ્રમાણે રૂમના 'કએસર'ના નામે જણાતા હતા. તે કએસર પણ શાહાનામાનો એજ કેસ્રા દિસે છે. રૂમના પાદશાહનો એ એલકાબ પાછળથી પાદશાહ અથવા શાહાનશાહના સાધારણ અર્થે વપરાવવા લાગ્યો, જેમ આપણે તેને આપણા માહારાણીના કએસરે હિંદના ખેતાબમાં જોઇએ છીએ.

પછી નોશેરવાન હાથીદાંતના બનાવેલા એક તખ્ત ઉપર બેઠો અને માથે તાજ પહેર્યું અને શેહેરની અન્જુમન તેની આગળ ભેગી મળી. પછી પાદશાહે પોતે ગાદીનશીન થઈ કેટલાંક ભાષણો કર્યાં.

નોશેરવાન અદલ, બીજું વાંચન(૧)

—:o:—

આ સાલ આપણે એક ભલા પાદશાહ માટે ઘણો વિચાર કીધોછે અને ઘણું બોલ્યા છીએ. પાદશાહના તાજ પેહેરાવવાના અવસર માટે અને પાદશાહના ઇનસાફ અને રૈયત તરફની તેની દીલસોજી માટે આપણે ઘણો વિચાર કર્યોછે. આપણા દેશની મેહેસુલી રાજનીતિ (Revenue policy) અને દુકાળની રાજનીતિ (Famine administration) માટે પણ આપણે ઘણો વિચાર કર્યોછે.

આજે રાતે જે હું બોલવા માંગુંછું, અને જે દાસ્તાનનું હું થોડુંક વાંચન આપવા માગું છું, તે એક અસલી ઇરાની પાદશાહના રાજ્ય બાબે અને તેના તાજ પેહેરાવવાના અવસરનાં વખતના વિચારો બાબે અને તેની મેહેસુલી અને દુકાળ વખતની કારકીર્દી બાબે છે, જે આપણી આગળ સરખામણી કરવા માટે ઘણું રજુ કરશે.

તવારીખમાં કેટલાક મહાન પુરૂષો અદલ (the just) તરીકે જણાયલાછે. જેમ યુનાનમાં એરીસ્ટાઇડીસ, આદેલ (Aristides the Just) તરીકે જણાયલો હતો, તેમ ઇરાનમાં નોશેરવાન હતો.

નોશેરવાન અદલ બાબે મારૂં આજનું વાંચન બીજું છે. પેહલું વાંચન બરાબર આજે ચોથે ગાથે સાત વર્ષ ઉપર મેં કર્યું હતું. તે વખતે મુખ્ય કરીને નોશેરવાન ગાદી ઉપર આવ્યો, તેની આગમચની હકીકત રજુ કીધી હતી. તેના બાપ કોબાદના વખતમાં મજદક નામનો એક શખ્સ પેદા પડયો હતો, જેણે એક 'સોશીએલીસ્ટ' (Socialist) તરીકે તે વખતે ઇરાનની મંડળીમાં મોટો ફેરફાર ઉપજાવવા ધાર્યો હતો, એટલુંજ નહીં, પણ મંડળીની નીતિને આંચકા લાગે, એવા કેટલાક ફેરફારો પણ દાખલ કરવા માંડયા હતા. ઇરાનમાં ઘણાકો તેના મતવાળા થયા હતા અને તેમાં નોશેરવાનનો બાપ પાદશાહ કોબાદ પોતે પણ હતો. જવાન નોશેરવાને પોતાના પિતાની આવી વળાણ જોઇ મજદકના વિચારોનું ખોટાપણું દેખાડી આપવાને કેટલાક ઇરાની બુજર્ગો સાથે કમર કશી હતી અને તેમાં તે ફાવ્યો હતો. તેની એ અને બીજી ઘણીક સેવાઓને લીધે તેને આપણી રપીથવનની આફ્રીનમાં યાદ કર્યો છે.

નોશેરવાનનું દાસ્તાન લખતી વેળા ફીરદુસીની ઉમર ૬૦ વર્ષની થઇ હતી. એ અરસામાં તેનો બેટો મરણ પામ્યો હતો. તેના ફટકાથી અને શાહનામા પાછળ ખેંચેલી રંજથી તેના બુઢાપાએ તેની ઉપર ઘણી અસર કીધી હતી. તેથી તે નોશેરવાનના દાસ્તાનની શરૂઆતમાં બુઢાપા માટે જે અસરકારક સખુનો કહેછે તે ધડો લેવા જોગ છે. માટે આપણું આજનું વાંચન તેના એ બાબેના શબ્દોથી શરૂ કરીશું.

જઇફી માટે ફીરદોસીનો બળાપો.

" સર્વ જેવાં સીધાં શરીર ! તું એમ
વાંકું કેમ વળ્યું ? થયું છે કેમ ?
કયાં ગઇ તે ખુશી ને ભપકો ને, જેબ
રોશન તારૂં દેલ કેમ થયું છે ગેબ ? "
શરીરે દીધો આવો જવાબ,
" જવાની તક રાખ્યો મારો મેં આપ.

(૧) આ દાસ્તાનનું વાંચન, ગાથા ૪ સને ૧૨૭૧ તા૦ ૧૩ મી શપટેંબર ૧૯૦૨ ને વાર સનીની રાતે ૮-૩૦ ને અમલે, જરથોસ્તી અન્જુમનનાં આતશબેહરામમાં બજમે જશને રોજે ઓહરમજ્દ મંડળી તરફથી આપવામાં આવ્યું હતું.

'સાહાથી'[1] ની આગળ હું થયું નાચાર,
ખબરદાર રેહ ને કર તું વિચાર.
રાખેછે 'સાહાથી' અઝદાનો દમ,
શીર માફક કચડેછે મીસાલે જમ.
વાદળ પેરે ગગડાટ, વરૂ પેરે બળ,
એઉ હાથે લાવેછે રંજ ને અજલ.
વાળેછે વાંકુ સર્વ જેવું તન,
કસ્તુરી દિસેછે નરગેશ સમન.
કેસર જેવું કરેછે અર્ગવાનનું પાન,
મેહેનતથી કચડેછે માણુસનો જાન.
ચાલવાથી થાયછે આજેજ આ પગ,
નબળી બહુ થાયછે શરીરની રગ.
મોતી જેવા દાંત મુજ થયાછે શુસ્ત,
સર્વ જેવું તન મારૂં થયુંછે પુસ્ત.
ચળકતી આંખોનું સુંદર રતન,
નબળાઇ ને મેહેનતથી કરેછ રદન.
ખુશાલ મારૂં દેલ હાલ થયું, પુર દર્દ,
નથી મારા દહાડા હવે જવાંમર્દ.
બાળક જ્યારથી પીએ દુધનો ગોત,
ત્યારથી દોડે પાછળ પીરી ને મોત.
નોશેરવાનના રાજને ઉડતાળીસ સાલ,
સાહાઠ તુંને થયાં, નહીં જવાન તું હાલ.
દરેક ચીજનો આવેછ છેડો ને પાર,
ગમગીન તું ના થા, ના થા ગમખાર.

નોશેરવાનનો બાપ કોબાદ ૮૦ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યો હતો. એનસાઇ-કલોપીડીઆ બ્રીટાનીકા શાહ કોબાદના મરણનો દિવસ તા૦ ૧૩ મી સપ્ટેમ્બર ૫૩૧ નો આપેછે. અજબ સંજોગે આજે પણ તા૦ ૧૩ મી સપ્ટેમ્બરનો દિવસ છે. ત્યારે આજનો દિવસ કોબાદનાં મરણનો અને નોશેરવાનનો બાપની ગાદીએ આવવાનો છે. એ તેનો પાદશાહ થવાનો દિવસ છે.

એવું દિસેછે કે જેમ હાલમાં આપણે જોઇએ છીએ તેમ, અસલી ઇરાનમાં પણ, ગાદીએ આવવા પછી થોડાક માસ બાદ તાજ પેહેરવાની ક્રિયા થતી હતી, કારણ કે ફીરદોસી નોશેરવાનને તાજ પેહેરવાનો દિવસ ખોરદાદ મહિનો ને મેહેરામ રોજ જણાવેછે. મો૦ મોહલ કોઇ ગણત્રી મુજબ એ દિન તા૦ ૨૦ મી મેહનો જણાવેછે. મો૦ મોહલ એ ગણત્રી કેમ લેછે તે બરાબર સમજ પડતી નથી. જો ફ્રર્વર્દીન મહિનો અને ઓહરમજદ રોજે, શાહાનામામાં ઘણેક ઠેકાણે જોઇએ છીએ તેમ, વર્ષની શરૂઆત લઇએ, એટલે તા૦ ૨૧ મી માર્ચ લઇએ, તો તા૦ ૮મી જુન આવે. ગમે તેમ હોય પણ એવું દિસેછે કે પાદશાહ થવા પછી આશરે આઠ કે નવ મહિને શાહને તખ્તનશીન કરવાની ક્રિયા થઇ હોય.

કહેછે કે કોબાદનો નોશેરવાન ઉપર ઘણો પ્યાર હતો. તે પોતાના રાજની શરૂઆતમાં જ્યારે બંધીખાનેથી નાસી હએતાલના મુલક ભણી જતો હતો, ત્યારે માર્ગમાં એક દેહકાન, જે ફરેદુનના વંશનો હતો તેને ત્યાં ઉતર્યો હતો અને તેની છોકરી સાથે પરણ્યો હતો. તેણીને પેટનો આ નોશેરવાન તેનો માનીતો છોકરો હતો. તેણે તેને પોતાની હૈયાતીમાં મરણ આગમચ પોતાને હાથે તાજ પેહેરાવ્યું હતું. વળી રખેને તેને ગાદીએ આવતાં કાંઇ અડચણ થાય, તે માટે કહેછે કે, તેણે રોમના શાહાનશાહ જસ્ટીન પેહેલા (2) (ઇ૦ સ૦ ૫૧૮થી ૫૨૭) ને અરજ કીધી હતી, કે તેણે નોશેરવાનને કરી

---

૧ ૬૦ વર્ષની ઉમ્મર.

(૨) આ જસ્ટીન (Justin) માટે કહેછે કે તે ભરવાડ હતો, પછી સેપાહ થયો. પછી મોટો સેપેહસાલાર થયો. શાહાનશાહ એનસ્ટેશીઅસ (Anastasius) નાં મરણ (ઇ૦ સ૦ ૫૧૮) વેળાએ સીપાહોએ ગાડી લેવા એને ફરજ પાડી. આંનટીઓક (Antioch) નું શેહેર ધરતીકંપથી તારાજ થયું, ત્યારે કહેછે કે તે પાદશાહી પોષાક ઉતારી સાધુઓનાં જાડાં કપડાં પેહેરી અપવાસ અને બંદગીમાં બેઠો હતો, કે ખોદા તે કોપ ટાળે.

લેવો. એમ કરવાંની તેની મતલબ આ કે તેમ કીધાથી તે ગાદી ઉપર આવવાની ખાતરી રહે.

એ વખતની આગમચ, રોમના શાહાનશાહ જસ્ટીન પેહલા અને કોબાદ વચ્ચે લાંબો વખત સુધી લડાઇ ચાલ્યા કરતી હતી. હખીમીનીઅન વંશના પાદશાહો યુનાન સાથે લડાઇ કર્યા કરતા હતા, પણ સાસાનીઅન પાદશાહો રોમ સાથે કરતા હતા. કોબાદ અને તેની આગળના અને પાછળના સાસાનીઅન પાદશાહોની રોમ સાથેની લડાઇએ, કેટલેક દરજ્જે આરબોની પાછલી જીતને કારણ આપ્યું હતું. ૧) એક તો એ લડાઇઓથી ઇરાન અને રોમ કેટલીક હદે નબળાં થયાં હતાં. ૨) અને બીજું એ કે એ લડાઇઓમાં ઇરાન તરફથી આરબો, જેઓનો મુલક ઘણુંક આગમચનો ઇરાનને ખંડણી આપતો હતો, તેઓ રોમ સાથે લડતા હતા, અને લડાઇનો અનુભવ અને બીજી હુશિઆરી મેળવી પગભર થતા હતા અને પોતાની ભવિષ્યની પાદશાહીનો પાયો નાંખતા હતા. એ પાયા ઉપર પાછળથી ઇમારત બાંધી તેઓએ ઇરાન લીધું, એટલુંજ નહીં, પણ યુરોપના મોટા ભાગને પાછળથી જીતીને ધ્રુજાવ્યું.

હવે એ મુજબ કોબાદને રોમ સાથે ચાલું લડાઇ હોવા છતાં, કોબાદે ઈ૦ સ૦ ૫૨૫–૨૬ માં સુલેહ કરવા માંગી. તેમાં તેની એક મતલબ આ, કે સુલેહ કરી તે શાહાનશાહ જસ્ટીનને સમજાવે, કે તે, તેનો છોકરો નોશેરવાન, જે વડો છોકરો નહીં હતો, તેને પોતાનો છોકરો કરી લે. કોબાદની મતલબ કે તેમ કરવાથી તેના એ માનીતા છોકરાને ગાદી ઉપર આવવાનો સંભવ મજબુત રહે. પણ બેઉ બાજુની કોઇ ખામીથી સુલેહના એ કોલકરાર ભાગી પડયા હતા.

ઇરાન અને રૂમના શાહાનશાહો એક બીજા તરફ પોતાના બેટાઓને મદદ કરવાની ઉમેદથી જોતા હતા તેનો એ કાંઇ પેહેલો દાખલો ન હતો. એની આગમચ એવો દાખલો બન્યો હતો. "ગીબંન(૧) થોડાક શક સાથે પણ રોલીનસન૨ મજબુત વિચાર સાથે, પ્રોકોપીઅસ (ઇ૦ સ૦ ૫૫૩), એગેથીઅસ (ઇ૦ સ૦ ૫૭૮) અને થીઓફેનસ (ઈ૦ સ૦ ૮૧૨) વિગેરેને આધારે જણાવેછે, કે રોમન શાહાનશાહ આર્કેડીઅસે મરતી વખતે વસીએત કરી પોતાના બેટા થીઓડોશીઅસને ઇરાની પાદશાહ યજદજર્દ (પેહેલા)ને સોંપ્યો હતો, કે તેણે તેની બચગીમાં તેનો બચાવ અને સંભાળ કરવાં. સીડ્રેનસના કહેવા પ્રમાણે તેણે યજદજર્દને ૧૦૦૦ રતલ ચોખ્ખાં સુનાનો વારસો પણ આપ્યો હતો. કહેછે એ બનાવે યજદજર્દને ખ્રિસ્તિ ધર્મ તરફ ઢળતો કીધો હતો."[3]

જ્યારે રોમ સાથે સુલેહ કરી રોમના શાહાનશાહ મારફતે પોતાના નાના બેટા નોશેરવાનનો હક ઇરાનની ગાદી ઉપર રાખવાની કોશેશમાં કોબાદ નિષ્ફળ નિવડયો, ત્યારે તેણે પોતેજ પોતાના વસિએતનામા વિગેરેથી તેને રાજગાદી આપવાની બાબત નક્કી કરવાનો વિચાર કીધો. ફીરદોસી પ્રમાણે તેણે વસિએતનામું કીધું અને તેમાં નોશેરવાનને ગાદી આપવા લખ્યું. એમ લખી વસિએતનામું રામ બુર્ઝીન નામના વડા મોબેદને સોપ્યું હતું. ફીરદોસી કહેછે કે કોબાદનાં મરણ બાદ એ મોબેદે વસિએતનામું ઈરાંનનાં તખ્ત ઉપર મેલ્યું અને ત્યાં ઇરાનના સઘળા દાનાવ દરબારીઓ ભેગા મળ્યાં. ત્યાં તેઓએ તે વસિએતનામું ઉખેડીને વાંચ્યું અને તે ઉપર અમલ કરી નોશેરવાનને તખ્ત ઉપર બેસાડયો.

એ મુજબ ગાદી ઉપર આવી નોશેરવાને પોતાનું રાજગાદીએ આવવાનું મોટું ભાષણ (Coronation speech) કર્યું અને તેના જૂદા જૂદા ભાગોમાં પોતાની સઘળી રાજનીતિ સમજાવી. શરૂઆતમાં તેણે ખોદાતાળાને યાદ કીધો અને પોતાની ઈનસાફની રાજનીતિ નીચે મુજબ સમજાવી.

---

(૧) વા. II પા. ૩૨૧. (૨) Seventh Oriental Monarchy p. 272.
(૩) જુઓ મારી યાદગારે જરીરાંન પા. ૮૦.

નોશેરવાને તાજ પેહેરતાં કરેલું ભાષણ. ભાગ પેહેલો. ખોદાની યાદ અને દાદ.

ફરતાં આ આસ્માનનો ખાવંદ ખોદા,
દેલમાં મુકજો દયા સદા.
માઠું ને સારૂં અપકીર્તિ ને જસ,
દલગીરી ખુશી સૌ તેનીથી બસ.
પ્રકાશે ખોર્શેદ, તે તેના પ્રતાપ;
છે તેનીથી કૌવત જોર અને આપ.
ન ફરમાનથી તેના ફર્યે કોઈ ગમ,
હોકમ તે વિના લઇએ ન દમ.
પાદશાહીના તખ્ત પર કરે જે દાદ,
દેલ તેનું રહે કુલ ખુશ અને શાદ.
કરે છે જે કોઇ બુરો વિચાર,
તે પોતાનાંજ તનને દેછે આજાર.
દેલમાંના દુ:ખથી કોઈ ન આગાહ,
એવાં કોઇ દુ:ખનો ન એલાજ કે રાહ.
પણ માંગશે જે દાદ તેને આપીશ હું દાદ,
દિન તેમનો કરીશ હું ખુશ અને શાદ.
હાથ કરે શાહ જો ઇનસાફનું નામ,
તો રૈયત થાય તેની ખુશાલ તમામ.

શરૂઆતમાં ખોદાને યાદ કરી, પોતાની ઈનસાફ સંબંધી રાજનીતિ, જેને લીધે તે 'અદલ'નો એલકાબ પામ્યો હતો, તે એ મુજબ સમજાવી, તેણે સઘળા દરબારીઓને પોત પોતાનાં કામમાં ઉદ્યોગી અને ચપળ થવાને નીચે મુજબ કહ્યું.

નોશેરવાને તાજ પેહેરતાં કરેલું ભાષણ. ભાગ બીજો. વખતનો સારો ઉપયોગ.

કાલ પર ના રાખ તું આજનું જે કામ,
કોણ જાણે કાલ કેવી નિવડેછ તમામ?
આજે જે ખીલ્યાં બાગોમાં ફુલ,
તે કાલે જો ચુંટયાં તો રદ જાય કુલ.
દરૂસ્ત હોય જ્યારે તારૂં આ તન,
માંદગીના ખ્યાલથી પુર રાખ મન.
જીંદગીમાં મોહોતની સદા રાખ યાદ,
પવન આગળ જેમ નહીં પાનની બિસાદ.
કામમાં જો થશે તું કદી પણ શુસ્ત,
તો થશે નહીં તારી યોજના દરૂસ્ત.
અદેખાઈ અખત્યાર કરે કોઇ મર્દ,
તો તબીબ છે નાચાર આગળ તે દર્દ.
હવશ કોઇ રોકે તારૂં જો ધ્યાન,
તો મુર્ખાઇની તે છે ખુલ્લી નિશાન.
બોલે જે ઘણું ને કરે જુજ કામ,
નહીં તેની આબરૂ કીર્તિ કે નામ.
બુરાઇનો રાહ છે અંધારો ગાર,
રાસ્તીનો રાહ છે બારીક એક તાર.
ગમે તેવું જાણતો હોય સરસ તું કામ,
તે સુસ્તીથી થાશે નિષ્ફળ તમામ.
જબાન તારી કરશે જુઠું અખત્યાર,
તો ફરતા આ આકાશમાં થાશે નહીં ઠાર.
જુઠું છે એક જાતની નબળાઇનું નામ,
દુરસ્ત તે નબળાઇ પર રડવું તમામ.
સકારે ઉઠવાની ટેવ રાખે શાહ,
તો દરૂસ્ત રહી કરે દુશ્મન તબાહ.
દાનાવ ન હોય મોજનો મોહોતાજ,
બીનજરૂરી મોજો કરે તારાજ.
ઈનસાફ ને બખ્શેશ કરે જો શાહ,
તો જેહાન પામે તેથી ખુબી પનાહ.
પણ અખત્યાર તે કરે જો બીદાદ કોઇ,
તો ખોરાક તેનો કડવો, પાણી તેનું લોહી.

ઉપલા શબ્દોમાં નોશેરવાન શિખામણ દેછે કે સારા વખતમાં માણસે બુરા વખતની યાદ કરતા રહેવું અને તનદુરસ્તી વખતે બિમારીને યાદ કરવી, કે તે યાદથી બેભરવશ નહીં રહેવાય અને તંનદુરસ્તી બિગાડવાથી સાહુચેત રહેવાય. વળી તે શિખામણ દેછે કે સુખ વખતે દુ:ખને યાદ કરતા રહેવું, અને જીંદગીમાં મોતને યાદ કરતા રહેવું. નોશેરવાનના આ વિચારોને મળતા યુરીપીડીસના કેટલાક શબ્દો છે. ફીરદોસીએ જણાવેલા નોશેરવાનના અને યુરીપીડીસનાં શબ્દો નીચે પ્રમાણે છે.

ફીરદોસીના શબ્દોને મળતા યુરીપીડીસ (Euripedes) ના શબ્દો.

"દરૂસ્ત હોય જ્યારે તારૂં આ તન,
માંદગીના ખ્યાલથી પુર રાખ મન.
જીંદગીમાં મોહોતની સદા રાખ યાદ,
પવન આગળ જેમ નહીં પાનની બિસાદ."

ફીરદોસી.

"This wholesome precept from the wise I learn
To think of misery without concern.
My meditating thoughts are always spent
Either on death or else on banishment.
Foresight of evils doth employ my mind
That we without defence they may not find
And though in ambuscade the mischief lies
Kill me it may, but shall not me surprise."

Euripedes.

ત્યારપછી આગળ ચાલતાં, પોતાનાં ભાષણમાં નોશેરવાન ઇનસાફના કાનુનની સ્તુતિ કરેછે અને વિચાર જાહેર કરેછે કે તેની દરબારનાં બારણાં સર્વ માટે ખુલ્લાં છે. તે નીચે પ્રમાણે કહેછે.

નોશેરવાને તાજ પેહરતાં કરેલું ભાષણ.
ભાગ ત્રીજો. ઈનસાફ.

અન્જુમનમાં હાજર છેઓ જે આજ,
સાંભળોછો જેઓ માહરો અવાજ,
સાંભળો ને તે પર દેજો ધ્યાન,
બખ્ત તમનું રેહેજો સદા મેહરબાન.
જોયા છે મેં બહુ તાજદાર શાહ,
ઇનસાફ ને દાદની પકડી છે રાહ.
દસ્તુરના થજો ફરમાન બરદાર,
બુરાં ને ભલાંનો તે નગેહદાર.
આવશે જો કોઇ મુજ બારગાહ,
અગત્યનાં કામ સર ને પામશે નહીં રાહ,
તો દસ્તુરથી થઇશ બહુ હું નારાજ,
કે છુપું કેમ રાખ્યું મુજથી એ કાજ.
દરબારના માહરા સૌ કામદાર,
લશ્કરના વડા ને સર્વ સરદાર,
સર્વેને આપીશ સારો પગાર,
કે કામ અને કીર્તિપર રહે ઉસ્તવાર;
મરદી ને રાસ્તી કરે અખત્યાર,
ઇનસાફનાં કામમાં ન થાય બદકાર.
સઘળા જે હશે ઇરાનીઆન,
મુજ સેવામાં બાંધશે કમર મેઆન,
રાખશે જો અક્કલ હોરમત ને શર્મ,
તો પામશે બહુ ગંજ ને સખુનો નર્મ.
પણ ગરીબ પર ખેંચશે જે જુલમનો હાથ,
અક્કલને ભલાઇનો છોડશે જે સાથ,
બૂરાઇની પામશે સજા તે બદ,
અકારો થશે મને તે મર્દ.

ઉપલા ફકરામાં નોશેરવાન કહેછે કે, તેની હજુર દાદ ચાહવા આવનારાઓ માટે તેનાં બારણાં ખુલ્લાં છે, કોઇને અટકાવવામાં આવશે નહીં. તેના એ શબ્દો તેની ઇનસાફી વલણ દેખાડેછે. કહેછે કે તેના ઇનસાફને લીધે પએગમ્બર મહમદ, જે નોશેરવાનના અમલમાં જનમ્યો હતો, તે મગરૂરી લેતો કે તે નોશેરવાન જેવા અદલ પાદશાહનાં રાજ્યમાં જનમ્યો હતો. એ પ્રમાણે શરૂઆતનાં ભાષણમાં ખોદાતાળાને યાદ કરી, તેની મદદ માંગી, તેણે અન્જુમનને જાહેર કીધું, કે તેણે પોતાની હકુમતનો પાયો ઇનસાફ ઉપર મેલ્યો હતો. તેની રૈયત પોતાનાં કોઇ દુઃખો પેટમાં ને પેટમાં અથવા મનમાં ને મનમાં રાખશે તો તેનો ઇલાજ તે કાંઇ કરી શકશે નહીં, કારણ ભીતરનાં દુઃખ નહીં પારખી શકાય. પણ જેઓ તેની આગળ આવી પોતાનાં દુઃખો જાહેર કરશે, તેઓના દુઃખનો તે ઇલાજ કરશે. ઇનસાફમાં નોશેરવાન પાદશાહ એક્કો હતો તેથીંજ તેને 'અદલ'નો એલકાબ પાછળથી મળ્યો હતો. કહેછે કે તેણે પોતાના મેહેલની બાહેર એક ઘંટ ટંગાવ્યો હતો, કે જે કોઇ દાદ ચાહાવા આવ્યું હોય તે તે વગાડે. તે સાંભળી પાદશાહ તેને તેડતો અને તેનો ઈનસાફ કરતો. એક દિવસ એક ખચ્ચર, જે ભારના

મોટા બોજાથી જખમી થયું હતું, તેણે આવીને તે ઘંટના દોરડાંવાળા સ્તંભ સાથે પીઠ ઘસડી અને તેમ કરતાં તે ઘંટ વાગ્યો. ખબર કાઢતાં શાહને માલમ પડયું કે એ તો એક જખમી થયેલાં ગધેડાંએ ઘંટ વગાડયો હતો. તે ઉપરથી તેની જખમી હાલતથી વાકેફ થઇ તેણે તેના બેદરકાર ધણીને ચેતવણી આપી ખબરદાર કીધો કે પોતાના ભાર–બરદાર જાનવરની બરદાસ્ત કરવાની તેની ફરજ હતી.

ખોદાને યાદ કરીને વખતનો સારો ઉપયોગ કરવાનું ફરમાવી અને ઇનસાફ ઉપર પોતાની હકુમતનો પાયો રચવાનું જાહેર કરીને તેણે ભેગી મળેલી મિજલસને નીચલા શિખામણના સખુનો કહયા.

નોશેરવાને તાજ પેહેરતાં કરેલું ભાષણ. ભાગ ચોથો. ખોદાની સીફત.

યજ્દાનના સાંભળો તમો ફરમાન
સુજથી ના રાખો બીહીક યા ગુમાન.
તે છે સૌ શાહાનો શાહાન શાહ
જેહાનદાર ને પીરૂજ ને દેનાર પનાહ.
તેનીથીજ ચળકેછ ખોર્શેદ ને માહ
તેનીથી દિશેછ ઇનસાફનો રાહ.
જેહાનદાર તે છે ગરીબ પરવર.
વિચારથી બહાર અને બરતર.
આકાશ ને જમીન છે તેની પેદાશ,
તન અને જાનને તેનીથી આશ.
જો કરીશ હું ઇનસાફ, તો તેના પ્રતાપ,
જો કરીશ હું બખ્શેશ, તો તેનો તે આપ.
સઘળાંમાં છે તેનો પ્રતાપી હાથ,
શું ગમી કે ખુશી બલાઇનો સાથ.
તખ્ત અને તાજનો તે નેગેહેદાર
બંદગીથી મોરાદનો બખશનાર.
મુજ માટે મેલે છે તમમાં તે મેહેર
દુશ્મનનાં વીંધે છે આંખો ને ચેહેર.
તનની દુરસ્તી તેનું ફરમાન
નેકી ને ખુબી તેનું પેમાન.
જમીન ને ઝાડો ને સાતે આકાશ
આતશ ને પાણી ને ખાક આસપાસ,
આપેછે યજદાનની હસ્તીની યાદ
રવાનને કરેછે ખુશ અને શાદ.
સેતાયશ કરવી છે તેનું ફરમાન
પરસ્તેશ કરવી છે તેનું પએમાન.

એ પ્રમાણે રાજ્યભિષેક થવાને દિને ખોદાપરસ્તી અને ઇનસાફ બાબે ભાષણ કરી તેણે શરૂઆતમાંજ રૈયતનું દીલ જીતી લીધું. તેણે જાહેર કર્યું કે તેની હકુમતનો પાયો ઇનસાફ અને ઇનસાફ ઉપરજ છે.

ત્યારપછી નોશેરવાને રાજ્ય હકુમત બરાબર ચલાવવા માટે પોતાના બોહોળા મુલકના ચાર ભાગ કર્યા. ૧. ખોરાસાન. ૨ કુમ અને ઇસ્ફહાન. આઝર આબાદગાનનો મુલક પણ એ બીજા ભાગમાં આવ્યો હતો. તેમાં વળી અર્દબીલ સુધીનો આરમીનીઆનો મુલક અને ગીલાનનો મુલક પણ સમાયલો હતો. ૩ પારસ, અહવાઝ અને ખઝર. ૪ ઇરાક અને રૂમ (એશિઆ માઇનર). પશ્ચિમ ભણીના લખનારાઓ પ્રમાણે એ ચાર ભાગ નીચે પ્રમાણે હતા. ૧ એસીરિયા (Assyria). ૨ ઇરાન (Persia). ૩ મીડીઆ (Media) and ૪ બેકત્રીયા અથવા બળખ (Bactriana).

એ પ્રમાણે પોતાના મુલકના ભાગ કરી મેહેસુલની તેણે નવી ગોઠવણો કીધી અને જમીનની મેહેસુલ ઉપર મુખ્ય આધાર રાખ્યો અને જમીનને ખેતીના વધુ ઉપયોગમાં લાવવાની ગોઠવણ કરી ગરીબ ખેડુતોને બી અને ઢોરો પાદશાહી ખજાનામાંથી પુરાં પાડયાં. વગર ખેડાયલી જમીન પર તે કાંઇ કર નહીં નાંખતો. દ્રાક્ષનાં ફળ આપતા દર ૬ વેળાએ એક દેરમનો કર તેણે મુકરર કર્યો અને તેજ પ્રમાણે ખજુરી તાડ વિગેરેનાં ઝાડો ઉપર પણ દર ૭ ઝાડે એક દેરમ મુકરર કીધો. ઝએતુન[1]

1. હાલમાં ઓલીવ (Olive) નાં નામથી જણાતા રોપાઓ.
2. Autumnal equinox.

અને અખરોટ જેવાં મેવાનાં ઝાડો, જેઓ મેહેરગાનના જશન[२] ઉપર ફળ આપે, તેઓ ઉપર દર ૧૦ ઝાડે દર સાલનો એક દેરમનો કર નાંખ્યો. ખોરદાદ મહિનામાં પાકતાં ફલનાં ઝાડો ઉપર કાંઇ કર ન નાંખ્યો. વળી જેઓ જમીનદાર ન હોતા પણ જરદાર હતા અને જેઓને ખેતીની જંજાળ કે ફોડ ફોડ ન હતી, તેઓ પાસ તેઓના દરજ્જા પ્રમાણે દર શાલ ૪ થી ૧૦ દીરમ સુધીનો કર લેવાનો ઠરાવ કર્યો. વરસમાં ત્રણ હફ્તે એ કર ઉઘરાવવામાં આવતો.

સઘળી જાતના કરોના હેવાલની ત્રણ વિગતવાર યાદીઓ તૈયાર કરવામાં આવતી. એક શાહના ખજાનચી પાસે રહેતી, બીજી મુલકના વિભાગના વડા પાસે, અને ત્રીજી શાહના વડા મોબેદ પાસે.

હવે જેમ ઉપર પ્રમાણે શાહ નોશેરવાને ગાદી ઉપર આવવાનો દિવસ, જે ખોરદાદ[૧] મહિનો અને બેહેરામ રોજ હતો, તે દિને અન્જુમન સનમુખ પોતાનું રાજગાદીએ બેસવાનું ભાષણ ચાર વિભાગોમાં કીધું અને રાજ કારોબારની ગોઠવણ કીધી, તેમ તેજ દિને રાજધાની શેહેર બહારના કામદારો માટે એક જાહેરનામું બાહાર પાડયું અને તેની નકલ ગામેગામ મોકલી.

એ જાહેરનામામાં જાહેર કરેલા તેના નીચલા વિચારો જાણવા જોગ છે.

નોશીરવાનનાં જાહેરનામામાંથી મેહેસુલી ખાતાંને લગતા કારોબારનો ફકરો.

તાજ અને તખ્તના ખરચને કાજ
નાંખ્યા છે જમીન પર કર ને ખરાજ.
આવે આ નામું તમારી પાસ
ખોદાની તમપર મેહેર હોજો ખાસ.
એક દેરમ પણ વધુ લીએ જે કર,
એક ઘડી પણ થાય જે બીદાદગર.
તો યજદાનના નામથી લઉછું સપત
કે કાપીશ હું તેની કમર હું ઝટ.
એવી છે ખોદાથી તેને સજા
કરે જે કામ બુરૂં બેજા.
રાખો આ નામું તમારી પાસ,
ફરતા ના કદી તેની થી ખાસ.
ચાર માસે કરનો ચોથો એક ભાગ
ઇનસાફથી મેળવજો જોઇ વગ લાગ.
તીડોએ કર્યું હોય જો જીઆન,
સૂર્યનાં તાપે કર્યું નુકસાન,
બરફ હોય પડયું ને ફુંકયો પવન
વેરાન થાય તેથી જમીન જેમ રન,
બહારની મોસમ ન પડે વરસાદ,
ખુશ્કીથી થાય જમીન બરબાદ,
તો લેતા ના હર્ગેજ કોઇ જાતનો કર.
બહારની મોસમ જાય સુકી, નહીં તર,
તો વાવેલાં બીજ ને લીધેલો રંજ
એ બેઉ માટે આપજો પૈસા ને ગંજ.
ધણીનાં મરણથી જમીન વેરાન
થઇ પડે, ન હોય બેશ પાસબાન,
તો નહીં રહેવા દેવી તેને વેરાન
બદનામ નહીં થાય શાહે ઈરાન.
દુસ્મનો બોલશે બુરૂ જબુન
બાહનું લેઇ બોલશે બુરા સખુન
કે અમલમાં મારા જમીન વેરાન,
ન થયો જમીનનો હું પાસબાન.
જરૂર જેમ પડે તેમ ખરચજો ગન્જ
ખોદાની મેહેર છે પાડતા ના રન્જ.
હશે આ કામમાં જેઓનો હાથ,
મુસ્કેળ આ કામમાં ભીડશે ન બાથ,
તો સુળીએ ચઢાવીશ તેને હું ઝટ
નહીં જોઇશ હું વડો કે નહીં જીર દસ્ત.

તેનાં મેહેસુલી ફરમાનો માટે શીરદોસી જે વર્ણન આપેછે, તે ઉપરથી દિસેછે, કે પ્રોફેસર નોએલદકે એને માટે જે કહેછે કે—

His fiscal ordinances proved productive, એટલે “એના મેહસુલી

---

૧ એ રોજનો ઇંગ્રેજી દીન મો૦ મોહલ ૨૦મી મેહે આપેછે, તે કેવી ગણત્રી પરથી છે તે ખુલ્લું દિસતું નથી. જો ફર્વર્દીન મહિનો અને હોરમજદ રોજે તા૦ ૨૧ મી માર્ચ હોય, તો ખોર્દાદ મહિનો ને બેહેરામ રોજે તા૦ ૮ મી જુન આવવી જોઇયે.

ફર્મોનો ફળદ્રુપ નિવડયાં[1]" તે કેટલે બધે દરજ્જે ખરૂં હોવું જોઇએ.

એના ઇનસાફ માટેના અને પ્રજાના હકની ભલી કાલજી માટેનાં ગીબનના કદરશનાસ સખુનો જાણવા જોગ છે.[2]

તેના જાહેરનામામાંના ઇનસાફને લગતા નીચલા શબ્દો જાણવા જોગ છે.

નોશેરવાનનાં જાહેરનામાંમાંથી ઈનસાફ ને લગતા અગત્યના ફકરા.

દાદ મારો ગંજ અને રૈયત સેપાહ
પૈસા પર રાખતો નથી નેગાહ.
ઇનસાફથી કરીશ જેહાનનો શુમાર
ખાનદાની મર્દોનો થઈશ હું યાર.
જો દુસ્મન કોઇ હોય મુલકનો આજ,
જે શોધંતો હોય મારૂ તખ્ત અને તાજ,
તે દુસ્મનથી બુરો ગણીશ તે મર્દ
જે પૈસાથી વેચે ઇનસાફની હદ.
જે પૈસા કાજ વેચે માણુસને દાદ
હરગેજ નહીં કરીશ તેને હું યાદ.
જે ઇનસાફનો પકડશે રસ્તો ને રાહ.
તે દરબારમાં પામશે માન ને પનાહ
સરદારો ચાલાક ને કામદાર ચંપલ,
મોબેદ પાસ મળશે સર્વ મંદલ,
તેઓમાં બોલશે જે જુઠ્ઠો સખુન,
પામશે તે મારીથી અપમાન જબુન.
બીદાદગર પર રાખીશ ન મેહેર
વાઘ અને જાલેમનો એક સરખો કેહેર.
પકડયો જેનો યજદાને હાથ
તે અક્કલને રાખશે હમેશાં સાથ;
દરબારમાં મારી તે થશે બુલંદ
મોબેદો મારામાં થશે પસંદ;
ખોદાની નજદીક રોપશે તે બીજ
બેહેસ્ત તેનો બદલો તેનો નતીજ.
નથી જોઇતો મને એવો કોઇ ગંજ
કમ કરે નેકી ને લાવે બઉ રંજ.
જે ગરીબની રોટી પર મારે તરાપ
તે ચામડાંના ખોરાકનો મેળવે શરાપ.
જાલેમ એક શાહ કરતાં ભલો એક શીર
જે રાખે નહીં શરમ, ન દીનમાં રહે સ્થિર.
રાસ્તીના જ્યારે ખુલ્લાં છે દ્વાર
શા કાજે ઠોકીએ જુઠ્ઠાંના બાર?
બાતેનમાં બદ અને જાહેરમાં નેક,
જેઓની સાંભળું વાતો અનેક,
યજદાનને નથી એવા પસંદ,
નથી મુજ સનમુખ એવા અર્જમંદ.
ખોદાની મારીથી તેપર દુઆ
જે ભીતરથી માયાળુ ને દાદખાહ.
જો દાદગર તું થશે અએ શેહેરયાર!
તો દુનિયામાં રહેશે તું યાદગાર.
સઘળાઓ કરશે તે પર આફ્રીન
આબાદ જે કરશે મુલક જમીન.
ડાહયો ને ચાલાક તેને તું ગણ
જે ખોદા તર્ફ રાખે આભારી મન.

નોશેરવાન કેવો અદલ હતો અને પોતે મોટો શાહ હોવા છતાં ઇનસાફ અને કવાયદને કેવું માન આપતો હતો, તેનો દાખલો બાબક નામના મોબેદની વાત ઉપરથી મળે છે. તે શાહનો મોટો સેપેહસાલાર હતો. તેણે પાદશાહના મેહેલની સામે એક ઉંચ્ચું મકાન બનાવ્યું હતું. તેના બુલંદ મિનારા ઉપરથી જ્યારે પણ લસ્કરને કાંઇ હુકમો આપવા હોય, ત્યારે તે પોકાર કરાવી—હાલની લસ્કરી ભાષામાં બોલીએ તો બ્યુગલ ફુંકાવી—હુકમો અપાવતો. એક વખત તેણે લસ્કરની મોટી પાદશાહી કવાયદ લેવાનો વિચાર કીધો અને અને તે માટે તેણે પેલાં બુલંદ મકાન ઉપરથી પોકાર કરાવ્યો કે સઘળાં લસ્કરે ઘોડેસ્વાર થઇ મેહેલ સામે ભેગાં મળવું. તે પ્રમાણે સર્વ લસ્કર ભેગું મળ્યું. તે દિવશે પાદશાહ તે કવાયદમાં હાજર થયો નહીં. તેથી બાબકે કવાયદ કરાવ્યા વિના લસ્કરને વીખરી નાંખ્યું. બીજે દહાડે ફરીથી એક પોકાર કરાવી લસ્કરને કવાયદ માટે ભેગું કરાવ્યું. તે દિને પણ પાદશાહ હાજર થયો નહી, તેથી થોડો વખત કવાયદ લઇ તેણે લસ્કરને વીખરી નાખ્યું. ત્રીજે દિને બાબકે ફરીથી કવાયદનો પોકાર કરાવ્યો કે "આજે સર્વ સીપાહોએ કવાયદમાં હાજર થવું, મોટા ઉમરાવો તેમજ

I Encylopædia, Brittanicca vol. XVIII, p. 612.

2. The Decline and fall of Rome III. p. 118.

તાજદારોએ પણ હાજર થવું." એ ત્રીજો પોકાર સાંભળી નોશેરવાન પણ હુકમને માન આપી હથિયાર સજી હાજર થયો અને બાબકનાં કહેવા પ્રમાણે સઘળી કવાયદ કીધી.

આ લશ્કરી કવાયદના બનાવ પછી નોશેરવાને પોતાના મુલકમાં સઘળી જગ્યાએ ફરવાનો વિચાર રાખ્યો. તેમ કરવા આગમચ તેણે મિજલસ સમારી પોતાના દેશ પરદેશના પ્રતિનિધિઓની જાણ માટે પોતાના વિચારો જાહેર કીધા કે તેના દરવાજા દાદ સોધનારાઓ માટે હમેશાં ખુલ્લા હતા. જ્યાં પણ તે હોય ત્યાં, જ્યારે ગમે ત્યારે, કામદારો વિગેરે એ કામ માટે બેલાશક તેની મુલાકાત લેવી. તેના એ બાબેના શબ્દો નીચે પ્રમાણે છે.

ઈનસાફ યા કામકાજ બાબે દરગાહ ખુલ્લી છે તે બાબેનું નોશેરવાનનું ભાષણ.

બોલ્યો આ શબ્દો તે શેહરયાર,
'ખોદાના સીવા ના રાખો 'કોઇ યાર.
તે છે રાખનાર ને તે નેગેહબાન,
તે છે' એઉ જેહાનનો ખરો પાસબાન.
ડરતા ના મુજથી, મુજ તખત કોલાહ
ખુલ્લાં છે સદા; ને મારી દરગાહ
ખુલ્લી છે હર દિવસ ને શબ,
બોલવાથી બંદ રાખશો ના લબ.
જ્યાં પણ હું હોઉં શું મિજલશની માહે
કરતો હોઉં મોટી મસલત કે રાએ,
દડી દાવ રમતો કે શેકાર ગાહ,
બેલાશક આવજો, ખુલ્લો છે રાહ.
સુતેલો, જાગતો, કામમાં કે નાજ
બેલાશક આવજો, ફરતા ના બાજ.
મોરાદો તમારી જેબી હોય કંઇ
કહેજો તે મને, શરમાશો નહીં.
ત્યારે હું થઇશ ખુશાલ ને શાદ
કે જુલમનો દરવાજો થશે કુશાદ.
કદી ના હોતા મારા કામદાર,
શું લશ્કરના સેપાહ શું પીશદાર,
રંજીદે દેલ અને દર્દમંદ
રંજ તેમની લાવશે મુજ પર ગજંદ.
વાતો જે હશે છુપી નેહાન
પુછશે તે બાબે દાદારે જેહાન.
મુકરર કર્યાં છે જગાત ને કર
લખ્યાં છે મોબેદે દફતર અંદર.
તેથી ન લેશે વધુ એક પાઇ
નિરાંતે સુઓ, ડર રાખો ના કાંઇ.

ત્યાર પછી નોશેરવાને પોતાના મુલકમાં સફર કીધી કે પોતાની નજરે નજર સઘળી હકિકત જોએ. એ સફરમાં હમેશાં એક પોકારથી રૈયત આગળ પોકાર કરતો કે "પાદશાહની ઓ રૈયત! તમોમાંથી કોઇ ઉપર કાંઇ છુપું દુઃખ છે? તમો પાદશાહથી બેફીકર સુજો. તમારા જાનને કાંઇ ચિંતા દેખાડતા ના." નોશેરવાન ખોરાસાન તરફ, પછી ગુર્ગાન તરફ, પછી આમુલ અને સારી તરફ ગયો. ત્યાં એક પહાડ ઉપર ચઢી કુદરતની ખુબસુરતી જોઈ તે દાદાર ઉપર આફ્રીન કરવા લાગ્યો.

આ તરફ ત્યાંની રૈયત તરફથી એક માણસે ફર્યાદ કરી કે "તુર્કો અમારા મુલકમાં આવી અમોને હેરાન કરેછે અને સઘળું લુટી લઇ જાયછે અને ખરાબ કરેછે. ફકત આજ રસ્તો મુખ્ય છે કે જ્યાંથી તેઓ ઈરાનમાં આવી મુલકે મુલક નુકસાન પાથરેછે. ખાર્જેમ તરફનો આ રસ્તો એ લોકને હમેશાં ઉપયોગી થઇ પડેછે. માટે એઓ તરફનું દુખ ટાળવું." આ હકિકત સાંભળી પાદશાહનું દેલ દુઃખી થયું અને તેણે દસ્તુરને યાને વજીરને હુકમ આપ્યો કે "એક ગંજાવર મજબુત દીવાલ પાણીનાં ઉંડાણમાંથી પથ્થર અને ચુનાની બાંધે, જેની ઉચ્ચાઇ ૧૦ કમન્દ જેટલી થાય. એ માટે જોઇતો ખજાનો ખરચવો. કોઇ પાસ મુફત મજુરી કરાવવી નહીં. એમ કીધાથી ઇરાનના ફળદ્રુપ ભાગનો બચાવ થશે." શાહના હુકમથી એવી એક દિવાલ બાંધવામાં આવી અને તેને મોટો લોખંડનો દરવાજો મુકવામાં આવ્યો.

એ સફરમાં તેણે લુટારા લોકોને તેઓની લુટ ફાટ માટે સજા કીધી.

પછી આરબ સરદાર મોન્ધીરે તેની પાસે રૂમના શાહનશાહ સામે મદદ માગી. ત્યાર

પછી તેને રૂમના શાહનશાહ સાથે લડાઇઓ થઇ. એ સઘળી લડાઇની અને સેવટની સુલેહની હકિકત અને તેના ખ્રિસ્તિ શાહાજાદા નુશઝાદની હકીકત બીજા વાંચનમાં કોઇ વખત હાથ ધરીશું.

ઇરાનનાં રાજ, દીન, સાહીત્ય અને તવારીખ માટે એની સેવાઓ—ઇરાનનાં રાજપાટ, દીન, સાહિત્ય અને તવારીખના સંબંધમાં નોશેરવાનની સેવાઓ અતિ ઘણી મોટી હતી. એવી સેવાઓમાં નીચલી બાબતો આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

૧) દેશના અદલ કારોબાર માટે, અને તેની મેહેસુલી વ્યવસ્થા માટે એ પાદશાહે ઘણું કર્યું હતું. આ વાંચનમાંના ફકરાઓ તેના એ બાબેનાં વિચારો ખુલ્લા દરસાવે છે.

૨) ઉપર કહયું તેમ તેણે મજદકી વિચારો સામે જરથોસ્તી દીનનું ખાલેશપણું જાલવી રાખ્યું હતું.

૩) તેણે જરથોસ્તી દીનને સજીવન કરવાની કોશેશ કીધી. વહ્મશ, અર્દેશર બાબેગાન અને શાપુર પછી એ બીજો પાદશાહ હતો, જેણે એ બાબતમાં મુખ્ય ભાગ લીધો હતો.

૪) તેણે આગલા ઇરાની પાદશાહોની તવારીખનું એક પુસ્તક પણ તૈયાર કરાવ્યું હતું. તે પુસ્તકનો આધાર ફીરદોસીએ પોતાનાં શાહનામામાં લીધો હતો.

૫) આજે આપણે એક બજમના આશરા હેઠળ ભેગા મલ્યાછે. એવું દિસેછે કે એવી બજમો મેળવવાની પેહેલી અને વધારે ફાયદેમંદ અને ફતેહમંદ કોશેશો એ પાદશાહથી થઈ હતી.

નોશેરવાનની બજમો—એની બજમો એક રીતે તે જમાનાની સાહિત્ય સંબંધી કોનગ્રેસો (Literary Congresses) હતી. તે દેશે દેશના ભણેલા પુરૂષોને પોતાના દેશમાં પોતાના મેહમાનો તરીકે બોલાવતો, તેઓને ખાણીપીણી આપતો અને તેઓ પાસેથી જ્ઞાન અને ડહાપણ મેળવી તે બીજાઓમાં પણ ફેલાવવાની કોશેશ કરતો.

એ બજમના મેળાવડા નોશેરવાનની દરબારમાં તેનાં વજીર બુઝર્ચમેહરના આવ્યા પછી થવા લાગ્યા. બુઝર્ચમેહેર એની દરબારમાં આવવાની હકિકત આપણ પછવાડે જોઇશું.

આપણે કહયું કે ઇનસાફ અને દાદ ઉપરાત નોશેરવાનનું બીજું જગ પ્રસિદ્ધ કામ એ હતું કે તે સાહિત્યને મદદ આપનાર પાદશાહ હતો. ઘણાક ઉપ્યોગી સવાલો માટે તે વારે ઘડીએ ઉપર મુજબ વિદ્વાનોની મિજલસો બોલાવતો. રાજગાદી ઉપર આવવા આગમચ તેણે એ શરૂઆત કીધી હતી. કોઇ મોટા સવાલ માટે હમેશાં દાનાવોની મિજલસો બોલાવી તેમાં વાદવિવાદ કરી તે કોઈ ચુકાદા ઉપર આવતો. આપણે આગળ જોયું કે મજદકની દીનની બાબતમાં પણ તેણે એમજ કર્યું હતું. પોતાના બાપ કોબાદ પાસે થોડી મુદતની મેહેતલ માંગી તેણે દાનાવોને ગામે ગામથી ભેગા કરીને તેઓની સાથે મસલત કરી અને પછી શાહની દરબારમાં તેઓ સાથે જઇ મજદકના વિચારોનું પોકળપણું જાહેર કર્યું.

વળી પોતાનાં રાજ્યના વખતમાં પણ તેણે બુઝર્ચમેહર અને બીજા મોબેદોની મિજલસો ઉપર મુજબ બોલાવી હતી. પેહેલી મિજલસ માટે ફીરદુસી કહેછે કે તેણે એક દિવસ ખાણાનો સુફરો બિછાવ્યો અને સર્વ મોબેદોને જમવા બોલાવ્યાં. ખાણું ખાઇ રહયા કે શરાબનો દોર ચાલ્યો અને શરાબથી સઘળાઓએ પોતાનો જાન રોશન કીધો. પછી શાહે તે મોબેદોને દાનાઇની વાતો કરવા કહી. બુઝર્ચમેહેરે ઘણીક શિખામણની વાતો કહી. તેથી જેમ શાહ તેમ આખી મિજલસ ખુશ થઇ. એ ઉપરથી શાહે બીજે અઠવાડીએ બીજી જીઆફતની મિજલસ બોલાવી. એ પ્રમાણે સાત જીઆફતની મિજલસો બોલાવી. તે મિજલસોમાં વાદવિવાદનાં રૂપમાં ડહાપણની વાતો થતી. સોક્રેટીસની અને બીજા અસલી યુનાનીઓની શીખવવાની જે રીત હતી, કે સવાલ જવાબના રૂપમાં જ્ઞાન આપવું, તે રીતે

એ મિજલસોમાં જ્ઞાનનો ફેલાવો કરવામાં આવતો. પેહેલવીમાં બુજર્ચમેહરનું પંદનામું અથવા ગંજે શાયેગાન નામનું જે પુસ્તક છે, તેમાં એજ પ્રમાણે સવાલ જવાબનાં રૂપમાં ડહાપણની શિખામણો આપીછે. તેમાં આવેલી શિખામણની બાબતો ફીરદોસીએ વર્ણવેલી બજમો અથવા મિજલસોમાં થયલી શિખામણની વાતોને કેટલીક રીતે મળતી આવેછે.

એક બજમમાં "નસીબ" બાબે ચાલેલી વાદવિવાદ—એ જીઆફતની એવી એક મિજલસમાં 'નસીબ' બાબે નીચલી વાદવિવાદ ચાલી હતી. બુજર્ચમેહેર કહેછે કે "કેટલીક વાર એક ચાલાક મરદ ભૂખો મરેછે અને એક નાદાન સુખ ભોગવેછે. પણ તેમાં પણ ખોદાનો હાથ છે. તેથી તે ઉપર સબુરી પકડવી જોઇએ, પણ તે છતાં કોશેશથી દૂર રેહવું નહીં જોઇએ. ખરો નશીબવંત કોણ? તે કે જે નેકી માટે કોશેશ કરેછે. નેકી તે શું? બીદાશ, સખાવત, દયા. જે એ સદગુણો પાછળ કોશેશ કરેછે તે મુંગે મોહોડે બદલાની આશા વગર નેકી કરેછે." નોશેરવાનની એવી મિજલસોમાં દેશ દેશથી વિદ્વાનો આવતા હતા. ગીબન (બાબ ૪૦) પ્રમાણે તેઓમાં યુનાનના નીચલા સાત ફીલસુફ મિત્રો પણ હતા.

Diogenes, Hermias, Eulalius Priscian, Damascius, Isidore અને Simplicius.

નીશપુહર મોબેદ—માનુશ ચેહેરના પેહેલવી પત્રો (I. બા. ૪ ફ. ૧૭) પ્રમાણે એ મિજલસોમાં આગેવાન ભાગ લેનાર "નીશપુહર" નામનો એક જાણીતો મોબેદાન મોબેદ પણ હતો, જેનું નામ પેહેલવી વંદીદાદ અને નીરંગેસ્તાનમાં વારે ઘડીએ આવેછે. એ મોબેદની સાહેતા સાથે દસ્તુર દાવરોની એક કમીટીએ આપણાં ધર્મ પુસ્તકો ગોઠવવાની અને દુરસ્ત હાલતમાં મુકવાની કોશેશ કરી હતી એવું દિસેછે. વલી આગલા પાદશાહોની હકિકત મેળવવાનું અને શાહાનામાને લગતી ચોપડી રચવાનું કામ પણ નોશેરવાને પોતાના વખતમાં કર્યું હતું. એ ચોપડી ઉપર ફીરદોસીએ પણ કેટલોક મદાર રચ્યો હતો.

બુજર્ચમેહેરની હકીકત—તેની દરબારમાં બુજર્ચમેહરનું પેહેલવેહેલું આવવું કેમ થયું તે માટે ફીરદોસી ઉપરથી નીચલી હકિકત મળેછે.

નોશેરવાનનું સ્વપ્નું—એક રાત્રે પાદશાહે સ્વપ્નું જોયું, કે "તેના તખ્તની હજુર એક પાદશાહી ઝાડ ઉગી નીકળ્યું. પાદશાહે શરાબ નામનાર સાકીઓને અને રામશગરોને બોલાવ્યાં અને ખુશી ખુશાલી કરવા લાગ્યો. તેવામાં ત્યાં એક તિક્ષ્ણ દાંતનું ગરાજ પક્ષી આવી બેઠું અને પોતે પણ ખાવા લાગ્યું અને ખુદ નોશેરવાનની જામમાંથી શરાબ પીવાની તલબ કીધી."

સવાર પડતાં પાદશાહ આ સ્વપ્નાથી ચિંતા અને વિચારમાં પડયો અને દરબારના બુજોર્ગોથી સ્વપ્નાની તાસીર પુછી. કોઇ બુજર્ગ તેનો ખુલાસો કરી શકયો નહીં. ત્યારે તેણે ગામેગામ કાસદો મોકલ્યા કે એ સ્વપ્નાનો ખુલ્લાસો કોઇ કાબેલ શખ્સો પાસે મેળવે.

હાલના જમાનામાં આપણે જાણીએ છીએ કે સ્વપ્નું શું છે અને તેની સઘળી હકિકતો શું છે તે બાબે મોટા વિદ્વાનો સોધખોલ કરેછે, અને તેના મૂળનો ખરો ખુલ્લાસો સંપુર્ણ રીતે થયો નથી. ત્યારે તે જમાનામાં સ્વપ્નાને ઘણી અગત આપવામાં આવે એ અજબ જેવું નથી.

શાહે મોકલેલા કાસદોમાંથી એક આજાદ સર્વ નામનો કાસદ ખબર કાઢતો કાઢતો મર્વ શેહર ભણી જઇ પહોંચ્યો. ત્યાં તે એક મોબેદ આગળ આવી પહોંચ્યો કે જે હાથમાં જંદ અવસ્તા લઇ બુલંદ આવાજે બચ્ચાંઓને જંદ અવસ્તા ભણાવતો હતો. તે બચ્ચાંઓમાં એક મોટી ઉમરનો હતો, જે ધ્યાન દઇ જંદ અવસ્તા શીખતો હતો. તેનું નામ બુજર્ચમેહર હતું. તે પોતાનાં જંદ અવસ્તાના દફતર ઉપર બહુ ધ્યાન આપતો. પેલો કાસદ તે મોબેદ સીક્ષકને શાહ નોશેરવાનના સ્વપ્નાનો ખુલાસો પૂછવા લાગ્યો. મોબેદે જવાબ આપ્યો કે "મારૂં કામ બચ્ચાંઓને કેળવણી

આપવાનું છે. તે સિવાય હું બીજુ કાંઇ જાણતો નથી.'' બુજર્ચમેહેરે કાન તેજ રાખી આ વાત સાંભળી અને કહયું કે "આ મારૂં કામ છે. સ્વપ્નાની તાસીર સમજાંવવું એ મારૂં કામ છે." પેલા ઉસ્તાદે તેને મોટે અવાજે ધમકાવી કાઢયો અને કહયું કે "તેં તારૂં દફતર સઘળું બરાબર તમામ કીધું કે મનમાં પવન રાખી સ્વપ્નાની તાસીર સમજાવા માંગે છે ?" પેલા કાસદે ઉસ્તાદને થંડો પાડયો અને કહ્યું કે "કદાચ એ જવાનને સ્વપ્નાની તાસીર જાણવાનો હુન્નર ખબર હશે માટે એને ધમકાવી ના કાઢ. કદાચ એનું નસીબ ખીલવાનું હશે. તેં એને શિખવ્યું નહીં હશે પણ કદાચ એના નસીબે શિખાડયું હશે." ત્યારે ઉસ્તાદે પેલા જવાન ચેલાને કહયું કે "તારે જે ખુલાસો કરવાનો હોય તે કર." બુજર્ચમેહરે કહયું કે "પાદશાહની આગળ જઈ તેના સિવાય હું કોઇને તે ખુલાસો કરીશ નહીં." ત્યારે પેલો કાસદ તેને લઇને સેતાબ પાદશાહની દરબાર તરફ ફર્યો. માર્ગમાં એક જગ્યાએ તેઓ આસાએશ લેવા થોભ્યા. બુજર્ચમેહર મોહોડાં ઉપર એક ચાદર ઓઢીને સુતો હતો. પેલો કાસદ, જે તેનો સાથી હતો, તે જાગતો હતો. તેવામાં એક અજ્દહા ત્યાં આવી પહોંચ્યો. તેણે બુજર્ચમેહેરના મોંહો ઉપરથી કપડું ખીસાડયું અને તેને પગથી માથા સુધી જોયો. પછી ઝાડ ઉપર ચઢી પાતરાંમાં ભરાઇ ગયો. બુજર્ચમેહેર જેવો જાગ્યો કે તે ગેબ થઇ ગયો. પેલા સાથીએ આ મુજબ સાપને હાથે જ્યારે એ જવાનને બચેલો જોયો, ત્યારે મનમાં ધાર્યું કે એ કોઈ મોટો આદમી નિવડશે.

બુજર્ચમેહેરે સ્વપ્નાનો ખુલ્લાસો કરવો.

પછી તેઓ નોશેરવાનની દરબારમાં આવ્યા. પેલા કાસદ આજાદસર્વએ સઘળી હકિકત શાહને કહી અને શાહે પોતાનો સ્વપ્નો પેલા જવાનને કહ્યો. બુજર્ચમેહરે તેનો નીચે મુજબ ખુલાસો કીધો.

"તારા મેહેલમાં તારા ખાનગી ઓરડામાં તારી દરબારની સ્ત્રીઓની વચ્ચે એક મરદ સ્ત્રીના લેબાસમાં દાખલ થયોછે. તું અહીંથી સઘળા બીગાનાઓને બહાર કાઢ કે તેઓ જાણે નહીં કે આપણે શું કરવા માંગીએ છીએ. પછી સઘળી સ્ત્રીઓને અહીંથી પસાર કર અને આપણે તેઓના પગલાં ગણીશું. પછી તે નાલાયક મરદને પુછીશું કે તું શીરમર્દના મકાનમાં કેમ આવ્યો ?" પાદશાહે સઘળા બેગાનાઓને પોતાની હજુરમાંથી બહાર કાઢી પેલી સ્ત્રીઓને પોતા આગળથી એક પછી એક પસાર કરી. પણ તેમાં મરદ કોઇ નહીં માલૂમ પડયો. ત્યારે શાહ નોશેરવાન પેલા જવાન ઉપર ગુસ્સે થયો. બુજર્ચમેહેરે ફરીથી તેણીઓને બુરખા વગર પસાર થવા કહયું અને સઘળી સ્ત્રીઓને એમ ચાલી જવા કહયું. બીજી વખત એમ ચાલી જતાં પેલો મરદ પકડાઇ આવ્યો. શાહે પુછપરછ કરી તો ચાચના મુલકની એક શાહજાદી આ જવાન મરદને પોતાની સાથે સ્ત્રીના લેબાશમાં લાવી હતી. તેણીને પુછતાં તેણીએ કહ્યું કે "એ મારો સાવકો ભાઇ થાય. એની અને મારી માએ એક છે પણ બાપ જૂદા. અમારી વચ્ચે કાંઇ પણ ન છાજતો સંબંધ નથી. તું શાહ એને મારી સાથે રેહેવા નહીં દે, માટે એને સ્ત્રીના લેબાસમાં સાથે લાવી છું." પાદશાહે બેઉને દરબારમાંથી બહાર કાઢી સજા કીધી અને બુર્જચમેહરની હુશિઆરી પર આફ્રીન કરી અને તેનો દરબારમાં દરજ્જો વધાર્યો. એ મુજબ બુજર્ચમેહેર શાહની દરબારમાં દાખલ થયો.

નોશેરવાનની ભણેલી દરબાર— નોંશેરવાનની દરબાર માટે શીરદોસી કહેછે કે તેની દરબારમાં તરેહવાર વિધ્યા એલમ હુન્નર જાણનારા મોબેદો હતા. તેની દરબારમાં હમેશાં ૭૦ એવા ભણેલા વિદ્વાનો રાત દાહાડો રહેતા અને ખાતા પીતા (બ બાબો બખુર્દ). નોશેરવાન જ્યારે પણ પોતાના કામકાજથી ફારેગ થતો કે એ દાનાવ વિદ્વાનોની સંગતમાં આવતો અને તેઓને તરેહવાર બાબતની પુછપરછ કરતો અને જ્ઞાન અને ડહાપણ મેળવતો. એ સર્વ દાનાવોમાં બુજર્ચમેહેર પણ એક હતો.

તે જવાન હતો પણ બધાઓ કરતાં હુશિયાર દિસતો.

નોશીરવાન સાહિત્યનો અને વિધ્યાનો મુરબ્બી હતો તે આપણને રૂમી લખનારાઓ ઉપરથી પણ માલૂમ પડેછે. એના વખતમાં રૂમના શાહનશાહ તરીકે પેલો જાણીતો શાહ જસ્ટીનીઅન રાજ્ય કરતો હતો. તે વખતના કાયદાઓને એક યોજનામાં રચનાર તરીકે એ પાદશાહનું નામ જાણીતું છે. એ પાદશાહ, જોકે ગમે તેવો નામિચો હતો, તોપણ ખ્રિસ્તિ ધર્મ તરફની તેની ઢળાણને લીધે, તે આગલી દીન અને તરીકાવાળાઓ, જેઓને તે વખતના ખ્રિસ્તિ લખનારાઓ પેગન (Pagans) તરીકે ઓલખતા હતા, તેઓ તરફ સખ્ત થતો હતો.

એથેન્સનાં વિદ્યામંડલ (School of Athens) એટલે એથન્સના વિદ્વાનો તરફ અને તેઓની વિદ્યા અને શિખવણી તરફ તે અણગમો બનાવતો, કારણ તેઓ આકીન અને વિચાર આચારમાં ખ્રિસ્તિ ન હતા. તેથી તેણે એક કાયદો, (edict) બહાર પાડી તેઓના પંથને દાબી નાંખવાની કોશેશ કીધી[1]. ઉપર જણાવેલા સાત જાણીતા ફીલસુફ મિત્રોની ટોલકીને એ સબબે પોતાનો મુલક છોડવો પડયો હતો. તેઓને નોશેરવાન અદલે પોતાનાં રાજ્યમાં આસરો આપ્યો હતો.

પોતાના પાદશાહ જસ્ટીનીઅનનો નવો ખ્રિસ્તિ ધર્મ તેઓને પસંદ નહીં આવ્યો અને તેથી પાદશાહે તેઓ વિરૂદ્ધ ફરમાન બહાર પાડવાથી તેઓ તેની દરબાર છોડી નોશેરવાનની દરબારમાં આવ્યા હતા. જોકે તેઓને ઇરાનનો ધર્મ અને રાહરસમ પણ પસંદ નહીં આવવાથી, તેઓ થોડા વખત બાદ, ઇરાન પણ છોડી ગયા, તોપણ સાહિત્યના મુરબ્બી તરીકે નોશેરવાનની દરબારે તેઓને પોતા ભણી ખેંચ્યા હતા. જ્યારે તેઓ ઇરાન તરફથી પાછા પોતાના મુલક ફર્યા, ત્યારે કહેછે કે નોશેરવાને જસ્ટીનીઅન શાહનશાહ સાથે ખાશ બંદોબસ્ત કીધો હતો કે તેણે તેઓને હેરાન કરવા નહીં. કહેછે કે ઇ. સ. ૫૩૩ માં નોશેરવાને જસ્ટીનીઅન સાથે જે કોલકરાર કર્યા હતા, તે કોલકરારમાં એ સાત ફીલસુફો બાબે ખાશ સરત કીધી હતી. ત્યારે દિસેછે કે નોશેરવાનની દરબારમા તેનાં રાજ્યની શરૂઆતમાં જે બજમો મળતી તેમાં કદાચ એ પશ્ચિમ ભણીના વિદ્વાનો અને ફીલસુફો પણ ભાગ લેતા.

ફીરદોસી પ્રમાણે એવી જે સાત બજમો અથવા ખાણા પીણા સાથેની વિદ્વાનોની મિજલસો નોશીરવાને બોલાવી હતી, અને જેમાં સઘળા ભણેલા મોબેદો અને દાનાવોને બોલાવી તેઓને સુંદર ખાણું અને પીણું આપી તેઓ સાથે વાદવિવાદ કરી ડહાપણ અને જ્ઞાન મેલવ્યું હતું, તેમાની પેહેલી બજમમાં બુજર્ચમેહેરે જે શખામણની વાતો કહી હતી તેમાં નીચલી વધારે ધ્યાન પહોંચાડવા જોગ છે.

૧ "જેઓ રોશન રવાનના હોય તેઓ થોડું બોલે પણ તેમાં મતલબ ઘણી. પણ ઉતાવળા વિચાર કરનારાઓ ઘણું બોલે પણ તેમાં કાંઇ મતલબ નહીં. તેથી સેવટે લોકો તેઓથી કંટાળે."

૨ "હુનર શોધ અને ધણનો લોભ ના રાખ, કારણ આ જેહાન બે પાંચ દાહાડાની છે. અગરજો આ દુનિયા પાયદાર હતે તો લોકો કુળ દુનિયા હાથ કરવાનો લોભ રાખતે." આ શિખામણ સિકંદરની વાર્તાની યાદ આપે છે. કહેછે કે તે આખી દુનિયાને જીતવાનો લોભ રાખતો. એક વિદ્વાને તેને કહ્યું કે "આ દુનિયા જેવી તો ઘણી દુનિયાઓ ઉપર ગ્રહોમાં સમાયલી છે." ત્યારે તે અફસોસ કરવા લાગ્યો કે તે દુનિયાઓ જીતવી તેની શકિત બહાર છે.

૩ "તવાનગર બુવદ હરકેરા આજ નીસ્ત
ખુનક મર્દ કસ આજ અમ્બાજ નીસ્ત
અર્થ—તવંગર તે કે જેને લોભ નહીં.
સુખી તે કે જેનો લોભ સાથી નહીં હોય."

---

૧ Gibbon's "The Decline & fall of the Roman Empire.," III. p. 59., ed. of 1444.)

સરખાવો આ શિખામણ સાથે આપણા આશીરવાદની શિખામણ, કે "અવા આજવર હમબાજ મ બાશ", એટલે "લોભી સાથે સાથી યા ભાગીઆ ના થતા."

૪ "ચુ દાના તોરા દુશ્મને જાન બુવદ
એહ અજ દુસ્ત મર્દી કે નાદાન બુવદ."

અર્થ:—જો કોઈ દાનાવ તારા જાનનો દુશ્મન થાય, તો તે એક દોસ્ત મરદ, જે નાદાન હોય, તેના કરતાં ભલો છે.

ફીરદોસીના આ સખુનો ઉપરથી આપણી કહેવત છે કે "નાદાન દોસ્ત કરતાં દાનાવ દુશ્મન ભલો."

૫ તવંગર શુદ આન કસ કે ખુરસન્દ ગસ્ત
અજ ઉ આજ વ તીમાર દર બન્દ ગસ્ત

અર્થ—તવંગર તે ધણી થયો કે જે સંતોષી થયો, અને જેનીથી લોભ અને ગમી બંદમાં રહયાં.

૬ બ આમુખ્તન ચું ફર તન શવી
સખુનહાએ દાનન્દગાન બે શન્વી

અર્થ—શીખવામાં જો તું કમીનો થશે તો જાણકારોના તું સખુનો સાંભળશે.

એટલે શીખવામાં મગરૂરી નહીં કરવી. કમીનાપણું દેખાડી જે શીખાય તે શીખવું.

૭ ચું દારી બ દસ્ત અન્દરૂન ખાસ્તે
જ રો સીમો અસ્પાને આરાસ્તે
હજીને ચુનાન કુન કે બાયદત કર્દ
ન બાયદ ફશાન્દો ન બાયદ ફેશર્દ

અર્થ—જો તારા હાથમાં માલ, સુનું, રૂપું, અને શણગારેલા ઘોડાઓ હોય, તો ખરચ એવી રીતે કર, કે નહીં લખલુટ ખરચ થાય યા નહીં કંજુસ માફક સંઘરાય.

નસીબ બાબે જે વાદવિવાદ આપણે ઉપર જણાવી છે તે બાબેના ફીરદોસીના શબ્દો નીચે પ્રમાણે છે:—

નોશેરવાને મોબેદાને આપેલી બીજી જીઆફતમાં બુજર્ચ મેહેરે નસીબ બાબે કહેલી કેટલીક શિખામણ.

તેઓમાં હતો ડાહ્યો દાનાવ;
બોલ્યો તે "નસીબ છે કેવો બનાવ"?
નસીબનું આવેછ કેવું અંજામ?
પાર પાડેછ કેવી રીતે તે કામ?
જવાબમાં બોલ્યો "એક મરદ જવાન
કામ અને કોશેશમાં રગડે છે જાન,
પણ પેટ ભરવું પડેછે તેને મુશ્કેલ
નદીનાં પાણીમાં નહીં રેલ છેલ.
બીજો હોય નાદાન પણ નસીબવાન
તે પર ફુલ પડે અને બઉ પાન.
એવો છે નસીબની દેવીનો દોર
કે મેહેનત ને રંજનો ચાલે ન તોર.
પણ જેહાનદાર ખોદા પર્વર્દેગાર
જાણે છે તેના ભરમનો પાર."
બીજાએ પુછયું કે "નસીબ પરસ્ત
ખરો તે કોણ? તે કેવો ગ્રહસ્થ?"
"ખરો ભાગ્યવંત તે શખસને જાણ
જે નેકીની કોશેશમાં ગણેછે માન."
"નેકી તે શું?" પુછયો સવાલ,
"કોણને છે લાજેમ નેકીનો હાલ?"
જવાબ દીધો એમ "મીઠાશ, માયા,
સખાવત, લાયકી, રેહમ ને દયા;
એ સદગુણો સાથેનો ભલો નેક બખ્ત
નીચી મુડીએ કરે મદદ.
મુંગે તે મોંહડે કરે બક્ષેસ
બદલાની આશા રાખતો નહીં રેસ.
કોશેશ ને મેહેનતથી શોધેછે જેહાન
મુશકેલી ટાળવામાં સમજેછે માન."

નોશેરવાને પોતાના દોખમાની મુલાકાતે આવનારાઓ ને પાયા મુજી તરીકે કહેલા સખુનો જાણવાજોગ છે.

નોશેરવાને પોતાના દોખમાની મુલાકાતે આવનારાઓને પાયા મુજી તરીકે કહેલા સખુનો.

કહેછે કે નોશેરવાન અદલે પોતાના દખમા ઉપર નીચલા કિમતી સખુનો લખાવી રાખ્યા હતા.

હરૂ ચે દર પીશ ફીરસ્તાદીમ મારા બ કાર અસ્ત, વ નજદે કસ અસ્ત કે દર પાદાસે ઉ તવાનાઇ દારદ, વ તા મન જીન્દે બુદમ

ખોદા દાનદ કે હમે બન્દેગાનશ અજ મન ખેહરેવર બુદન્દ. અફ્તુન કે હંગામે મોર્ગ વ તન્ગદસ્તી અજ રૂજગાર અસ્ત, ઇન સખુનાન બર ઇન દીવાર નવીશ્તમ તા અગર કસી બ દોખ્મે મન આયદ ઇન અન્દર્જહા બેખાનદ પસ અજ મન હમ અજ ગોફ્ત-હાએ મન બેહરે બરદ વ ઇન સખુનાન પાએ-મુજદ આન કસ અસ્ત.

અર્થ—જે કાંઇ આપણ આગળ મોકલી ચુકયા છીએ તે આપણને કામ આવશે અને તે એવા ધણીની પાસે છે કે જે તેનો બદલો (પાદાશ) વાળવાને શકિતવાન છે, અને ખોદા જાણે છે કે જ્યાં સુધી હું જીવતો હતો ત્યાં સુધી તેના સઘળા બંદાઓ મારાથી ફાયદો ભોગવતા હતા. હાલમાં કે જ્યારે જમાનાથી મરણ અને તંગદસ્તીની હાલતનો વખત છે, ત્યારે આ સખુનો આ દીવાલ ઉપર મેં લખાવ્યા છે કે જે કોઇ મારા દોખમા આગળ આવે તે આ શિખામણ વાંચે અને મારી પંછી પણ મારા સખુનોથી ફાયદો મેળવે, અને આ સખુનો તેવા ધણીના પાએ મુજદ (પગે ચાલી આવવાના બદલા) સમાન છે.

એટલે નોશેરવાન કહેછે, કે જેઓ મારી પાદશે આવે તેઓ માટે બદલા તરીકે—અથવા આપણી હાલની અશુદ્ધ રીતે બોલીએ તો —જેઓ મારી પાએદસે આવે તેઓની પાયા મુજી તરીકે, હું શિખામણના આ શબ્દો રજુ કરૂંછું કે "જે કાંઇ આપણ આગળ મોકલી ચુકા છઇએ તે આપણને કામ આવશે." અથવા આપણા વધારે સાદા શબ્દોમાં બોલીએ તો નોશેરવાન કહેછે કે "જે કરીશું હાથે તે આવશે સાથે."

શાહાનામામાં નોશેરવાનના જે નીચલા શબ્દો છે તે તેની ઉપલી શિખામણની યાદ આપેછે.

બ નજદીકે યજદાન જે તોખ્મી કે કેશ્ત
બેબાબદ બે પાદાશ બોરૂમ બેહેસ્ત

અર્થ—જે બી વાવ્યું હોશે, તે ખોદાની નજદીક, બદલા તરીકે, ખુશાળીભર્યું બેહેસ્ત મેલવશે.

નોશેરવાન અદલે મોહત બાબે દીધેલી શિખામણ.

નોશેરવાન અદલ જેવો એક મોટો પાદશાહ પણ ગયો. તેણે પોતાની જીંદગીમાં પોતાનાં મોટપણ છતાં પોતા ઉપરથી માણુસ જાતને આ મતલબના ધડાના શબ્દો કહયા હતા કે "આજે હું પાદશાહ છું તો ભલા ભલાઓ મારા હાથમાં હાથ મેળવવાને રાજી છે, પણ મારાં મરણબાદ થોડા વખતમાં તેઓ મને અડકવાને પણ ના પાડશે."

નોશેરવાનની આ શિખામણ ઉપરથી ઇજીપ્ટના ફેરોના સંબંધની વાતની યાદ.

નોશેરવાનની આ વાત અને શબ્દો ઇજીપ્ટના પુરાણા અભ્યાસના જાણીતા ઉસ્તાદ બુગ્રુશ પાશાના સંબંધમાં બનેલી એક વાતની યાદ આપેછે. આ જાણીતા વિદ્વાને ઇજીપ્ટનાં પુરાણાં ખંડિએરોની શોધ કરી હતી. તેવાં એક ખંડિએરમાંથી તેણે ફેરોનાં નામથી જણાયલા તેના નામિચા પાદશાહોમાંના એકની ખુશબો ભરી સૂકવી રાખેલી લાસ (Mummy) મેળવી હતી. તે લેઇ તે કેરો તરફ પાછો ફરતો હતો, ત્યારે તેની સાથેની લાસને જગાત (custom) ખાતાંએ અટકાવી તેની ઉપર સૂકી માછલી (dried fish) તરીકે જગાત લીધી. ઇજીપ્ટનો એક નામિચો પાદશાહ અને તેની લાસ ઉપર સૂકી માછલી તરીકે ખુદ તેના પોતાના દેશમાં જગાત! આ વિચાર ઘણાક ધડાજનક ખ્યાલો આપણ સર્વ માટે ઉભા કરે છે.

યજ્દજર્દ શેહેરયાર.(૧)

વિષયનો પ્રસંગ યજદજર્દની બાજ— આજનો રોજ—રોજ અનેરાન માહ ખોર્દાદ—શાહાનશાહ યજદજર્દનાં મરણનો દિવસ છે: આ તેની બાજનો દિવસ છે. એનાં દાસ્તાનનું વાંચન હું ગયા મુકતાદના હીંગામ ઉપર સરેસ્તા મુજબ આપનાર હતો. પણ તે વખતે બીમાર પડી જવાથી હું તેમ કરી શકયો નહીં. માટે આજ રોજે તેનાં મરણ દિવસે, તેની બાજને દિવસે મેં તે હાથ ધર્યું છે. આપણા "બાજ" શબ્દનો અર્થ જૂદી જૂદી રીતે સમજાવી શકાય. કોઇ તેને ફારસી બાઝ એટલે ખંડણી (tribute) સાથે સરખાવી શકે, કારણ એ દિવસે એક મરનારનાં જીવતાં વાહાલાંઓએ મરનારોને પોતા તરફનાં માન, ઉપકાર, યાદ, બંદગી વિગેરેની જાણે ખંડણી (tribute) આપવાની ફરજ છે. પણ સાધારણ રીતે 'બાજ' શબ્દને અવસ્તાના 'વાચ' એટલે સુખન યા બોલીનું રૂપ સમજવામાં આવેછે. એટલે ત્યારે 'બાજ' કરવી એટલે મરનાર માટે એક પ્રકારે યાદ, આભાર, માન વિગેરેના શબ્દો બોલવા. ત્યારે પાછલે અર્થે, પાદશાહ યજદજર્દની બાજનો આજનો દિવસ, તેનાં દાસ્તાન માટે એક ઘટતો પ્રસંગ છે.

શાહનામાનું આ સેવટનું દાસ્તાન લખતી વખતે ફીરદોસી જઇફીએ પોંહોચ્યો હતો. વળી તે શાહ મહમદ ગજનવી તરફથી રાખવામાં આવેલી આશાઓમાં નિરાશ થતો જતો હતો. માટે આ દાસ્તાનની શરૂઆતમાં આ દુનિયાની નાપાયદારી માટે તે જે સુખનો કહેછે તે સુખનો તેમાંની નસીએત માટે કીમતી છે. એટલુંજ નહીં, પણ તેઓ તેની જીંદગીના છેલ્લા તબક્કા ઉપર થોડીક રોશની નાંખનાર શબ્દો તરીકે પણ કિમતી છે. આ દુનિયાની નાપાયદારી માટે તે નીચે મુજબ કહેછે:—

આ જમાનાની નાપાયદારી માટે ફીરદોસીએ કહેલા એક દાનાવના સુખનો.

"બેહેતર કે આપતે ન માદર જનમ,
ધરતે ન મુજ પર આસ્માન કદમ.
આ જાલેમ જેહાંન માટે કહું શું યાર?
ચુપ રહે, ચુપકીદી કર અખત્યાર.
શું ચહડતી કે પડતી, દોર ને દમામ
ન રહેતાં કોઇ પર, કાયમ તમામ.
જમાનો છે પલવાર, કર તું તપાસ
કજીઓ તે સાથ છે, ફોકટની આસ.
ખા અને પી, કર એશ ને આરામ
દુનીઆની જંજાળનું ના લે તું નામ.
આ ફરતાં ચક્કર પર થાય તું સવાર,
પણ સેવટે શું? મીટ્ટીમાં હાર.
ગમનો ખ્યાલ તું દેલમાં ના રાખ,
ફરતા આકાશ પર વિશ્વાસ ના રાખ.
જે શિર અને પીલ સાથ કરે રમત
હોય તેને નહીં ખુદ જાનની અગત.
જાનથી તું જશે પણ દુનીઆ કાયમ
છકી ના જા, રાખ સાબેત કદમ.
ફરેદુનથી નથી તું બરતર બુલંદ
પરવેજની માફક ન તાજ તખ્તમંદ.
ધ્યાનથી તું જો, કે યજદજર્દ સાથ
ફરતા આ આસ્માને બીડી કેમ બાથ.

ફીરદોસીનું આ દાસ્તાન અધુરૂં— ફીરદોસીનાં શાહનામાનું કોઇ દાસ્તાન એટલું બધું તવારીખમાં અધુરૂં નથી, કે જેવું યજદજર્દ શેહેરયારનું દાસ્તાન છે. મોહલ કહે

(૧). આ દાસ્તાનનું વાંચન, રોજ ૩૦ મો માહ ૩ જો શેહેનશાહી સને ૧૨૬૪ યજદજર્દી તા૦ ૧૪ મી ડીસેમ્બર ૧૮૯૪ ને દીને, ફરામજી કાવસજી ઇન્સ્ટીટ્યુટમાં આપ્યું હતું.

છે તેમ, તેનો સબબ યા તો સાહેરની અતિ જબરી હોય, અથવા તો શાહ માહમુદ જેની સાહેતા હેઠળ તે શાહનામું લખતો હતો, તેની બેદરકારીથી ઉપન્ન થયલી નામુરાદી હોય. પણ તે છતાં એ દાસ્તાનમાં કેટલાક ભાગો ઘણા અસરકારક છે.

સાસાનીઅન શાહાનશાહાતની નબળાઇનો સબબ—હખામીનીઅન વંશની પાદશાહત યુનાનીઓ સામેની જબરી જંગો માટે મશહુર થઇ છે, પણ સાસાનીઅન શાહાનશાહત રોમનો સામેની જાથુક જંગો માટે મશહુર થઇ છે. એ જાથુકની લડાઈએ એ શાહાનશાહાતને બહુ નબળી કરી નાંખી હતી. ખુસરો પરવીજનાં રાજ્યમાં જ્યારે રોમ અને ઇરાની શાહાનશાહો લડાઈ કરતા હતા, ત્યારે આરબ સરદારો બેઠા બેઠા તમાશો જોયા કરતા હતા. એ બેમાંથી કોઇ પણ નબળો પડવામાં આરબોને લાભ હતો.

પેગમ્બર મહમદની આગાહી—જ્યારે પેગમ્બર મહમદે ખુસરો પરવીજને પોતાનો નવો ધર્મ કબુલ કરવાને પત્ર મોકલ્યો ત્યારે ખુસરોએ ચીરડાઇને તે પત્ર ફાડી નાંખ્યો. તે વેળા તે પેગમ્બરે કહેલા સખુનો કે, "એજ પ્રમાણે એઓનું રાજ ફાટી જઈ ટુકડા બુકલા થશે" તે ખરા પડયા. ઇરાનીઓની પારકા દેશો સાથની ચાલુ ખરચાળુ લડાઇઓ ઉપરથી, તેઓના માંહોમાંહેના કજીઆઓ ઉપરથી, અને સાદી સુતરી જીંદગી મેલી દઈ મોજીલી જીંદગી અખત્યાર કરવાના દેખાવો ઉપરથી કદાચ તે પેગમ્બરે એ આગાહી કરી હોય. પણ હીણ ભાગ્યે તે ખરી પડી. ખુસરો પરવીજ પછી ઇરાનની ગાદી ઉપર જે પાદશાહો આવ્યા, તે માહોમાહેની અંટસથી થોડા થોડા મહીનામાં યા એકાદ બે વર્ષમાં માર્યા ગયા યા ઉઠી ગયા. યજદજર્દ શેહેરયારે અસપંદાદ મહીનો ને અશીસંગ રોજે ગાદી ઉપર આવી માંહોમાંહેની અંટસનો મજબુત હાથે અંત આણ્યો. પણ અફસોસ કે દેશ બાહેરના દુશ્મનના વધતા જતા દોર સામે તે ટકી શકયો નહીં. રાજગાદી પર આવતાં તેણે એક ભાષણ (Coronation Speech) નીચે મુજબ કીધું.

યજદજર્દનું ગાદીએ આવતાં ભાષણ.

આસમાનની ગીર્દેશને ચક્રથી છું
નોશેરવાંન અદલનો ફરજંદ હું.
બાપ અને દાદાથી છું પાદશાહ,
છે ખોરશેદ ને માહથી મુજને પનાહ.
બુજોર્ગોને આપીશ માન અને પાન
ગરીબોને દેઇશ નહીં દુઃખ અને હાન.
માંગતો નહીં કીર્તિ કે ફરજાંનગી
શું લડાઇ કે તુંદી કે મર્દાનગી.
કાયમ નહીં રહેતું કોઇનું બખ્ત
શું ગંજ અને તાજ શું બાદશાહી તખ્ત.
ચહડતી નહીં રહેશે, કાયમ રહેશે નામ;
પડતી નાંખ ચહડતી, શોધ નેકીનું નામ.
શરીર જ્યારે મળે ખાક સાથ ખાક
નામ રહેછે ફકત અમર ને પાક.

શિખામણ કે અમર રેહવા માટે મરવું–આ ભાષણમાં કહેલી શિખામણોમાં સેવટની શિખામણ, પેલા અંગ્રેજી શિખામણના શબ્દો, કે Die to live એટલે "અમર રહેવા માટે મરવું" તેની યાદ આપે છે. તે કહે છે કે માણસે એવી જીંદગી ગુજારવી કે તે મરણ પામે તો પણ જાણે તે જીવતો હોય તેમ તેની નામના રહી જાય અને તેનું નામ અને કામ જીવતાંઓ ઉપર અસર કરે.

ઓમરના કાસદો અને યજદજર્દનો તેઓને જવાબ–રાજગાદીપર આવી ફીરદોસી પ્રમાણે યજદજર્દે એ મુજબ ભાષણ કરી લોકોનું દીલ જીતી લઈ દેશના અંદરના કારોબારની સારી વ્યવસથા માટે સર્વને સધ્ધારો આપ્યો. એમ ૧૦ વર્ષ સારી રીતે પસાર થયાં.[1] પણ થોડા

---

૧. "બરીન ગુને તા સાલ શુદ બર દુ હસ્ત". એ લીટીમાં "બર દુ હસ્ત" એટલે "બે ઉપર આઠ" નો અર્થ "દસ" થાય. મો. મોહલ "સે ગુઝ્શ્તા આથ" એટલે ૧૬ અર્થ કરેછે.

વખતમાં તેનું ધ્યાન આરબોના હુમલા સામે ઇરાનનો બચાવ કરવા માટે રોકાયું. તબરી પ્રમાણે ઓમરે યજદજર્દ પાસ પોતાના ૧૪ કાસદો મોકલ્યા અને કેહવાડયું કે "(૧) યા તો તારો મુલક આપ, (૨) યા તો મારી દીન કબુલ કર, (૩) યા તો ચોથાઇ આપ, (૪) યા તો લડાઇ કર." યજદજર્દે કહ્યું કે "તમોને (મારો મુલક જોઇયેછે, તો તે નહીં પણ) ફકત થોડી માટી આપું છું," એમ ધિક્કારથી કહીને દરેકને માટીના કોથળા આપ્યા. તે તેઓ પાદશાહ આગળ લઇ ગયા અને કહ્યું કે "લે સારા સગન તરીકે ઇરાનની જમીન હમો લાવ્યા છીયે."

લડાઇની શરૂઆતની તૈયારીઓ—ફીરદોસી કહેછે કે, ખલીફ ઓમરે સાઆદ બીન વકાસ નામના આરબ સરદારને ઇરાનપર હુમલો કરવા મોકલ્યો. તેની સામે યજદજર્દે રૂસ્તમ બીન હોરમજદ નામના પેહેલવાંનને મોકલ્યો. ત્રીસ મહિના ન્હાની તૈયારીઓ અને નાની જંગોમાં ગુજરવા બાદ ઇરાની અને આરબ લસ્કરો કાદેશીયાની જંગભુમી આગળ એકઠાં મળ્યાં. આરબોનાં જોરાવર લશ્કર ઉપરથી યા બીજા સબબથી રૂસ્તમ લડાઇ આગમચ ધાસ્તી ખાઇ ગયો હતો.

ઈરાની સરદાર રૂસ્તમે ધાસ્તી ખાવી—ફીરદોસી પ્રમાણે સેતારેશનાસીનાં એલમથી તેણે આરબોનો ચહડતો અને ઇરાનીઓનો પડતો સેતારો જોયો અને ભાઇ ઉપર એક નામું લખી ઇરાની શાહાનશાહતના અંત માટે કેટલીક આગાહી લખી અને ભાઇને જણાવ્યું કે તેણે પોતાનો અને કુંટબનો જર ખજાનો જે કાંઇ હોય તે સલામતી ખાતર આજર ગુશસ્પનાં આતશબેહરામમાં લઇ જઇ મેલવો.

ઈરાની આતશબેહેરામો.—જેમ યુનાનીઓ અને રોમનોમાં, તેમ અસલી ઇરાનીઓમાં, તેઓના પુરાણા જાણીતા આતશબેહરામો, જેમ એક હાથ ઉપર ધર્માલયો હતાં, તેમ બીજા હાથ ઉપર હાલના જમાનાની બેંકોની ગરજ સારનારાં ખાતાંઓ હતાં. એ આતશબેહેરામોની મોટી જાગીરો અને ખજાના હતા, જેઓમાંથી તેઓનો ખરચ ચાલતો અને ખોહાળાં સખાવતી ખાતાંઓ ચાલતાં. વળી લોકો મુશકેલી વખતે અથવા અડીભીડી વખતે તે આતશબેહેરામોના ખજાનચીઓને તપાસ (safe custody) માટે પોતાનો જર ખજાનો સોંપતા, કારણ દેશપર આવી પડતી આફત વેળાએ પાદશાહો એ ધર્માલયોના બચાવ માટે લસ્કરની બહુ કાળજી રાખતા. યુનાનીઓ અને રોમનોમાં તો તેઓનાં મોટાં ધર્માલયો વળી પાદશાહોને અને બીજાઓને અગતની વેળાએ નાણાંની મોટી રકમો ધીરતાં. રોમન શાહાનશાહ હેરેકલીઅસે ઇરાનીઓ સામે લડવા એ પ્રમાણે કોનસટેન્ટીનોપલનાં દેવલ પાસેથી નાણાંની મોટી રકમ ઉછીકી લીધી હતી.

સેતારાની કેહવાતી ચાલ ઉપરથી અને આરબોનાં વધતાં જતાં જોર ઉપરથી રૂસ્તમે હારની આશા બાંધી હતી. તે બાબે તેણે ભાઇ ઉપર લખેલા કાગજના શબ્દો નીચે પ્રમાણે છે:—

રૂસ્તમનું ભાઇ ઉપર નામું.

સેતારાની ચાલ અને ફરતું આકાશ
જોનારને કરેછે શકમંદ નિરાશ.
દુનયામાં થયાંછે ગુનાહનાં કામ
કે ફર્યો છું અહારેમન સાથે તમામ.
આ વંશથી છે આખેર પાદશાહીનું નામ,
શું ફતેહ કે ખોરેહ, થયાં તમામ.
ચોથા આસ્માનથી જોયછે આફતાબ
કે લડાઈનું સેવટ બદ આવશે સેતાબ.
મંગળ ને શુકરના છે અપશુકન
ન આસ્માનના ચક્રથી રહેવાય અમન.
એવો છે મામલો ને મોડું છે કામ,
દેલ મારૂં જાનથી ધરાયું તમામ.
ભવિષ્યની જોઉં છું સર્વ હું વાત
પણ બેસી હું રહું છું ખામોશી સાથ.
ઇરાનીઓ માટે કરૂંછ વિલાપ
સાસાનીઓ માટે કરૂંછ સંતાપ.
અફસોસ! કે ખલાસ તાજો તખત
અફસોસ! કે ખલાસ ફરશે બખત.

અફસોસ! કે આરબો છે સરફરાજ
અફસોસ! કે ઇરાનનો તારો તારાજ.
ચાલશે એમ દોર ચાર ગુણ્યા સો સાલ
રોશન ન થશે આ વંશનું એકબાળ.

આ કાગજની સેવટે રૂસ્તમે સેતારેશનાસીના કૌવતથી કહેલા સખુનો, કે ૪૦૦ વર્ષ પછી આરબોનું એકબાલ બરગસ્તે થશે, તે બરાબર ખરા પડયા નથી.

રૂસ્તમ પોતાના ભાઇને આરબો તરફનો પેગામ નીચે મુજબ જણાવેછે:—

આરબો તરફથી આવેલા પએગામનું રૂસ્તમનું વર્ણન.

કાદેશીઆની ભુમીથી નદીને પાર,
ના મુલકનો માલેક રહે શેહેરયાર.
પેલી બાજુ પકડીએ અમો એક રાહ,
જે તરફ હોય એક બાજાર ગાહ.
વેપારમાં લઇએ ને વેચીએ બહુ ચીજ
બીજું નહીં માંગીએ અમો હરગીઝ.
કબુલ છીએ આપવા વેપારી કર,
જોઇતી નહીં અમને શાહી કે જર.
છીએ ઇરાની શાહના ફરમાનબરદાર,
જામીન જો માંગે તો આપવા તૈયાર.

સેતારાની ચાલ વીષે ઉપર મુજબ ભાઇને જણાવી તેણે આરબ સરદાર તરફથી આવેલો પેગામ તેને જણાવ્યો. તેણે ભાઇને જણાવ્યું કે "આરબો તરફથી પેગામ આવ્યોછે કે 'કાદશી (કેદેશીઆ)થી નદીના કીનારા સુધીનો મુલક અમો (આરબો) પાદશાહ (યજદજર્દ)ને આપી દઇશું. પણ જ્યાં મોટું વેપારી બજારનું શેહેર હોય ત્યાં અમોને માર્ગ મળવો જોઇએ કે ત્યાં અમો અમારો માલ વેચ લે કરીએ. અમોને બીજું કાંઈ જોઇતું નથી. અમો પાદશાહને મોટી ખંડણી (સાલીઆનું) આપવાને કબુલ છઇએ. અમોને તાજ તખત જોઇતું નથી. હમો પાદશાહના ફરમાંબરદાર થઇશું. પાદશાહ જો જામીનો (hostages) માંગશે તો તે પણ અમો આપીશું.' આ મુજબનો એ આરબોનો પેગામ છે. પણ એ પેગામ ઉપર મારી સાથના બીજા ઇરાની સરદારો જેવા કે ગુલબુઈ, તબરી અને અર્મેની માહુઇ ધ્યાન આપતા નથી અને લડાઈજ કરવા માંગેછે, પણ તેઓ સેતારાની આગાહી ઉપર ધ્યાન આપતા નથી."

રૂસ્તમે ભાઇ ઉપર લખેલા એ પત્ર પ્રમાણે આરબોએ પેહેલે તો વેપાર અર્થે પોતાનો માર્ગ માંગ્યો અને વેપાર પોતાની મુખ્ય મતલબ છે એમ જણાવ્યું. હવે જ્યારે પોતા સાથના ઇરાની સરદારો લડાઇજ કરવા માંગેછે, ત્યારે ભાઇએ શું કરવું તે માટે રૂસ્તમ નીચે મુજબ કહેછે:—

કાગજ વાંચી શું કરવું તે બાબે રૂસ્તમની ભાઇને શિખામણ.

કાગજ આ વાંચી સરદારો સાથ
મસલત તું કરજે, કરજે બે વાત.
જમા તું કરજે દોલત ને જર
માલ અને પોષાક નોકર નફર.
સેતાબ તું જજે આજર બએજાન
ભેગા જ્યાં હોય સર્વ બુજોર્ગાન;
જઇ આજર ગુશસ્પનાં આતશબહેરાંમ,
ખજાનચીને સોંપ તારો માલ અને દામ.
જાબુલસ્તાનના ઇરાન સેપાહ
માંગે જે તારી પુસ્તો પનાહ,
દેજે તું મદદ ને થાજે તું યાર
રહેજે તું હુશીઆર બહુ ખબરદાર,
કે ઘડીમાં પડતી ને ઘડીમાં સુખ
ઘડીમાં ચહડતી ને ઘડીમાં દુ:ખ.
માતાને કહેજે આ સખુન તમામ
જોશે નહીં મારો તે ચેહેરો કે કામ.
કેહેજે તું સલામ ને સબરના બોલ
ગભરાટના કહેતો ના તેણીને કોલ.
લાવે જો કોઇ મારી બુરી ખબર
તો દલગીર ના થતો, ધરજે સબર.
પલવારની છે આ દુનિઆ તમામ,
ફોકટ છે દોલત દોર ને દમામ.
યજદાનની યાદમાં રહે હરદમ
ફાની આ જેહાનથી દેલ રાખ કમ.
આવ્યો છે બતંગ હાલ રોજગાર
જોશે નહીં ફરી મને શેહેરયાર.

રૂસ્તમનો આરબ સરદાર સાઆદ વકાસ ઉપર કાગજ—બાઇ ઉપર એ મુજબ કેટલીક નિરાશી સાથનો કાગજ લખવા છતાં હિંમત રાખી રૂસ્તમે લડાઇની તૈયારી કરી. તેણે આરબ સરદાર સાઆદ ઉપર એક અસરકારક નામું લખ્યું અને તે પીરોજ બીન શાપુર નામનાં કાસદ મારફતે મોકલ્યું. એ નામાના કેટલાક શબ્દો યાદગાર રહી ગયા છે. તેણે જણાવ્યું કે, "તમો ઉંટડીનું દુધ પીનારા અને સુસવાટ ખાનારા આરબો કયાંની પાદશાહી લેવા નિકળ્યા છો. આસમાનનાં આવાં ચકર ઉપર લેઆંનત હોજો. પણ તખતને લાયકનો તો હમારોજ પાદશાહ છે, માટે તમો શું માંગો છો અને કહો છો તે જણાવવાને એક સવાર મારી આગળ મોકલો." તેણે લખેલો પત્ર નીચે મુજબ હતો.

રૂસ્તમે સાઆદ પર લખેલો પત્ર.

ઘટે નહીં એમ કે જેહાનદાર પાક
થી બીહતા નહીં રહીએ ને રાખીએ તુમાખ.
તેનાથી બરપા આ ફરતું આસ્માન
તેનાથી પાદશાહી ઇનસાફ ને માન.
તેનીથી હોજો શાહપર આફ્રીન
જે શાહ છે તખ્તો તાજ પર ગુઝીન,
જે શાહથી છે સેતાનના ફરેબો બંદ
જે ધરાવેછ શમશીર કોલાહ કમંદ.
થયું છે બરપા નાપસંદ કામ
થયું છે પ્રસિદ્ધ લડાઇનું નામ.
કેહ મને તું, કે કોણ તારો શાહ?
શું તેની રસમ, રીત અને રાહ?
કોણની છે તેને મદદ પનાહ?
નાગા છો તમો નહીં વસ્ત્ર કોલાહ.
ટુકડો રોટીના ઉમેદવાર
ન ધરાવતા તમો તખ્ત તાજદાર.
ખોરાક જો જોઇશે તો આપશે ઇરાન,
તાજ અને તખ્ત સાથ તમને શું કામ?
તાજ અને તખ્તનો અમારો શાહ
બાપ અને દાદાથી છે પાદશાહ.
નથી તેને કોઇની મદદ પનાહ.
નથી તેની મીસાલ, આકાશમાં માહ.
મીજલસમાં બેસે તે જયારે ખુશ્હાલ,
હોઠ તેના હસ્તા, દાંત રૂપાં મીસાલ,
હોય આરબો સઉની જેટલી કિંમત
તેટલી તે બખશેશની કરે હિંમત.
ચીત્તા ને સગ, બાજ બાર હજાર
ગણુગણુતા સાજ સાથ જાયછે શેકાર.
શેકારો કરે છે એટલા એક હાસ
કે પામતા નહીં બીજા ખોરાક કે ખાધ.
ઉંટડીનાં દુધ અને જંગલી સુસવાટ
ના ખોરાકથી થયાછે આરબો માહત.
કરે છે કેઆની તખ્ત પર નજર,
લેઆનત આ આકાશ પર સર બ સર.
નથી કાંઇ ધરાવતા આંખમાં શરમ
નહીં અક્કલનો અંશ, નહીં ડહાપણ કે દસ.
શું તમારો ચેહેરો ને રસમ ને રાહ
કે માંગો છો ઇરાની તખ્ત અને ગાહ?
માફકસર બોલવા પર દેઓ ધ્યાન
ફોકટ ના બોલો કાંઇ દરમેઆન.
મોકલો મુજ પાસ એક દાના મરદ
જે ધરાવે મર્દી, દાનાઇ, ખેરદ,
કે જણાવે મને તે તમારી નેમ
કે કેઆની તખ્ત કોણ માંગે છે એમ.
જે માંગવું હોય માંગો તમો એક વાર
કે શાહની પાસ મોકલું હું એક સવાર.
ના શોધો શાહ સાથ લડાઈ ને જંગ
અંત આવશે તેનો બૂરો બતંગ.
ઓલાદથી પોહોંચે તે નોશીરવાન
જે ઇનસાફથી કરતો પીરને જવાન.
બાપ અને દાદાથી છે પાદશાહ
દુનિઆમાં નથી એવો એક શાહ.

આ પત્રમાં રૂસ્તમે એક હાથ ઉપર પોતાના ઇરાની પાદશાહ અને ઇરાનીઓનું અને બીજા હાથ ઉપર આરબોનું ચિત્ર દોરયું છે. શેકસ-પીઅરના શબ્દોમાં કહીએ તો તેણે કહ્યું કે "આ ચિત્ર ઉપર નજર કરો અને પેલાં ચિત્ર ઉપર નજર કરો (Look on this picture and on that)."

સાઆદ વકાસનો રૂસ્તમના પેગામનો જવાબ—રૂસ્તમનો ઉપલો પત્ર લઇ જનાર સર-

દાર ફીરોજને સાઆદ વકાસે એક સાદા તંબુમ બેસાડયો અને કહયું કે "અમો તો લડવૈયા સેપાહ બચ્ચા છઇએ. માટે અમારા તંબુમાં તું સોનેરી રૂપેરી ઠાઠમાઠ કે ખાવાપીવાની અને સુવા માટેની રાહાતની ચીજો જોશે નહીં" પછી તેણે પોતાના પએગમ્બર અને કોરાન, અને જીન વીગેરેની કેટલીક વાત કીધી.

રૂસ્તમે પોતાનાં કાગજમાં આરબ સરદાર સાઆદ વકાસને કેહવાડયું હતું કે તેણે પોતાના એક સરદારને પોતાની ધારણા રજુ કરવા મોકલવો. તે ઉપરથી તેણે એક આરબ નામે "સઅબે મગીરેહ"ને રૂસ્તમની છાવણીમાં મોકલ્યો. તે જંગલી આરબ દરબારની ઊંચી બેઠક ઉપર બેસવાને બદલે જમીન ઉપરજ બેસી ગયો અને જણાવ્યું કે "અમો જે માંગીએ છીએ તે આજ કે તમો અમારી દીન કબુલ કરો." સાઆદ વકાસે પોતાના એ આરબ પાસે મોકલેલો જવાબ નીચે મુજબ હતો.

સાઆદનો રૂસ્તમના પત્રનો જવાબ.

કબુલ રાખે શાહ જો અમારી દીન
તો પામે બેઉ જેહાનમાં શાદી રંગીન.
પામે તે ઝહવેર ને તખ્ત અને તાજ
રંગ અને નેગાર ને ખુશબોઇનો સાજ.
મહમદથી થશે ગુનાહ તેના માફ
ગોલાબ માફક થશે તન તેનું સાફ.
કામોના બદલામાં ચાહો જો બેહેસ્ત
તો નાંખવું નહીં બાગમાં કાંટાનું ખેત.
શું શાહ યજદજર્દ, શું બોહોળી જેહાંન,
શું બાગો ને મેદાન, શું મેહેલ ને અએવાન,
બેહેસ્તની પરીનાં એક બાળની સનમુખ
એ સઘળાં શું ધરાવે બીસાદ કે રૂખ?
આ પલવારની દુનિઆમાં તારી ચશમ
તાજ અને તખ્તે ફેરવી એકદમ.
તું તખ્ત ને તાજપર થયો નીરાંત,
તું બખ્ત ને ગંજ પર રહયો છે સાંત.
પણ ફાની છે જેહાન, એક પાણીનો ઘોટ,
વધુ ના કિંમત, સઉ દરદ ને ખોટ.
દાનાવને મનથી દુનિઆ તબાહ,
છોડી ના દે તું દીનનો આ રાહ.
કરશે જે અમ સાથ લડાઇ ન જંગ
જોશે તે દોજખનો ખાડો બતંગ.
જો ચાહે કે જાએ તુ બેહેસ્તને મકાન
તો વિચાર તું ખુબ ને ધરી લે ધ્યાન.

રૂસ્તમ આ કાગળ વાંચી ગુસ્સે થયો અને પાછો સાઆદ બીન વકાસને નીચે પ્રમાણે જવાબ કેહેવાડયો.

રૂસ્તમનો સાઆદનાં કાગજનો પાછો જવાબ.

પાછો તું જા અને પોંહોચાડ પેગામ,
કે નથી તું શાહ કે તાજદાર ટ નામ.
ફરેલું ધારે છે અમારૂં બખ્ત
ને ચાહે છે લેવા અમારૂં તખ્ત.
સખુન પર દે છે ડાહ્યાઓ ધ્યાન
પણ તારામાં નથી અક્કલ જ્ઞાન.
સાઆદ જો હતે તાજદાર શાહ,
તો મીજલસ ને જંગ ખેંચતે બહુ ચાહ.
પણ બુરા સેતારાની બુરી છે ચાલ
તો બીજું શું કહું? બુરો છે કાલ.
જો મહમદને કરૂં મુજ રાહબર,
જો આકીન લાંઉ તેની નવી દીન પર,
તો ઉંધુ વળે કુલ ભલું નેક કામ
રાહ મારો થાય કુલ મુશ્કેલ તમામ.
ખુશી સાથ ફર તું પાછો સેતાબ
જંગની વેળા હાલ ફોકટ છે વાત.
કીર્તિ સાથ મરવું તે મરવું બેહેતર
દુશ્મનની ફતેહ જોવી બદતર.

રૂસ્તમની હાર—એ પછી બેઉ લશ્કર વચ્ચે એક જીઆનગાર લડાઇ બરપા થઇ જે ત્રણ દિવસ સુધી ચાલી. તેમાં પાણીની તાણને લીધે ઈરાનીઓની બહુ ખુવારી થઇ. પાણી વગર સિપાહો અને તેઓના ઘોડાઓ એવા ટવતા, કે તરસને લીધે ભીનાશવાળી માટી તેઓ ખાવા લાગ્યા. સેવટે હાથો હાથ લડાઇમાં રૂસ્તમ સાઆદને હાથે માર્યો ગયો. તેથી ઇરાની લશ્કર નાસી ગયું. એ વખતે યજદજર્દ બગદાદમાં હતો. તેનો એક બીજો પેહેલવાન ફરૂખજાદ બીન હોરમજ્દ આરબોની સામે ટાઇગ્રીસ નદી

ઓળંગીને ગયો, પણ તે પણ હાર ખાઇ પાછો આવ્યો. તેણે અને બીજા દરબારીઓએ શાહને નારવન ભણી નાસી જવાની સલાહ આપી. તે બોલ્યો કે—

ફરૂરોખજાદનું હાર પછી ભાષણ.

શા માટે રડે છે શાહ નેક બખ્ત
શું આંસુથી ધોય છે ઈરાનનું તખત ?
ફીઆની તોખમનો નથી કોઇ શાહ
કે તું સીવા તખ્તને દીએ પનાહ.
તું તો છે એકલો ને દુશ્મન હજાર;
કરશે કેમ લડાઇ અને કારજાર ?
રસ્તો તું ઘર તરફ નારવન
ભેગું ત્યાં મળશે કુલ અન્જુમન.
ફરેદુનની માફક આજ અને કાલ
યુક્તી કર નવી તું આતશ મીસાલ.

શાહે ફરૂરોખજાદની સલાહ ના પસંદ કરી અને નીચે મુજબ બોલીને દરબારીઓની સલાહ માંગી.

ફરૂરોખજાદની સલાહ માટે શાહે દરબારનું મત માંગવું.

"શું કહોછો તમો ? શું છે દાસ્તાન ?
શું કહેછે તવારીખ અને બાસ્તાન ?
ફરૂરોખજાદ કહેછે કે 'લે અન્જુમન,
ને સેતાબ તું જા ભણી નારવન.
તે મુલકમાં થશે લોક જાનફેશાન,
ને સારીમાં મળશે સર્વ કુર્બાન.
લશ્કર કર એકઠું ને પાછો તું ફર,
લશ્કરથીજ થાય છે લડાઈ પગભર.'
શું આવેછે તમને આ વાત પસંદ ?"
સઘળાઓ બોલ્યા "હા પસંદ પસંદ."

પોતાના દરબારીઓની એ સલાહ નાપસંદ કરી શાહ નીચે પ્રમાણે બોલ્યો.

લશ્કરની સલાહ નાપસંદ કરનારૂં શાહનું ભાષણ.

"નથી મને દિસતું લાયક એ કામ,
આવે છે મને એક બીજું ગુમાન.
ઇરાનના બુજોર્ગ ને આટલા સેપાહ,
ઇરાનનો મુલક, તખ્ત અને ગાહ,
એ સર્વને મેલી કરૂં નાસભાગ,
નથી એમાં મર્દી કે દાનાઈનો ભાગ.
બેહેતર કે ભીડીએ લડાઇની બાથ,
એક બાહદુરની શિખામણ કર્યે અંહીં હાથ,
કે બખત જો તારૂં થયું બરગશ્ત,
તો દેખાડ ના દુશ્મનને પીઠ અને પોસ્ત.
રૈયત થશે શાહની ફરમાનબરદાર,
શું ચહડતી કે પડતીમાં દેશે તે ઠાર.
ન ઘટે કે શાહ તેમને દેખાડે રંજ,
છોડી દે તેમને પકડવા ગંજ."

આ ભાષણમાં પાદશાહે પોતાની હિંમતવાન વર્તણુકથી પોતાની રૈયતને અને લશ્કરને સારો દાખલો આપ્યો. તે હિંમતના ગમે એટલા સુખનો કહેતે તેના કરતાં તેની હિંમતભરી વર્તણુક વધારે અસરકારક હતી. એક લખનાર કહેછે તેમ, એક પાદશાહનાં "ફરમાનો, તે પોતાની જીંદગીનો જે નમુનો રજુ કરે તેના કરતાં ઓછાં અસરકારક છે" (Edits are less powerful than the model which his life exhibits).

ઉપર મુજબ સુખનો કહી શાહે બગદાદ છોડી ખોરાસાન ભણી જઇ ત્યાંથી પોતાના સરદાર માહુઈ સુરીની મદદથી નવું લશ્કર એકઠું કરવાનો વિચાર કર્યો.

પાદશાહે કહ્યું કે "માહુઇ મારો શકતીવાન સરદાર છે. તે સરહદપરના મારા સરદારોનો આગેવાન છે. તેને મેં નવાજયો છે અને ઉતરતી હાલતમાંથી ચહડતી પદવીએ ચહડાવ્યો છે." માહુઇની આ તારીફ સાંભળી ફરૂરોખજાદે હાથ ઉપર હાથ ઠોકયા અને પાદશાહને તેની ઉપર ઘણો વિશ્વાસ રાખતાં સાવચેત રેહવા કહ્યું. પછી શાહે બાગદાદ છોડયું. તે છોડતી વખતે તેની રૈયતે નીચે મુજબ વિલાપ કર્યો.

શાહે બગદાદ છોડયું તે વેળા રૈયતની કલાપીટ.

છઇએ અમ બંદા, શાહ નેકનામ !
તુંજ મેહેરથી છે પુર તન અને જાન.

આવીએ તુંજ સાથ, અએ ભલા શેહરયાર !
ને જોઇએ કે કરેછે શું રૂજગાર.
માથે નહીં હોય જો અમારો શાહ
તો નિરાંત કેમ રહે મુલકનો રાહ ?
મુલક આબાદ ને ફરજંદ ને ગંજ
સૌ મેલીને લેઇશું તું સાથે રંજ.
વખ્ત શું કામનો વીના તુંજ તખ્ત ?
ખોદા કાયમ રાખે તુંજ જાન અને બખ્ત.
આવ્યા છીએ અમ દુર મુલકથી, શાહ !
કે પકડીએ ઇરાન શાહની પનાહ.
દુઃખી દેલથી છોડીએ મુલકે ઇરાન
ભારી હેડે ધરીએ રાહે તુરાન.

શાહનો બગદાદની રૈયતને જવાબ–પાદશાહે બગદાદની પોતાની રૈયતને ઘણો દિલાસો દીધો અને કહ્યું કે "તમો અંહીં નીરાંતે રહો અને ખોદાતાળાને યાદ કરો. ખોદાના હોકમથી કદાચ હું તમોને પાછા જોઇશ. આરબોની આ ફતેહ કદાચ થોડા વખતની હશે."

પછી ચીનથી આવેલા વેપારીઓને તેણે પોતાને મુલક પાછા ફરવા કહ્યું. તે પછી જે લશ્કર ફરૂરોખજાદની સરદારી હેથળ હતું, તેની સાથે પેહેલે તે રએ શેહેર ગયો. પછી ગુર્ગાન ગયો. પછી ખોરસ્તના મુલક ભણી ગયો. પછી તે મર્વ, જ્યાં માહુઇ હાકેમી કરતો હતો, તે તરફ ગયો. તેણે માહુઇ ઉપર એક કાગળ લખાવ્યું અને આરબોથી મળેલી હારની હકીકત કહી લશ્કર તૈયાર કરવા કહ્યું. તેણે વધુ જણાવ્યું, કે થોડા વખતમાં તે પોતે તેની આગળ આવી પોંહચશે. તેણે એજ મુજબ કેટલાક કાગળો સરહદ ઉપરના જૂદા જૂદા મર્ઝબાનો ઉપર લખાવ્યા. તેણે શમીરાન, રૂઇનદજ, રાદેકુહ અને કેલાટ (ખેલાત)નાં મર્ઝબાનો ઉપર મદદ માંગવા કાગજો લખાવ્યાં. તેણે તેઓને આરબોથી નીચે મુજબ વાકેફ કીધા.

મર્ઝબાનો ઉપર શાહે લખેલો કાગજ.

નેગેહેબાન રેહજો પર્વર્દેગાર;
તમથી દુર રહેજો બુરો રોજગાર.
પડી ચુકી હશે તમને ખબર
કે પડી છે આફત મુજ સરપર.
સાપની મીસાલના આરબો બદ,
જે ધરાવતા નહીં શરમની હદ,
નહીં ખજાનો, કીર્તિ, તખ્ત કે ઓલાદ
ચાહે છે કે ગેતી કરે બરબાદ.
ચાહે છે આ ફરતું આકાશ બુલંદ
કે દેખે મારૂં રાજ દુઃખ ને ગજંદ.
છે આરબો કંગાલ વીના રૂપ રંગ,
ન ધરાવતા અક્કલ, કીર્તિ કે નંગ.

પાદશાહે આરબો બાબે એ પ્રમાણે વર્ણન કરી ઈરાન પર આવી પડેલાં દુઃખને યાદ કર્યું અને તેઓને પાદશાહ નોશેરવાને જોયલા એક સ્વપનાની યાદ આપી. તે સ્વપનામાં તે પાદશાહે જોયું હતું કે "ઈરાનના તખ્તની પડતી આવીછે અને એક લાખ આરબો ઈરાન ઉપર અરવન્દ (તાઇગ્રીસ) નદી ઓળંગી હુમલો લાવેછે. તેઓએ આતશકદેહેઓમાં પવિત્ર આતશો બુજાવી નાંખ્યાછે અને નોરોજ અને સદેહના જશનોની કીર્તિ કમી કરી નાંખીછે. તેઓએ ઇરાન અને બાબીલોનમો બરબાદી કીધીછે." શાહે લખ્યું કે "નોશેરવાને જોએલો આ સ્વપનો ખરો પડતો દિસેછે. હાલ ફરૂરોખજાદ બલખની તરફ લડવા કાજે ગયોછે. તેનો બેટો કશમગાન પણ મારી હજુર પોતાની સેવા ધરવા આવ્યોછે. મેં મુલકે મુલક કાસદો લશ્કરની મદદ માટે મોકલ્યાછે. તમો પણ લશ્કરની મદદ કરો. ગુમબેદીન કુહ અને લજવર્દીનથી ખેર્બનેહ સુધીની જગ્યામાં મેં લડાઇનો સઘળો સરનજામ એકઠો કરવા માંગ્યો છે. અમોએ લડાઇ માટે સઘળા પેહેલવાનો સાથે થોડી મસલત કરી છે અને સઘળો લડાઇનો સામન એ જગ્યાએ એકઠો કરવા માંડયો છે. તેમાં તાજ અને તખ્ત, અને જર અને જવાહીર, અને રૂમી, કેસ્મીરી અને ચીનાઇ કાપડ પણ છે. ખાવાની ચીજો પણ લાંબો વખત ચાલે તેમ એકઠી કરવા માંડીછે. ૪૦૦૦૦ ગાડાં ખેંચનારા બળદો અનાજ લાવે છે. બીજા ૧૨૦૦૦ બળદો ઘઉં લાવેછે. એક અનુભવી મોબેદને

પસ્તાં અનાર વીગેરે એકઠાં કરવાનું કામ સોંપ્યું છે. વળી ખચ્ચરો ઉપર નીમક અને ઉંટો ઉપર ઘી વીગેરે સામન લાવી એકઠો કરવામાં આવે છે. હજારો બોજા ખજુરના અને ખાનના એકઠા કરવામાં આવે છે. ૪૦૦૦૦ ગોસપંદોનું નીમક લગાડી આથેલું ગોસ્ત એકઠું કરવામાં આવે છે. ૧૨૦૦૦ મધના બોજાઓ એકઠા કરવામાં આવશે. એ મહિનામાં ૩૦૦ ઉંટો ઉપર કાળું નેફ્ત (નેફ્થાનું તેલ) એકઠું કરવાની ગોઠવણ કરી છે. શેમીરાન અને શદેહ કુહથી એક મોબેદ બીજા માણસો (staff) સાથે અતરે એ સામનના ભંડાર (Commisariate) ઉપર દેખરેખ રાખવા આવશે. બીજા પીરમરદો અને અનુભવીઓ અને બુજોર્ગો એ કામ પાછળ રોકાશે. તમો તરફથી જે માલ આવશે તેની એક નોંધ ("નામે" યાને register) મારો ખજાનચી (ગન્જુર Commisariate general) રાખશે અને તેની એક પોંહોચ માલ પોંહોચાડનારને આપવામાં આવશે. એ સઘળાં કામમાં તમોએ મને મદદ કરવી જોઇએ. અમારો દસ્તુર યાને વડો વજીર ખજાનચીને હોકમ આપશે, કે લડાઇ તમામ થવા પછી તેમાં ભાગ લેનારા દરેક જણને પાંચ ઇરાની પોષાક (જામે)ની જોરી અને એક સોનેરી સરબન્દ (યાને પાગડી) આપવામાં આવે. આ લડાઇમાં ભાગ લેનાર દરેક સેપાહને એક દીરમ (Medal) આપવામાં આવશે, કે જે દેરમ ચાર 'દાન્ગ'નાં વજનનાં સાધારણ ૬૦ દેરમની કિમતનો હોય. તે દીરમ યા ચાંદ ઉપર એક બાજુએ ખોદાતાળાનું નામ કોતરવામાં આવશે. બીજી બાજુએ મારો ચેહેરો અને તાજ કોતરવામાં આવશે. નોરોજ અને મેહરગાનનાં બે નામિચાં જશનોને દિવસે એ સઘળું એનાયત કરવામાં આવશે. જેઓ મારા તાજને મદદ કરવાને તૈયાર થાય તેઓ ઉપર ખોદાતાળાના દરૂદ હોજો."

આ મુજબના પત્રો યજદજર્દે પોતાના સઘળા હાકેમો ઉપર મોકલ્યા. એ પત્ર ઘણેક સબબે અગત્યનો છે. તે દેખાડે છે, કે જેમ હાલમાં મોહોટી લડાઇ વખતે લડાઇમાં ઉતરવા આગમજ "કમીસેરીએટ" ખાતાંની મોટા પાયા ઉપર તૈયારી કરવામાં આવે છે, અને તે ખાતું જે ખોરાક વીગેરેની સામગ્રી તૈયાર કરે તે લડાઈનાં મેદાનમાં લઇ જવા માટે ઘોડા, ઊંટ, ખચ્ચર, ગાડાં વીગેરેની સામગ્રી (Transport)ની ગોઠવણ કરવામાં આવેછે, તેમ અસલ ઇરાનમાં પણ હતું. વળી જેમ હાલમાં લડાઇમાં ભાગ લેનારા સેપાહોને તે લડાઇ બાદ ચાંદ (medal), તે ઉપર લેખ (inscription) કોતરાવીને આપવામાં આવે છે, તેમ અસલ ઇરાનમાં પણ આપવામાં આવતા.

ત્યાર પછી યજદજર્દ બોસ્ત અને નીશાપોરને માર્ગે તુસ શેહેર તરફ આવી પોંહચ્યો. માહુઇ તેને એસતેકબાલ લેવા ગયો અને ફર્માબરદાર તરીકે માન આપયું. ફર્રૂખજાદ એ વખતે શાહ આગળ આવ્યો હતો. તેને માહુઈની વફાદારી ઉપર શક હતો. પણ તેણે જ્યારે માહુઇને આ મુજબ પાદશાહને માનઅકરામ આપતો અને વફાદારી દેખાડતો જોયો ત્યારે ખુશી થયો અને પાદશાહને યારી દેવા વીગેરે માટે તેને નીચે મુજબ સખુનો કહ્યા.

ફર્રૂખજાદ યજદજર્દને માહુઈને સોંપેછે.

"સોપુછું પનાહમાં શાહે કેઆન,
બચાવ તેનો કરવામાં બાંધજે મેઆન.
પવન પણ કરે નહીં તેને હેરાન,
તું પોતે બચાવ પર દેજે ધ્યાન.
જાવું છે મારે ભણી રએ શેહેર,
ખોદા જાણે પાછો કયારે જોઇશ ચેહેર.
નેજેવર આરબોના જંગને મેદાન,
માર્યા બહુ ગયાછે જંગી પેહેલવાન.
રૂસ્તમ જેવો જંગી, ન કોઇ તે મીસાલ,
તેના જેવો બહાદુર નહીં સાંભળ્યો હાલ,
કાગરા મીસાલ કાળા આરબને હાથ
કતલ તે થયો દુઃખી દેલ સાથ.

ખોદા તેને દેજો જગા નેક પાક
કાળા તે આરબનું સીનું થાય ચાક."
માહુઇએ કહ્યું કે "અએ પહેલવાન!
શાહ છે મુજ ચશ્મ, મુજ રોશન રવાન.
કબુલ છું શાહને દેવા પનાહ,
શાહ ઉપર રાખીશ નજર નેગાહ."

હવે ફરૂરોખઝાદે લડાઇ માટે રએ ભણી કુચ કરી. થોડા વખતમાં માહુઇ બીવફા થયો. તેણે બીમાર હોવાના ઢોંગ કરી યજદજર્દ આગળ આવવાનું બંદ કર્યું. તેની બુરી મતલબ શાહનું રાજ્ય લેવાની હતી. તેણે બેજન નામના એક સરદાર ઉપર નીચે મુજબ પત્ર લખ્યો.

માહુઇનું બેજનપર નામું.

અએ સુખી ને આબાદ નેક પેહેલવાન!
ઉતર તું લડાઇ ને જંગને મેદાન.
આવ્યો છે શાહ અહીં લસ્કરની સાથ
કોલાહે ને તખ્ત અને તાજ સાથ.
જો આવે તું અહીં, તો આવે તુંજ હાથ
ગંજ ને ખજાનો તખ્ત તાજ સાથ.
વડીલોનાં વેરથી કર દેલ પુર
કર તેના સરથી શાહી કુલ દુર.

બેજને યજદજર્દ ઉપર કરેલો હુમલો—એ બેજન એક હુશીઆર પેહેલવાન હતો અને અસલમાં તુરાનના મુલકનો હતો. તે હાલમાં સમરકંદમાં હતો અને ઘણા લડાયક મિત્રો અને સાથીઓ ધરાવતો હતો. તેની ઉપર માહુઇએ છુપી રીતે ઉપલો પત્ર લખ્યો અને જણાવ્યું કે "પાદશાહ યજદજર્દ અહીં તેનાં લશ્કર અને તાજોતખ્ત સાથે આવ્યોછે માટે તારે માટે આ સારી તક છે. તું જો લશ્કર મોકલે તો ફાવે." આ પત્ર વાંચી બેજને પોતાના વજીરની સલાહ લીધી અને પોતે લશ્કરને લઇ જવાને બદલે બરસમ નામના પોતાના સરદારને ૧૦૦૦૦ આદમીનું લશ્કર આપી મોકલ્યો. આઠ દિવસના અરસામાં તો તે લશ્કર યજદજર્દનાં મકાનવાળાં શેહેરમાં જઇ પોહોચ્યું. ત્યાં એક પાછલી રાત્રે મર્દોના પોકાર સાથે લડાઇના કર્નાયના આવાજો નીકળ્યા.

યજદજર્દે એક ચક્કીનાં મકાનમાં આસરો લેવો—પાદશાહને ખબર પડી કે તુર્કો તેની સામે લડવા આવેછે. તે હજુર જાણતો હતો નહીં કે એ માહુઇનું કારસ્તાન છે. તે હથિયાર ભીરી લશ્કર સાથે બેજનનાં લશ્કર સામે લડવા ગયો. પણ તેણે તુરત જોયું કે માહુઈ બીવફા થઇ તેને લશ્કરની મદદ આપવાથી દૂર રહયો અને તેની શીખવણીથી લશ્કર લડાઇ કરવાથી દૂર રહ્યું. આવો મામલો જોઇ શાહ વીજળી માફક સેતાબ નાઠો અને રાત પડવાથી જર્ક નદીનાં કીનારા ઉપર એક ચક્કીખાનની એક આટો પીસવાની ચક્કીના મકાનમાં આસરો લીધો.(૧)

યજદજર્દે એક ચક્કીના મકાનમાં આસરો લીધો તે ઉપરથી શાએરનો વિલાપ.

આ દુનીઆના ફરેબનો એવો છે દોર
કે ચહડતી ને પડતીનો તેનો છે તોર.
બુલંદ જ્યારે હતું તેનું નેક બખ્ત
આકાશ તક હતું ગોયા તેનું તખ્ત.
ચક્કીમાં થયો છે હાલ તેનો થાગ
મધના મીઠાસ બદલ ઝેહેર તેનો ભાગ.
દાનાવ તું થા, રહે ખબરદાર
જગ સાથ ના બાંધ દેલ, નેક યાર!
ઠગારી જેહાંન સાથ ના બાંધ દેલ
તે હરદમ પોકારતી કરેછે ખેલ,
કે 'સામન તારો બાંધ, થા તું તૈયાર,
કબર સીવા નથી તારો કાંઇ ઠાર.'

સાએરના આ શબ્દો ગરીબોને માટે તેઓની ગરીબી કાજે ઘણા દીલાસા સમાન છે અને કહેછે કે કોઇની ચહડતી ઉપર પણ ભરસો રહી શકતો નથી.

---

(૧) કાશ્મીરમાં અને ઉત્તર હીંદુસ્તાનના મુલકોમાં નદીને કીનારે એવી ચક્કીઓ હાલ પણ આપણે જોઇએ છીએ.

તે ચક્કીનો માલેક એક ગરીબ્ કમસમજ પુરૂષ હતો. તેનું નામ ખુસ્રુ હતું. તેનાં ગુજરાનનો આધાર તે ચક્કી ઉપર હતો. સવારના પોહોરમાં પોતાની માથે ઘાસનો એક ભારો લઇ ચક્કી ઉપર આવતાં ભપકા ભર્યા પોષાક સાથના એક તાજદાર પુરૂષને જોઇ તે અજાયબીથી દંગ થઇ ગયો. તેણે તેને એમ આવી જગ્યાએ આવવા માટે સબબ પુછયો. પાદશાહે કહ્યું કે "હું એક ઇરાની છું અને તુર્કોને હાથે હાર ખાઇ અહીં નાસી આવ્યો છું," તે ચક્કીબાને કહ્યું કે જો "કુસ્કીની રોતી અને નંદી કીનારે ઉગતી ભાજી (તરે) તુંને ખાવા કામ લાગતી હોય, તો હું તે લાઉં. હું ગરીબ આદમી છું. મારી પાસે બીજું કાંઇ નથી. જે કાંઈ છે તે તંગદસ્ત યાને ગરીબોને ખાવા લાયક ખોરાક છે." પાદશાહે તે ખોરાક માંગ્યો અને સાથે બાજ ધરી ખાનું ખાવા માટે બર્સમ માંગી, કારણ બર્સમ ધરી બાજ ભણ્યા વગર તે ખાણું ખાતો નહીં હતો. પેલા ચક્કીબાન પાસે બર્સમ ન હતી. તેથી તે યજદજર્દ હજુર કુસ્કીની રોટી, છાસ અને ભાજી મેલી બર્સમ લેવા પડોશની દરેમેહેર (બાજગાહ એટલે બાજ ધરવાની જગ્યા) તરફ દોડયો. તેણે તે જર્ક ગામના વડા (મેહેતર), પાસે બર્સમ[1] માંગી.

હવે માહુઇએ યજદજર્દની નાસભાગની ખબર કાહડવા આજુબાજુ બધે કાસદો મોકલ્યા હતા, કે તેઓ સર્વ ગામોના વડાઓને ચેતાવે કે યજદજર્દની ખબર કાહડે અને તેને પકડે. તે ઉપરથી જર્કના પેલા મેહતરે જયારે બર્સમની માંગણી થતી સાંભળી ત્યારે પેલા ચક્કીબાનને પુછ્યું કે "તે કોણ માટે જોઇયે છે?" ચક્કીબાને સઘળી હકીકત જણાવી. પેલા મેહેતરે કહયું કે "ચાલ, એ સઘળી હકિકત આપણે માહુઇને જણાવ્યે; નહીં તો તે બૂરો ધણી આપણને હેરાન કરશે." તે પેલા ચક્કીબાન સાથે માહુઇ આગળ ગયો. માહુઈના પુછવાથી તે ચક્કીબાને તેને સઘળી હકીકત કહી. માહુઇએ તે સાંભળીને જાણ્યું, કે તે ધણી યજદજર્દ સીવાય બીજો કોઈ હોય નહીં. તેથી તેણે તે ચક્કીબાનને કહયું કે, "જા અને તેનું માથું ઉરાડી નાંખ. નહીં તો કે તું અને તારાં કોઇ સગાં વાહલાં જીવતાં રહેશે નહીં."

આ હોકમ સાંભળી માહુઈની દરબારના બીજા બુજોર્ગો ઘણા દલગીર થયા. તેઓમાંથી એક જેનું નામ જારૂઇ[2] હતું, તેણે નીચલા શબ્દોમાં તેને તેમ કરતાં વાર્યો:—

માહુઇએ ચક્કીબાનને યજદજર્દને મારી લાવવા હોકમ કર્યો ત્યારે મોબેદ જારૂએ તેને કહેલા સુખનો.

"અએ બુરા વિચારના બુરા મરદ!
આંધળી કરીછ દેવે તારી ખેરદ.
પએગમ્બરી અને પાદશાહી
એક વીંટીમાં છે બે જહવેર ખોદાઇ.
એ બેમાંથી એકને ભાંગે જે શખ્સ
તે રવાન ને અક્કલને કચડે છે બસ.
ખબરદાર! કેવું કરેછે કામ?
ખોદા થશે ગુસ્સે તું પર તમામ.
આવી પડશે તું પર દુઃખ ને ગજંદ,
ખેતર એવું ખેડશે તારાં ફરજંદ,
કે ફળ તેનાં કડવાં, લોહી તેનો પાક
પડી ઉંધે મસ્તક જોશે તું ખાક.
ઓલાદ તારી જોશે ન વસ્ત્ર કે અન્ન
કાળાં તારાં કરતુકનું મેળવશે ધન.
યજદાનની દીન કરશે તુંપર તબાહ
સેઆનત તુંપર નાંખશે તખ્ત અને ગાહ."

આ ભાપણમાં જારૂઇ એક પાદશાહનો દરજ્જો પએગમ્બર સમાન ગણી તેને માન

(૧). આપણે ખુસરૂ પરવેજના રાજની હકીકતમાં પણ જોઇયે છીયે કે તેના વખતમાં પણ રેવાજ હતો કે ખાણાં ઉપર એક ધણી બર્સમ લેઇ બાજ ધરતો. એ રેવાજ તેણે પોતાનાં એક ખ્રીસ્તી રાણીની હજુરમાં અમલમાં મેલવાથી તેઓ વચ્ચે મીનાકેશો ઉત્પન્ન થયો હતો.

(૨). કોઇ નકલ—દાખલા તરીકે કલકત્તા એડીશન—એ નામ માહુઇ આપેછે.

આપવા કહે છે. એ શબ્દો લોર્ડ બેકનના પાદશાહ માટેના આ શબ્દોની યાદ આપેછે કે

Remember that thou art a man
And Remember that thou art a Representative of God.

એક પાદશાહ તે જાણે ખોદાનો પ્રતિનિધી છે એમ શેકસપીઅર નીચલા શબ્દોમાં કહે છે.

Not all the water in the wide rough sea
Can wash the balm from an anointed king.
The breath of worldly men cannot depose
The Deputy elected by the Lord.

માહુઇને તેનાં બૂરાં કામથી વાળવા માટે ત્યારપછી મેહેરનુશ નામના તેના દરબારીએ તેને નીચે મુજબ કહ્યું.

માહુઇને વાળવા મેહેરનુશના શબ્દો.

અએ જાતે તું બૂરો ને બૂરી ઓલાદ,
નથી તુંમાં અક્કલ ડહાપણ કે દાદ.
પાદશાહનું લોહી રેડવા ડરેછ મગર
ભુખો એક વાઘ પણ રાખે છે ડર.
પણ જાનવરો કરતાં છે શું તું બદ
કે તખ્ત માટે કરેચ શાહને તું રદ?
મુઓ જ્યારે જમશેદ જોહાકને હાથ
જમાનાનું ચક્કર કેમ ફર્યું તે સાથ?
જ્યારે જોહાકે જીતી ઇરાન જમીન
પેદા પડયો તે વખ્ત ભલો આબતીન.
જનમ્યો તેનીથી ફરેદુન શાહ
આપી જેને દુનીઆને રાસ્તી ને રાહ.
તેને હાથ જોહાક બીદાદગર
સજા પામી થયો જીરો જબર.
ગુજર્યાં એ પર બીસીઆર સાલ,
સજા તેણે દીઠી સેવટને કાળ.
બીજો દાખલો લે તુરનો તું એમ,
કે દગાથી માર્યો એરચને કેમ.
જનમ્યો વંશથી મીનોચેર શાહ,
સજા કરી દેખાડયો રાસ્તીનો રાહ.
ત્રીજો દાખલો એ કે શીઆવક્ષ કેઆંન,
ભીડયાં તેણે હથીઆર કમ્મર મેઆન.
કર્સેવજના ફરેબથી અફ્રાસીઆબ,
શરમ મેલી ચશમથી થયો ખરાબ.
લીધો તેણે શાહજાદ જવાનનો જાન,
તેના પર ઉલટી ખલક ને જેહાન.
જેહાનદાર કએખુસ્રુ તેની તોખમ,
દુનીઆમાં તેની વાત બીશો કમ.
ખંજરથી માર્યો અફ્રાસીઆબ,
કીનો લીધો બાપનો તેણે સેતાબ.
ચોથો લે દાખલો જંગી અર્જાસ્પ,
કરેછે કતલ કેઆની લોહોરાસ્પ.
કીનો તેનો લે છે અસ્ફન્દયાર,
છોડતો નહીં તેને બઉ પલવાર.
પાંચમો લે દાખલો, કે અસ્ફન્દયાર
ને રૂસ્તમે માર્યો લડાઇને બાર.
મુઓ તે રૂસ્તમ સજા જોઇ ખુદ,
બહમને માર્યો તેનો સપુત.
છઠ્ઠો લે દાખલો, કે ફીરૂજશાહ,
ખુશનવાજને હાથે થયો તબાહ.
પણ સુફ્રાએ ઉઠાવ્યું કીનાનું સર,
ખુશનવાજને માર્યો જીરોજબર.
સાતમો એ દાખલો કે હોરમજદશાહ,
ને બેનદુહ ને ગશતહમે કર્યો તબાહ.
પણ ગાદીએ આવ્યો ખુશરો પર્વીજ,
કીનો તેણે લીધો સેતાબ ને તીજ.
ખોદાનો રાખ તું દીલમાં તરસ,
તે તખ્ત અને તાજ સઉ આપેછે બસ.
બીહુંદો ના થા, કર મા રૂસવાઇ,
બુરાંથી આવશે તું પર તવાઇ.
કહે ન જે તુંને સાચ્ચા સુખન,
જાણ તેને વેરી ને દુશ્મન તે ગણ.
હું છું એક તબીબ ને તું છે બીમાર,
લોહીના હું આંસુથી કરૂં પોકાર.
તું છે એક બંદો કમીન કમતર,
ગુમાન ના રાખ જાણે મેહેતર.
ખુનનો છોડ ખેઆલ, લે ખોદાનું નામ,
તુંજ હુનરથી મેળવ પાદશાહી તમામ.

આ ભાષણમાં મેહરનુશ તવારીખના દાખલા-

ઓથી નીતિમાન ઇનસાફ (moral justice)
ફતેહ દેખાડે છે.

જ્યારે તેના મોબેદોએ એક પછી એક એમ સારી શિખામણ દીધી ત્યારે માહુઇએ તેઓની મીજલસ બરખાસ્ત કીધી અને કહ્યું કે “ તમો હવે જાઓ. હું મારા થોડાક અનુભવી લશ્કરી સરદારોની સલાહ લેઇ કામ કરીશ.” પછી તેણે પોતાના સરદારોને બોલાવ્યા. તેઓમાં તેનો બેટો પણ હતો. તેણે બાપને યજદજર્દને મારવા ઉશકેર્યો. તેથી સેવટે તેણે પેલા ચક્કીબાનને ફર્માન આપ્યું કે યજદજર્દને મારી નાંખે. તે દિવસ ખોરદાદ મહીનાનો ત્રીસમો રોજ હતો. તે ચક્કીબાને ઘણી આનાકાની અને નામરજી સાથે એ કામ કર્યું. એ બાબે ફીરદોસી નીચલું વર્ણન કરેછે. એ વર્ણન મુજબ પેલો ચક્કીબાન પેહેલે ખોદા પાસે પોતાનાં કામ માટે માફ માંગેછે.

ચક્કીબાને યજદજર્દને માર્યો તેનું વર્ણન અને તેપરથી સાએરના વિચારો.

“ઓ રોશનીના સાહેબ ઓ ખાવીંદ પરવર !
જમાનાની ગીરદેશથી તું છે બરતર.
જે શખ્સે દીધું છે બુરૂં ફર્માન
બરગસ્તે કર તેનું દિલ અને જાન.”
બોલી એમ શરમાતો ગયો શાહ પાસં
આંખોમાં પાણી મોંહપર ફીકાશ.
શાહ પાસે ગયો ચુપકીદી સાથ
કહેવા હોય માંગતો કાનમાં કાંઇ વાત.
ખંજર એક ભોંકી સીનો કર્યો ચાક
આહે મારી પડયો થયો શાહ ખાક.
જમીન પર પડયો તે શાહ બા દર્માંમ,
પડયુંતું નજદીક ખાનું તમામ.
આ જગ સાથે બાંધે શખસ જે આસ
તેનામાં અક્કલ હોય નહીં ખાશ.
ગરેહો છોડે પોતાની રાહ
યજદજર્દ જેવા મરે જો શાહ.
તે જેવો મુઓ ન કોઇ તાજદાર
તે જેવો મુઓ ન જંગી સવાર.
આ ફરતા આકાશમાં નહીં અક્કલ કે મેહેર
દેખાડે ચોહોબત ને દરીઆમાં લેહેર
આ દુનિઆની મેહેર પર રાખ ના ચશ્મ
ઘડીકમાં ખુશી તો ઘડીકમાં ગમ.

હવે માહુઇના સીપાહોએ આવી, પાદશાહનાં શરીરને પડોશની જર્ક નામની નદીમાં નાંખી દીધું. બીજે દાહાડે બામદાદે પડોશના એક મઠના બે સાધુઓએ તે શરીરને નદીમાં તરતું જોઇ પાદશાહનાં કાલબુદ તરીકે તેને પીછાનીને બાહેર કાહાડયું અને તેનાં મરણ માટે શોક કરી, માહુઈ ઉપ[illegible] ેયાનત નાંખી.

યજદજર્દના કાલબુદ અ[illegible]ળ સાધુઓનો શોક.

શોકનો ઉઠાવ્યો મોટો પોકાર,
કએ નામના ઉઠાવનાર શાહ તાજદાર !
નહીં કોઇએ જોયો કે સાંભળ્યો અંહી,
તુંજ જેવો શાહ; કોઇ થશે પણ નહીં.
એક નોકર જે બૂરો ફર્માનબરદાર,
હલકો ને નીચ અને બદકાર.
પેહેલે દીએ પનાહ ને પછી કતલ,
એ માહુઈ પર હોજો લેઆનત અચળ.
અફસોસ કે આએ તાજ, સર અને બોર્જ,
અફસોસ કે આએ આંગ, બાજુ ને ગોર્જ,
અફસોસ કે આએ અરદેશરની ઓલાદ,
અફસોસ કે જવાન જેમ મજબુત પોલાદ,
અફસોસ કે સાસાની વંશનું તખત,
અફસોસ કે શાહોના વંશનું બખત,
અફસોસ કે પળવારમાં સઘળું તમામ.
પોંહોંચાડ ઓ શાહ ! નોશરવાનને પેગામ,
કે હતો જે તું એક અમારો શાહ,
ખુબસુરત, દેખાવડો જાણે એક માહ,
ખંજરથી ચીર્યું તેનું જીગર,
પાણીમાં ફેંકયું તેનું તન સર.

ત્યાર પછી યજદજર્દનાં શરીરને અવલ-મંજલ પોહોચાડવામાં આવ્યું. તે વખતે આજુબાજુથી વિલાપના ઘણાક શબ્દો નીચે પ્રમાણે બોલાયા.

યજદજર્દનાં કાલબુદને લઈ જતી વેળા બોલાયલા શોકના શબ્દો.

“ ખરો ભાગ્યશાળી તે શખ્સને જાણ
જે નેકી ને [illegible] સાથ છોડે આ જેહાંન.”

"ગમે તેવો સુખી દેખાય, મરદ
તેને પણ કાંઇ હોય દુઃખ ને દરદ.
તે ફરતાં આકાશથી ખાયછે ફરેબ
જે દેખાડેછ ચહડતી ને પડતીની એબ."
"હરગેજ તે શખ્સને દાના ના જાણ
જે શરીરને ફુલવે ન ખીલવે રવાન.
જે પૈસો ને પૈસોજ સંઘરે તમામ
નહીં સંઘરે રવાન કાજ નેકીનું કામ."
"શાહના થયા છે હોઠો બે બન્દ
ન જોતો તે તાજ કે તખત બુલન્દ.
નહીં જોતો મેહેર ન દરબાર ગાહ
નહીં મુલક, ન તાજ, ન તખત ગાહ.
આવતું નહીં જયારે એ સઘળું કાંઇ કામ
શા માટે રંજ ને મેહેનત તમામ?
ભલા આ શાહની પુરતી સીફત
કરી ન શકતી જબાન મારી ઝત.
બેહેસ્તના બાગમાં રોપ્યુંછ દરખ્ત
ફળ તેનાં જોશે રોશન તેનું બખ્ત.
યજદાંને તેડયું તારૂં રવાન
તન અમને સોંપ્યું, ગયું કુલ ભાન.
તુજ રવાનને હોજો સઘળી રાહત
તે નાપાકપર હોજો સઘળી લેઆનત.
બેહેસ્તી થશે આપણો આ શાહ,
તે નાપાક લેશે દોજખનો રાહ.
રૂહ તારૂં રેહજો ખુશ અને શાદ
હતી તારી અરદેશરની ઓલાદ.
તેં રોપેલાં ફળથી દિપે છે બાગ
પમરે છે જાણે રોશન ચેરાગ.
ઓ શાહ નામદાર! ઓ શેહેરયાર જવાન!
બીદાર ને અમર તારૂ રવાન."

બેજન અને મનીજેહ.(૧)

આજે મારાં વાંચન માટે જે દાસ્તાન મેં હાથ ધર્યું છે તે એક દુનિયાદારીની બાબત ઉપર છે. તે મોહોબતની બાબત ઉપર છે. તેથી કદાચ કોઇનાં મનમાં વિચાર આવે, કે હાલના પવિત્ર હીંગામ ઉપર પ્રેમ, પ્યાર, યા મોહોબતનું વાંચન અનુકુળ ન ગણાય. એ વિચાર અલબતે કુદરતી છે. પણ આપણે યાદ રાખવું, કે એક બાબત, પછી તે ગમે તેવી દુનિયાઇ હોય, તેને, આપણે કેવી રીતે હાથ ધર્યે છીયે તે ઉપર તેનાં ગંભીરપણાંનો યા તેથી ઉલટા વિચારનો આધાંર રહે છે. વળી દીનદારી પણ દુનિયાદારીને કાજેજ વધારે અગત ધરાવે છે. દીનદારી આપણુને શીખવે છે કે દુનિયામાં રહીને જીંદગી કેમ ગુજારવી. આવા પવિત્ર તેહેવારો ઉપર દુનિયાદારીમાં રહીને પણ કેટલીક હદે દીનદારીનો ખ્યાલ બાંધી શકીયે. દુનિયાદારીને આપણે અલબતે કેટલીક હદે દીનદારીથી જૂદી રાખવી. પણ સેવટે દીનદારી દુનિયાદારીને કાજેજ અગતની છે. દુનિયાદારીથી તદન દુર રહેવામાંજ દીનદારી સમાયલીછે, એમ નથી.

દુનિયામાં રહીને પણ એક માણુસ ચાહે તો મઠની જીંદગી ગુજારી શકે. જનક નામના એક હિંદુ રાજાને માટે કહેછે કે તે પાદશાહ હોવા છતાં સાધુઓની પરહેજગાર જીંદગી ગુજારતો હતો. કહેછે કે કેટલાક બહારગામના સાધુઓએ આ વાત માની નહીં કે જનક રાજા પાદશાહ હોઇને સાધુઓ જેવી શાંત ભલી જીંદગી ગુજારી શકે. તેઓમાંથી દસ જણે એ બાબે ખાતરી કરવા રાજા આગળ જવા માંગ્યું. રાજાએ તેઓને પોતાની પાસે આવવાની પરવાનગી આપી. પણ તે એવી સરતે, કે "તેઓ તેની દરબારમાં આવે ત્યારે માથાં ઉપર પાણીના ઘડા લઇને આવે. તેઓએ તપાસીને આવવું કે ઘડામાંથી પાણી તેઓનાં દીલ ઉપર છંટાય નહીં. જો તેમ્ થશે તો તેઓને મારી નખાવવામાં આવશે." તેઓએ તેમ કબુલ કીધું અને તેઓને જોવા શેહેરમાં ઠઠ મળી. તે સાધુઓ, શેહેરમાંથી પસાર થયા. પણ રખેને જરાક પણ આજુબાજુ નજર ફેરવતાં પાણી છલકાય, તેની ચીંતાથી સામુંને સામુંજ જોઈ ચાલ્યા, અને નહીં લોકોની ઠઠને કે નહીં શેહેરના આજુબાજુના દેખાવને જોયો.

તેઓ રાજા આગળ આવ્યા અને રાજાએ તેઓને આવકાર દીધો. પછી તેણે તેઓને પુછયું કે "મારાં શેહેર માટે તમોએ શું ધાર્યું? તે તમોને પસંદ આવે છે કે?" તેઓએ કહયું કે "રખેને અમારાં માથાપરના ઘડાનું પાણી છલકાય તેની ચીંતાથી અમો સામે સીધ્ધું ને સીધ્ધું જોઇ તપાસથી ચાલતા હતા, તેથી તારૂં શેહેર કેવું છે તે અમો જોઇ શકયા નહીં." રાજાએ કહયું કે "આ યુકિત મેં તમોને આ દેખાડવા કીધી હતી, કે એક રાજા, દુનિયામાં રહી દુનિયાનો કારોબાર કરવા છતાં, ચાહેતો પોતાની નજર એકજ સીધ્ધા માર્ગ ઉપર રાખી આજુબાજુની લાલચોથી ખેંચાય નહીં અને સાધુ જેવી જીંદગી ગુજારી શકે, એ બની શકે

---

(૧) આ દાસ્તાનનું વાંચન ગાથા ૪ થો સને ૧૨૭૪ યજદજરદી તા૦ ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૦૫ ને દીને રાત્રે ૮-૩૦ કલાકે, બજ્મે જશને રૂજે ઓહુરમજ્દની મંડળી તરફથી જરથોસ્તી અંજુમનનાં આતશબેહેરામમાં મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી કંત્રાકટરવાળા હોલમાં આપ્યું હતું.

એમ છે. તમારી આજુબાજુ ગંજાવર ઠઠ મળી હતી અને સુંદર શેહેર પડયું હતું, તે છતાં તમો સીધ્ધી નજર રાખીને જેમ ચાલી શકયા, તેમ હું મારી જીંદગીમાં ચાલી શકું છું."(૧)

આ વાર્તા સુચવે છે, કે દુનિયાદારી વચ્ચે દીનદારી જળવાઇ શકાય છે. માટે આવા પવિત્ર દિવસો ઉપર પણ ખાલેસ પ્યાર, મોહોબત અથવા લગન જેવી બાબતોનો વિચાર ગંભીર રીતે કીધો હોય તો તે બોધ દેવા વગર રહેતો નથી.

શાદીના ગાંઠમાં જોડાઇ લગનની ભલી જીંદગી ગુજારવી, એ તો આપણા ધર્મનું એક ખાસ ફરમાન છે. કહે છે કે આપણા જવાનો લગનની પરણેલી જીંદગીથી દૂર રહેવાનું પસંદ કરે છે. તેઓ માટે કદાચ આજનું વાંચન બોધ લેવા જોગ થઇ પડે, કે દુઃખ, આફત અથવા મુસ્કેલી વખતે, એક ભલી બાનુ કેવી આશીર્વાદ સમાન થઇ પડે છે. આપણામાં પરણેલી જીંદગીને દીનદારીનું એક સાધન ગણ્યું છે. તે સબબેજ, જયારે ખ્રીસ્તી, હીંદુ યા બુધ્ધીસ્ત ધર્મોમાં મઠ (Monastery)ની જીંદગી એક અગતની જગ્યા લે છે, ત્યારે આપણામાં, શું અસલી ઇરાની જમાનામાં કે હાલમાં, મઠની જીંદગી માટે કોઇ જગ્યા રાખી નથી. હાલના સુધરેલા ગણાતા ખ્રીસ્તી ધર્મમાં પણ "મઠો" અગતની જગ્યા લે છે. મઠના જીંદગીને પરણેલી જીંદગી સાથે, ખુદ ઓરત જાત સાથે, કાંઇ પણ સંબંધ નથી, એવું દેખાડવા માટે, કહે છે કે, કોઇક મઠોમાંથી ઓરત જાતનો પગ હમેશાં દૂર રાખેલો હોયછે. એઓમાં એથોસનો પહાડ (Mount Athos) મઠોની પવિત્ર જગ્યા ગણાઇછે. તેમાં કહે છે કે કોઇ પણ સ્ત્રીને દાખલ થવાનો અટકાવ છે, એટલુંજ નહીં, પણ ત્યાં કોઇ જાનવર લાવવામાં આવે તો તે પણ નરજ હોવું જોઇએ. માદા જાનવરને વટીક ત્યાં લાવવાનું ફરમાન નથી. વળી કહે છે કે તેના ચોકસ ભાગમાં કોનસ્ટનટાઇનના વખત પછી કોઇ દહાડે પણ સ્ત્રીઓનો પગ મેલવા દેવામાં આવ્યો નથી. એક લખનાર કહે છે, કે ત્યાં તેણે એક સાધુને જોયો, જેની ઉમર આસરે ૩૦ થી ૩૫ વર્ષની હતી. તેને ત્યાં એક નાનાં બાળક તરીકે લાવવામાં આવ્યો હતો અને તેને કોઇ દાહાડે કોઇ પણ સ્ત્રીને જોએલી યાદ નથી.

હવે એવા વિચારો આપણાં ઇરાની સાહીત્યની વળાણથી વેગળાં છે. આપણાં સાહીત્ય મુજબ જેમ એક નર અશો હોયછે તેમ એક નારી પણ અશો હોયછે. સ્ત્રી જાતી માટે એટલો ઉમદો ખ્યાલ એ સાહીત્યમાં બાંધેલો છે, કે ધારવામાં આવે છે, કે અનિતીની કાંઇ પણ શરૂઆત થાય તો તે મરદને લીધેજ હોય છે. માટે આશીર્વાદમાં મરદને શીખામણ દેવામાં આવે છે કે "અજ જને કસાન પરહીખ્તાર બાશ," એટલે "પારકી સ્ત્રીથી દૂર રહેજે," પણ સ્ત્રીને શીખામણ દેવામાં આવતી નથી.

વળી ખાલેસ પ્યાર અને મોહોબત ઉપર કુલ જગતની રચના અને યોજના અને અરસપરસનો સંબંધ છે. પ્યાર અને પ્યાર વચ્ચે, મોહોબત અને મોહોબત વચ્ચે ફેર છે. તે દાદાર આપણી ઉપર, આપણુ બંદાઓ માટેના પ્યારથીજ અમલ ચલાવેછે.

હાલમાંજ થોડુંક થયું પ્રગટ થયલી એક ચોપડી, નામે Thoughts and Fancies on Love માં આવી મોહોબત માટે કેટલાક વિચારો આપ્યાછે. તેનો લખનાર કહેછે તેમ માણસજાત માટે ત્રણ ચીજ જાણે નહીં છુટી શકાય તેવી જરૂરની છે અને તેમાં એક મોહોબત છે. તે કહેછે કે "The three eldest children of Necessity, are God, the World, and Love.

(૧) The Mystic Ascetics and Saints of India by J. C. Owen.

એ બાબે તે કહેછે કે મોહોબત તે જાણે ખોદા કરતાં પણ વધારે જરૂરની એક ચીજ છે.

"Could one necessary existence be more necessary than another, Love might almost be deemed more necessary than God; for love without God we can conceive, but God without Love we cannot."

તે લખનાર ખોદાંની હરવેસ્પ તવાનાઇ પણ તેની મોહોબતને લાગુ પાડેછે. તે કહેછે કે God is Omnipotent, because all loving.

તે કહેછે કે ખોદાનું જાણે મુળ સ્વરૂપ મોહોબત છે. તેની શક્તિ તો તેનો એક સદગુણ છે. તેથી તેની "મોહોબત" તેની શક્તિ કરતાં વધારે ચહડતી છે.

Love is God's essence; Power but his attribute, therefore is his love greater than his power.

ધણી ધણીયાણી વચ્ચેનો પ્યાર, એ આ દુનિયામાં વ્યાપી રહેલા પ્યાર (Universal Love)નું એક સ્વરૂપજ છે. હું અને તમો આપણ સર્વ એવા ખાલેસ પ્યારનાંજ ફળ અને પરીણામ અથવા ફરજંદ છઇએ. માણસ માણસ વચ્ચેના સંબંધમાંથી, મરદ અને સ્ત્રી વચ્ચેના સંબંધમાંથી ખાલેસ મોહોબત યા પ્યારનું તત્વ દૂર કરો, અને પછી જોશો કે જીંદગી પોતાની ખરી મોજ ખોહી દઇ સીહા દિસે છે.

ત્યારે આજનું દાસ્તાન, જોકે તે એક ઇરાની જોડાંની મોહોબતનું દાસ્તાન છે, તોપણ તે કેટલાક પ્રકારના બોધ વીનાનું ખાલી નથી.

૧. પેહેલો બોધ તે આપણ હજુર આ ધરે છે, કે આપણાં અસલી ઇરાન વતનમાં કેટલાક ઉમરાવ ખાનદાનના નબીરાઓ હતા, કે જેઓ કામ પડવે—યુરોપના શુરાતણ (Chivalry) ના જમાનાના નાઇટો (Knights)ની માફક—જ્યાં પણ માણસ જાત ઉપર મુશકેલી જેવું દિસતું, ત્યાં તે મુશકેલી ટાળવા જતા હતા.

૨. બીજું આ કે એક ભલી ધણીયાણી પોતાના ધણીની બાજુએ તેની મુશકેલીના વખતે ધણી અગવડો, દુઃખ અને ભુખમરો વગેરે ખમીને ઉભી રહેવાને તતપર રહે છે. મનીજેહ એવા પ્રકારની એક બાનુનો દાખલો રજુ કરે છે.

૩. આપણને આગલા જમાનાના નરોનાં ભલાં કામોજ બોધ દે એમ નથી. તેઓની ભુલોએ પણ આપણને ઘણોક બોધ દેવો જોઇએ અને આપણને ઘણું શીખવવું જોઇએ. બેજનની ભૂલ આપણને આ શીખવેછે. બેજનની ભૂલ આ હતી, કે તે કોઇ પારકા ધણીનાં મકાનમાં, તે ધણીની પરવાનગી વગર દાખલ થયો અને તે ધણીની બેટી સાથે તેણીના પીતાની પરવાનગી વગર પ્યારમાં પડી શાદીના ગાંડમાં જોડાયો.

હવે લગનની બાબતમાં આપણા ઇરાની વડીલોનો રેવાજ આ હતો કે લગનમાં જેમ પરણતાં જોડાંમાંનાં બેઉની બાહાલીની જરૂર છે, તેમ તેઓનાં માબાપની બાહાલીની જરૂર છે. ફકત માબાપો પોતાનાં ફરજંદો માટે બાયડી યા ખાવીંદ શોધી કાહાડે અને તેઓને પરણાવે, એમ ન હતું. જો તેઓ એમ જોડું શોધી કાહાડતાં તો અવસ્યનું હતું કે તેઓએ પોતાનાં ફરજંદોની પણ તે પસંદગી ઉપર બાહાલી યા પસંદગી મેળવવી. જો એક બેટા યા બેટી પોતે પોતા માટે એક બાયડી યા ખાવીંદ પસંદ કરતાં, તો તેઓ માટે જરૂરનું હતું, કે તેઓ પોતાની પસંદગી ઉપર પોતાનાં માત-પીતાની બહાલી યા પસંદગી મેળવે.

હાલમાં પ્રગટીકરણ (Evolution)નું અનુમાન આ જગતની જીંદગીની તપાસની ઘણીક બાબતોમાં અગતનો ભાગ લેછે. એ અનુમાનના સંબંધમાં લાયકની ચુંટણી (selection or survival of the fittest) નો નિયમ ઘણો અગતનો ભાગ લેછે. હવે કેટલાક વિદ્વાનો પ્રગટીકરણનો આ નિયમ લગનના સંબંધમાં પણ લાગુ પાડેછે. તેઓ કહેછે કે કુદરતમાં આ નિયમ વ્યાપી રહયોછે

કે પેદાયશોની કોઇ જાતી (species) માં જે જાતી વધુ લાયક હોય તે કાયમ રહે અને ઓછી લાયક હોય તે નાશ પામે. એ નિયમ લગનના સંબંધમાં પણ લાગુ પડે. એક નર યા નારી પોતા માટે વધુ લાયક નારી યા નર પસંદ કરે તો, તેઓને ત્યાં તને અને મને લાયક ફરજંદોની વૃદ્ધી થવાનો અને તેઓની પેહેડી કાયમ અને ચાલુ રેહવાનો વધારે સંભવ છે. હવે એક જવાન નર યા નારી, જેઓ દુનિયાઇ કામોમાં હજુર તો તુરતનાં પડેલાં, તેઓ પોતાનાં કમ અનુભવથી પોતા માટે કોઇ લાયક જોડાંને, કોઇ લાયક સ્ત્રી યા મરદને સારી રીતે પસંદ કરી શકે નહીં. પણ તેઓનાં માતપીતા, જેઓને દુનિયાનો વધારે અનુભવ, જેઓ આજુબાજુનાઓને વધારે પીછાણે, તેઓ પોતાનાં ફરજંદો માટે કેઇ સ્ત્રી લાયક છે યા કયો મરદ લાયક છે, તે વધારે સારી રીતે પીછાણે એવો સંભવ હોયછે. માટે લગન જેવી ગંભીર બાબતમાં જવાન પુરૂષ સ્ત્રીઓએ પોતાનાં માબાપની પસંદગી યા બાહાલીને વધારે વજન આપવામાં તેઓને પોતાનો ફાયદો થવાનો વધારે સંભવ છે. વળી તેથી કુલ માણસ જાતનો સુધારો વધારો થવાનો સંભવ છે.

હવે ગમે તે રીતે લેઓ, પણ બેજને પોતાના માતપીતાની સલાહ લીધા વગર, અને ખુદ મનીજેહના માતપીતાની સલાહ લીધા વગર, મનીજેહ સાથ શાદીમાં જોડાવામાં મોટો જોખમ ખેડયો, અને તેનું પરીણામ તેણે કેટલીક હાડમારીમાં જોયું. અલબતે તેની બાનુ મનીજેહ એક ભલી બાયડી નીવડી અને તેણીએ પોતાના પતી માટે ઘણું દુઃખ ખમ્યું અને તેને સેવટે મુસ્કેલીમાંથી છોડવ્યો. પણ જો બેજને મનીજેહ માટેની પોતાની ખાલેસ મોહોબત પોતાના માતપીતાને જાહેર કીધી હતે, અને મનીજેહ પાસે પણ તેમ કરાવ્યું હતે, તો કદાચ તે ઘણી મુસ્કેલીમાંથી બચતે.

હવે ખુદ દાસ્તાનની બાબત ઉપર આવતાં ફીરદોસી કહેછે કે એક દિવસે પાદશાહ કેખુસરો ખુશીખુરમીની મિજલસમાં બેઠો હતો એવામાં એક દરબાન આવી કહેવા લાગ્યો, કે "કેટલાક અર્માનીઓ દરવાજા ઉપર આવ્યા છે અને તું પાદશાહને મળવા માંગે છે." શાહે તેઓને દરબારમાં બોલાવ્યા. તેઓ દાખલ થયા અને જારી અને મીનતજારી કરવા લાગ્યાં અને રડીને અરજ કીધી, કે તેઓના મુલકમાં ભૂંડોનો ઉપદ્રવ ઘણો થયો છે, જે તેઓને પાયમાલ કરે છે માટે તે ભૂંડોનો નાશ કરવાના કાંઇ ઉપાય લેવા. તેઓએ કરગરીને નીચે પ્રમાણે કહયું:—

અર્માનીઓની શાહને અર્જ.

જીવજે તું બહુ ઓ ફતહેમંદ શાહ!
જીવવાને લાયક તુંજ જીંદગીની રાહ.
શેહેર છે અમારૂં અહીંથી બહુ દૂર,
એક હાથ પર ઇરાન, બીજા પર તુર.
"ખાન અર્માનશી," શેહેરનું છે નામ,
લાવ્યા છીયે ત્યાંના લોકનો પેગામ.
અમર્ગ તું જીવજે, શાહ નેક નામ!
કુલ જગતમાં ફેલાજો તારૂં બહુ માન.
કેસ્વર, જે સાત, તેનો તું શાહ,
જુલમની સામે તારી પનાહ.
તુરાનની હદપર અમારૂં શેહેર,
આવી છે ત્યાં બલા ને કેહર.
ઇરાન સરહદપર આવ્યું છે રન,
ચિંતાતુર કરે છે અમારૂં મન.
ખેતી બહુ થતી જંગલને દાર,
ઝાડો બહુ સુંદર ત્યાં મીવેદાર.
જાનવરો પાળતા અમો. ત્યાં, શાહ!
તે માટે માંગીએ તારી પનાહ.
આવ્યાં છે ભૂંડો, નથી શુમાર,
ફેલાયાં જંગલ ને ખેતીને દાર,
પીલ જેવા દાંત, પહાડ જેવાં તન,
શેહેરને કુલ કર્યું વેરાન જેમ રન.
ચોપગાં ઢોર, ખેતર ફળદ્રુપ,
એ સઘળાંનું ફેરવ્યું નાશ કરી રૂપ.
દરખ્ત અમારાં પુરાના ખાશ,
દાંતોથી ઉખેડી કર્યાછે નાશ.
દાંતો છે તેઓના એવા તો સખ્ત,
કે નાશ કરી સઘળું કરે બદબખ્ત.

એ ખબર સાંભળી પાદશાહ કેખુસરૌનું દીલ બહુ દુઃખી થયું. તેણે પોતાના દરબારીઓને પોકાર મારી કહયું કે "તમારામાંથી કોણ એ લોકોનું દુઃખ ટાળશે? જે કોઇ એ કામ માથે ઉઠાવશે, તેને હું જરજવાહેરથી નવાજીશ." પછી એક ખજાનાનો ખુમચો રજુ કરી અને સોનેરી લગામના ૧૦ ઘોડાઓ શણગાર સાથ તૈયાર કરાવી, પોતાના દરબારીઓને પુછયું કે, "તમારામાંથી કોણ એવો છે, કે જે મારી રંજને પોતાની રંજ ગણે, અને એમ ગણી મારા ગંજને પોતાનો ગંજ કરવા માંગે?" દરબારીઓમાંથી કોઇએ જવાબ આપ્યો નહીં, પણ બેજન ઉઠી ઉભો થયો અને હરોલમાં આવ્યો અને કહેવા લાગ્યો, કે "ઓ પાદશાહ! તારે ખાતર મારૂં તન અને મારો જાન આપવા તૈયાર છું." ગેવે જયારે બેજનને આમ હામ ભીડતો જોયો, ત્યારે તેણે, એ કામ તેને માટે મુસ્કેલ ધારી, તેને વાળ્યો કે, "તું તારી જવાની ઉપર મગરૂર નાં થા. એક જવાન, જોકે ગોહરથી દાના હોય, તોપણ તેને અનુભવની જરૂર છે. તેં હજુ સારૂં માઠું જોયું નથી, માટે નહિ જોયલે રસ્તે જવું સારૂં નથી." પોતાના બાપના એ સખુન સાંભળી બેજન ગુસ્સે થયો અને બાપને કહ્યું કે "તું મારા ઉપર સુસ્તિનો શક ના રાખ. હું કામમાં જવાન છું, પણ વિચારમાં ઘરડો છું." બેજનના આ સખુનોથી શાહ ખુશી થયો અને ગુર્ગીનને કહ્યું કે "બેજનને અર્માનીઓના મુલકનો રસ્તો ખબર નથી, માટે તું એની સાથે રસ્તો દેખાડવા જા."

બેજને તૈયારી કીધી અને સફરે નિકળ્યો અને રસ્તામાં શિકાર કરતો કરતો ભૂંડોના જંગલમાં આવી પહોંચ્યો અને તેઓનો નાશ કરવા લાગ્યો. તેણે ગુર્ગીનને કહ્યું કે "તું પણ એઓનો નાશ કરવા માંડ, અથવા તો એક બાજુએ થા, અને હું ભૂંડોનો શિકાર કરૂં, ત્યારે પાણીના ચશમા આગળ બાજુએ ઉભો રહે; જયારે જંગલમાંથી પોકાર ઉઠે ત્યારે તું હોંશ રાખી ગુરજ ઉઠાવજે અને જે ભૂંડો મારા જખમથી બચી તારા ભણી આવે તેને તું મારજે." ગુર્ગીને જવાબ આપ્યો કે "આપણે પાદશાહ સાથ એમ ગોઠવણ કરી હતી નહિ. ગોહર અને સોનું રૂપું તો તેં ઉઠાવ્યું હતું, અને આ કામમાં કમર તો તેં બાંધી હતી; માટે આ કામમાં મારી મદદ ના માંગ. મારૂં કામ તો ફકત જગ્યા દેખાડવાનું છે." જયારે બેજને એ સુખનો સાંભળ્યા ત્યારે અજબ થયો અને પછી એકલો ભૂંડોને મારવા પડયો અને તેઓનો નાશ કર્યો.

પોતાના દેશમાં જો કોઈ જીઆનગાર જાનવરોનો ઉપદ્રવ થતો હોય અને તેથી રૈયતના જાનમાલની ખરાબી થતી હોય તો તે ઉપદ્રવ ટાળવો એ એક ભલા પાદશાહની ફરજ છે. કેખુસ્રુએ તેમ કર્યું. એજ મતલબથી આપણી સરકાર સાપ, વરૂ જેવાં જીઆનગાર પ્રાણીઓનો નાશ કરવા માટે દર સાલ સેંકડો રૂપીઆ ખરચે છે. કોઇક વાર કોઇ મુલકમાંનાં ખેતરોમાં ઉંદરોનો ઉપદ્રવ વધેછે તો તેવે વખતે તેના નાશની યોજના રચવા એક ખાસ મંડળ (Rat Commission) નેમે છે. એક ભલા પાદશાહ તરીકે, ત્યારે કેખુસ્રુએ બેજન અને ગુર્ગીન વિગેરેનું એક 'કમીશન' નેમી ભુંડોનો ઉપદ્રવ ટાળ્યો.

જયારે ગુર્ગીને બેજનને પોતાના કામમાં ફતેહમંદ નીવડેલો જોયો ત્યારે બહારથી બેજનપર આફ્રીન કીધી, પણ મનમાં દિલગીર થવા લાગ્યો. પોતે તેને મદદ નહિ કીધી હતી, તેની બદનામીથી તે ડરવા લાગ્યો. હવે તેને આહરેમને ઘેર્યો, અને તેણે જવાન બેજનને એક ફાંદામાં ફસાવવાની કોશેશ કીધી. તેણે તેને કહ્યું કે "અહીંથી બે દહાડાના રસ્તા પર તુરાનની સરહદપર એક ઘણી સુંદર ફુલફળાદીની અને ખુશ આબોહવાની જગ્યા છે. ત્યાં ઘણી ખુબસુરત સ્ત્રીઓ રહે છે અને ત્યાં અફ્રાસીઆબની ખુબસુરત બેટી મનીજેહ પણ રહે છે." જવાન બેજન, ગુર્ગીનના વર્ણનથી લલચાયો અને ત્યાં જવા નિકળ્યો. ભૂંડોના શિકારમાં બેજને મેળવેલી ફતેહથી,

ગુર્ગીન તેની તરફ જરા અદેખો થયો હતો. તેથી તેનાં મનમાં બેજનને હેરાન કરવાની મતલબ હતી. બેજનની મતલબ ભલી હતી. જ્યારે પેલી સુંદર જગ્યાવાળાં જંગલમાં તેઓ આવ્યા, ત્યારે ગુર્ગીને મનીજેહની ખુબસૂરતીનું વર્ણન પાછું કર્યું. બેજન બોલ્યો કે, "હું આગળ જાઉં છું, અને દૂરથી જોઉં, કે તુરાનીઓની રાહરસમ કેવી છે." પછી તેણે ખાસ સુંદર પોશાક પેહર્યો, અને જરજવાહેર તથા તાજ પેહરી, પાદશાહી શણગારના ઘોડાપર સવાર થઇ મનીજેહના મકાન તરફ ગયો. ત્યાં આવી આફતાબના તડકાથી એક ઝાડની નીચે આશરો લીધો. એવામાં મનીજેહ ફરતી ફરતી ત્યાં આવી, અને બેજનને જોઇ તેણીની મોહોબત તેના ઉપર દોડી. તેણીએ પોતાના એવાનમાં જઇ પોતાની દાસીને બેજન આગળ મોકલી. તેણીએ કહ્યું કે, "જા, જઈને જો, કે પેલાં ઝાડની નીચે પેલો ખુબસૂરત જવાન કોણ છે? તે જાણે સીઆવક્ષ પાછો જન્મ્યો હોય તેવો છે, યા પરી હોય તેવો દિસે છે. તેને પુછ, કે 'તું શા કાજે અહીં આવ્યો છે? તુંને અહીં કોણ લાવ્યું છે? તું પરીજાદો છે યા તું સીઆવક્ષ છે? તું મરદ છે યા પરી છે?'" પેલી દાસી બેજન આગળ ગઇ અને મનીજેહનો પેગામ કહ્યો. બેજને જવાબ દીધો કે "હું નથી સીઆવક્ષ, કે નથી પરીજાદ. હું ઇરાનથી આવ્યો છું. હું ભૂંડોનો નાશ કરવા આવ્યો છું. હું ઈરાન ભણી પાછો ફરવાને બદલે અફ્રાસીઆબની બેટીનો ખુબસૂરત ચેહેરો જોવાની ઉમેદમાં અત્રે આવ્યો છું. જો તું મને તે ખુબસૂરત બાનુ આગળ લઇ જશે, તો હું તુંને ઘણી ભેટ સોગાદ આપીશ." પેલી દાસી મનીજેહ આગળ ગઇ અને બેજનની ખુબસૂરતીની તારીફ કીધી. મનીજેહે તે ઉપરથી બેજનને તેડી લાવવા તે દાસીને મોકલી અને તે દાસી પાછી આવીને બેજનને તેડી ગઇ.

બેજન મનીજેહના તંબુમાં આવ્યો. તેણીએ તેને સારો આવકાર દીધો, અને તેની ખબરઅંતર પુછી અને ખાતરદારી કીધી. ત્રણ દિવસ સૂધી એમ મનીજેહે બેજનની ખાતરદારી કીધી. જ્યારે ત્રણ દિવસ પછી બેજન જવા નિકળ્યો, ત્યારે મનીજેહે દાસીઓને કહીને શરાબ મંગાવ્યો અને કેફદાર શરાબ તેને પાઇ બેહોશ કરી રાતને વખતે તેને ઉઠાવીને છુપાછુપ પોતાના મેહલમાં લઇ ગઇ. ત્યાં તેને બીદાર કીધો અને ત્યાં આવવા માટે કાંઇ અંદેશો નહીં કરવા કહ્યું, અને દિલાસો દઇ તેને ઘણી ખુશી ખુરમીમાં પોતાના મેહલમાં રાખ્યો. કેટલાક દિવસ પછી અફ્રાસીઆબના ભાઇ કર્સેવજને ખબર પડી, કે મનીજેહે મેહલમાં કોઇ બીગાના ધણીને છુપાવ્યો છે. તે શા કાજે તુરાન તરફ આવ્યો હતો, તે ખબર જાણતાં કર્સેવજ અફ્રાસીઆબ આગળ દોડયો, અને તેને સઘળી હકીકતથી વાકેફ કર્યો. અફ્રાસીઆબ ઘણો ગુસ્સે થયો, અને બોલ્યો કે "જેને ત્યાં છોકરી હોય, તે જોકે તાજ ધરાવતો હોય, તોપણ કમનસીબ ગણાય." પછી તેણે કર્સેવજને ફરમાવ્યું કે, "સવારોની સાથે તું મેહલમાં જા, તેના બારણાંઓ બંધ કર, અને તેમાં આવેલા બીગાના શખ્સને અહીં પકડી લાવ."

કર્સેવજ અફ્રાસીઆબનો હુકમ સાંભળી, મનીજેહના મેહલ ભણી સવારો સાથે ગયો. તેણે મેહલના દરવાજા બંધ જોયા, અને અંદર રંગરાગ ચાલતો હતો, તેના અવાજ સાંભળ્યા. તેણે દરવાજા ભાંજયા અને અંદર દાખલ થયો. બેજન ખુશીખુરમીમાં મશગુળ હતો. તેનાં તનપર કાંઇ પણ હથિઆર નહીં હતાં, સિવાય એક ખંજર, કે જે તે હમેશાં પોતા સાથ રાખતો હતો. તે ખંજર ખેંચી તેણે પોતાનું નામ નિશાન કર્સેવજને જાહેર કીધું અને કહ્યું કે "જો તું લડવા માંગતો હોય, તો હું લડવા અને તુરાનીઓના સર કાપવા તૈયાર છું. જો તું મને તુરાની પાદશાહ આગળ લઇ જાય, તો હું તુંને સઘળી હકીકત કહું અને તું તેને સમજાવ કે તે મારૂં ખુન નહીં રેડે." જ્યારે કર્સેવજે તેને એ પ્રમાણે

ખંજર સાથ તૈયાર જોયો, ત્યારે સોગંદ ખાઇ તેની તરફ ઇમાનદાર થવા જણાવ્યું અને તેને શિખામણ દેવા લાગ્યો. પછી વચન આપી તેનું ખંજર તેણે મેલાવી દીધું. એમ દગલબાજી અને મીઠી જબાનથી તેણે તેને બંદમાં લીધો, અને પછી તેના હાથ પગ બાંધી લીધા. પછી તે, બેજનને અક્રાસીઆબ આગળ લઇ ગયો. ત્યાં બેજને અક્રાસીઆબને નીચે પ્રમાણે કહ્યું :—

બેજને અક્રાસીઆબને કહેલા સુખનો.

સાંભળ વાત મારી, તું અએ શેહરયાર!
ઘટે કે રાસ્તી કરે અખત્યાર.
નથી શોધી ખુશીથી તુરાનની ખાક,
આવવામાં અહીં નથી મારો વાંક.
ભુંડોની જંગ કાજ છોડયું ઇરાન,
ત્યાંથી હું આવ્યો આ સુંદર મકાન.
ઝાડની એક હેઠળ કર્યો તો ખાબ,
કે દૂર રહે મારાથી સૂર્યનો તાપ.
પરી એક આવી ને ફફડાવ્યાં પર,
પકડીને લીધો છાતી ઉપર.
ઘોડાથી દૂર કરી પકડયો રાહ,
મનીજેહનું લશ્કર આવ્યું તે ગાહ.
તુરાની છત્ર દિસ્યું બહુ દૂર,
પકડનાર હતા સવારો તુર.
અંબારી હતી તેઓને મેઆન,
ઢાંકીતી ચાદર ન દિસે નિશાન.
બેઠીતી તેમાં એક ખુબસુરત નાર,
હતી તે સુંદર સ્ત્રી તાજદાર.
બેસાડયો મને તેના પર ખાસ,
લઇ ગયા મને નારીની પાસ.
લાવ્યા ઓ શાહ! તુજ મેહલને દ્વાર,
ત્યાંસુધી થયો નહીં હું બીદાર.
નથી તેમાં મારો ગુનાહ અએ શાહ!
નથી તેમાં મનીજેહનો ગુનાહ.
તે લલચાવનાર પરી હતી બદબખ્ત,
અજમાવ્યું મુજપર જાદુ બહુ સખ્ત.

બેજનના આ સખુનો સાંભળી અક્રાસીઆબે કહ્યું કે "તું આએ સઘળી વાત જુઠી કહે છે. હાલ તું જ્યારે મારે હાથ બંદ પડયો છે ત્યારે એવી ખોટી વાત કહી છુટવા માંગે છે." એ સુખન સાંભળી બેજને કહ્યું કે—

અક્રાસીઆબની તાનાજની સામે બેજને કહેલા સુખનો.

સાંભળ મુજ સુખન અએ શેહરયાર!
સાંભળીને અક્કલ કર અખત્યાર.
ભૂંડો ને સંહીઓ, દાંતો ને અંગ
ધરાવી કરેચ લડાઇ ને જંગ.
પેહેલવાનો રાખે શમશીર કમાન,
હથિઆરથી કાહાડે દુશ્મનનો ઘાણ.
બાંધેલા હાથનો બંદીવાન એક,
ધરાવે નહીં જે હથિઆર અનેક,
હથિઆર વિના લડે તે કેમ
ધરાવે જોકે દલેર તે નેમ?
હોય તારી ખાહેશ એવી જો શાહ
કે દલેરી મારીપર કરે નેગાહ,
આપ મને ઘોડો, ગુરજ બારદાર,
ચુંટી કાહાડ તારા હજાર સવાર.
જો લડાઇમાં રાખું જીવતો એક જણ,
તો મરદ તું મને કદી ના ગણ.

જ્યારે અક્રાસીઆએ બેજનના એ સુખનો સાંભળ્યા ત્યારે ગુસ્સે થયો અને કર્સેવજને કહ્યું કે, "આએ શખસે બૂરૂં કામ કીધું છે, અને વળી સામી સરજોરી કરી લડવા માંગે છે, માટે એને ફાંસી દે, કે હવે પછી કોઇ ઇરાની એવી સરજોરી કરવાની હિમ્મત કરે નહિ." ત્યારે કર્સેવજ બેજનને દરબારમાંથી બહાર લઇ ગયો. બેજનને પોતાની આવી હાલત જોઇ રડવું આવ્યું અને નીચે પ્રમાણે બોલ્યો :—

બેજનનો સંતાપ.

જો દાદારે લખ્યું એવું મુજ બખ્ત
કે બૂરા જમાનાથી મરૂં હું સખ્ત,
તો ફાંસી ને મોતથી કરતો નહિ દર,
પણ ઇરાની નરોની રાખું ફીકર.

નેઆગાનનાં નામોની રાખુંછું તર્સ,
મોત પાછળ મારશે તાણો કોઇ શખ્સ.
અફસોસ! કે દુશ્મન થાશે ખુશાલ
અફસોસ! કે મારીપર લાવશે બદ આલ.
અફસોસ! કે શાહના દીદાર ને નૂર
ને ગેવના દીદારથી પડયો હું દૂર.
શાહ તરફ દોડ, અએ શેતાબ પવન!
પેગામ તું પહોંચાડ ઇરાન વતન,
બેજનની જા અને કહે તું ખબર
કે જુલમ કેમ પાડેચ બૂરો શીર નર.
કેશવાદના ગોદરેજને કહે તું પેગામ
કે ગુર્ગીનના કામથી ખોહયું મેં નામ.
તેનેથી પડયો બલામાં બંદ
નથી કોઇની મદદ, થયો દર્દમંદ.
ગુર્ગીનને કહે 'અએ બદ પેહલવાન!
જવાબ શું દેશે મને તે જેહાન?'

બેજનનો એ વિલાપ અને જારી ખોદાતાળાએ સાંભળી તેની ઉપર મેહેર કીધી. પીરાન વજીરનું તે જગ્યાએ આવવું થયું. તેણે કોઇને ફાંશી ચઢાવવાની તયારી જોઇ પુછયું કે "પાદશાની ઇતરાજી કોણ ઉપર ઉતરી છે?" કર્સેવઝે જવાબ આપ્યો કે "એ બેજન છે, કે જે તુરાનના શાહનો દુશ્મન છે." એ સાંભળી પીરાને ઘોડાને એડ મારી અને તુરત બેજન આગળ આવ્યો અને તેને રડતો અને હાથ બાંધેલો અને ફીકો પડી ગયલો જોઈ પુછયું, કે ઇરાનથી ત્યાં તે શા કાજે આવ્યો હતો. બેજને સઘળું પોતાનું દાસ્તાન પીરાનને કહ્યું. તેની હકીકત સાંભળી પીરાનને તેની ઉપર દયા આવી અને તેની આંખમાંથી આંસુ પડયાં.

પીરાન તુરાનના દરબારીઓમાં બુજોર્ગ ડાહ્યો પીર મરદ (Nestor) હતો. તે શાહને હંમેશ સારી શિખામણ દેતો. તેણે શાહને સીઆવક્ષને મારવાથી વાળવાની કોશેશ કરી હતી, પણ તે ફોકટ ગઇ હતી. તેણે તાલમેલથી શાહ કેખુસરોનો જાન બચાવ્યો હતો.

પીરાને હુકમ આપ્યો કે "બેજનને ફાંસી દેવાનું હાલ થોડો વખત મોકુફ રાખો, અને એને અહીંજ રાખો. હું પાદશાહને મળું અને નેક માર્ગ દેખાડું." તે સેતાબ ઘોડાપર અફ્રાસીઆબ આગળ ગયો અને કુર્નેશ બજાવી. અફ્રાસીઆબે જોયું કે તે કાંઈ ખાહેશ રાખેછે. તેથી કહ્યું, કે "તારી જે ખાહેશ હોય તે માંગ. જોઇએ તો જર જવાહેર માંગ." પીરાને જમીનને બોસો દેઇ નીચલી અર્જ કીધી.

બેજનનો જાન બચાવવા પીરાને અફ્રાસીઆબને કહેલા સુખનો.

જાવેદાન રેહજે કાયમ તુંજ તખ્ત,
તખ્ત વિના રેહેજે ના તુંજ બખ્ત.
દુનિયાના શાહોમાં વખણાએ તું શાહ
ખોરશેદથી ચઢી છે તારી પનાહ.
મિલકત જે મારી, તે તારા પ્રતાપ,
શું ઘોડા કે લશ્કર કે શક્તિ કે આપ.
આરજુ છે મારી, ન પોતાને કાજ,
સેવક છું તારો, નથી મોહતાજ.
તારી બરકતથી છું હું આબાદ
બુજોર્ગો હતા મારા નેકજાદ.
પણ મને છે ગમ, કે કોઇનો આરામ
લુંટાઇને ગુમ થાય ન મારૂં નામ.
કેટલીવાર દીધી મેં શિખામણ શાહ
કેટલીવાર સલાહપર આપી નેગાહ?
સુખનો મારા ન કર્યા પસંદ
વધુ નહીં આપી મેં સલાહ કે પંદ.
"સીઆવક્ષને ના માર," કહયું મેં એમ,
"દુશ્મનો થાશે ને કરશે સેતમ.
સીઆવક્ષ, જે ધરાવેચ તોખમે કેઆન
મેહેરબાની તારી પર બાંધેછ મેઆન,
તે ખાતર ઈરાન કાઢશે બહુ ધાણ
શું ખેશી કે પરીવન્દના લેશે તે જાન."
સીઆવક્ષને માર્યો થયો નાદાન,
જેહરને તેં ભેર્યું શરાબને મેઆન.
ભૂલી તું ગયો ગેવે દલીર
પેહેલવાની સરદાર રૂસતમે શીર.
શું જોયુંછે કમ ઇરાનને હાથ
કર્યું જે તેઓએ તુરાનની સાથ?

બે ભાગ તુરાનને કર્યું ખરાબ
ખરાબ તેની કરી કીર્તિ ને આબ.
હજુર તેનો કિનો રૂસ્તમે સામ
વિસર્યો નથી. પુરો તમામ.
હજુર તેની રૂસ્તમ રાખે છે યાદ
ખૂન તેનું રેડવા થાય છે શાદ.
કિનો તું શોધી તજેછ આરામ
ઝેહરનું તે ફુલ તું સુંઘેછ શું કામ?
જો બેજનને મારશે ને રેડશે તું લોહી
તો તુરાનને નાંખશે કિનાથી ધોઈ.
સેવક છું તારો, તું ખેર્દમંદ
જીગરથી કર તું અક્કલ પસંદ.
વિચાર કે કિનાથી થાશે શું કામ?
ઇરાનના શાહથી શું જોશે તમામ?
દિસેછ, કે રોપેછે તારે ખુદ હાથ
કિનાનાં દરખ્તને. ખુદ ફળ સાથ.
એવડો જો થાશે કિનો એએ શાહ!
તો ટકી નહિ શકશું થશું તબાહ.
મુજ કરતાં વધુ ઓળખેછ તું ગીવ
ને રૂસ્તમ જે ધરાવેછ દલેર બહુ જીવ
ને કેશવાદનો ગુદરેજ પોલાદ જેવું અંગ
નબીરાને ખાતર કરશે તે જંગ.

અફ્રાસીઆબે પીરાનને કહ્યું કે, "બેજનથી મને શું નુકસાન થયું છે તે તું જાણતો નથી. ઇરાન અને તુરાનમાં મારી છોકરીને લીધે મારી રૂસવાઈ થઇ છે, જેથી જાવેદાન મારા નામને ખરાબ લાગ્યું છે." પીરાને દુઆ દઇ કહ્યું કે "જયારે તું પાદશાહ કહે છે તેમ છે, ત્યારે તેને મારી નાંખવા કરતાં કેદખાનામાં બંદ કરવો, એ સારૂં છે."

ત્યારે અફ્રાસીઆબે કર્સેવજને ફરમાવ્યું, કે "બેજનના હાથ મજબુત જન્જીરે બાંધી તેને ઉંડા ગારમાં બંદ કર, કે જ્યાં સૂર્ય કે ચંદ્રનાં કિરણ જઇ શકે નહીં. તે ગારના મોંહ ઉપર ભારી પથ્થર ઢાંક. પછી મનીજેહને જઇને તેણીના મેહેલમાંથી બહાર કાઢ અને તે ગાર આગળ લંઇ જઇ મેલી તેણીને કેહ કે 'તું મારી ઉપર દુનિયાની શરમીંદગી લાવીછે, માટે તું હવે આ ગારમાં નેગાહ કર્યા કર.'" કર્સેવજે એ પ્રમાણે કર્યું. બેજનને ગારમાં બંદ કીધો, અને મનીજેહને તેણીનું તાજ અને ઝહવેર સઉ લેઇ લઇ, ગાર આગળ જંગલમાં એકલી મેલી. તેણી રાત દહાડો ત્યાં રહેતી અને દરરોજ રખડી રઝળી કયેથી ખાણું લાવી બેજનને તે ગાર ઉપરના પથ્થરના શુરાખમાંથી આપતી.

હવે પેલી બાજુ ગુર્ગીને બેજનની એક દહાડો રાહ જોઇ, અને જયારે તે પાછો ફર્યો નહિ, ત્યારે પોતાનાં કામ માટે પસ્તાવો કરવા લાગ્યો. જે જંગલ તરફ તેણે બેજનને મોકલ્યો હતો, ત્યાં તે તેને શોધવા ગયો. તેને ત્યાં બેજનના ઘોડાને જયારે સવાર વગર ખાલી જોયો, ત્યારે ઘણો દલગીર થઇ પસ્તાવા લાગ્યો અને રડવા લાગ્યો. પછી તેને શાહપર બેજન ગુમ થવાનો પેગામ મોકલ્યો. શાહે તે પેહેલાં ગેવથી છુપાવ્યો. પણ પછી જયારે ગેવને પણ તે બાબેની ખબર થઇ, ત્યારે રડતી આંખે સવાર થઈ, તે સામે ગયો કે કદાચ ગુર્ગીને તેને કયે ફસાવ્યો હોય. સામે જતાં તેને ગુર્ગીન મળ્યો. તે ઘોડા ઉપરથી ઉતરી ગેવ આગળ શરમીંદો દલગીર થતો આવ્યો. જયારે ગેવે ગુર્ગીનના હાથમાં બેજનનો ખાલી ઘોડો જોયો ત્યારે ઘણો દલગીર થયો અને જારી કરવા લાગ્યો. તે ખોદાતાળાને અરજ કરવા લાગ્યો કે "ઓ ખોદા! જયારે મારો એક પુરો છોકરો જતો રહયોછે, ત્યારે મને પણ તેડી લે." એમ ઘણી મીનતજારી કરી તેણે ગુર્ગીનને બેજનની હકીકત પુછી, કે તેનું શું થયું? અને તેનો ઘોડો તેના સવાર વગર કેમ આવ્યો? ગુર્ગીને ગેવને બેજન માટે કેટલીક ખોટી વાતો જણાવી. તેણે કહ્યું કે "અમો અર્માનીઅન લોકોના મુલકમાં ગયા અને ત્યાં સંખ્યાબંધ ભૂંડો અમારી સામે આવ્યાં અને અમો સિંહની માફક તેઓ સાથે લડયા અને તેઓનો નાશ કર્યો. એમ તેઓનો નાશ કરી અમો ઇરાન તરફ પાછા

ફરતા હતા. કે માર્ગમાં એક સુંદર ગોરખર અમને મળ્યું. તેના બાલ ગોદરેજના ગુલ-ગુન ઘોડાના બાલ જેવા સુંદર હતા. તેનો ચેહેરો ફરહાડના ખન્ગે શબાહન્ગ ઘોડા જેવો હતો. તેનું કદ સીમોર્ગ જેવું હતું, અને તેની ખરી પોલાદ જેવી હતી. તેનું માથું કાન અને પુછડી બેજનના શબ રંગ ઘોડા જેવી હતી. તેની ગર્દન સિંહના જેવી હતી અને તેની દોડવાની ઝડપ પવનના જેવી હતી. તું કહેશે કે રખશની ઓલાદનું તે જાનવર હતું. તે ગુરખર બેજનની સામે આવ્યું અને બેજને તેને પકડવા તેની ઉપર કમન્દ નાંખી. કમન્દ નાંખતાં તે ગુરખર નાસવા લાગ્યું, અને બેજન તેની પછવાડે દોડયો. તે ગુર-ખરના દોડવાથી અને તેની પાછળ બેજનના દોડવાથી મેદાનમાં ધૂળારૂં થઇ રહ્યું. જમીન દર્યાની માફક જોશમાં આવી અને તે ગોર-ખર નાસી ગયું. બેજન તેની પુઠે ગયો. હું પછી તેઓ પાછળ ગયો પણ મને બેજનનો કસ્સો પત્તો મળ્યો નહીં, પણ આ તેનો જીન વગરનો ઘોડો મારે હાથ લાગ્યો, અને મને ગુમાન આવ્યું કે એ ગોરખર કદાચ સફેદ દેવ હશે અને તે એ રૂપે આવ્યો હશે." આ બધી ખોટી ખોટી વાત ગુર્ગીને કહી, પણ તેના ચેહેરા ઉપરથી ગેવને લાગ્યું કે તે ફગલાઇ ગયો હતો અને તેનું પાપ તેનાં મોંહ ઉપર બોલતું હતું.

ગેવનાં મનમાં આવ્યુ કે તે એકદમ ગુર્ગીનને મારી નાંખે, પણ તેણે પોતાના ગુસ્સા ઉપર કાબુ રાખ્યો અને વિચાર કીધો કે "એને હું પાદશાહ કેખુસરો આગળ લેઇ જાઉં કે પાદશાહની પોતાની પણ તેના માટે ખાતરી થાય." એમ ધારી ગુર્ગીનની ઉપર ફીટકાર નાંખી તે તેને પાદશાહ આગળ લેઇ આવ્યો. તેણે રડતી આંખે પાદશાહને કહ્યું કે—

ગેવ જયારે ગુરગીનને શાહ આગળ લેઇ ગયો ત્યારે તેનો વિલાપ.

દુઆ તું પર હોજો અએ શેહરયાર!
ખુશી તું કરજે હંમેશ અખત્યાર.
અએ અનુશેરવાન જેહાનદાર શાહ!
થયો છે મારો સીતારો સીહા.
એક પુરો હતો બેટો જવાન
રાત દીન ખુશ મારૂં તેથી રવાંન.
બેટાની મોહોબતથી બળતોતો જાન
જુદાઇથી તેની ઝળતું રવાન.
આવ્યો છે ગુર્ગીન હવે ઓ શાહ!
જબાન તેની ખોટી રવાન પુર ગુનાહ.
બેટાની કહેછે તે બુરી ખબર
બેટો જે માહરો ખરો રેહબર.
ઘોડો તે લાવ્યો, ખાલી છે જીન,
સવારની તેના ન નિશાન કે ચીન.
શાહથી માગું છું ઇનશાફનો રાહ
થાય મારા દુઃખનો તે દાદખાહ.
ઇનસાફ તું કર અએ શેહરયાર!
ગુર્ગીને કર્યોછે મને ખોહાર.

ગેવના આ સુખનો સાંભળી પાદશાહે તેને પુછ્યું કે ગુર્ગીન શું ખુલાસો કરેછે! ત્યારે ગેવે ગુર્ગીને જે કહ્યું હતું તે જણાવ્યું. પાદ-શાહે તેને દિલાસો આપ્યો કે "તું ફિકર ના કર. તારો બેટો જીવતો છે. હું થોડા વખતમાં તુરાન ઉપર સીઆવક્ષના કિનામાં હુમલો કરવા માંગું છું. તે વખતે બેજનની આપણને ખબર મળશે અને તે આપણી સાથે દુશ્મન સામે લડવા આવશે."

ત્યારપછી ગુર્ગીન ધ્રુજતો અને બીહતો પાદશાહની દરબારમાં આવ્યો. પાદશાહે તેનાથી બેજનની હકીકત જાણવા માંગી. તે ફીકો પડી ગયો અને ધ્રુજવા લાગ્યો, અને જંગલ અને ભૂંડો માટે તરેહવાર ખોટી વાતો કહેવા લાગ્યો. તે ઉપરથી પાદશાહ પામી ગયો, કે એ સઘળું ખોટું બોલે છે. તેણે તેને બહુ ઠપકો આપ્યો અને પછી લુહારોને તેડાવી તેના હાથમાં બેડી ઠોકાવી. પછી ગેવને દિલાસો દઇ કહ્યું, કે "તું સઘળે ઠેકાણે બેજન માટે ખોળ કરાવ. પણ જો તેનો પત્તો નહિ મળે, તો તું ફર્વર્દીન મહિના સુધી થોભ. જ્યારે બહારની મોસમની શરૂઆત થશે, ત્યારે

હું ખોદાતાળાની બંદગી કરી મારી જેહાનુમા જામ[1]માં જોઇશ, કે બેજન કયાં છે? તેમાં તે મને માલૂમ પડયા વગર રેહશે નહિ."

ત્યારપછી ગેવે આજુબાજુ ઘણી પણ ખબર કહડાવી, પણ બેજનનો પત્તો મળ્યો નહિ. એટલામાં નોરોજનો દિવસ આવ્યો, અને તે દિવસે પાદશાહે બંદગી કરી ખોદાતાળાને યાદ કીધો. પછી પેલી જામમાં નજર કીધી. તેણે સઘળા સાતે કેસ્વરોમાં તે જામ મારફતે જોયું, તો સેવટે બેજનને કેર્ગસાસ લોકોના મુલકમાં જોયો, જયાં તે ભારી જંજીરમાં એક ગારમાં બંધ પડયો હતો, અને દુઃખથી છુટવા મોત માંગતો હતો, અને તેની પાસે પાદશાહી ખાનદાનની એક ખુબસુરત છોકરી તેની સેવામાં ઉભેલી હતી.

પાદશાહે ગેવને એ ખબર કહી અને તેને કહ્યું, કે "તે બંદમાં છે, તેથી તું દિલગીર ના થા, પણ ખુશી થા; કાંકે કાંઈ નહિ તો તે હૈયાત છે, અને એક જવાન ખુબસુરત સ્ત્રી તેની સેવામાં છે. અલબતાં તે ઘણો દુઃખમાં તો છે, અને તે દુઃખથી કંટાળી મોત માંગેછે. હવે એ સંકટમાંથી તેને કોણ છોડવી શકશે? હું ધારૂંછું કે રૂસ્તમ તેમ કરશે. તું મારૂં નામું લઇ સીસ્તાન જા, અને તેને મારી પાસે તેડી લાવ." એમ કહી એક લાંબુ વિગતવાર નામું રૂસ્તમ ઉપર લખાવ્યું, તેમાં તેનાં આગલાં બહાદુર કામોની તારીફ કરી અને પછી આ મુસ્કેલીમાંથી બેજનને છોડવવા તેને પોતા પાસે તેડયો. પાદશાહે તે નામા ઉપર પોતાની મોહોર કીધી, અને દરરોજ બબે મંજલ કાપતો ગેવ તે નામું લઇ રૂસ્તમને મુલક જાબુલસ્તાન પ્હોંચ્યો.

જાબુલસ્તાનમાં રૂસ્તમના મેહલના મિનારા ઉપરથી ચોકીબાને ગેવની ટુકડીને સેતાબ કુચ કરતી આવતી જોઇ પોકાર કરી જાહેર કર્યું કે "હેલમંદ નદી તરફથી બુલંદ ધજા સાથે કોઇ લડાયક ટુકડી આવેછે." એ પોકાર સાંભળી બુઢો જાલ ઘોડા ઉપર સવાર થયો, કે કદાચ તે કોઇ દુસ્મન હોય, તો સામે થાય. તે સામે ગયો અને જોયું તો ગેવ આવ્યો હતો. તેણે મનમાં ધાર્યું, કે વળી પાદશાહ ઉપર કાંઇ મુસ્કેલી આવી પડી હશે. તેણે ગેવને સઘળી હકીકત પુછી. ગેવે તેને સઘળી બીના કહી, અને પુછ્યું, કે "તેહમતન રૂસ્તમ કયાં છે?" જાલે જવાબ દીધો, કે "તે તો શિકારે ગયોછે." ગેવે શિકારના જંગલમાં જવા માંગ્યું, ત્યારે જાલે કહયું, કે "સૂર્યાસ્ત થતાં તો તે પાછો ફરશે." આથી ગેવ ત્યાંજ થોભ્યો, અને સાંજ પડતાં રૂસ્તમ આવી પહોંચ્યો. ગેવ રડતી આંખે તેના સામે ગયો. રૂસ્તમ ચિંતામાં પડયો, કે ઇરાન ઉપર અને પાદશાહ ઉપર કાંઇ આફત આવી પડી હશે. તે ઘોડા ઉપરથી ઉતર્યો અને ધીમેથી ગેવને ઈરાનના મુલકની અને પાદશાહ કેખુસરોની અને બીજા પેહલવાનોની નામ બ નામ હકીકત અને ખેરઆફીઅત પુછી. એમ પુછતાં, જયારે તેણે બેજનનું નામ દઇ તેની ખબરઅંતર પુછી, ત્યારે ગેવ ફોકેફોક રડવા લાગ્યો. તેણે રૂસ્તમને બેજનની સઘળી હકીકત કહી, અને કહયું કે "ફર્વર્દીન મહિનો અને હોરમજદ રોજે આતશકદેહમાં બંદગી કરી જેહાનુમા જામમાં જોઇ પાદશાહે શોધી કાહડયુંછે, કે બેજન તુરાનના મુલકમાં બંધ પડયોછે." આ હકીકત જાણી રૂસ્તમ ઘણો દિલગીર થયો, કારણ ગેવ તેની બેટી બાનુ ગોશસ્પ સાથે પરણ્યો હતો, અને બેજન તે બેટીના પેટનો છોકરો હતો. પછી તેણે ગેવને દિલાસો દીધો, કે "ફિકર ના કર, ખોદાતાળાએ મેહેરબાની કરી મને જે કૌવત આપ્યુંછે, તે કૌવતની બરકતથી પાદશાહના હુકમને માન આપી હું તારા બેટાને છોડવીશ."

તેઓ વાત કરતા કરતા મેહેલ ભણી ગયા. રૂસ્તમે પાદશાહનું નામું વાંચ્યું, અને ગેવને

(૧) "જેહાનુમા જામ" માટે જુઓ, મારા "ઈરાની વિષયો" ભાગ બીજો, પાના ૭૫ થી ૯૨. "શાહ જમશેદ અને જામે જમશેદ" નો વિષય.

પાછો દિલાસો દઇ કહ્યું, કે "મારા જાનનો, મારાં લશ્કરનો, મારા કુલ ખજાનાનો પણ ભોગ આપી હું બેજનને છોડાવીશ." ગેવ આ દિલાસાના સખુનોથી ખુશી થયો. રૂસ્તમે તેને ત્રણ દિવસ આસાયશ લેવા કહ્યું, અને ત્રણ દહાડા ખુશીખુશાલી, ખાણીપીણી અને રંગરાગમાં કહાડયા. પછી, તે, પોતાના બેટા ફરામર્ઝને જાબુલસ્તાનના મુલકની નેગેહદારી સોંપી, ચોથે દિવસે, ઇરાન તરફ, શાહ કએખુસ્રુની દરબારમાં જવા નિકળ્યો. જ્યારે પાદશાહનું શેહેર બે દિવસની મંજલ ઉપર રહ્યું, ત્યારે ગેવ રૂસ્તમનો હુકમ લઇ છુટો પડયો, કે આગમચથી જઇ પાદશાહને રૂસ્તમના આવવાની ખબર આપે. તે શાહ આગળ ગયો અને પાદશાહે રૂસ્તમના આવી પહોંચવાની વાત જાણી ઇરાની સરદારોને તૈયાર કર્યા, કે તેઓ રૂસ્તમને એસતેકબાલ લેવા જાય. તેઓ તેમ ગયા, અને તેઓને જોઇ રૂસ્તમ ઘોડા ઉપરથી ઉતર્યો અને તેઓ પણ ઉતર્યા અને બગલગીરી કીધી. પછી એકમેકની ખેરઆફીએત પુછીને પાછા ઘોડા ઉપર સવાર થઇ પાદશાહની દરબારમાં તેઓ આવી લાગ્યા. રૂસ્તમ ઘોડા ઉપરથી ઉતરી પાદશાહ આગળ ગયો અને કુર્નેશ બજાવીને તેની ઉપર ઘણીક દોઆઓ કીધી. હોરમજ્દ, બહમન અને અરદીબેહેસ્તને નામે, અને બેહરામ, તીર, શેહરેવર, સ્પંદારમદ, દે, ફર્વર્દીન, આદર, આવાં, અમરદાદ અને ખોરદાદને નામે દુઆ કીધી. પાદશાહે રૂસ્તમને પોતાની પાસે બેસાડયો, અને જહવારે, ફરામર્ઝ અને જાલની ખબર અંતર પુછતાં, રૂસ્તમ બોલ્યો, કે તેઓ પાદશાહની મેહેરથી સુખી હતા. પછી પાદશાહે બાગમાં એક મિજલસ સમારી સઘળા પેહેલવાનોને મેજબાની આપી. ખાણા બાદ પાદશાહે બેજનને છોડવવા માટેની વાત કહાડી. રૂસ્તમે પોતાની ખુશી દેખાડી કહ્યું કે, "હું જાઉં, અને આકાશ મારા માથા ઉપર આતશનોં વરસાદ વરસાવે, તોપણ હું એ કામથી પાછો ફરીશ નહિ."

ગુર્ગીન, જે બંદીખાનામાં બંધ હતો, તેને જ્યારે રૂસ્તમની આવવાની ખબર પડી, ત્યારે તેણે રૂસ્તમને કરગરીને પેગામ કેહવાડયો, કે તેને છોડવે. તેણે પોતાનો ગુનાહ કબૂલ કીધો અને માફી ચાહી. રૂસ્તમે તેને ઘણા ઠપકાના શબ્દો કેહવાડયા, અને જણાવ્યું, કે જો બેજન સલામત છુટી આવંશે, તોજ તેનો છુટકારો મળશે; નહિં તો નહિંજ. રૂસ્તમે પાદશાહને અરજ કીધી કે ગુર્ગીનને છોડે. પાદશાહે ના કહ્યું, કે "ગમે તો મારૂં તાજ અને તખ્ત માંગ, પણ એનો છુટકારો ના માંગ, કારણ બેજન છુટે નહિ, ત્યાંસુધી તેને નહિ છોડવાનો મેં હુકમ કીધોછે." રૂસ્તમે કહ્યું, કે "તું તેને મારે સ્વાધીન કર. હું તેને મારા કબ્જામાં રાખીશ." ત્યારે પાદશાહે ગુર્ગીનની બેડી કઢાવી નાંખી તેને રૂસ્તમને હવાલે કીધો.

આ પછી રૂસ્તમ તુરાન ભણી બેજનને છોડવવા જવા નિકળ્યો. પાદશાહે કહ્યું, કે "તુંને જોઇએ તેટલું લશ્કર અને ખજાનો મારી પાસે માંગ, અને મને કહે; કે તારી સાથે કોણ કોણ પેહેલવાનોને તું લેવાનો છે." રૂસ્તમે કહ્યું કે "એ બાબેની ગોઠવણ મારે છુપી રીતે કરવી જોઇએ. બેજનને છોડવવા માટે ઘણાં લશ્કર કરતાં ઘણા ખજાનાનું કામ છે. મારે તુરાનમાં એક વેપારીના વેશમાં જવું જોઇએ. તે માટે ઘણો પોષાક, કાપડ અને એવી બીજી ચીજો મારે રાખવી જોઇએ."

રૂસ્તમના આ સખુનો સાંભળી પાદશાહે ફરમાવ્યું, કે ખજાનાનો દરવાજો ખોલી રૂસ્તમને પુષ્કળ ખજાનો અને જરજવાહીર આપે. તેણે ૧૦ ઉંટ ઉપર સોનું લાધી લીધું, અને ૧૦૦ ઉંટ ઉપર તરેહવાર કાપડ અને રૂપું ભરી લીધું; પછી પોતાની સાથે ૧૦૦૦ ચુનંદા સિપાઇઓ લીધા. વળી તેણે પોતાની સાથે ગુર્ગીન, જંગે સાવરાન, ગસ્તમ, ગુજારેહે, રેહામ, ફરહાદ, અને અશ્કશ, એ સાત પેહેલવાનોને લીધા.

બામદાદે મરવાના પોકાર સાથે સઘળાઓ તૈયાર થયા, અને તુરાન ભણી કુચ કરવા માંડી. કુચ કરતા કરતા જ્યારે તુરાનની સરહદ ઉપર આવ્યા, ત્યારે રૂસ્તમે સઘળા પેહલવાનોને પોતાની પાસે બોલાવીને કહયું, કે "તમે હવે અહીં થોભો. જ્યાંસુધી તમો સાંભળો, કે હું માર્યો ગયોછું, ત્યાંસુધી ધિરજ રાખી અહીંજ રેહજો. જરૂર પડે તો લડવા માટે તમો હંમેશાં તૈયાર રેહજો."

રૂસ્તમ અને તેની સાથેના થોડાક વફાદાર પેહલવાનો, વેપારીઓનો પોષાક પેહરી, તુરાનની સરહદમાં એક વેપારી વણજાર તરીકે દાખલ થયા. પોતાની સાથે તેઓએ આઠ ઘોડા—તેમાં રૂસ્તમનો રક્ષ અને બીજા સાથીઓના ઘોડા—રાખ્યા, અને દશ ઉંટ જરજવાહીરનાં અને બીજાં ૧૦૦ ઉંટ પોષાકનાં રાખ્યાં. એમ તૈયાર થઈ તેહમુરસની કરનાએના અવાજ સાથે તેઓ આગળ ચાલ્યા અને જંગલ તેઓની કુચથી હળીમળી રહયું. રૂસ્તમની એ વેપારી વણજાર કુચ કરતી કરતી ખોટનના મુલકમાં આવી પહોંચી. તે મુલકમાં અફ્રાસીઆબનો વજીર પીરાન રેહેતો હતો. પીરાન શેહેરની બહાર ગયલો હતો. તે પાછો આવેછે એવી જ્યારે રૂસ્તમને ખબર પડી, ત્યારે તેણે કેટલીક ભેટસોગાદ તૈયાર કરાવી અને તે પોતાના નોકરોને માથે આપી પોતે હરોલમાં ચાલતો પીરાન માટે ભેટ લઇ ગયો. રૂસ્તમે પીરાનને સલામ કીધી અને તેની ઉપર દુઆ કીધી. પીરાને રૂસ્તમને તેના વેપારી લેબાશમાં પિછાન્યો નહિ, અને બોલ્યો, કે "તું કોણ છે? અને કયાંથી આવ્યોછે? અને શા કાજે આવ્યોછે?" રૂસ્તમે જવાબ દીધો, કે "હું તારો એક બંદો છું. ખુદાતાળાએ મારૂં દાણુ પાણી તારાં શેહેરમાં કર્યુંછે. હું ઈરાનથી તુરાન ભણી લાંબી કુચ કરતો વેપાર અર્થે આવ્યોછું. મારો ધંધો વેચ લે કરવાનો છે." પછી રૂસ્તમે પોતા સાથે લીધેલી કેટલીક ભેટસોગાદ અને થોડાક આરબી ઘોડા પીરાન આગળ ભેટ દાખલ રજુ કીધા.

પીરાન આ ભેટ જોઇ ખુશી થયો અને રૂસ્તમનો ઉપકાર માન્યો, અને કહ્યું, કે "તું મારાં શેહેરમાં રહે, અને બેફિકર તારો વેપાર ચલાવ. તારા માલને કોઇ હાની ન પ્હોંચાડે, તે માટે ચોકીઆનો વગેરેની હું ગોઠવણ કરીશ. ગમે તો તું મારા મેહેલમાંજ રહે." રૂસ્તમે પોતે મેહેલ બહારજ જૂદો રેહવાની પરવાનગી માંગી અને એક જગ્યા લઇ ત્યાં પોતાની વેપારી વખાર ઉઘાડી. શેહેરમાં અને આજુબાજુનાં ગામોમાં ઇરાનથી એક મોટો વેપારી આવષાની અને તેણે પોતાની પેહડી ઉઘાડવાની વાત ખબર પડી અને ગામેગામથી બીજા વેપારીઓ અને લોકો રૂસ્તમની વખારે વેપારની ચીજો ખરીદવા આવવા લાગ્યા. ગામેગામ આ નવા વેપારીની વાત ફેલાઇ.

હવે મનીજેહનાં સાંભળવામાં પણ એ વાત આવી, કે ઇરાન દેશ તરફથી એક મોટો વેપારી પોતાની વણજાર સાથે આવી ખોટનના શેહેરમાં રહ્યો છે. તે ખબર સાંભળી, તેણી રડતી આંખે, તથા ઉઘાડે માથે, રૂસ્તમ આગળ આવી. તેણીએ વિચાર કર્યો, કે "એ ઇરાનીઓને મારા બેજનના ઉંડા ગારમ કેદ પડવા વિષેની કાંઇ ખબર છે કે નહિ. તે જઇને હું તેઓને પુછું, અને તેઓથી વાકેફ થાઉં, કે બેજન વિષેની ઇરાનના શાહને અને ઇરાનના સરદારોને કાંઇ ખબર મળીછે યા નહિ." એવા વિચારથી તેણી રૂસ્તમ વેપારી આગળ આવી, અને સલામ કરીને બેજન બાબે ઇરાનીઓને કાંઇ ખબર છે કે નહિ, તે પુછયું. તેણીએ કહ્યું કે—.

મનીજેહે રૂસ્તમને કરેલા સવાલો.

જીંદગીનો ગંજ તેં જોયો ખુશાલ,
ના હોતો તું પર રંજ બૂરો કાળ!
મોરાદ માફક ફરજો આકાશ બુલંદ,
ના હોજો તુંપર દુઃખ કે ગજંન્દ!
મોરાદ જે તારી હોય દરમેઆન,
ના પ્હોંચે તેને કાંઇ પણ જીઆન!

અક્કલ તારી હોજો હંમેશ પાસબાન,
આબાદ રેહેજો તારૂં શેહેરે ઇરાન!
ઇરાની પેહેલવાનો, ઈરાનનો શાહ
ગેવ, અને ગોદરેજ, ઇરાન સેપાહ,
એ સઘળાંની કેવી છે તુંને ખબર?
બેજનની છે કાંઇ તેમને કદર?
સાંભળી શું નથી તેની ખબર,
ફર્યાદપર કરી નથી નજર?
શું ગોદરેજના વંશનો આવો જવાન,
ખતમ કરે જીંદગી બેડીને મેઆન?
પગમાં છે તેના ભારી બે બંદ,
લોખંડની બેડીથી હાથ દર્દમંદ.
જંજીરમાં સીકડી બાંધ્યું છે તન,
લોહીથી પૂર પોષાક, ચિંતાતુર મનં.
રંજ તેની જોઇ મેં ખોયો છે ખાબ,
આંખમાંથી વહે છે આંસુનું આબ.
જાય જો તું કદી ઇરાનને દ્વાર,
ધરાવે છે જે નરો નામદાર,
જોય જો તું શાહની દરગાહમાં ગેવ,
જોવ જો તું ત્યાં, રૂસ્તમે નેવ,
તો કેહજે કે બેજન પડયો છે બંદ,
જો જલદી ન છુટશે, થશે દર્દમંદ.

રૂસ્તમ એક વેપારીને વેષે તુરાનમાં આવ્યો હતો, તે આજ મતલબથી, કે તે ગુપચુપ પત્તો મેળવે, કે બેજન બંદમાં કયાં પડયો છે. તેની આ કુનેહ ફાવી, અને તેને મનીજેહથી તેનો પત્તો મળ્યો. પણ પોતાની યુકિત નિષ્ફળ ન જાય, તેથી તેણે આ બાબત સાથે પોતાને કાંઈ લાગતું વળગતું નહિ હોય, એમ દેખાડયું; અને પોતે ગુસ્સે થયો હોય, તેમ મનીજેહને કહ્યું, કે "મારી આગળથી જા. હું કાંઇ ગોદ્રેજ કે ગેવને ઓળખતો નથી, મારૂં માથું ના ખા." આ શબ્દો સાંભળી મનીજેહ આંખમાંથી આંસુ રેડવા લાગી, અને રડતી આંખે બોલી કે "ઓ ડાહ્યા આદમી! આવો ઠંડો જવાબ દેવો, શું તુંને છાજે છે? જો, હું જે પુછું, તેનો જવાબ નહિં દેવો હોય તો ફિકર નહિં. પણ એમ મને પોતાના આગળથી હાંકી મેલવી નહિં જોઇયે. આ ગમથી મારૂં દિલ ફાટ ફાટ થાય છે. શું ઇરાનમાં આ રિવાજ છે, કે ગરીબો કાંઇ પુછે, તો ખબર કહેવી નહિં?"

રૂસ્તમ બોલ્યો, કે "હું મારા વેપારનાં કામમાં પડયો છું, તેથી તારા સવાલોથી મને કંટાળો ઉપજ્યો. જે શેહેરમાં પાદશાહ કએખુસ્રુ રહે છે, ત્યાં હું રહેતો નથી, અને હું ગેવ અને ગોદ્રેજને ઓળખતો નથી." પછી રૂસ્તમે ફરમાવ્યું, કે તે ગરીબ બાઇને કાંઈ ખાવાનું આપે; અને મનીજેહને પુછ્યું, કે "તું શા કાજે ઇરાનની અને ઇરાનના પહેલવાનોની ખબર પુછે છે?" મનીજેહે જવાબ દીધો, કે "હું બેજનનું બંદીખાનું છોડી તારી આગળ આવીછું, કે તારાથી ગેવ અને ગોદ્રેજની કાંઇ ખબર મેળવું; પણ તેં તો જંગના મેદાનમાં કોઇ બુમ પાડે, તેમ મારી સામે બુમ પાડી છે. તુંને શું ખોદાનો પણ ડર લાગતો નથી? હું પાદશાહ અફ્રાસીઆબની બેટી મનીજેહ છું. મને આફતાબે વટીક કોઇ વખતે આવી હાલતે નથી દીઠી (એટલે હું એમ ફાટી તુટી હાલતમાં તડકે રખડું છું, તેવી કોઇ વખતે મારા બાપના મેહેલમાં નહિ હતી). પણ રડતી આંખે, તુટેલાં દિલે, ફીક્કા ચેહેરાએ, હું એક રોટલીના ટુકડા માટે ટવળતી બારણે બારણે રખડું છું. ખોદાએ મારે માટે હાલ એવું સરજ્યું છે. કમનસીબ બેજન ઉંડા ગારમાં પડયો છે. ત્યાં તે દિવસ અને રાતને એકમેકથી પિછાણી શકતો નથી. જંજીરમાં શીકડાઇને પડેલો તે રાત દહાડો આવાં દુઃખ કરતાં મોત માંગે છે. મારૂં દિલ તેની આ હાલતથી બહુ દુઃખી થાયછે. માટે જો તું ઇરાન જાય તો કેશવાદના છોકરા ગોદ્રેજને એ હકીકત કહેજે. જો શાહ કએખુસ્રુની દરબારમાં તું ગેવ અથવા રૂસ્તમને જોય, તો તેઓને બેજનની હકીકત કહેજે, અને જણાવજે, કે જો તેને છોડવવામાં ઢીલ થશે, તો તે મરી જશે. જો તમો તેને જીવતો જોવા માંગતા હો, તો વખત ખોવાનું કામ નથી."

આ સાંભળી રૂસ્તમ બોલ્યો તું "તારા બાપ આગળ બીજા મોટા માણસોને વચમાં કેમ નાંખતી નથી? જો તારા બાપના ગુસ્સાથી મને બીહવાનું નહિ હતે, તો હું તુને હાલ ઘણીક ચીજો આપતે." એમ કહી, તેણે બાવરચીઓને ફરમાવ્યું, કે જે ખાણું તૈયાર હોય તે હાજર કરે. તેમ તે હાજર કરવામાં આવ્યું. તે ખાણાંમાંથી એક ભુંજેલી મર્ઘી તેણે લીધી, અને તેની આજુબાજુ એક નાન વિંટાળ્યું, અને પછી મનીજેહ જોય નહિં તેમ છુપી રીતે, તે મર્ઘીના પેટમાં પોતાની એક વિંટી ખોસી દીધી. તે પછી મનીજેહને કહ્યું કે "આ લઈ બેજન જે ગારમાં બંદ પડયો છે તે તરફ જા, અને તેને એ ખાણું આપ."

મનીજેહ આ ખાણું લઇ દોડતી બેજનના બંદીખાનાના ગાર આગળ ગઇ, અને તે ખાણું તે ગારમાં નીચે બેજન આગળ ઉતાર્યું. બેજને તે લઇને અંદરથી પોકાર મારયો કે "ઓ મારી મેહરબાન બાનું! આ ખાણું તુ કયાંથી લાવી! તું મારે કાજે રાત દહાડો કેટલી બધી રંજ ખેંચે છે!" મનીજેહે ઉપરથી જવાબ દીધો કે "એક ભલો ઇરાની વેપારી વેપાર અર્થે આવ્યો છે, અને તેણે અહીં પડોશનાં શેહેરમાં વણજાર સાથે પડાવ નાંખી પોતાનો વેપાર ખુલ્યો છે. તેણે મને એ ખાણું આપ્યું છે, અને કહ્યું છે કે, જો બીજું જોઇયે તો લઇ જવું."

આ સુખનો સાંભળી ચિંતા અને ફિકર વચ્ચે બેજને તે ખાણું ખાવા માંડયું. ખાતાં ખાતાં તેને પેલી મર્ઘીમાં ખોસેલી વિંટી મળી. તેણે તપાસીને જોયું, તો તેની ઉપર રૂસ્તમનુ નામ હતું. તે બહુ ખુશ થઇ ગયો, અને વિચારવા લાગ્યો, કે હવે તેના દુ:ખના દહાડા અંતે તમામ થવા આવ્યા છે. ખુશીમાં ને ખુશીમાં તેને હસવું આવ્યું, અને આ તેનો હસવાનો અવાજ મનીજેહને ઉપર સંભળાયો. તેણી અજબ થઇ ગભરાવા લાગી, કે એમ તો દીવાના આદમીઓ પોતાના કામથી હસે. આથી તેણીએ બેજનને સાદ મારી પુછયું કે, "ઓ નેકબખ્ત! તું, જે આ ઊંડા ગારમાં બંદ પડયો છે, કે જયાં તુંને રાત કે દહાડો માલુમ પડે નહિ, તે શા કાજે એમ હસે છે? શું તારો શીહા દહાડો કાંઇ રોશન થયો છે?" બેજને અંદરથી જવાબ દીધો કે "હા, મારૂં નસીબ ફરે એવું દેખાય છે. માટે જો તું સોગંદ લે, કે જે હું તુને કહું, તે તું કોઇને કહે નહિ, તો હું તુંને સઘળી હકીકત જણાવું, કારણકે, ઓરતજાતની જબાનને જો સીવી હોય, તોપણ તે બંધ રહે નહિ." મનીજેહ અફસોસ કરવા લાગી, કે "બેજન માટે મેં આટલું દુ:ખ ખમ્યુંછે, તે છતાં તે મારે માટે શક રાખે છે!"

બેજનના શકમંદ શબ્દો માટે મનીજેહે દેખાડેલી દિલગીરી.

મારયો તેણીએ પોકાર એક સખ્ત,
"અફસોસ! કે મારૂં એવું બદ બખ્ત!
બાળ્યું મેં દિલ, કાહડયો મેં વખ્ત!
આંખમાંથી રેડયાં આંસુ બહુ સખ્ત!
બેજનને આપ્યું મારૂં મેં દેલ,
તે ખાતર છોડયાં મા બાપ ને મેહેલ.
તે ખાતર તજ્યાં ખાન અને પાન,
થાયછે તે આખેર એમ બદ ગુમાન!
બાપ અને ખેશીઓ થયાં બેજાર,
રખડી ને રઝળી સર્વને દ્વાર;
ગંજ અને દીનાર, ગોહર ને તાજ,
સર્વને તજી બેઠી હું આજ!
ઉમેદો તજી થઇ નાઉમેદ,
જેહાંન થઇ સીહા, આંખો સફેદ;
પણ છુપાવે હવે ભેદ અને રાજ,
પિછાણનાર તુંજ છે, ઓ કારસાજ!"

આ સુખનો સાંભળી બેજન મનમાં ઘણો મુઝાયો અને મનીજેહ પાસે દરગુજર ચાહી, કે "હા ખરૂં છે, કે તેં મારે ખાતર બધું તજ્યું છે. પણ આ દુ:ખથી મારૂં મગજ ઠેકાણે રેહેતું નથી. હવે તું જાણ, કે પેલો વેપારી મને આ રંજમાંથી છોડવશે. તેની

આગળ તું જા, અને તેને અરજ કરીને પુછ, કે શું તે રખશનો માલેક યાને રૂસ્તમ છે ?"

મનીજેહ દોડતી તે વેપારી આગળ ગઇ, અને બેજનને પુછવા કહ્યું તેમ પુછયું. રૂસ્તમે જાણ્યું, કે તેની ચિઠ્ઠી ઉપરથી બેજને તેને પિછાણ્યો છે અને તેણે આ બાનુને તે વાત કહી છે. આથી તેણે જવાબ દીધો કે "હા, હું રૂસ્તમ છું. હવે તું આ વાત કોઇને કહેતી ના. તું ગુપચુપ જા, અને થોડાંક લાકડાં બેજનના બંદીખાનાના ગાર આગળ લાવી રાખ, અને રાતના તે સળગાવજે કે તેની રોશનીથી હું તેના ગારની જગ્યા શોધી શકું."

મનીજેહ ખુશી થતી બેજન આગળ ગઇ, અને તેને સઘળી ખબર કહી. બેજન તેથી ખુશ ખુશ થઇ ગયો, અને તેણે દાદારની બંદગી કરી શુક્રાના કીધા.

મનીજેહ હવે જંગલ ભણી ગઇ અને ઝાડે ઝાડ ચહડી પોતાને હાથે સુકાં લાકડાં પાડયાં, અને પેલા ગાર આગળ એકઠાં કરી રાત પડતાં તે સળગાવ્યાં.

રાત પડતાં રૂસ્તમે તે દાદારને યાદ કરી તેની મદદ માંગી, અને પછી લડાઈનું બખતર પેહેરી પોતાના સાત પેહલવાનો સાથે જંગલ ભણી ગયો. તે મનીજેહે સળગાવેલા આતશની ભભુક જોઈ તે તરફ ગયો. ત્યાં આવતાં તેણે બંદીખાનાના ગાર ઉપર એ મોટો પથ્થર ઢાંકેલો જોયો. તે પથ્થર ઉપર થોડોક ભાગ ઉઘાડો હતો. તેમાંથી મનીજેહ બેજનને ખાણું પહોંચાડતી હતી. રૂસ્તમે પોતાના પહેલવાનોને કહયું કે "આ પથ્થર હવે ઉંચકી નાંખો." તેઓએ ઘોડા ઉપરથી ઉતરી ઘણી કોશેશ કીધી, પણ પથ્થર એવો ભારે હતો, કે તેઓ તે ખસેડી શકયા નહિ. ત્યારે રૂસ્તમ પોતે ઘોડા ઉપરથી ઉતર્યો અને દાદારને યાદ કરી એકદમ જોર કરી તે પથ્થરને દૂર ફેંકી દીધો. આ પછી ગારનાં મોંહ આગળ આવી તેણે બેજન સાથે વાત કરવા માંડી. તે બોલ્યો, કે "બેજન! તું અહીં કયાં આવી પડયો? તુંને દુનિયામાં તાજ અને સુખ ઘણું હતું, તે છોડી આ રંજમાં શું કરવા આવી પડયો?" બેજને અંદરથી જવાબ આપી રૂસ્તમની ખબર પુછી અને કહયું, કે "તારો અવાજ મેં સાંભળ્યો, કે મારાં સઘળાં દુઃખનું ઝેર મધ મિસાલ થઇ ગયુંછે." રૂસ્તમ બોલ્યો, કે "હું તુંને બાહાર કાઢું, તેની આગમચ મારે તુંને એક અરજ કરવીછે, અને તે આ છે, કે તું ગુર્ગીનને માફ કરે અને તેનાપર કીનો લે નહીં." બેજને જવાબ દીધો, કે "ઓ પેહલવાન! તું જાણતો નથી, કે ગુર્ગીને મારી સાથે કેવી વતર્ણુક ચલાવીછે. મારી નજર એનાપર પડશે, તેવોજ હું તેની ઉપર કીનો લઈશ." ત્યારે રૂસ્તમે કહયું કે "જો તું મારી માંગણી કબૂલ રાખવા માંગતો નથી, તો હું તુંને આ ગારમાં મેલી પાછો જાઉંછું." અંતે બેજને તેનો સુખન કબુલ કર્યો અને ગુર્ગીનને માફ કીધો. હવે રૂસ્તમે પોતાની કમન્દ નીચે ગારમાં ફેંકી અને તે પકડી બેજન ઉપર ચઢી આવ્યો. તેના પગોમાં અને હાથોમાં જે બેડીઓ હતી, તે રૂસ્તમે ભાંગીને કાઢી નાંખી. પછી ગુર્ગીન બેજન આગળ આવ્યો અને પગે પડી પોતાની તકસીર માટે માફી ચાહી.

નોશેરવાન અદલ. તેની પારકાં રાજ્યો સાથની રાજનીતિ. (૧)

આજનું મારૂં વાંચન નોશેરવાન અદલના સંબંધમાં ત્રીજું વાંચન છે. પેહેલું વાંચન મેં ૧૮૯૫ નાં સાલમાં એટલે આજથી ૧૧ વર્ષ પર આપ્યું હતું. તે વાંચનમાં મેં આ નામાંકીત પાદશાહની થોડીક હકીકત, તે ગાદી ઉપર આવ્યો તેની આગમચની, આપી હતી, કે જ્યારે તેણે પોતાના બાપ કોબાદને પેલા ઇરાની "સોશીઆલીસ્ટ" મજ્જદકનાં મતની અસર તળેથી પોતાનાં ડહાપણ અને એલમના જોરે બચાવ્યો હતો. બીજું વાંચન મેં ૧૯૦૨ નાં સાલમાં એટલે આજથી આસરે ૪ વર્ષ પર આપ્યું હતું. તે વર્ષમાં આપણે આપણા નામદાર શાહનશાહના રાજગાદીએ આવવાના મુબારક અવસરના હીંગામમાંથી પસાર થાય હતા. તેથી તે સાલમાં મેં આપણા આ ઇરાની નામીચા પાદશાહના રાજગાદીએ આવવાના અવસર વખતનું તેનું જાણીતું ભાપણ કેટલાક ભાગોમાં રજુ કીધું હતું, અને રાજગાદીએ આવવા પછી તે પાદશાહે પોતાની પ્રજામાં પોતાની ઇનસાફના સંબંધની અને મેહસુલી વીગેરે રાજનિતી સમજાવવા માટે જે જાહેરનામાંઓ બાહાર પાડયાં હતાં તે જાહેરનામાંઓ રજુ કીધાં હતાં. તે બીજું ભાષણ મુખ્ય કરીને એ પાદશાહના દેશ માંહેલા કારોબારની રાજનિતી અથવા ગામખાતાંના અમલ (Home office) ની રાજનિતી બાબે હતું. આજનું ત્રીજું વાંચન મુખ્ય કરી તેના દેશ બાહારના કારોબાર ખાતાં (Foreign office) ની દેશ બાહારની રાજનિતી (Foreign policy) બાબે છે. એ બાબે મારાં બીજાં વાંચનમાં મેં કબુલાત આપી હતી. તે કબુલાત પાળવાને હું આજે ઉભો છું.

મેં બીજાં વાંચનમાં જણાવ્યું હતું તેમ રાજગાદીએ આવવા પછી, અને દેશ માંહેલો કારોબાર તરેહવાર જાહેરનામાંઓથી ચોકસ કરવા પછી, પાદશાહ પોતાના મુલકોમાં ફરવા નીકળ્યો હતો. ફરતાં ફરતાં પોતાના મુલકની સરહદ પર આવેલી પોતાની પ્રજાના કોઈ લોકોની મુશકેલીઓ તેના કાન ઉપર આવતી તો તે ટાળવાની તે કોશેસ કરતો. પેહેલે તે ખોરાસાન ભણી ગયો. તે તરફ તે ગુર્ગાનના મુલકમાં દાખલ થયો અને ત્યાંથી આમુલ અને સારીના મુલ્કમાં દાખલ થયો. આ મુલ્ક ખાતે એક બુલંદ પાહાડ ઉપર ઘોડાપર બેસીને તે ચહડયો અને તે પાહાડ ઉપરથી આજુબાજુનાં પાહાડો અને મેદાનો નિહાળ્યાં. તે તરફ તેણે ગુલાબ અને સનબુલનાં સુંદર ફુલોનો બાહાર જોયો, વેહેતાં પાણીઓ જોયાં અને શેકાર કરવા લાયક ઘણાં જાનવરો ગેલ કરતાં જોયાં. તે બુલંદ પાહાડનાં સુંદર શીખર ઉપરથી આવો ખુશનુમા દેખાવ જોઇ તેનું દીલ ખુશાલ થયું. ત્યાંથી નજર પડતા કુદરતના દેખાવે તેનું ધ્યાન કુદરતના ખાવીંદ ઉપર દોડાવ્યું. તેથી તેણે ખોદાતાલાને નીચે મુજબ યાદ કીધો.

નોશેરવાને પાહાડનાં શીખર પરથી ખોદાતાલાની કરેલી યાદ.

ઓ દાદાર, ઓ દાવર, ઓ કેર્દેગાર !
ઓ જેહાનદાર પીરોજ પર્વર્દેગાર !

(૧) આ વિષય ઉપર બજ્મે રોજે ઓહરમજ્દ મંડળી મારફતે જરથોસ્તી અનજુમનનાં આતશ બેહરામમાં શેઠ દાદાભાઈ નશરવાનજી કનટ્રાકટરવાળાં દિવાનખાનામાં ગાથા ૩ જો સને ૧૨૭૫ તા૦ ૧૧ મી સપટેમ્બર ૧૯૦૬ ને વાર મંગળને દીને રાતે ૮-૩૦ (મુંબઇ ટાઇમ) ને અમલે એક જાહેર વાંચન આપ્યું હતું.

તુંજ આફતાબ ને માહાતાબનો સરજનાર,
તુંજ સત્યના માર્ગોનો દેખાડનાર.
તેં સરજી છે જેહાનને આવી ખુશાલ,
ખુશનુમા આકાશ, જમીન પાતાલ.
તું સાચા બીજાને આરાધનાર,
દોજખમાં કરે પોતાનો ઠાર.
તે યજદાંપરસ્ત જે ફરીદુન શાહ,
કરી તેણે પસંદ આ જાય ગાહ.
આ ખુશનુમા જગ્યા છે દેલપઝીર,
પાણી તેનું ગોલાબ, ખાક છે અબીર.(૧)

આ મુજબ આ જેહાનની સુંદર ખુશનુમા જગ્યાઓ તે દાદાર ઉપર હમેશાં આપણું વધારે ધ્યાન ખેંચેછે. મહાત્મા પીર પેગમબરો તે દાદારથી પોતાની બીશારત આવા બુલંદ પાહાડો ઉપર મેળવે છે. આપણા દેશમાં આપણે પાહાડોનાં શીખર ઉપર ઘણાક ધર્માલયો જોઇએ છીએ તે આ સબબે છે. આપણાં પુરાણાં ઇરાની આતશકદેહામાંનાં કેટલાંકો એમ પાહાડોની બુલંદ ટાંચો ઉપર હતાં. તમો હીમાલય જેવા એકાંત પણ કુદરતી કરામતોના ખ્આલ આપનાર પાહાડો ઉપર સફર કરો અને જુઓ કે ત્યાં તે દાદગરનો વિચાર તમારાં મનમાં કેવો દોડી આવે છે.

હવે આ સુંદર મુલકમાં કુદરતની સઘળી મેહેર હતી, તે છતાં ત્યાંનાં લોકોને હમેશાં એક બાબતની ચીંતા અને ધાસતી રહેતી હતી. તે આ કે એ મુલકની સરહદની પેલી બાજુથી તુર્કો અવારનવાર આવી આ આબાદ મુલકને ખરાબ કરતા હતા. તે ઉપરથી જ્યારે પાદશાહ નોશેરવાન આ મુલક ભણી આવ્યો ત્યારે ત્યાંનાં લોકોએ આ બાબદ ઉપર તેનું ધ્યાન ખેંચ્યું. એ બાબે આપણે આગલાં વાંચનમાં ઇસારો કરી ગયા છઇએ. પાદશાહે પોતાના દસ્તુર યાને વઝીરને ફર્માવ્યું કે "હીંદુસ્તાન અને ચીન(૨)થી બાંધકામના કાબેલ ઉસ્તાદોને બોલાવ અને આ મુલકની આખી સરહદ ઉપર ૧૦ કમન્દ ઉંચી પથ્થર અને ચુનાની એક દિવાલ બંધાવ કે સરહદની પેલી બાજુના લુટારા તુર્કો આવી આપણા આ સુંદર આબાદ મુલકને હેરાન કરે નહીં." પાદશાહના તે દસ્તુરે તેમ કર્યું અને એક બુલંદ દિવાલ તે મુલકમાં બાંધી.

એવી એક જાણીતી દિવાલ ચીનમાં છે તે માટે આપણે જાણીએ છીએ. તે ચીનની મોટી દિવાલ (The great wall of China) ને નામે જણાયલી છે. પણ આ હકીકત ઉપરથી દીસે છે કે આપણાં ઇરાનમાં પણ તેમા એક નામીચા પાદશાહે પોતાના મુલકમાં એવી દિવાલ બાંધી હતી.

નોશેરવાનનું અલાના લોકોના મુલકમાં જવું.

હવે નોશેરવાન અલાના લોકોના મુલક તરફના ઇરાનની સરહદના પોતાના મુલકમાં ગયો. તેણે ત્યાંનો મુલક વેરાન થયલો જોયો. ત્યારે તેણે પોતાના ઇરાની દરબારીઓને કહ્યું કે "ઇરાનની સલતનતનો આપણો આ મુલક આમ વેરાન પડી રહે તે આપણ માટે શરમની વાત છે." તેણે એક હુસ્યાર કાસદને પેગામ આપીને સરહદપરના અલાના લોકો, જેઓ આ મુલકને ખરાબ કરતા હતા, તેઓના સરદારો આગળ મોકલ્યો અને કેહેવાડયું કે "મને ખબર પડી છે કે તમો ગુમાનથી બોલો છો કે 'અમોને ઇરાની કેસ્રા (ખુસ્રો)ની શી દરકાર છે? ઇરાન અમારે મનથી એક મુઠીભર ખાક છે.' ત્યારે હવે હું હાલ તમારી નજદીક આવ્યો છું. હવે તમો શું કહો છો?" પેલો કાસદ એ પેગામ લઇ તે લોકો ભણી ગયો. તે અલાના લોકોના સરદારો ભેગા મળ્યા અને વીચાર કરી નોશેરવાનની છાવણીમાં ગયા અને પોતાની આગલી તોફાની વર્તણુક માટે દલગીરી દેખાડી માફ માંગી. પાદશાહે તેઓને

(૧) આ છેલ્લી બેત કલકતાની મેકનની આવૃતીમાં છે, પણ મોહલની આવૃતીમાં નથી.
(૨) મેકનની કલકતાવાળી આવૃતી ચીનને બદલે રૂમ જણાવેછે.

માફી બક્ષી અને તે મુલકમાં એક સુંદર નવું શેહેર સ્થાપવાને અને તે મુલક આબાદ કરવાને ફર્માવ્યું.

નોશેરવાનનું હીંદુસ્તાન આવવું અને બલુચીસ્તાન જવું.

પછી એ મુલકમાંથી શાહ નોશેરવાન હીંદુસ્તાન ભણી આવ્યો. તે સીંધુ નદી (દર્યાએ હીંદુસ્તાન) વાળા મુલક સુધી આવ્યો. ત્યાંના સર્વે લોકો તેને તાબે થયા અને તેની આગળ ભેટ સોગાદ રજુ કીધી. હવે અહીં પાદશાહને ખબર પડી કે આ મુલક ભણીના બલુચી લોકો આજુબાજુ ઘણો ત્રાસ વરસાવતા હતા. તેઓ ગીલાનના મુલકના લોકોને પણ બુમ મરાવતા હતા. એ હકીકત જાણી પાદશાહ ચીંતાતુર થયો. તેણે પોતાના ઇરાની દરબારીઓને કહ્યું કે "અલાના મુલકના અને હીંદુસ્તાનના મુલકના લોકો મારી તલવારના ડરથી સાતીન (પરન્દ) ના જેવા નરમ થઇ ગયાછે. પણ હજુર આપણે નીરાંત સાથે ઘરે ફરી શકીએ નહીં. જરૂરનું છે કે આપણે શેરોને મેંદાંથી દુર કર્યે ('એટલે આ બલુચીઓ, જેઓ આજુબાજુના ગરીબ લોકોને હેરાન કરે છે, તેઓને જેર કર્યે.)" એક દરબારી બોલ્યો કે "ઓ પાદશાહ! બાગમાં ગુલાબનું ફુલ કાંટા વીનાનું કદી હોતું નથી. તેમ આ મુલકના બીજા ભાગો હંમેશાં આ બલુચીઓના જુલમથી રંજમાં રેહતા આવ્યા છે. તારી આગમચ પાદશાહ અર્દેશરે ઘણો રંજ અને ગંજ ખરચ્યાં હતાં અને મેહનત લઇ એઓનો દોર ટાળવાની કોશેસ કીધી હતી, પણ તે પૂરે પુરો ટાળ્યો હતો નહીં."

શાહ નોશેરવાન બલુચીઓના દોર બાબેની એ હકીકત જાણી તેઓ ઉપર ગુસ્સે થયો અને પોતાનાં લસ્કર સાથે તેઓના મુલકમાં દાખલ થયો. તેઓનાં મુખ્ય મથકના પાહાડની આસપાસ તેણે પોતાનાં લસ્કરને એટલી તો મોટી સંખ્યામાં ફરતું રાખ્યું કે તેઓ તરફથી પવન યા કીડી વટીક રાહ કાપી શકે નહીં. જાણે કીડી અને તીડો હોય તેમ પાહાડથી તે મેદાન સુધીની જગ્યા લસ્કરના સીપાહોથી ભરાઇ ગઇ. શાહનાં લસ્કરે એ મુલક ઉપર હુમલો કરી તેઓનો પરાજય કર્યો. એ મુજબ પાદશાહે એ લુચ ([1]) લોકોનો જુલમ ટાળ્યો. લોકો હવે બલુચીઓના દોરથી છુટા થયા. પાહાડો પર ગાયઢોરનાં ગોવાલાંઓ હવે ગોવાલીઆ વગર નીરાંતે છુટથી ચરવા લાગ્યાં. શું પાહાડ પર કે મેદાનમાં ગોસ્પંદો ભરવાડો વગર બાહેર રાતે ફરવા લાગ્યાં. શું જંગલ કે પાહાડ તેઓને મનથી ઘર સમાન ધાસ્તી વિનાનાં દિસવા લાગ્યાં.

હવે પાદશાહે અહીંથી ગીલાન ભણી કુચ કીધી. ત્યાંના લોકો આવીને પાદશાહને શરણ થયા. તેઓએ ભવીષમાં સારી રીતે રહેવાની અને ઇરાનના પાદશાહને તાબેદાર રહેવાની જામીનગીરી (hostages) તરીકે ૨૦૦ આદમીઓને પાદશાહ સાથે રાખ્યાં. એક ઇરાની સરદારને એ મુલકની હાકેમી સોંપી પાદશાહ આગળ વધ્યો.

ગીલાનથી પાદશાહ નોશેરવાન મડાયન (ટેસીફોન Ctesiphon) ભણી ગયો. માર્ગમાં આરબોનો સરદાર મનજર (રોમનોનો Almondar) પોતાનાં લસ્કર સાથે પાદશાહને મળ્યો. એ વખતે આરબો ઇરાનને ખંડણી આપતા હતા.

ઇરાનીઓ અને આરબો વચ્ચે અસલના વખતથી તે નોશેરવાનના વખત સુધી જે સંબંધ હતો તે સંબંધની ટુંક તપાસ દેખાડે છે કે આરબો ઘણાખરા ઇરાનને તાબે હતા.

નોશેરવાનના વખત ઉપર આવતાં આપણ જોઇએ છીએ કે શાપુર પેહેલાના વખતથી આરબોના જે બે ભાગ હતા તે નોશેરવાનના વખતમાં ચાલુ હતા. એઓના વસવાતના મુલકનો થોડો ભાગ ઇરાનની સલતનત તળે હતો અને થોડો

(૧) એ 'બલુચ'નું ટુકું રૂપ દીસે છે. મોહલ એ નામ 'કુચ' આપેછે.

રૂમની સલતનત તળે હતો. નોશેરવાન અને રૂમના શાહનશાહ જસ્ટીનીઅન વચ્ચે એકથી વધુ વાર જે સુલેહના કોલકરારો થયા હતા, તેમાં પણ આરબોના મુલકને કેટલીક વાર અલગ રાખવામાં આવતો કે બેઉ રાજ્યો તેમાં સંજોગો જોઇ કામ લે.

પશ્ચીમ ભણીના લખનારાઓ, મુખ્યકરી જેઓનાં વર્ણનના મદાર ઉપર ગીબને (૧) નોશરવાનને લગતી પોતાની હકીકત રચી છે, તેઓ પ્રમાણે, નોશેરવાન રાજગાદી ઉપર આવતાં, જસ્ટીનીઅને તેના સાથ સુલેહના કરાર કરવા માંગ્યા. નોશેરવાને તેમ કરવાની પોતાની મરજી જણાવી, કારણકે તેને પોતાનાં રાજ્યના અમલની શરૂઆતમાં પોતાના મુલકમાં પોતાનો પગદંડો મજબુત કરવાને ઘણું કરવાનું હતું. તે તેના બાપનો ત્રીજો બેટો હતો. તેથી રાજગાદી ઉપર પોતાનો હક નહીં હોવા છતાં ગાદીએ આવવાથી તેને પોતાનો પગ મજબુત કરવા માંડી ઘર બાહેર કરતાં ઘર માહે ઘણું જોવાનું, ઘણું તપાસવાનું, અને ઘણું ગોઠવવાનું હતું.

હવે રોમન શાહનશાહ જસ્ટીનીઅન, જેણે નોશેરવાનના બાપ કોબાદ સાથે ચાલુ લડાઇ કીધી હતી, તેણે નોશેરવાન ગાદી ઉપર આવતાં તેના સાથે સુલેહ કરવા માંગી. તેનો કોઇ સબબ દિસે છે. આ વધારે સંભવીક છે કે એક નવો પાદશાહ અમલ ઉપર આવતાં તેના દેશના દુસ્મનો લડાઇ ચાલુ રાખવાનો, યા નહીં હોય તો ઉભી કરવાનો, વિચાર રાખે કે તેના બીનઅનુભવી વખતમાં જે ફટકો મરાય તેટલો મારી લે. પણ જસ્ટીનીઅને તેમ કર્યું નહીં. તે મારેના બીજા સબબોમાં આ એક સબબ દિસે છે કે તેણે બીજાઓ સાથે જોયું હતું કે નોશેરવાને પોતાના બાપના વખતથીજ એક ડાહયા અને હુસ્યાર રાજકર્તા નીવડવાની આશા આપી હતી. પોતાના પીતાની કાંઇક ભુલો સુધારવાની તેણે કોશેશ કીધી હતી. મઝદકનાં માઠાં વચનો ઉપર પોતાના બાપ કોબાદને વેચાતો તેણે અટકાવ્યો હતો. આ વીગેરે બાબતો ઉપરથી તેની ચબરાકીનો ખ્યાલ બાંધી જસ્ટીનીઅને લાંબો વખત થયો ચાલતી આવેલી ઇરાન સાથની લડાઇ બંધ કરી લાંબી સુલેહ કરવા માંગી અને તેના બદલામાં નોશેરવાનને ૧૧૦૦૦ રતલ સોનું આપવાને કબુલ કીધું. સુલેહની બીજી શરતોમાં નીચલી હતી.

૧ ઇરાનીઓએ કોકેસસ પર્વત તરફના ભાગો ઉપર ઇરાનના લસ્કરની ચોકીબાની કબુલ રાખવી.

૨ દારા શેહેરની કીલ્લેબંદી તોડી પાડવાથી રૂમે દૂર રહેવું. પણ તેમ ઇરાને ત્યાં પોતાનો કોઇ પણ સરદાર રાખવો નહીં.

આ સુલેહ કરવામાં ઉપલા વિચાર ઉપરાંત જસ્ટીનીઅનની બીજી મતલબ આ હતી કે તે સુલેહ કરી બીજા મુલકોમાં પોતાની હકુમત મજબુત કરી લે. તેવી સુલેહ થતાં તેણે આફ્રીકા ખાતે કેટલીક ફતેહ મેળવી. કાર્થેજ ખાતે મેળવેલી લુંટમાંથી તેણે કેટલોક ભાગ નોશેરવાનને આપ્યો કે તે રાજી રહે.

હવે જસ્ટીનીઅનનો બેલીસેરીઉસ (Belisarius) નામનો એક નામીચો સરદાર હતો, જે ઘણો બાહાદુર, લડાયક અને હુસ્યાર હતો. ફીરદોસીનો ફરફુર્યુસ તે રૂમીઓનો આ બેલીસેરીઅસ છે. તેણે ઉપલી સુલેહને દરમીઆન જસ્ટીનીઅન માટે સીસીલીમાં અને ઇટલીમાં મોટી ફતેહો મેળવી હતી. જ્યારે આપણે ઇટલી માટે બોલીએ છીએ ત્યારે યાદ રાખવું, કે આ વખતનાં રૂમ અને રોમનો તે ઇટલીનું રોમ અને ત્યાં

(૧) The Decline and Fall of the Roman Empire. Chap. XLII. Edition of 1844. Vol III.

વસ્તાં લોકો નહીં સમજવા. હવે તો રોમન શાહનશાહતની રાજધાની 'નવા રૂમ'નાં નામ હેઠળ કોન્સ્ટેન્ટીનોપલ, જે બાઇઝેનટીઅમને નામે જણાયલું હતું, ત્યાં થઈ હતી.

રોમન લખનારાઓને આધારે ગીબન કહે છે કે જસ્ટીનીઅને પોતાના સરદાર બેલીસેરીઉસ મારફતે ઉપલા મુલકોમાં જે ફતેહ મેળવી તે ફતેઓથી નોશેરવાનને અદેખાઇ લાગવા લાગી અને તે રૂમના વધતા જતા દોરથી ગભરાવા લાગ્યો. સુલેહનાં કોલકરારો તોડવાની તેનામાં એવી કોઇ કુનેહ નહીં હતી કે કોઇ બાહાના હેઠળ તે સુલેહ તોડી તે જસ્ટીનીઅન સામે લડાઇ જાહેર કરે. તેથી તેણે ઉપલા આરબ સરદાર મનજર (Almondar) ને ઉશકેર્યો.

આપણે ઉપર કહ્યું તેમ, રૂમ અને ઇરાને પોતાની સુલેહના કોલકરારોમાંથી પોતાના તાબા હેઠળના આરબોના મુલકને બાતલ રાખ્યા હતા, કે એ મુલકોના આરબોના સરદારો પોતપોતાનું ફોડી લે. આરબોનો જે મુલક ઇરાનની બાંહેધરી હેઠળ હતો તેનો સરદાર અલમોન્ડર (Almondar ફીરદોસીનો મનજર) હતો. રોમનોની બાંહેધરી હેઠળનો આરબોનો સરદાર અરેથાસ (Arethas) હતો, જેને માટે ફીરદોસી કંઇ કહેતો નથી. તે ગસન (Gassan) નામના આરબોના તાયફાનો ધણી હતો. હવે પાલમાઇરા (Palmyra)ના મુલકની દક્ષીણે એક વેરાન રણ આવ્યું હતું. તેમાં મેંઢાંઓને ચરવાની એક મોટી જગ્યા હતી. તેની માલેકી બાબે એ બે સરદારો વચ્ચે વાંધો હતો. મનજર કહેતો કે ઘણાક પુરાણા કાળથી હું એ ચરગાહમાં મારાં મેંઢાં અને ઢોરો ચરાવવાના હક માટે ઇરાનને ખંડણી આપતો રહ્યો છું. તે ઉપરથી મારાં લોકોનો એ જગ્યા ઉપર હક સાબેત થાયછે. બીજા તાયફાવાળો સરદાર અરેથાસ કહેતો, કે એ જગ્યાને સ્ટ્રેટા (strata) એવાં નામથી ઓળખવામાં આવે છે. એ લાટીન શબ્દ છે અને તેથી તે દેખાડે છે કે તે ઉપર રોમનોની બાંહેધરી છે, અને તેથી અમો રોમન આરબોનો તે ઉપર હક છે.

હવે પશ્ચીમ બાજુના લખનારાઓ કહે છે કે જસ્ટીનીઅનની ફતેહોથી ચીંતાતુર અને અદેખો બની, નોશેરવાને સુલેહના કોલકરાર સીધી રીતે તોડી જસ્ટીનીઅન સામે લડાઇ જાહેર કરવાને બદલે છુપી રીતે આરબ સરદાર મનજરને ઉશકેર્યો અને તેથી મનજરે પોતાના હરીફ આરબો ઉપર હુમલો કરવા સાથ રોમનોની હકુમતવાળા સીરીઆના મુલક ઉપર પણ હુમલો કર્યો. પણ ફીરદોસી મુજબ તો મનજર પોતે ચાલી ચલાવી નોશેરવાન આગળ રોમનોની વર્તણુક બાબે ફર્યાદ કરવા આવ્યો હતો.

જ્યારે જસ્ટીનીઅને મનજરને એમ પોતાના તાબા હેઠળના મુલક ઉપર હુમલો કરતો જોયો ત્યારે તેણે તેને પોતાની તરફ ખેંચી લેવાની યુકતી કીધી. તેની મતલબ કે તે મનજરને પોતાની તરફેણમાં કરે અને વખત લઇ આજુબાજુના મુલકોમાંથી વધુ લસ્કર મેળવી નોશેરવાનં સામે વધુ મજબુત તૈયારી કરે. પણ એમ કરવામાં તે ફાવ્યો નહીં. આર્મીનીઆનાં લોકો અને ગોથ લોકો પણ જસ્ટીનીઅનના દોરથી કંટાળી હવે નોશેરવાનને અરજ કરવા લાગ્યાં કે તેણે રોમનોના વધતા જતા દોર સામે થવું; નહીં તો કોઇ વખત તેની બેદરકારી તેને ભારી પડશે.

મનજરે પોતાના આરબોનો મુકદમો ફીરદોસી પ્રમાણે નીચલા શબ્દોમાં રજુ કીધો.

મનજરે નોશેરવાનને રોમનો સામે કહેલા સુખનો.

ઇરાનના મુલકનો તું પાદશાહ,
દલેરોને તારી પુસ્તો પનાહ.
તો શા કાજે રૂમ કરે પાદશાહી ?
શા કાજે મુલકપર તેની પનાહી ?
જો કએસર ગણાય તખતનો શાહ,
તો હોય તારા સરપર તેની પનાહ.
જો કબુલતો હોય તું એવી આ વાત,
તો લાવીએ નહીં તારી પાસે ફર્યાદ.
રેતાળ વનોના અમ જંગી સવાર,
રૂમ સાથે લડશું ને કરશું ખોવાર.

મનઝરના સુખનોની મતલબ આ કે "અમો આરબો ઉપર તુ ઇરાનના શાહની હુકુમત છે. ત્યારે રૂમનો કએસર શા કાજે અમારા ઉપર સત્તા ચલાવવા માંગેછે? જો તું ઇરાનનો શાહ તેની સતા અમારી ઉપર કબુલ રાખતો હોય તો પછી અમો અમારૂં ફોડી લઇશું. અમો પોતે રૂમ સામે અમારી ફર્યાદ માટે લડીશું."

આરબો ગોથો, આર્મીનીઅનો અને બીજાઓ વીગેરેની નોશેરવાનને થએલી અરજ ગીબન, નીચલા શબ્દોમાં જણાવે છે. તે શબ્દો ફીરદોસીના શબ્દોને બોલેબોલ મળતા આવતા નથી પણ ભાવાર્થમાં મળતા આવે છે. તેઓએ નોશેરવાનને અરજ કીધી કે :—

"We stand before your throne, the advocates of your interest, as well as of our own. The ambitious and faithless Justinian aspires to be the sole master of the world. Since the endless peace which betrayed the common freedom of mankind, that prince, your ally in words, your enemy in actions, has alike insulted his friends and foes, and has filled the earth with blood and confusion ……….. O king! the favourable moment; the east is left without defence, while the armies of Justinian and his renowned general are detained in the distant regions of the west. If you hesitate and delay, Belisarius and his victorious troops will soon return from the Tiber to the Tigris, and Persia may enjoy the wretched consolation of being the last devoured!"(1)

ફીરદોસી પ્રમાણે મનઝરે રૂમનોની સામે નોશેરવાનને કહેલા સખુનોથી તેની ઉપર અસર થઇ. ગીબન પણ કહે છે કે ઉપલા શબ્દો વજનદાર અને અસરકારક (Weighty and effective) હતા. નોશેરવાન કએસર ઉપર ગુસ્સે થયો. તેણે પેહેલે એક કાસદને તેડી તેની મારફતે કએસર ઉપર એક પેગામ નીચે પ્રમાણે મોકલ્યો.

નોશેરવાનનો રૂમના કએસરપર પેહેલો પેગામ.

"જો ધરાવશે નહીં તું અક્કલ ખેરદ,
તો પસ્તાઇને ખાશે ધુળ ને ગેરદ.
જો ગુરખર પર મારે સીંહ એક તરાપ,
તો સીંહ કરે ગુરનો કબાબ સેતાબ.
મનઝરથી હક તારા મળે તો બસ,
તે કરગસની બેઠકનો ધરાવેછ જસ.(૧)
ડાબાથી જમણા હાથને પીછાણ,
પછી માંગ હક, મુલ્ક ને માન.
મુલ્ક છે મારો, ને મારો છે દેશ,
મારો છે હક કે કરૂં બક્ષેશ.
ઘટે જે મને કરૂં તે કાર,
પાન નહીં કરે તેમાં કારજાર.
આરબ પર લંબાવે તારો જો હાથ,
તો પીછાનજે ખુદ કે બીડલી કેમ બાથ.
ઓળખું યાદ રાખજે કે છું પાદશાહ,
આસમાનથી માંડી તક મારી પનાહ.
લશ્કર જો મોકલીશ ભણી હું રૂમ,
તો થશે તુંજ તલવાર જાણે હોય મુમ."

નોશેરવાનનો આ પેગામ લઇ કાસદ રૂમ ભણી ગયો. તેણે શાહનો પેગામ પોંહોચાડયો. કએસરે તેનો તુંડા ભર્યો જવાબ દીધો તેણે કેહેવાડયું કે "મનઝર જરા કમઅક્કલ છે. તેથી તેનાં બોલવાને ઘટતું હોય તેટલુંજ વજન આપ. મનઝર આ મુજબ પોકાર કરશે અને આ મુજબ ફર્યાદને રૂપ આપશે અને જો જંગલમાં રેહેનારા અને તેજો ઉહાવનારાઓ એક નાકેથી

(1) Gibbon's "The Decline and Fall of the Roman Empire", Chap. XLII. Edition of 1844 Vol. III.

(૧) એટલે તેનો દરજ્જો બુલંદ છે.

બીજે નાકે એ મુજબ પોકાર કરશે તો તેઓના પાહાડોને હું જમીનદોસ્ત કરીશ અને તેઓનાં જંગલમાં હું દર્યાને વેહેતો કરીશ (યાને તેઓના મુલકને હું પાયમાલ કરીશ)."

પેલા કાસદે આવીને એ પેગામ નોશેરવાનને કહ્યો. ત્યારે નોશીરવાને પોતાના દસ્તુરને કહ્યું કે "અક્કલ કએસરને છોડી ગઇ છે. હું તેને દેખાડીશ કે આ બાબતમાં ફર્માનરવા પાદશાહ કોણ છે." એમ કહી તેણે રૂમના કએસર સામે લડાઇ જાહેર કીધી. તેણે ૩૦૦૦૦ ઘોડે સવાર લસ્કર તૈયાર કરી તે મનજરને સોંપ્યું અને કહ્યુ કે " તું તારા મુલકમાંથી એક લસ્કર તૈયાર કરી રૂમ ઉપર હુમલો લઇ જઇ તે મુલકને બાલી નાંખ. જ્યાંસુધી હું તારો પાદશાહ છું ત્યાંસુધી તું રૂમ અને રૂમીઓથી કાંઇ દર ના રાખ. તેઓ મારે મનથી એક મુઠીભર ખાક છે. તોપણ હું એક મીઠી જબાનના એલચીને ફરીથી કએસર બણી મોકલું છું. તે સમજે અને તુંને વધું હેરાન નહીં કરે તો ઠીક છે. તો હું રૂમ કએસરના હાથમાંજ રહે તે પસંદ કરૂં છું." (એટલે તે સમજે તો હું લડાઇ કરવા માંગતો નથી. નહિ તો પછી તેમ કરીશ).

એમ કહી પાદશાહે એક કાસદને તેડી તેની પાસે કએસરપર નીચલો પેગામ કેહવાડયો.

નોશેરવાનનું કએસર પર બીજુ નામું.

ખોદાથી છે તે ખોરશેદ ને માહ,
તેનીથી ફીરોઝી ને દસ્તગાહ.
તે લડાઇ કે મેહર, ઇનસાફનો ડર
શોધનાર આ આકાશથી છે બરતર
રૂમનો તું કએસર જે છે બરતર,
આરબ સાથ જંગ અને લડાઇ ના કર.
વરૂના પંજાથી છીનવે જે મીશ,
તે વરૂથી સજા જોએ કમ બીશ.
મનજરની સામે જો જશે સીપાહ,
તો રાખીશ ન તારૂં તાજ અને ગાહ.
જો ફર્માનથી મારાં ફેરવશે સર,
તો શમશીરથી જોશે સજાનો ડર.
હદથી ના ઉઠાવ તું એક કદમ,
પેગામ તું ના તોડ એમ એકદમ.
જો તોડશે તો હું પણ તોડીશ કરાર,
તુંજ તખત ને સરને કરીશ હું હાર.
તાજ અને તખતનો સાહેબ ખોદા,
બીદાદ નહીં પસંદ કરતો સદા.

નોશેરવાનનું એ નામું વાંચી કએસર ગુસ્સે થયો. તેણે નવીસન્દાને તેડાવયો અને નોશેરવાન ઉપર નીચે પ્રમાણે જવાબ કહેવાડયો.

રૂમના કએસરનો જવાબ.

તે દાદારથી પામે છે આકાશ ચીતાર,
આરામ ને મેહરનો તે બખશનાર.
દુનિયામાં એકને કરે તાજવર,
તેનાથી બાંધે સર્વ કમર.
જે ફરતાં આ આકાશથી છે પાદશાહ,
જે બ્રેસ્પત સેતારા પર તારી પનાહ,
પુસ્તકો તારાપર નજર કર સેહેજ,
રૂમીઓ આપતા નહીં ખંડણી હરગેજ.
તું છે શેહરયાર તો નથી હું કમ,
ધરાઉછું તાજ તખ્ત મુલક બઉ ગમ.
દરખાસ્તો તારી નહીં કરતો કબુલ,
રાખતો નહીં હાથીનો દર બીલકુલ.
ખંડણી હું માંગુંછું હાલ તુંજ પાસ,
કોણ રાખેછ રૂમ સાથ લડવાની આસ?
સીકંદરે ઇરાનના કર્યા શું હાલ?
સગાઇમાં હતો તે અમારી ડાલ.
સીકંદરની તલવારની છુપી નહીં વાત,
શું તારા વડપણની રાખું બીશાત?
કર્યાચ તે અમને બહુબહુ તારાજ,
ખમશું નહીં અમો વધુ હાલ આજ.
નેજાના ઉઠાવનાર દલેર સવાર,
ઉડાડશે ગેરદ ને કરશે ખવાર.
નોશેરવાનથી નથી આફતાબ પેદા,
કે આસમાનનાં ચક્રને ફેરવે સદા.
માંગતો નહીં ખુદ સીવા બીજો તે શાહ,
પોતાનાજ સુખનનો માંગે છે રાહ.

એ પ્રમાણે નામું લખાવી તે ઉપર પોતાની મોહોર સાથે તે નોશેરવાનના કાસદને આપ્યું,

એવું કહીને કે "મેસાયા (એટલે ક્રાઇસ્ટ) અને તેનો ક્રોસ મારો યાર થજો (કે બા મન મસાહ વ ચલીપ અસ્ત જોફ્ત)." તે કાસદ આ નામું લેઈ ગુપચુપ તેની દરબાર છોડી ઇરાન ભણી આવ્યો અને નોશેરવાનને નામું આપ્યું. નોશેરવાને તે નામું વાંચ્યું અને પછી પોતાના મોબેદો અને અમીર ઉમરાવોની એક સભા બોલાવી એ કાગજ બાબે કેટલોક વિચાર કીધો. હવે શું કરવું તે બાબે તેણે ત્રણ દીવસ સુધી તેઓ સાથે મસલત કીધી. ચોથે દાહાડે તેઓ એવા ઠરાવ ઉપર આવ્યા કે કએસર સામે લડાઇ લઇ જવી.

હવે લડાઇનાં નગારાં પાદશાહના મેહલના દરવાજા આગળ વાગવા લાગ્યાં. તેણે ખોદાતાલાનું નામ દઈ એક એવું તો મોટું લશ્કર તૈયાર કર્યું કે તેનેથી ઉડેલી ધુળથી આફતાબે જાણે કીલ (એટલે કાળા દામર યા તાર)ના દર્યાવમાં પોતાનો રેહેવાસ કર્યો હોય તેવો દિસવા લાગો. જમીન લશ્કરના ઘોડાઓની નાળથી ઢંકાઇ ગઈ અને હવા લશ્કરના વાવટાઓથી લાલ (ruby) ના જેવા રંગની થઇ ગઈ. લશ્કરની મોટી સંખ્યાથી જમીન પર એક માંખને ફરવાની પણ જાણે જગ્યા ન હતી અને હવામાં પવનને પણ ફુંકવાની જગ્યા રહી ન હતી. ઘોડેસ્વારોની જુમ્બેશથી અને હાથીઓની હીલચાલથી જમીન નીલનાં દર્યાવ (નાઇલ નદી)ની માફક જોશમાં આવી. ગાવીયાની ઝુન્ડા સાથે શાહ લડાઇ પર નીકળ્યો. લશ્કરની કુચનો અવાજ બે મૈલ દુરથી સંભળાવા લાગો. લશ્કરની હરોલમાં ઢોલ અને હાથીઓ હતા. પાદશાહની આગળ પાછળ મોટા સરદારો હતા. તેઓ સર્વ પેહેલાં આજર આબાદગાનનાં શેહેરમાં આદરગુશસ્પનાં આતશબેહરામમાં લડાઇમાં ફતેહ મેળવવાની દુઆ ગુજારવા ગયા. ફીરદોસી એ બાબે નીચે પ્રમાણે વર્ણન આપે છે.

આદરગુશસ્પનાં આતશકદેહની મુલાકાત.

આગળ ને પાછળ સૈ આજાદગાન,
આવ્યા સૈ આજરઆબાદગાન.
દીઠું દુરથી મકાન આજર ગુશસ્પ,
પાંઉ પીઆદા થયા છોડયા સઉ અસ્પ.
દસ્તુર પાસ માગી બર્સમ જે પાક,
હાથ મોહોડું ધોયું સાફ કરી ખાક.
આતશકદેહમાં થયા દાખલ,
સોનેરી બેઠક મેલી આગળ.
મેલી તે ઉપર અવસ્તાઓ ઝંદ,
મોબેદ તે ભણ્યો બાગે બુલંદ.
સર ધર્યા શાહ અને હેરબદે ખાક,
દુઆમાં ધરી જમાની ચાક.
બુજોર્ગોએ કર્યા ગોહર નેસાર,
બાજમાં બઉ ભણી થયા ખાકસાર.
નજદીકમાં જઇને કરી સેતાશ,
દાદગરે દાવરની કરી નેઆશ.
માંગી બહુ ફતેહ તે સાહેબની પાસ,
ઇનસાફના માર્ગની દેખાડી આશ.
આશીર્વાદ આપી મોબેદને ખાસ,
ગરીબોને આપી ભેટ આસપાસ.

આજરગુસસ્પના આતશબેહરામમાં એમ લડાઇની ફતેહ માટે દુઆ ગુજારી પાદશાહે ત્યાં પોતાની છાવણીના તંબુ ઠોકાવ્યા અને નવીસન્દાને તેડાવી સરહદના મરજબાનો પર નીચે પ્રમાણે કાગજ લખાવ્યો.

"તમો સર્વ દુશ્મનથી હુશીઆર રેહેજો અને બીદાર રેહેજો. દુસ્મનથી મુલકને તપાસજો. સર્વએ હાથ નીચેનાઓ સાથે ઇનસાફથી વરતવું. જોઇતું લશ્કર તૈયાર રાખજો કે દુશ્મન ફાવી જાએ નહીં. જ્યાં સુધી તમો મારા વાવટાને પાછો ફરેલો જુઓ નહીં ત્યાં સુધી ઘણા ખબરદાર રેહેજો."

પછી નોશેરવાને તે આતશબેહરામ આગળથી પોતાની છાવણી ઉંચકી કુચ કરવા માંડી. માર્ગમાં મળતાં શેહેરોના હાકેમો તેની આગળ આવી તેને શરણ થતા ગયા. તેઓ તેની

આગળ ભેટ સોગાદો લાવ્યા. જ્યાં જ્યાં તે થોભતો ત્યાં ત્યાં તેને લોકો સલામી આપતા.

આગળ ચાલતાં દુશ્મનનાં લશ્કરની સનમુખ આવતાં તેણે લડાઇ માટે લશ્કરની સરદારીની નીચે મુજબ ગોઠવણ કીધી. શીરૂઇ બીન બેહરામ-ને લશ્કરની સરદારી આપી. ડાબી પાંખનાં લ-શ્કરની સરદારી ફરહાદને આપી. ઉસ્તાદ બીન પીરોજ (૧) ને જમણી પાંખની સરદારી આપી. લશ્કરી અસબાબ પોહોંચાડનારાં ખાતાં (Commissariate) ની સરદારી ગુશરપને આપી. મેહરાનને લશ્કરની કલબગાહ (એટલે વચમાંના ભાગ) ની સરદારી આપી. તળાયા (scouts) નાં લશ્કરની સરદારી હોરમજદને આપી. પછી લશ્કરે માર્ગમાં કોઇ ગરીબોને હેરાન નહીં કરવા તે બાબે નીચે પ્રમાણે જા-હેરનામું બાહાર પાડયું.

કએસરની લડાઈ પર જતી વખતે નોશેર-વાને ઈરાની લશ્કરને કહેલા સખુન.

ઓ સરદારો મારા બાહાદુર તમામ !
સર્વ તમ સાંભળો મારા કલામ.
છોડતા ના તમો મારો જે રાહ,
સુખન મુજ સીવા ન ધરશો પનાહ.
દર્વીશને દેતા કદી ના રંજ,
હેરાન ના કરતા જેઓ પાસ ગંજ.
ખેડુતના પાક પર ના કરતા નેગાહ,
નાપસંદ કામથી રહેજો આગાહ.
ખેતીને કચડશો નાંખી જો પગ,
લશ્કર જો ચાલશે છોડી ખુદ જગ,
તો યજદાનનાં નામથી કહુંછું હું આમ,
જે યજદાંએ આપ્યું છે તખત તમામ,
કે તલવારથી કરીશ હું તેમને કતલ,
સંતાશે જો કે તારા મીસાલ.
લશ્કરમાં ફરીશ હું તલાયા જેમ,
નજર હું રાખીશ સર્વની ગમ.
હાથી ને લશ્કરનો થાઇશ નેગેહબાન,
ફરીશ હું ડાબી ને જમણો મેઆન.
દર્યા ને જમીન પર ફરીશ સેતાબ,
જંગ વેળા જોઇશ ન આરામ ને ખાબ.

શીરજાદ નામના મનાદી ફેરવનારે ઉપર મુજબનું શાહનું જાહેરનામું લશ્કરની છાવણીના જૂદા જૂદા ભાગોમાં જઇને પોકાર્યું અને તેઓને કહ્યું કે "આ પાદશાહનું ફર્માન છે અને જેઓ એ ફર્માનથી ફરશે તેઓ પાય-માલ થશે."

ગીબન કેટલીક વાર એક અપક્ષપાત તવારીખનવેશને નહીં છાજે એવી રીતે નોશેરવાનનાં કોઇ ભલાં કામ માટે ઠઠ્ઠા મશ્કરીમાં બોલેછે. તેનાં મનની વલાણ એની વીરૂધ્ધ હોવા છતાં તેને એના ઈનસાફના દા-ખલાઓની નોંધ લેવી પડેછે. તે લેતાં પણ તે તેનાં કામ ઉપર જાણે થંડુ પાણી નાંખે છે. એ મુજબ તે એક દાખલો એના ઇનસાફનો પો-તાની કહેલી ઠઠ્ઠા મશ્કરીની રીતે આપે છે. પણ તે દાખલો દેખાડે છે કે નોશેરવાન એમ ઢંઢેરો બાહાર પાડીને બેસી રહયો હતો નહીં પણ તેણે તે ઉપર અમલ કીધો હતો. એક સેપાહે તેનો હોકમ તોડી લુટફાટ કીધી તેથી તેણે તેને શિક્ષા કીધી. એ બાબે ગીબન કહેછે કે "From the discipline of his camp the people derived more solid consolation; and they interceded in vain for the life of a soldier who had too faithfully copied the past Nushirvan.

પાદશાહ નોશેરવાન એ પ્રમાણે મનાદી ફેરવીને સંતોશ નહીં પામ્યો, પણ રાત દાહડો અવારનવાર પોતે લશ્કરની વચ્ચે ફરતો રહ્યો અને દરેક બાબતની પોતે જાતી ખબર કાહાડતો રહ્યો કે સર્વે કારોબાર કેમ ચાલે છે. જો માર્ગમાં કોઇ સીપાહ મરણ પામતો તો પાદ-શાહ તેને ત્યાંજ દખમામાં મેલતો(૨). જો તેની

(૧) કલકત્તાની આવૃતી પ્રમાણે 'ઉસ્તાદ બુરઝીન.'

(૨) "વરા દોખમે કર્દી બદાન જાયગાહ" એટલે તે તેને ત્યાંજ દોખમે કરતો અથવા તેને માટે દોખમું કરતો. અંહી "દોખમે કરતો" નો અર્થ "દાટતો હતો" એમ દિસે છે. કારણ બીજી લીટીમાં કહે છે કે મરનારનાં હથીયાર યા સામન મરનાર સાથે ખાડામાં પડતાં.

પાસે કાંઇ સુનું રૂપું યાને નાણું હોતું તો તે ત્યાં તેની કમાન, કોલાહ, કમન્દ અને કમરબંદ સાથે દખમામાં મેલવામાં આવતાં.

લશ્કર સાથે કુચ કરતાં માર્ગમાંનાં શેહેરો તરફ તે એક રાસ્ત બોલનાર કાસદને મોકલતો કે તેઓ તેના આવવાની ખબર પોહોચાડે. જે શેહેરોમાં તે ઇનસાફનો અમલ જોતો હતો અને જે શેહેરો તેની સાથે ભલમનસાઇથી વરતતાં હતાં, તેઓને તે હેરાન કરતો હતો નહીં. પણ જો તેઓ તેની સાથે લડાઇ કરવા માંગતાં તો તે લડાઇ કરતો અને તેઓનાં શેહેરોને તારાજ કરતો. તે એક હાથમાં ઇનસાફ અને બીજા હાથમાં સમશીર રાખી કુચ કરતો; એટલે જેઓ ભલા હતા તેઓ સાથે સારી રીતે વરતતો, પણ જેઓ બુંડા હતા તેઓને શમશીરથી સજા કરતો. પાદશાહ નોશેરવાન ખોર્શેદની માફક હતો કે જે ખોર્શેદ ભીનાસવાળી જગ્યા પર તેમ સુકી જગ્યા ઉપર એક સરખી રીતે પ્રકાશે છે અને સઘળાને એકસરખી રીતે રોશની આપે છે. પાદશાહ ખોર્શેદની માફકજ સર્વ સાથે એક સરખી રીતે વરતતો. લડાઇ કરવી કે બક્ષેશ કરવી એ બેઉ તેની નજરમાં રમત સરખાં હતાં અને તેથીજ તે સરફ્રરાજ બન્યો હતો. જો એક હાથી યા સીંહ તેની સામે લડાઇમાં આવતો તો તે એક દિવસ પણ લડવાને થોભતો નહીં.

પાદશાહ નોશેરવાને માર્ગમાં કેટલાક કીલ્લાઓ લેવા.

ઉપર મુજબની તકેદારી અને ખબરદારી સાથે પાદશાહ આગળ વધ્યો. તે એક શેહેર આગળ આવ્યો તેનું નામ શૂરાબ હતું. જ્યારે ગુસ્તાસ્પ પાદશાહ પોતાના બાપ લોહોરાસ્પથી રૂસાઇ રૂમ ગયો હતો, ત્યારે તેણે એ શેહેરમાં પોતાનું મકાન કીધું હતું(૧). તે સુંદર શેહેર હતું અને બુલંદ જગ્યા ઉપર આવ્યું હતું. તે એક ઉંડી નદીના કીનારા ઉપર હતું અને બુલંદ જગ્યા ઉપર હોવાથી જાણે આસ્માન સાથે પોતાનું સર લગાડતું. તેની આજુ બાજુ નોશેરવાનનાં લશ્કરે ઘેરો નાંખ્યો. પણ તેઓને તેમાં અંદર જવાનો માર્ગ મળ્યો નહીં. પાદશાહે ચારે બાજુએથી તેની ઉપર ઘેરો નાંખીને હુમલો કરી તે લીધું અને તેને જમીનદોસ્ત કીધું અને સળગાવી દીધું.

આગળ ચાલતાં માર્ગમાં "આરાયશે રૂમ" એટલે "રૂમનો સીંગાર" એવે નામનું શેહેર આવ્યું કે જેમાં કએસરનો ખજાનો હતો. પાદશાહે તેનો કીલ્લો જીતી લઇ તેને તારાજ કીધો. તે શેહેરનાં લોકો બચ્ચાં છોકરાં સાથે શરણે આવ્યાં અને પાદશાહે તેઓને માફી બક્ષી.

આગળ વધતાં નોશેરવાનને ખબર પડી કે રોમન લશ્કર ફ્રરફુરીઉસ નામના સરદારની સરદારી હેઠળ સામે આવે છે. થોડા વખતમાં એ બેઉ લશ્કર જંગમાં ભેગાં મળ્યાં. લડાઈ થઇ તેમાં ફ્રરફુરીઉસનું લશ્કર હાર્યું અને તે પોતે જખમી થયો.

આ લડાઈ પછી નોશેરવાન આગળ વધ્યો અને કાલીનીઉસ નામનાં શેહેર આગળ આવ્યો. તેનો કીલ્લો ઘણો બુલંદ હતો. નોશેરવાને તે કીલ્લો લીધો અને તેને તારાજ કીધો અને રાત પડતાં પોતાનાં લશ્કરને શેહેરમાંથી ખેંચી લેઇ મેદાનમાં છાવણી નાંખી અને ફરમાવ્યું કે કોઇ પણ ઇરાનીએ તે શેહેરનાં કોઇ પણ આદમીને હેરાન કરવાં નહીં. તેણે એ બાબે નીચલું જાહેરનામું બાહાર પાડયું. "ઓ ઇરાની લશ્કરના નામદારો! તમો સઘળાઓ આ મેહલમાંથી બાહર આવો. અંધારૂં થતાં બધા મેદાનભણી આવો. જો રાતને વખતે મારે કાને કોઇ ઓરત યા બુઢા મરદની ફર્યાદ આવશે યા લુંટફાટ યા મારામારીની ફર્યાદ આવશે, જો એક જણ પણ એ બાબેની ફર્યાદ કરશે, તો જે ધણી સામે ફર્યાદ થશે તેનું ચામડું હું ઉખડાવી નાંખીશ."

(૧) મોહલ આ બેત આપતો નથી.

આ મુજબ લડાઇમાં જીતેલાં શેહેરોનાં લોકો ઉપર જુલમ નહીં થાય તે માટે નોશેરવાન કાળજી રાખતો. સહવાર પડતાં શેહેરનાં લોકોએ પાદશાહ પાસે આવી માફ માંગી. પાદશાહે તેઓને માફી બખ્શી અને આગળ ચાલ્યો.

હવે પાદશાહ એન્ટીઓક (Antioch) શેહેર આગળ આવી લાગો. ત્યાંનાં લોકોને શરણુ થવાની તક આપવા માટે તે ત્રણ દીવસ થોભ્યો. તેઓ શરણુ નહીં થયાં ત્યારે ચોથે દાહાડે તેણે તે શેહેરના ઉપર ઘેરો નાંખ્યો. તેણે તે શેહેર અને તેનો કીલ્લો લીધો. લડાઇના પકડેલા બંદીવાનોને ત્યાંથી મળેલા ખજાના સાથે તેણે મદાયન (ટેસીફાન) શેહેરમાં મોકલ્યાં.

પછી પાદશાહ નોશેરવાન એ એન્ટીઓક શેહેરની આજુબાજુ ફર્યો અને તેની સુંદર્તાથી ખુશખુશ થયો. તેની જમીન માહાતાબ કરતાં પણ વધુ રોશન હતી. તેના બાગો અને મેદાનો અને વેહેતી નેહેરોની સુંદર્તાથી ઘડીઓ જાણે જવાન થતા. પાદશાહે પોતાના દરબારીઓને કહ્યું કે "આ એન્ટીઓક શેહેર છે કે નઓ બહાર એટલે નવી બાહારની મોસમની જગ્યા છે ! ખુર્‌રમ બેહેસ્ત, કે જેની સર્વ ખાક મશ્તુરીની છે અને જેની ઈંતરડીઓ સોનેરી છે, જેનાં ઝાડો યાકુતનાં છે અને જેનાં પાણી ગોલાબ જેવાં છે, જેની જમીન આસ્માન સમાન છે અને જેનું આસ્માન આફતાબ સમાન છે, તે જે ધણીએ નહીં જોયું હોય, તેને આ તરોતાજગી ભર્યું શેહેર જોવું જોઇએ (એટલે આ સુંદર મુલક બેહેસ્તનો ખ્યાલ આપેછે). રૂમના સર્વ મુલકો એમ આબાદ હોજો."

નોશેરવાને એન્ટીઓકના જેવું જઇબે ખુસ્રુ (એટલે ખુસ્રુનો સીંગાર) નામનું શેહેર સ્થાપવું.

પછી નોશેરવાને પોતાના મુલકમાં એન્ટીઓક શેહેરનાં જેવું એક સુંદર શેહેર સ્થાપ્યું અને તેને "જઇબે ખુસ્રુ" નામ આપ્યું. તેને બાહારની મોસમ માફક ખીલતું અને બાગે બેહસ્ત જેવું બનાવ્યું. પછી એન્ટીઓક શેહેર ખાતેથી તે જે રોમનોને લડાઇના બંદીવાનો તરીકે પકડી લાવ્યો હતો તેઓને તેણે એ શેહેરમાં વસાવ્યા. તેણે સર્વને પૈસાની મદદ કીધી કે તેથી તેઓ ખુશી સાથે પોતાનો ધંધો કરી ખુશાલ રહે. કહેછે કે એક બોલીદરાજ મોચી પાદશાહ આગળ આવ્યો અને ફર્યાદ કીધી કે "ઓ બીદાદગર પાદશાહ ! કાલીન્યુસ શેહેરનાં મારાં ઘર આગળ એક તુદ એટલે સેતુરનું ઝાડ હતું. આ તારા જઇબે ખુસ્રુ શેહેરમાં મને ફાયદો નથી, કારણ કે અહીં મારાં ઘર આગળ તેવું ઝાડ નથી." તે ઉપરથી પાદશાહે તેનાં ઘર આગળ કેટલાંક ઝાડો નખાવી આપ્યાં. વળી શાહે આ નવાં શેહેરની હકુમત એક ખ્રીસ્તીને સોંપી, કારણ કે લડાઇમાં જે બંદીવાનોથી તેણે એ શેહેર વસાવ્યું હતું તેઓ ખ્રીસ્તી હતા. તેણે તેને જણાવ્યું કે "આ નવું શેહેર હું તુંને સોપુંછું. તું જરૂર પડે તેમ એક બાપ સમાન યા એક બેટા સમાન વર્તી આ શેહેરને આબાદ કરજે અને તપાસજે".

હવે પેલી બાજુ ફરફુર્યુસે રૂમના કએસરને ઇરાની લશ્કરની ફતેહોની ખબર પોહોંચાડી. તેથી તેણે હવે ઇરાનના પાદશાહ સાથે સુલેહ કરવાનો વિચાર કીધો.

ફીરદોસી અને પશ્ચીમ બણીના લખનારાઓ વચ્ચે આ બનાવના અનુક્રમ બાબે ફેર છે. ફીરદોસી પ્રમાણે એન્ટીઓક શેહેર લેવા આગમચ નોશેરવાને ફરફુરીઊસને હરાવ્યો હતો પણ પશ્ચીમ બણીના લખનારાઓ, જેઓને આધારે ગીબને આ વખતની પોતાની તવારીખ રચી છે અને જેઓની તવારીખનો સાર આપણે ઉપર આપ્યો છે, તેઓ મુજબ નોશેરવાને પેહેલે એન્ટીઓક શેહેર અને બીજાં શેહેરો લીધાં, અને તે કાળા સમુદ્ર ઉપરનાં શેહેરો અને ખુદ કોનસ્ટેનટીનોપલ શેહેર લેવાનો વિચાર કરતો હતો તે વખતે ફરફુરીઉસ (Balisarius) સરદાર રોમન શાહાનશાહ તરફથી આવ્યો.

હવે ફીરદોસી પ્રમાણે રૂમના કએસરે

ઈરાનના ખુશ્રુ (નોશેરવાન) આગળ સુલેહની માંગણી કરવા કેટલાક રોમનોનું એક એલચી ખાતું મોકલ્યું. તેઓમાં મેહરાસ નામનો ધણી વડો હતો. તે ઉમરે નાનો પણ અક્કલમાં બુઢો હતો. રૂમના કએસર તરફથી ભેટ સોગાદ અને ખંડણી તરીકે કેટલીક ચીજો લઇને તે મેહરાસ ઇરાનના શાહ આગળ આવ્યો. તેણે તેને પોતાના રોમન પાદશાહ તરફથી નીચલો પેગામ કહ્યો.

રૂમના કએસરનો સુલેહનો પેગામ.

"અએ જેહાનના માલેક અએ શેહરયારા
આ દુનિયાની કીંમત ઘણી ના ધાર.
રૂમમાં તું આવ્યોછ ને ખાલી ઇરાન,
મુલકો સઘળા થયાછ વેરાન.
કએસર વીના રૂમનું આ શેહેર,
ધરાવે ન કોઇ કીંમત કે મેહેર.
માણસથીજ છે કિર્તીનું નામ,
માણુસ વિના સર્વ ફોકટ તમામ.
પૈસાને ખાતર લડેછે જંગ,
તે ખાતર સુલેહનો કર્યો છે ભંગ,
તો લાવ્યો છું રૂમનો ગંજે તમામ,
ગંજ કરતાં બેહેતર રોશન રવાન."
સાંભળ્યા શાહે સુખનો આમ,
વસંતના બાગ પેરે ખીલ્યો તમામ.
ભેટ તેની રાખી સર્વ કબુલ,
શું પૈસાની કોથળી કે ગુલામો કુલ.
કાસદને દીધી ઘટતી ઇજત,
ભેટોની કીધી ઘટતી સીફત.
કહ્યું કે "અએ મર્દે રોશન રવાન!
સરસ તે શખ્સ જેનો અક્કલ છે જાન.
સોનું જો હોય રૂમ શેહેરની જમીન,
તો તે કરતાં વધુ તુજ કીંમત નગીન."

પછી નોશેરવાને સુલેહની સરતો નીચે મુજબ મુકરર કીધી.

૧ રૂમના કએસરે દર વર્ષે ઇરાનને ખંડણી તરીકે બળદનાં ૧૦૦ ચામડાં ભરી (એટલે ૧૦૦ બળદનાં ચામડાંના કોથળા ભરી) દીનાર આપવા.

૨ રૂમના કએસરે યમનના મુલક તરફ પોતાનું કોઇ પણ લશ્કર મોકલવું નહીં અને ત્યાંના લોકો પાસે કાંઈ પણ માંગવું નહીં.

આ મુજબ સુલેહ કરી નોશેરવાન પોતાના મુલક ભણી પાછો જવાને ફર્યો. તે થોડો વખત શામ (સીરીઆ) ના મુલકમાં રહ્યો. ઇરાનમાં પાછું ફરતાં તેણે સરહદ પર સરદાર તરીકે શીરૂઇ બીન બેહરામને રાખ્યો અને તેને ફરમાવ્યું કે દર સાલ નીમેલે વખતે રૂમના કએસર પાસે ઉપર મુજબ મુકરર કરેલી ચોથાઇ લેવી. વખતથી ઉપર એક દાહાડો પણ જવા દેવો નહીં. પછી નોશેરવાન આર્મીનીયા ભણી ગયો.

આ સુલેહ થોડાંક વર્ષ ચાલુ રહેવા પછી જસ્ટીનીઅન મરણ પામ્યો. તેની પછી તેનો બેટો રૂમનો શેહેનશાહ થયો. તેના વખતમાં ફીરદોસી પ્રમાણે પાછી લડાઇ બરપા થઇ. તે વખતે નોશેરવાન જઇફ થયલો હોવા છતાં સામો ગયો પણ તે લડાઇ થોડા વખતમાં તમામ થઇ સુલેહ થઇ.

નોશેરવાનની રૂમના કએસરની લડાઇની હકીકત આપણે ફીરદોસી મુજબ ઉપર આપીછે. એ લડાઇની વીગત ફીરદોસીએ ટુકમાં આપી છે. પશ્ચીમ ભણીના લખનારાઓએ તે વધારે વીસતારી આપી છે. અલબતે તેમાં તેઓએ રૂમની સીફતમાં ઘણું લખ્યું છે. એ લખનારાઓ ઉપરથી ગીબને પોતે જે હકીકત ઉપજાવી છે તે તેનાં પુસ્તકમાંથી આપણ અતરે આપીશું, કે પશ્ચિમ ભણીના લખનારાઓ પ્રમાણે એ લડાઇની હકીકતનો સામટો ખ્યાલ આપણને મળે.

પશ્ચિમ ભણીના લખનારાઓ પ્રમાણે નોશેરવાનના રૂમ સાથની લડાઇની હકીકત.

મનજર અને બીજાઓની ઉશ્કેરણીથી નોશેરવાને જસ્ટીનીઅન સામે લડાઇ જાહેર કરી, જે લડાયક હીલચાલ કીધી તે બાબેની હકીકત ગીબન મુજબ નીચે પ્રમાણે છે.

બાબીલોનની પડોસનાં મેદાનોમાં નોશેરવાનનું લશ્કર ભેગું મળ્યું. તેણે યુક્રેટીસ નદીના પશ્ચિમ કોરના માર્ગે કુચ કરવા માંડી અને દયુરા (Dura) નામનાં શેહેર આગળ આવી પોંહચતાં તે શેહેરનું લશ્કર તેની સામે થયું. પણ થોડા વખતમાં તે શેહેર શરણ થયું. ૧૨૦૦૦ બંદીવાનો નોશેરવાનને હાથ આવ્યા પણ તેણે તેઓને તેઓ ઉપર ૨૦૦ રતલ સુનાનો દંડ નાંખી છોડી દીધા.

પછી તે સીરીઆમાં દાખલ થયો અને તેને તાબે કીધું. હાએરાપોલીસ, બેરહી અથવા અલેપ્પો, અપમીઆ અને કેલસીસ (Hierapolis, Berrhœ or Aleppo, Apamea, and Chalcis) ને ઘેરો નાંખવામાં આવ્યો. એ દરેક શેહેરે પાદશાહને પોતાની શકતી મુજબ સુનું રૂપું આપી પોતાનો છુટકારો મેળવ્યો. એપેમીઆના ખ્રીસ્તીઓ પાસેથી ખ્રીસ્તી ક્રોસ તેને હાથ આવ્યો. તે ઉપરનું સુનું અને જવાહેર લઇ તે ક્રોસ તેણે ત્યાના ખ્રીસ્તીઓને પાછો હવાલે કીધો.

પછી નોશેરવાને એન્ટીઓક શેહેરને ઘેરો નાંખ્યો. ૧૪ વર્ષ આગમચ એક ધર્તીકંપથી એ શેહેરનો નાશ થવા પછી રોમન શાહનશાહ જસ્ટીનીઅને તેને નવેસરથી બાંધી એક સુંદર શેહેર બનાવ્યું હતું. નોશેરવાને તે લીધું અને તે શેહેરના મોટા ભાગને સળગાવી દેવામાં આવ્યું. એ શેહેરની બાજુથી ઓરોન્ટીસ (Orontis) નદી વહેતી હતી. તે નદી માર્ગે નોશેરવાન નીચે ભુમધ સમુદ્ર તરફ ઉતર્યો. ત્યાં ઉતરી એ મોટા દર્યાના કીનારા ઉપર ત્યાંનાં પાણીમાં નાહી તેણે ખોરશેદની અને ખોરશેદને પેદા કરનાર દાદારની આરાધના કીધી.

આ સંધી ફ્નેહમંદ કુચો વચ્ચે બનેલા બે બનાવેનો ગીબન ઇસારો કરે છે. ગીબન પોતાના સરેસ્તા મુજબ જરા ઠઠ્ઠા મશ્કરી સાથે એ બનાવો માટે બોલે છે પણ તે નોશેરવાનનું દયાળુ અને ઇનસાફી દેલ દેખાડે છે. પેહેલો બનાવ આ હતો, કે તેણે ઉપલાં દયુરા શેહેર ખાતે તે શેહેરની ફતેહ વચ્ચે એક બાનુને તેણીના ફરજંદ સાથે જોઇ કે જેણીને અસભ્ય રીતે રસ્તામાં ખેંચી લઇ જવામાં આવતી. તે ઉપરથી તેનું હૈડું ભરાઇ આવ્યું અને તેને માટે રડવું આવ્યું અને તેણે ખોદા હજુર દુઆ ગુજારી કે તે સાહેબ આવું દુઃખ પાડનારાઓને સજા કરે.

બીજો બનાવ તેની છાવણીની કવાયદ (Discipline of his camp)નો હતો. આપણે આગળ કહ્યું તેમ તેનાં લશ્કરને અને તેના અમલદારોને તેનો હોકમ હતો કે લશ્કરના માર્ગમાં મળતાં લોકો ઉપર કોઇ પણ પ્રકારે જુલમ પાડવામાં નહીં આવે અને તેઓનો કાંઇ પણ માલ પૈસા આપવા વગર લેવામાં આવે નહીં. તે હોકમનો એક સીપાહે અનાદર કરવાથી પાદશાહે તે સીપાહ માટે સીફારસ થવા છતાં તેને મારી નંખાવી સજા કીધી.

હવે નોશેરવાન યુક્રેટીસ નદી તરફ આગળ વધ્યો. બાર્બાલીસસ (Barbalissus) નામનાં શેહેરની પડોશમાં તેણે એ નદી ઉપર કામચલાઉ પુલ નાંખ્યો અને પોતાનાં આખાં લશ્કરને ત્રણ દાહાડામાં તે પુલ મારફતે નદી ઓળંગવાનો હોકમ આપ્યો. તે પોતાના ટેસીફોન (Ctesiphon) શેહેર તરફ પાછો ફર્યો અને ત્યાંનાં પોતાનાં શેહેરથી એક દાહાડાની મુસાફરીનાં માર્ગ ઉપર તેણે એન્ટીઓક નામનું એક નવું શેહેર સ્થાપ્યું.

હવે નોશેરવાને પેલેસ્ટાઇન તરફ જવાનો વિચાર રાખ્યો કે જ્યાંનાં પવિત્ર શેહેર જેરૂસલમની દોલતે તેનું ધ્યાન ખેંચ્યું. તેણે કોનસ્ટાન્ટીનોપલ, જ્યાં રૂમનો શાહાનશાહ રહેતો, તે ઉપર પણ હુમલો કરવાનો વિચાર કીધો. તે મતલબથી તેણે એશીઆ માઇનરમાં જમીનનું લશ્કર અને કાળા સમુદ્રમાં દર્યાઇ કાફલો ભેગો કરવા માંડયાં. આ મામલો જોઇ રૂમના શાહાનશાહ જસ્ટીનીઅને પોતાનો જાણીતો

સરદાર બેલીસેરીઅસ (Balisarius), જેણે ઇટલીમાં પોતાના શાહનશાહ તરફથી ફતેહો મેળવવા માંડી હતી, તેને નોશેરવાનની સામે થવા બોલાવી લીધો.

આ વખતે નોશેરવાન યુકઝીન (Euxine) ના કીનારા ઉપરના મુલકો ફતેહ કરતો હતો. રોમન બેલીસેરીઅસે યુક્રેટીસને આ પાર નીસીબીસ (Nisibis) નાં શેહેરથી ૬ મૈલ દુર છાવણી નાંખી. પછી તેણે ઇરાનની સરહદ ઓળંગી સીસોરાન (Sisaurane)નો કીલ્લો જીતી લીધો. પછી તેણે રોમનોની બાંહેધરી હેઠળવાળા આરબોના સરદાર એરેથાસ (Arethas) ને તેના આરબો અને ૧૨૦૦ રોમનો સાથે તાઇગ્રીસ નદી ઓળંગી એસીરીઆના મુલકની ખેતીને પાયમાલ કરવાને મોકલ્યો. એ આરબ સરદારે તેનાં ફરમાનો મુજબ બરાબર અમલ કર્યો નહીં અને પોતાનું કામ કરી વખતસર બેલીસેરીઅસની છાવણી આગળ પાછો ફર્યો નહીં. તેથી એ રોમન સરદાર લાંબો વખત ગુચવાડામાં પડી રહયો અને નોશેરવાન સામે મજબુત પગલાં લેવાનો વખત જતો રહયો અને તેનું યુરોપીઅન લશ્કર મેસોપોટેમીઆના ગરમ સુર્યના તાપથી હેરાન થવા લાગું. પણ ઇરાનની સરહદમાં રોમન સરદારે જે જંગ મચાવવા માંડી હતી તેથી નોશેરવાનને તુરત પોતાના મુલક ભણી પાછું ફરવું પડયું. બેલીસેરીઅસને કોન્સટાનટીનોપલ તરફ પાછો બોલાવી લેવામાં આવ્યો, પણ બાહારની મોસમ શરૂ થતાં જ્યારે નોશેરવાને પાછી લડાઇની હીલચાલ કરવા માંડી ત્યારે તેને ઝડપથી પાછો સીરીઆ ઉપરનો હુમલો હટાડી કાહાડવા માટે મોકલવામાં આવ્યો.

આ વખતે નોશેરવાનથી બીહી એ તરફના રોમનો જસ્ટીનીઅનના એક ભાણેજની સરદારી હેઠળ હીએરાપોલીસ (Hierapolis) માં ભરાઈ બેઠા હતા. બેલીસેરીઅસે તે સરદારને તેના લશ્કર સાથે યુરોપસ (Europus) ભણી બોલાવ્યો કે જ્યાં તેણે લશ્કર એકઠું કરવા માંડયું હતું. તેણે યુક્રેટીસ નદી ઉપર મજબુત પડાવ નાંખી પોતાની છાવણી નાંખી હતી. તેથી નોશેરવાનની મતલબ, જે આ વખતે પેલેસ્ટાઇન ઉપર હુમલો લઇ જવાની હતી તે પાર પડી નહીં. બેલીસેરીઅસનું લશ્કર મોટું નહીં હતું, પણ તે દોરદમામવાળું હતું. તેથી નોશેરવાને થાપ ખાઇ જરા ડર ખાધો અને યુક્રેટીસ ઓળંગી પાછો પોતાના મુલક તરફ ફર્યો. એ મુજબ વગર લડાઇએ બેલસેરીઅસની તાલમેલથી રોમનોનું કામ સર્યું, એટલે કે નોશેરવાન રોમન સરદારના અને તેના લશકરના દોરદમામથીજ ચીંતામાં પડી આગળ વધવાને બદલે પાછો પોતાના મુલક ભણી ફર્યો.

એમ થવાથી બેલીસેરીઅસને જસ્ટીનીઅને પાછો ઇટાલીની લડાઇમાં આગેવાની લેવા તેડાવ્યો અને પુર્વ તરફના મુલકોમાં ૧૫ જૂદા જૂદા રોમન અમલદારો ૩૦૦૦૦ રોમનોનાં લશ્કર સાથે રહયા. તેઓ આર્મિનીઆના પહાડોમાં રોમન લશ્કર લઇ આગળ વધ્યા. તેઓ વચ્ચે લડાઇ માટે કોઇ ચોકસ બંદોબસ્ત યા વ્યવસ્થા જેવું કાંઈ નહીં હતું. ડયુબીસ (Dubis) નામની જગ્યાએ જ્યારે તેઓ છાવણી નાંખી પડયા હતા, ત્યારે ૪૦૦૦ આદમીનાં એક ઇરાની લશ્કરે તેઓને હરાવી વીખરી નાંખ્યા અને નસાડી મેલ્યા. ઇરાનીઓના હાથ ઉપર ખાધેલી એ હાર વચ્ચે રોમનોને આ દીલાસો હતો કે રોમન આરબો પોતાના ભાઇબંદ ઇરાની આરબોને ઇરાનીઓની બાંહેધરી હેઠળથી છુટા પાડવાને શક્તીવાન થયા હતા અને આર્મીનીઅનોએ રોમ તરફ પોતાનો રાજ્યભકતીભાવ દેખાડવા માંડયો હતો. ઇરાનીઓએ એ ફતેહ પછી રોમનોનાં દારા અને એડેસા નામનાં શેહેરો ઉપર જે હુમલો કીધો હતો અને ઘેરો નાંખયો હતો, તે ત્યાંના રોમનો હટાડી શકયા હતા. પછી સેવટે એ મુલકોમાં મર્કી ફાટી નીકળી. તે મર્કીએ જાણે રોમનોની કુમક કીધી અને ઇરાનીઓને આ-

ગળે વધતા અટકાવ્યા. હવે રોમ અને ઇરાન વચ્ચે પાછી સુલેહ થઇ.

ત્યાર પછી નોશેરવાન અને જસ્ટીનીઅન વચ્ચેનાં મીનાકેશાનું ખેતર કાળા સમુદ્રના પશ્ચિમ કીનારા ઉપર આવેલો કોલકોસ (Colchos) અથવા મીંગ્રીલીઆ (Mingrelia) નો મુલક હતો. એ ઘણો તવંગર મુલક ગણાતો. એમાંથી ફેઝીસ (Phases) નામની નદી વેહેતી કે જે નદીનાં નામ ઉપરથી ફેજન્ટ (Pheasant) નામનાં પક્ષીઓએ પોતાનું નામ લીધું છે, કારણકે તેઓ તેના કીનારાવાળા મુલકોમાં પુષકળ દિસતાં. હીંદુસ્તાન તરફનાં વેપારનાં વાહાણો ઓક્સસ (જેહુન) નદી મારફતે કેસ્પીઅન સમુદ્રમાં દાખલ થતાં. તે દર્યામાં સાઇરસ (Cyrus) નામની નદી પુર્વ ભણીથી આવી ખાલી થતી. તે નદી મારફતે તે વેપારી વાહાણો પશ્ચિમ ભણી ચહડતાં. એ નદીનો ફેઝીસ નદી સાથે સંબંધ હતો. તેથી તે વેપારી વાહાણો ફેઝીસ નદીમાં દાખલ થઈ તે નદીના એક ફાંટા મારફતે કાળા સમુદ્રમાં દાખલ થતાં. ત્યાંથી બોસ્ફરસ અને હેલસપોન્ટ મારફતે ભુમધ્ય સરોવરમાં દાખલ થતાં. એ મુજબ હીંદુસ્તાનનો વેપાર કોલકોસ (Colchos) ના મુલકમાંથી પસાર થતો હતો. તેથી તે મુલક તવંગર બન્યો હતો.

એ મુલકની ઉત્તરે કોકેસસ પર્વત આવ્યો છે. સર્કેશીઆનો મુલક તેની નજદીકમાં તેના હાલના મુલકની હાલનીજ જગ્યાના ભાગ તરીકે ગણાય. એ સર્કેશીઆના મરદોને જાણે ખોદાએ બાહાદુરી માટે અને લડાઇ માટે સરજ્યા છે અને સ્ત્રીઓને ખુબસુરતી માટે સરજી છે. સર્કેસીઅન સ્ત્રીઓ આજે પણ ખુબસુરતી માટે જણાયલી છે. અહીંના કોકેસસ પર્વતવાળા પાહાડી મુલકની સ્ત્રીઓ એ મુલકમાં અને એશીઆના દક્ષીણ ભાગોના મુલકોમાં આવતી રહીને ત્યાનાં લોકોનાં લોહીને અને તેઓનાં વંશવેલાને સુધારતી રહી છે. કહેછે કે દર વર્ષે આશરે ૧૨૦૦૦ ગુલામો એ મુલકમાંથી એશીઆના દખણ ભાગોમાં આવતા અને તેમાં કેટલીક ખુબસુરત સ્ત્રીઓ આવતી, જેણીઓ મધ્ય એશીઆના લોકોનું આ મુજબ લોહી અને વંશ સુધારતી. પણ તેણીઓ નિતીમાં ઉતરતી હતી. એમ ખુબસુરત સ્ત્રીઓની ગુલામ તરીકે ખરીદી થતી હોવાથી, માબાપોને, જેમ બચ્ચાં ઘણા જન્મ પામે તેમ સારૂં, કે ઢોરની માફક તેઓને વેચીને પૈસા પેદા કરવાનું મળે. એવી હલકી મતલબને લીધે આ મુલકની સર્કેશીઅન સ્ત્રીઓ, જોકે ખુબસુરત તોપણ નિતીમાં હલકી ગણાયછે.

પાદશાહ સાઇરસનાં લશ્કરમાં એ કોલ્કોસ મુલકના સીપાહો સેવા બજાવતા હતા. કહેછે કે દર વર્ષે સોસો સુંદર છોકરાઓ અને છોકરીઓ એ પાદશાહને એ મુલકમાંથી ખંડણી તરીકે મળતાં હતાં. હખામીનીઅન શાહાનશાહતની પડતી પછી તે પોન્ટસ (Pontus) ના મુલકવાળા મીથ્રદાટીસ (મેહરદાદ) પાદશાહના હાથમાં ગયો હતો. જ્યારે રોમનોએ એ પાદશાહની પુઠ પકડીને તેઓનો કેટલોક મુલક લીધો ત્યારે આ મુલક પણ તેઓના હાથમાં ગયો હતો. ત્યાર પછી લાઝી (Lazi) નામના એક તાયફાએ એ મુલક હાથ કીધો અને તેને, તેના આખા ભાગને નહીં તો કાળા સમુદ્ર ઉપરના થોડા ભાગને, પોતાના નામ ઉપરથી લેઝીકા (Lazica) નામ આપ્યું. એ લેઝીકાનો મુલક પછી ઇરાનની બાંહેધરી હેઠળ આવ્યો. છઠ્ઠી સદીની શરૂઆતમાં એ મુલકમાં ખ્રીસ્તી ધર્મ દાખલ થયો. નોશેરવાને એ મુલક (Lazica) ના હાકેમ ઝેથસ (Zathus) નો દરજ્જો વધારી તેને રાજાનો પાદશાહી ખેતાબ આપ્યો; પણ એ રાજાએ કોનસ્ટાનટીનોપલ જઈ જસ્ટીનીઅનની બાંહેધરી કબુલ રાખી બેપટીઝમ લીધું અને એક ખ્રીસ્તી બાયડી સાથે પરણ્યો. આ બનાવથી નોશેરવાન અને જસ્ટીનીઅન વચે પાછી ખટપટ શરૂ થઇ. જસ્ટીનીઅને નોશેરવાનનો ગુસ્સો

દાબી રાખવા જાહેર કર્યું કે તેણે તો એ રાજા તરફ ફક્ત મેહેમાનદારી દેખાડી હતી.

હવે આ મુજબ એ લાઝી લોકો અને તેમનો રાજા ઝાથસ (Zathus) રોમની બાંહેધરી હેઠળ ગયા, પણ થોડા વખતમાં તે-ઓને હમશરીક રાજ (allies) ના દરજ્જા ઉપરથી તાબેદાર (dependent) રાજની હાલતે ઉતારવામાં આવ્યા. તેઓના મુલકની નજદીક પેટ્રા (Petra) નો કીલ્લો રોમનોના હાથમાં ઘણો મજબુત અને પગભર થતો હતો. ત્યાંના રોમનો એ કાલકોસના લોકો ઉપર પોતાનો દોર ચલાવવા લાગા અને એક તાબેદાર રૈયત તરીકે તેઓને ગણીને અપમાન અને હેરાન કરવા લાગા. તે ઉપરથી એ લોકોએ નોશેરવાનની મદદ અને યારી માંગી. નોશેરવાને તે આપવા એકદમ કબુલ કીધું. તેણે જોયું કે એઓના મુલકમાં પોતાનો પગદંડો સ્થાપવાથી તે તેઓની ફેઝીસ નદી મારફતે પોતાના દર્યાઇ કાફલાને કાળા સમુદ્રમાં ઉતારી કોનસ્ટેનટીનોપલ પર હુમલો કરી શકશે. કોલકોસ લોકોના ભોમીઆઓની રેહબરી હેઠળ તેણે પોતાનું લશ્કર તેઓના મુલકમાં મોકલ્યું. તેઓના રાજા ગ્યુબાઝીસ (Gubazes), જેને રોમનોએ અપમાન કર્યું હતું, તેણે પોતાનું તાજ નોશેરવાન હજુર ધર્યું અને તાબેદારી જાહેર કીધી. પછી નોશેરવાને પેત્રાના કીલ્લા ઉપર હુમલો કીધો. તેમાંના રોમનો તેને તાબે થયા.

પણ કહે છે કે વળી થોડા વખતમાં એ લોકો નોશેરવાનના અમલથી પણ બેદીલ થયા. તેઓ થોડાંક વર્ષ પર ઝેથસ રાજાની રેહબરી હેઠળ ખ્રીસ્તી થયા હતા. હવે નોશેરવાને આતશની સેતાયશ તેઓમાં દાખલ કરી. તેણે લાસોને ઉંચી જગ્યાએ ખોરશેદ નેગીરશ્ની કરવાનો અને માસહારી પક્ષીઓ પાશે ખવરાવવાનો રેવાજ દાખલ કીધો. એ સઘળું એ કોલકોસના લોકોને પસંદ નહીં આવ્યું. લાઝી લોકોના રાજાએ નાફરમાની કરવા માંડી. નોશેરવાને તેને પકડીને મારી નાંખવાનો અને ત્યાંના લોકોને બીજે દેશ મોકલી ફેઝીસના કીનારાપર એક નવું વફાદાર સંસ્થાન સ્થાપવાનો વિચાર કીધો. પણ એ લડાઈની ખબર એ લાઝી લોકોને થતાં તેઓ પાછા જસ્ટીનીઅનને મળી ગયા. જસ્ટીનીઅને દેજીસ્ટીઅસ (Dejisteus) નામના સરદારને ૭૦૦૦ રોમનોનાં લશ્કર સાથે એ મુલકમાં ઇરાનીઓને હાંકી કાહાડવા મોકલ્યો. તેણે પેત્રાના કીલ્લો, જે નોશેરવાનનાં લશ્કરે વધારે મજબુત બનાવી પોતાના કબજામાં રાખ્યો હતો, તે ઉપર ઘેરો નાંખ્યો. કીલ્લામાં ૧૫૦૦ ઇરાનીઓનું લશ્કર હતું. પણ ઘેરાના મારાથી તેઓની સંખ્યા ૪૦૦ ની થઇ ગઈ હતી. તેમાં પણ ફક્ત ૫૦ સીવાય બાકીના જખમી અને બીમાર હતા. પણ તેઓ હીમ્મતથી ટકી રહયા. દેજીસ્ટીઅસે ઘટતે વખતે હુમલો કીધો નહીં. તે પેત્રા જીતી લે તો તેનો શું ચોકસ બદલો રોમન શાહાનશાહ તેનેઆપશે તેની ખાતરી વીગેરે કરવા માટે તેણે કોનસ્ટાનટીનોપલ ખાતે કાસદ મોકલ્યો. પણ તેટલામાં ૩૦૦૦ ઇરાનીઓનાં બીજાં લશ્કરે આવી શેહેરનાં ઇરાની લશ્કરને મદદ કરી ઘેરો ઉંચકાવી નાંખ્યો.

હવે રોમન સરદાર બેસસે (Bessus) બીજી વાર ઘેરો નાંખ્યો. ઇરાનીઓએ અતીઘણી વખાણવા લાયક હીમ્મતથી બચાવ કીધો. એ ઘેરામાં ૭૦૦ ઇરાનીઓ માર્યા ગયા હતા. પછી જ્યારે રોમન લશ્કરે સીડીઓ મારફતે ચહડી કીલ્લાને લેવાની કોશેશ કીધી ત્યારે બાકીના ૨૩૦૦ ઇરાનીઓ તેનો બચાવ કરવા પડયા. એમાંથી ૧૦૭૦ માર્યા ગયા. ૭૩૦ બંધીવાન થયા. એ સર્વ લડાઇમાં જખમી થયા હતા. તેઓમાંથી ફક્ત ૧૮ એવા હતા કે જેઓને જખમ નહીં લાગેલા. બાકીના ૫૦૦ એ હુમલા વેળા કીલ્લાની અંદરના કોટ (Citadel)માં વધુ બચાવ માટે ભરાયા. તેઓને શરણ થવાને રોમનોએ ઘણું પણ સમજાવ્યું

પણ તેઓ સેવટ સુધી લડી આખરે સળગાવી મેલેલા કોટમાં બળી મુઆ. ગીબન એ ઇરાનીઓની સ્તુતી નીચલા શબ્દોમાં કરે છે.

"Such examples of loyalty and valour might excite their countrymen to deeds, of equal despair and more perilous event.

હવે નોશેરવાને એ મુલકમાં ૮ હાથી અને ૭૦૦૦ આદમીનું બીજુ લશ્કર ભેગું કીધું. ઇરાની લશ્કરે કોલકોસને તાબે કીધું અને તેના લાઝી લોકો પહાડોમાં નાહઠા ઇરાનીઓનો સરદાર મેરેમેરોઝ (Mermeroes) નામનો હતો. તે જઇફ હતો અને સાથે બેઉ પગે લંગડો હતો તોપણ તે તન અને મને મજબુત અને ચપળ હતો અને તેને પાલખીમાં બેસડી રંગ ભુમીપર લઇ જવામાં આવતો. તે રંગ ભુમીપર જતો કે દુશ્મનનાં લશ્કરને ફાળ પડતી અને ઇરાની લશ્કરને હીંમત આવતી. તેની સરદારી હેઠળ ઇરાની લશ્કર લગભગ હમેશાં ફતેહમંદ નીવડતું. તેનાં મરણ બાદ નાકોરાગન (Nacoragun) નામના એક મગરૂર સરદારના હાથમાં ઇરાની લશ્કરની સરદારી ગઇ. એ મગરૂરીથી કહેતો કે આંગળાંમાંથી વિંટી જે ઝડપથી તે કાહાડ મુક કરી શકે તેવી ઝડપથી તે ફતેહ મેળવી શકશે. પણ એવી મગરૂરી બેદરકારી પર નાંખેછે. તેમ થયું. જ્યારે ઇરાનીઓ રોમનોને મારતા અને હટાડતા કાળા સમુદ્ર સુધી લઇ ગયા ત્યારે રોમન સરદારોએ એક ઠેકાણે ભેગા મળી મસલત કીધી અને સામટાં બળથી ઇરાનીઓની સામે થયા. નાકોરાગાન નાસી ગયો અને ૧૦૦૦૦ બાહાદુર ઇરાનીઓ માર્યા ગયા. નોશેરવાને આ હીચકારા સરદારને મારી નંખાવ્યો. કહેછે કે તેણે એ સરદારનું ચામડું ઉખેડાવી નાંખી તેમાં બીજી ચીજો ભરી તે કાલબુદ એક પહાડ ઉપર મેલાવ્યું, કે ઇરાની સેપાહો તે ઉપરથી ધડો લે કે ઇરાનની કીર્તિ અને દોલત, જે તેઓને હાથે હતી, તેને તેઓ એમ ખરાબ કરવા નહીં દે.

હવે નોશેરવાને એ કોલકોસના મુલક ઉપરથી હાથ ઉઠાવ્યો. એ મુલકના રાજા ગ્યુબાઝીસ (Gubazes) પોતાને ફેજે પોંહોચ્યો. રોમન અમલદારો, જેઓ સામે તેણે ફર્યાદ કરવા માંડી હતી, તેઓએ જસ્ટીનીઅનને સમજાવ્યું કે એ લાઝી સરદાર એક વખત ફરીથી રોમનોથી છુટો પડી ઇરાનના શાહને મળી જનાર છે. તે ઉપરથી જસ્ટીનીઅને તેને પકડી લાવવાનો હોકમ મોકલ્યો. કોઇ દગલબાજે યુક્તીથી તેમાં એવું લખ્યું હતું, કે જો તે મુંગેમુંગો શરણ થઇ નહીં આવે તો તેને મારી નાંખવો. રોમન અમલદારોએ એ લખાણનો લાભ લઇ દગાબાજીથી તે બાહાને તેને મારી નાંખ્યો. જસ્ટીનીઅનને એ વાત ખબર પડતાં તેણે એક મોટા દરજ્જાના ન્યાયાધીસને એ બાબેની તપાસ કરવા કોલકોસના મુલકમાં મોકલ્યો. તેની તપાસનાં પરીણામમાં કેટલાક દગલબાજોને મારી નાંખવામાં આવ્યા.

હવે વળી પાછી રોમન કએસર અને ઇરાનના શાહ વચ્ચે સુલેહની વાત નીકળી. એ માટે ઇસ્ડીગ્યુન (Isdigune) નામનો એક એલચી ઇરાનના શાહ નોશેરવાન તરફથી જસ્ટીનીઅનની દરબારમાં પોતાની બાયડી અને બચ્ચાં છોકરાં સાથે અને બે મોટે દરજ્જેના દરબારીઓ (satraps) અને ૫૦૦ ઘોડે સ્વારોની એક ટુકડી સાથે ગયો અને ત્યાં ૧૦ મહીના સુધી સુલેહના સંધેસા ચલાવતો રહ્યો. તેનું પરીણામ કાંઇ સારૂં યા જાથુકની સુલેહમાં નહીં આવ્યું. ફકત થોડાક વખત માટેની સુલેહ થઇ.

પછી સેવટે આદેલના એલકાબથી ઓળખાતા એ બેઉ પાદશાહોની ઉમ્મર જ્યારે મોટી થઇ ત્યારે બેઉએ જાથુકની સુલેહનો વિચાર કીધો અને ૫૦ વર્ષની સુલેહ માટે કોલકરારો થયા. કોલકોસના મુલક ઉપરનો

દાવો નોશેરવાને મેલી દીધો. જસ્ટીનીઅન તેને દર વર્ષે ૩૦૦૦૦ સુનાના સીક્કા આપવાને કબુલ થયો.

સુલેહના આવા કરારો છતાં જસ્ટીનીઅન, તાલ ફાવતાં ઇરાનને કોઇ પાસે ફટકો લગાવવાની તક મળતી તો તે ચુકતો નહીં હતો. એવી રીતે તેણે એબીસીનીઅનો મારફતે ઇરાનને ફટકો લગાવવાની એક તક હાથ લીધી.

એબીસીનીઅનો (હબ્સીઓ), જોકે આફ્રીકનો ગણાય, તોપણ તેઓ આફ્રીકાના બીજા લોકો કરતાં ચહડીઆતા હતા. તેઓ આફ્રીકાના સીધીઓ (negroes) માફક નહીં હતા, તેઓ વંશથી આરબો હતા. ખ્રીસ્તી ધર્મ અખત્યાર કરવાથી તેઓ આજુબાજુના જંગલી લોકો કરતાં જરા ચહડતી હાલતે પોંહચ્યા હતા. તેઓ મીસર દેશ સાથ સંબંધમાં આવ્યા હતા. કોનસ્ટાનટીનોપલના લોકો તરફથી તેઓએ હુન્નરો અને એલમોનાં (arts and sciences) મુળ તત્વો અખત્યાર કર્યાં હતાં. તેઓના વેપારી વાહાણો લંકા (Ceylon) સુધી જતાં હતાં. આ વખતે તેઓનો રાજા, જે નીગસ (Negus) ને નામે ઓળખાતો હતો, તેને આજુબાજુનાં સાત રાજાઓ માન આપતાં હતાં. એ રાજાએ પોતાને શેબાની રાણી (Queen of Sheba) ના વંશનો જણાવ્યો અને તેમ જણાવી અર્બસ્તાનના હોમેરાઇટ (Homerites) લોકોના મુલક ઉપર હુમલો કીધો.

હવે આ વખતે ઉપલા હોમેરાઇટ લોકોનો રાજા દયુનાઆન (Dunaan) નામનો હતો. તેની ઉપર યાહુદીઓનો વગવસીલો ઘણો હતો. યાહુદીઓ ઉપર રોમન શાહાનશાહ તરફથી ધર્મ સંબંધી બાબતમાં જુલમ પડતો હતો. તેથી રોમન શાહનશાહત તળે વસનારા પોતાના યાહુદી ભાઇબંધો ઉપર પડતા જુલમનો કીનો લેવા ખાતર અરબસ્તાનના યાહુદીઓએ દયુનાઆન રાજાને ઉસકેર્યો જેથી તેણે કેટલાક રોમન વેપારીઓને હેરાન કીધા અને નેગ્રા (Negra) તરફના ખ્રીસ્તીઓને મારી નાંખ્યા. એ ઉપરથી અરસ્તાનના ખ્રીસ્તી દેવલોની આગેવાની હેઠળ અરબસ્તાનના ખ્રીસ્તીઓએ એબીસીનીઆનો રાજા, જેનાં વડીલો આરબો હતા, અને જે અને જેના લોકો પાછળથી ખ્રીસ્તી થયા હતા, તેને અરજ કીધી કે દયુનાઆનનાં દોરથી તેઓને છોડવે. એ ઉપરથી એબીસીનીઆનો રાજા, જે, ઉપર કહ્યું તેમ, નીગસ (the Negus) ને નામે ઓળખાતો, તે, ઉપર જણાવવા મુજબ, શેબાની રાણીના વારસ તરીકે હોમેરાઇટ લોકોના મુલક ઉપર પોતાનો દાવો જાહેર કરીને રાતો સમુદ્ર ઓલંગી એક કાફલા અને લશ્કર સાથે હુમલો લાવ્યો. તેણે હોમેરાઇટ લોકોનો ઉપલો રાજા દયુનાઆન, જે યાહુદીઓની સમજાવટથી વટલીને યાહુદી થયો હતો, તેને હરાવ્યો અને મારી નાંખ્યો. એમ કરી, જે રાજ્ય કુટુંબે હોમેરાઇટ લોકો ઉપર બે હજાર વર્ષ સુધી રાજ કર્યું હતું, તે કુટુંબનો અંત આણ્યો. પછી તેણે ખ્રીસ્તી ધર્મ અરબસ્તાનમાં ફેલાવવાની કોશેશ કીધી.

ત્યારે આ લડાઈ, એક રીતે, આરબ આરબો વચ્ચે હતી. ખ્રીસ્તી થઇ ગયલા આફ્રીકાના આરબો (એબીસીનીઅનો અથવા હબસીઓ) અને હોમેરાઇટ તાયફાવાળા અરેબીઆના આરબો, જેઓનો રાજા યાહુદી થયો હતો, તેઓ વચ્ચે હતી; અને બીજી રીતે, ખ્રીસ્તીઓના અને યાહુદીઓનો દોર વચ્ચે હતી. એ હોમેરાઇટોના રાજા દયુનાઆને રોમન શાહાનશાહ તરફ યાહુદીઓની ઉસ્કેરણીથી દુશ્મની દેખાડવા માંડી હતી. તેથી તેઓને જીતી લઈ હવે આ આબીસીનીઅન રાજાએ પોતે રોમન શાહનશાહ તરફ મિત્રાચારી દેખાડવા માંડી. જસ્ટીનીઅન તેથી ખુશી થયો. તેણે એ એબીસીનીઅન રાજાની દોસ્તી સાંધીને એબીસીનીઆને માર્ગે આવતો રેશમનો વેપાર પોતાનાં લોકો માટે હાથ કરવાનો અને તેની મારફતે અર્બસ્તાનના આરબોને ઇરાન સામે અને ઇરાનના પાદશાહ નોશેરવાન અદલ સામે ઉશ્કેરવાનો વિચાર કીધો.

જસ્ટીનીઅને એ મતલબે નોનોસસ (Nounosus) નામના એલચીને એબીસીનીઆના રાજા આગલ મોકલ્યો. એબીસીનીઅન નીગસે જસ્તીનીઅનના એલચીની ચાર હાથીઓથી ખેંચાતી એક રથમાં સવાર થઇ ખોલ્લા મેદાનમાં મુલાકાત લીધી. તેણે રોમન શાહાનશાહ સાથ પોતાની મિત્રાચારી જાહેર કીધી અને હાથમાનાં હથીઆર હવામાં ફેરવી આતશની સેતાએશ કરનારા ઇરાનીઓ સામે લડાઈ કરવાનો વિચાર જાહેર કીધો. પણ લડાઇની એ સઘળી ધમકી હવામાં ઉડી ગઇ. એ એબીસીનીઅન રાજા (નીગસ) ના કહેવાને હોમેરાઇટ લોકોએ મચક આપી નહીં અને પોતાનો આબાદ મુલક છોડીને એક રેતાળ ભાગ ઓળંગી ઇરાન, કે જેણે તેઓને કદી દુઃખ દીધું હતું નહીં, તેનાં લોકો ઉપર હુમલો કરવાનું દરૂસ્ત ધાર્યું નહીં.

આ મુજબ જસ્ટીનીઅન એબીસીનીઅન રાજાના હુકમથી હોમેરાઇટ લોકોને ઇરાન સામે લડવા મોકલવાની પોતાની કોશેશમાં ફાવ્યો નહીં. એટલુંજ નહીં, પણ ઉપલા એબીસીનીઅન રાજાને પોતાને હોમેરાઇટ લોકો ઉપરની પોતાની નવી હકુમત જાળવી રાખવાનું મુશકેલ થઇ પડ્યું. એદયુલીર (Adulir) નામનાં શેહેરના એક રોમન વેપારીનો એબ્રાહા (Abraha) નામનો એક ગોલામ હતો. તેણે હવે હોમેરાઇટ લોકોની સરદારી લીધી અને તેઓનો વડો થયો. એબીસીનીઆનાં રાજાનું જે લશ્કર અરબસ્તાનમાં હતુ તે એબ્રાહાને માન આપવા લાગુ. જસ્ટીનીઅને એમ પાસો ફરી ગયલો જોઇ હવે આ નવા રાજા એબ્રાહાની દોસ્તી સોધી. કેટલોક વખત પછી એ આબ્રાહાની મક્કા શેહેરના દરવાજા આગળ ઇરાનીઓને હાથે હાર થઇ.

ઈરાન અને અર્બસ્તાન વચ્ચે નોશેરવાનની આગમચ સંબંધ.

આ દાસ્તાનમાં આપણે આરબોને માટે વારેઘડીએ બોલ્યા છીએ કે તેઓએ નોશેરવાનને જસ્ટીનીઅન સામે લડવાને ઉશ્કેર્યો હતો. માટે અત્રે આપણાં ઇરાન અને અર્બસ્તાનની વચ્ચે નોશેરવાનનાં રાજ્યની આગમચ શું સંબંધ હતો, તે બાબે થોડુંક વિવેચન કરીશું.

જેમ સાધારણ રીતે બોલાયછે તેમ બોલીએ તો, જેમ માણસો ઉપર જમાનાનું ચક્ર યા આસમાનનું ચક્ર ફરી, ચહડતી પડતી આણે છે, તેમ મોટી શાહાનશાહનોના સંબંધમાં પણ બનેછે. બ્રીટન, જે એક વખત નાનું રાજ્ય હતું, તે વખતનાં વેહેવા સાથે મોટું બ્રીટન (Great Britain) થયું, અને વળી આજે વખતના વધુ વેહવા સાથે શાહાનશાહી તરીકે ઓળખાતી રાજનીતિ (Imperial Policy) હેઠળ વધારે મોટું બ્રીટન (Greater Britain) બનતું જાયછે. તે એક વખત અસલી રોમન શાહાનશાહતનું ફક્ત એક પ્રગણું હતું, તે આજે તેજ રોમન શાહાનશાહતના અમલ તળેના કેટલાક મુલકો ઉપર, જો સીધી હકુમત નહીં તો આડકતરો અમલ ચલાવેછે રોમન શાહાનશાહત પડીછે અને તેનું પાદશાહી રોમ, જે મુલકો ઉપર તે સત્તા ચલાવતું હતું તે મુલકો તરફની એક પ્રકારની હકુમત તળે રહેછે. જે હિંદી રાજાઓના આશરા હેઠળ ઈંગ્લંડે હિંદુસ્તાનમાં પગપેસારો કીધો હતો, તે હિંદી રાજ્યોના વારસો આજે તેઓના ફરમાનબરદાર છે. જમાનાનું ચક્ર એમજ ફરતું રહ્યુંછે.

ઇરાનના બાબમાં પણ તવારીખે એજ મુજબના ચક્રની ગર્દેશ દેખાડીછે. અર્બસ્તાન અને તેના આરબો ઇરાન અને ઇરાનીઓની પનાહ તળે ઉધરતા અને વધતા ગયા હતા. પણ જમાનાનાં ચક્રએ પાસો ફેરવી નાંખી તેજ આરબોને હાથે ઈરાનીઓની પડતી આણી. આપણે અર્બસ્તાન અને ઇરાન વચ્ચેના આ પુરાણા સંબંધ ઉપર એક ઉડતી નજર ફેંકીએ, અથવા તો ઇંગ્રેજી ઇસ્તેલાહના શબ્દોમાં બોલ્યે તો, આ ૨૦ મી સદીના જમાનાની શીખર ઉપરથી તે સંબંધનો એક પક્ષીની નજરનો દેખાવ (a bird's eye view)

લેઇએ. આરબોનો દોર, જે ઇરાનની ફતેહ બાદ ચઢતો ગયો હતો, તે યુરોપમાં પશ્ચીમે છેક સ્પેન સુધી, દક્ષીણમાં આફ્રીકાના ભીત્તર સુધી, પુર્વમાં હિંદુસ્તાન સુધી અને ઉત્તરે કાસ્પીઅન સમુદ્ર સુધી વધ્યો હતો. પણ તે છેવટે પાછો પડયો. અર્બસ્તાન એક વખતે એક પ્રકારનો આબાદ અને ચહડતો મુલક બન્યો હતો, પણ તે આજે પાછો પડતી હાલતમાં આવ્યોછે.

કોઇક પુરાણા લખનારાઓ, અને તેમાં પારસી લખનારાઓ પણ જોહાકને તાજી યાને આરબ ગણી ગયાછે. જોહાક બાબીલોન (અવસ્તાના બવરી) ના મુલકનો હતો. તેનું ઇરાન ઉપરનું કહેવાતું ૧૦૦૦ વર્ષનું રાજ્ય કાંઇ નહીં પણ ઇરાનના મુલક ઉપરનો બાબીલોનીઅન અમલનો કોઇ ઇસારો છે. એ બાબીલોનીઅન અમલ છેક અર્બસ્તાનની સરહદ સુધી હોવાથી, પાછળથી એ જોહાક આરબના મુલકનો ગણાયોછે. જમશેદે ૧૦૦૦ વર્ષ ઇરાનમાં રાજ કર્યું અને તેને મારી નાખી જોહાકે ૧૦૦૦ વર્ષ રાજ કર્યું એવું ફીરદોસી જેવા લખનારાઓનું અસલ વર્ણન જે દેખાડેછે તે ફકત આ છે કે જમશેદ નામના પાદશાહના વંશે ઇરાન ઉપર ૧૦૦૦ વર્ષ હકુમત કરવા પછી તે વંશનો અને એક આગલી ઇરાની પાદશાહતનો અંત આવ્યો અને જોહાક નામના બાબીલોનીઅન પાદશાહે ઇરાનનો મુલક ઇરાનીઓના હાથમાંથી છીનવી લઇ ત્યાં બાબીલોનીઅન શાહાનશાહાત સ્થાપી, જે ૧૦૦૦ વર્ષ સુધી ચાલુ રહી. પછી ફરેદુન નામના પાદશાહે તેનો અંત આણી પાછી ઇરાની સલતનત ચાલુ કરી.

જોહાક પછી ફરેદુનનાં રાજ્ય ઉપર આવતાં ફીરદોસી ઉપરથી દીસેછે કે તેણે અર્બસ્તાનના યમન (Arebia felix) ના મુલકના સર્વ નામના પાદશાહની ત્રણ ખુબસુરત બેટીઓ સાથે પોતાના ત્રણ બેટાઓની શાદી કીધી હતી. એ બાબેની માંગણી કરવા તેણે જન્દલ નામના પોતાના એક દરબારીને મોકલ્યો હતો. એ બાબે ફીરદોસી કહે છે કે—

ખેરદમંદ ઓ રોશન દેલ ઓ પાક તન
બેઆમદ બર સર્વ શાહે યમન
નેશાન યાફ્ત જન્દેલ મર ઉરા દરસ્ત
સે દુખ્તર સુનાન ચુન ફરીદુન બે જુસ્ત.

અર્થ—તે અક્કલમંદ રોશન દેલવાળો અને પાક તનવાળો મરદ યમનના પાદશાહ સર્વ આગળ આવ્યો. જન્દેલે જેવી ફરેદુન માંગતો હતો તેવી ત્રણ છોકરીઓની બરાબર નીશાની મેળવી.

દીનકર્દ (દફતર VII બાબ I ૩૪) મુજબ એ આરબ પાદશાહનું નામ પાત ખુસ્રોબ હતું. એ નામમાંથી આગલા ભાગ 'પાત' નો અને સેવટના 'બ' નો લોપ થવાથી 'ખુસ્રો' શબ્દ બન્યો. પછી 'ખુસ્રો' શબ્દમાંથી 'ખુ' નો લોપ થયાથી 'સ્રો' શબ્દ બન્યો, જે 'સ્રો' ફીરદોસીએ સર્વ વાંચ્યોછે. દીનકર્દ એ પાદશાહને આરબોના પાદશાહ તાજના બેટા અઇર્યપ્શવનો છોકરો ગણેછે.[1] એ અઇર્યપ્શવ તે બુનદેહશ[2] નો વીરફશવ છે. ફીરદોસીના દાસ્તાનને દીનકર્દનાં આઠમા દફતર[3]થી ટેકો મળેછે, કે જેમાં કહેછે કે આરબોના એ પાદશાહની ત્રણ બેટીઓ સાથે ફરેદુનના ત્રણ છોકરાઓ પરણયા હતા. વંદીદાદની ૨૦ મી ફરગરદ (ફ. ૧)[4]ની પેહેલવી સરેહમાં 'પાતખુસ્રુબ' નામના જે ધણી માટે બોલવામાં આવેછે કે "દોલતમંદોમાં ઘણો દોલતમંદ પાતખુસ્રબ નામનો ધણી

---

૧. એરવદ તેહમુરસ દીનશાહ અંકલેશરીઆની હાથની લખેલી નકલ, પા. ૨૭૬, લીટી ૧૭.
૨. બાબ XXXI ૬.
૩. દફતર VIII બાબ XIII ૯. એરવદ તેહમુરસની નકલ પા. ૩૦૮.
૪. Spiegel's Pahlavi. Vendidad p. 221. એ બાબે જુઓ Darmesteter, Ètudes Iranniènnes Part II p. 216.

હતો," તે ધણી ફરેદુનનો એ વેવાઇ આરબ પાદશાહ દિસેછે.

ફીરદોસીનાં એ લખાણને "બીનાએ ફર્વર્દીન યુમે ખોરદાદ"(૧) નામનાં પુસ્તકથી પણ ટેકો મળેછે.

શત્રોઇહાએ અઇરાન (૨) પ્રમાણે એવું દિસેછે કે પાદશાહ ફરેદુને પોતાના આ તવંગર વેહેવાઇને પોતાના બેટાઓના લગનની પહેરામણીમાં "દસ્તે તાજીક" નામનું એક આબાદ શેહેર આપી દીધું હતું.

ફરેદુન પછી મીનોચેહરનાં રાજ્ય ઉપર આવતાં દિસેછે કે તબરી પ્રમાણે તેના વખતમાં રએશ (Raisch) નામનો આરબ રાજા યમનના મુલક ઉપર રાજ્ય કરતો હતો. તેણે ઘણા મુલકો જીતી લીધા હતા, પણ તે મીનોચેહેરના તાબામાં હતો. (૩)

મીનોચહેર પછી ગુસ્તાસ્પના વખત ઉપર આવતાં તબરી (૪) ઉપરથી માલુમ પડેછે કે તેના વખતમાં તોબા નામે આરબોનો પાદશાહ હતો. તે ઇરાકના મુલક તરફ એટલે ઈરાનના સરહદના મુલક તરફ આવ્યો હતો અને ત્યાં તેણે હીરા નામનું શેહેર વસાવ્યું હતું.

હખામીનીઅન વંશના જમાનામાં અર્બસ્તાન ઇરાનના તાબામાં હતું. પાદશાહ દારાયસ પોતાની બેહીસ્તુનની તખ્તીમાં (૫) પોતાની સલતનતના મુલકોનાં જે નામ દેછે. તેમાં એ મુલકનું 'અરબાય' તરીકે પાંચમું નામ છે.

સીકંદર હખામીનીઅન વંશનો છેડો લાવ્યો અને તે પછી મુલુક ઉત તવાયફના નામથી જૂદા જૂદા પાદશાહો ઇરાનના જૂદા જૂદા મુલકો ઉપર અમલ કરવા લાગ્યા. એઓના અમલ તળે આરબો ઉપરથી ઈરાનની હકુમત જરા નબળી થઇ હતી. એ વખતે ખનફાર નામના સરદારના હાથ હેઠળ આરબોએ ઇરાનની સલતનત હેઠળના એક ભાગ ઉપર હુમલો કરી હીરા નામનું શેહર સ્થાપ્યું હતું(૬)

માસુદી પ્રમાણે આરબોનાં પાદશાહોને તોબા કરી કહેતા હતા(૭). તેઓમાં તોબા અબુ કરીમ નામે એક પાદશાહ હતો. તેણે સીકંદર પછીનાં મુલુક અત તવાયફના વખતમાં ઇરાક ઉપર હુમલો કર્યો હતો. તે વખતે મુલુક-અત તવાયફનો વડો જઓજર બીન સાબુર નામનો હતો. એ જઓજર તે પાર્થીઅન વંશનો ગોદરેજ પાદશાહ હતો, એમ બાબીએ દ મેનાર (૮) ધારેછે. એ પાદશાહ ઇસવી સનેની શરૂઆતમાં થઈ ગયો હતો.

પાર્થીઅન અથવા અસ્કાનીઅન વંશના વખતમાં અરબસ્તાનના પાદશાહો ઇરાનના પાદશાહોના હાથ તળેના પાદશાહો તરીકે અવારનવાર રૂમ સાથે ઇરાન તરફથી લડતા હતા.

શત્રોઇહાએ અઇરાન નામનાં પેહેલવી પુસ્તક પ્રમાણે(૯) અરદેશરના સાપુરે (એ અર્દેશર બાબેગાનનો બેટો શાપુર દિસે છે તેણે) મીત્રોજાદ નામના સરદારને આરબોના મુલક ઉપર હકુમત કરવા નેમ્યો હતો. તબરી વિગેરે આરબ લખનારાઓ ઉપરથી એ બનાવની જે હકીકત માલમ પડે છે, તે આ છે, કે રબીઆ બીન નસ્ર નામનો એક આરબ પાદશાહ

(૧) દસ્તુરજી જામાસ્પજીની આવૃતી પા. ૧૦૩ ફ. ૧૪.
(૨) જુઓ મારી "યાદગારે જરીરાન શત્રોઇહાએ અઇરાન" પા० ૧૧૧.
(૩) Tabari par Zotenberg p. 298.
(૪) Tabari par Zotenberg p. 505
(૫) Behistun Inscriptions Col. I, 6.
(૬) "Essai sur L' Histoire des Arabes' par Percevnal Vol. II, p. 9.
(૭) જુઓ મારી યાદગારે જરીરાન વીગેરે પા० ૭૬.
(૮) Macoudi per B. D. Meynard Vol. III, p. 451.
(૯) જુઓ મારી યાદગારે જરીરાન શત્રોઈહાએ અઈરાન વીગેરે પા. ૭૫.

થઇ ગયો હતો (૧). તેના વખતમાં ઇરાનની સલતનતના ઇરાની મુલકમાં આરબોની ઘણી વસ્તી હતી. એ પાદશાહને એક સ્વપ્નું આવ્યું કે તેના મુલક યમનમાં એક કોલસાનો કટકો પડયો. તે સળગી ઉઠયો અને તેની આગથી સઘળાં જાનદાર પ્રાણીઓ બળી ગયાં. તેની તાસીર સેતારેશનાસોને પુછતાં તેઓએ કહ્યું કે એબીસીનીઆ તરફથી તારા મુલક ઉપર હુમલો આવશે અને તારો મુલક ફના થાશે. એ ઉપરથી કહે છે કે તેણે સલામતીને ખાતર પોતાનાં કુટુંબને ઈરાક ભણી મોકલી દઇ ઇરાનના પાદશાહને અરજ કીધી કે તેનાં કુટુંબને આશરો આપે. ઇરાની પાદશાહે તે કુટુંબને હીરાના મુલકમાં આશરો આપ્યો. ત્યારે દિસે છે કે એ વખતે એ કુટુંબના વસવાટના મુલકમાં બરાબર તપાસ રાખવા માટે શાપુરે મીત્રોજાદ નામના સરદારને મોકલ્યો હોય. જોઝીમે નામનો આરબોનો રાજા, જેણે ઇ૦ સ૦ ૨૧૫ થી ૨૬૮ સુધી હકુમત કરી હતી, તે અરદેશર બાબેગાન અને તેના બેટા શાપુરના તાબા તળે હતો (૨). શાપુરને રોમનો સાથે જે લડાઇ ચાલતી તેમાં તેના તાબા તળેના આરબો રોમનો સાથે લડતા હતા. કેટલાક આરબો રોમનોની સલતનત તળે પણ હતા. તેથી કેટલીકવાર રોમ અને ઇરાન વચેની લડાઇમાં આરબો એકમેક સામે લડતા. એ પાદશાહ જોઝીમે જ્યારે બીજા આરબ ટોળાની રાણીની દગલબાજીથી માર્યો ગયો ત્યારે તેની બેનનો છોકરો અમર ગાદી ઉપર આવ્યો. તેને શાપુરે પોતાના તાબા તળેના રાજા તરીકે ગાદી ઉપર બેસાડયો.

કહે છે કે યજદજર્દ પેહેલાનાં ફરજંદો જીવતાં હતાં નહિ. તેથી તેણે પોતાને ત્યાં એક બેટો, જે પાછળથી બેહરામગોરને નામે જણાયો હતો, તે જનમતાં અરબસ્તાનનાં પાદશાહ નોમાનને પોતાની પાસે તેડાવ્યો અને બાળક બેહરામને તેને સોંપ્યો કે તે તેને પોતાના તંદરોસ્ત આબોહવાવાળા મુલકમાં લઇ જઇ ત્યાં ઉધારે (૩). કહે છે કે નોમાને બાલક બેહરામને ઘણી તરતીબથી રાજદ્વારી તેમજ લડાઇની કેળવણી આપી પોતાની દરબારમાં ઉધાર્યો. તેણે એ બાળક ઇરાની શાહજાદા માટે એક ઘણો નામીચો મેહેલ બંધાવ્યો. એક કાબેલ શીલ્પશાસ્ત્રી (Architect)ને તેડાવી તેણે તેને કહ્યું કે બેહરામગોર માટે એક સુંદરમાં સુંદર મેહેલ બાંધે. તે શીલ્પશાસ્ત્રીએ તેમ કર્યું. નોમાન તેથી ખુશી થયો અને એક દાહાડે દરબાર ભરી તેને સરોપાવ આપ્યો. સરોપાવ લઇ ઉપકાર માનતાં તે શીલ્પશાસ્ત્રી બોલ્યો કે "ઓ પાદશાહ! હું ચાહું તો એથી પણ વધુ સુંદર મહેલ બાંધું." આ શબ્દો સાંભળી પાદશાહ વિચારમાં પડયો કે "મેં એક સુંદરમાં સુંદર મહેલ બાંધવા એને કહ્યું હતું. એ કહે છે કે એ હજુર એથી પણ સુંદર મહેલ બાંધી શકે. તો કોઇ દાહાડે કોઇ રાજાને ત્યાં તે એથી વધુ સુંદર મહેલ બાંધે તો મારા મેહેલની કીર્તી છીનવઇ લેવાય". તેથી તેણે તેને તુરત તલવારથી મારી નાંખ્યો, એવું કહીને કે "મેં તુંને સુંદરમાં સુંદર મહેલ બાંધવા કહ્યો હતો અને તું કહેછે કે હજુર તું એનાં કરતાં કોઇ સુંદર મહેલ બાંધી શકે. ત્યારે તેં મારે માટે સુંદરમાં સુંદર મહેલ બાંધ્યો નહીં".

---

(૧) Perceval's Histoire des Arabes I p. 96.
(૨) Histoire des Arabes par Perceval II, p. 26.
(૩) Tabari II p. 105.

જાલ અને રોદાબે.[1]

સામ નરીમાન પાદશાહ મીનોચેહેરનો એક માનીતો પેહેલવાન હતો. તેને પેટે કાંઇ ફરજંદ નહીં હતું. લાંબે વખતે તેની બાયડી આશાવંતી હાલતમાં આવી ત્યારે તે ખુશ થયો. તેણીએ બર વખતે એક ખુબસુરત બેટાને જન્મ આપ્યો, પણ તેની શારીરિક ખામી આ હતી કે તેનાં આખાં શરીર ઉપર સફેદ બાલ હતા. જ્યારે સામની બાયડીએ આવા બેટાને જન્મ આપ્યો ત્યારે તેણીની આજુબાજુનાઓએ સામને એક અઠવાડિયું સુધી એ હકીકત જણાવી નહીં. કોઇએ સામ આગળ જઇ આ હકીકત જણાવવાની હિમત કીધી નહીં કે તેને ત્યાં બુઢા મરદ માફક સફેદ બાલનો બેટો પેદા પડયોછે. એક અઠવાડિયાં બાદ એક હિમતવાન દાયા સામ આગળ ગઇ અને તેને કહ્યું કે "તારે ત્યાં એક શેરનાં દિલનો પેહેલવાન-બચ્ચો જનમ્યોછે. તેનું શરીર રૂપાં જેવું છે અને તેનો ચેહેરો બેહેસ્ત મિસાલે છે. તેના ચેહેરાના સઘળા ભાગો ખામી વિનાના છે, પણ તેની એક ખામી ફકત આ છે કે તેના બાલ સફેદ છે. પણ તુએ એવાં ફરજંદની બખ્શેસ પસંદ કરવી જોઇયે અને તારા જાનને રંજીદા કરવો નહીં જોઇયે." સામ પોતાનાં તખ્ત ઉપરથી ઉતરી પોતાની બાયડી આગળ આવ્યો અને ત્યાં પોતાનાં ફરજંદને જોયું કે જેનાં જેવું ફરજંદ કોઇએ જોયલું તો નહીં પણ સાંભળેલું પણ નહીં. આવાં ફરજંદને જોઇ તે ઘણો નામેરાદ અને નાસિપાસ થયો અને ખુદા આગળ ફરિયાદ કરવા લાગ્યો કે "આવાં ફરજંદને લીધે લોકો મને તાના મારશે અને મારી મશ્કરી કરશે. આ આહરેમનનું ફરજંદ હોય તેવું છે. આ દુનિયાનાં મોટાં માણસો એ ફરજંદને લીધે મારી ઉપર હસશે. એને લીધે મારે શર્મને ખાતર ઇરાન જમીન છોડી જવી પડશે."

એ મુજબ ફરિયાદના સખુનો બોલી, તેણે ફરમાવ્યું કે તે બાળકને અલબુર્જ કુહ ઉપર લઈ જઇને મેલે. ત્યાં સીમોર્ગ પક્ષીનું રહેઠાણ હતું. સામનાં ફરમાવવા પ્રમાણે, તે બાળક-બેટો, જેનું નામ જાલ પાડવામાં આવ્યું હતું, તેને તે પહાડ ઉપર એકાંત મેલવામાં આવ્યું. તે બાળક રાત દહાડો ત્યાં પડી રહ્યું. કોઇ વખત તે બિચારૂં પોતાનું આંગળું ચુસ્યા કરતું તો કોઇ વખત રડતું.[2]

હવે પડોશમાં જે સીમોર્ગ પક્ષીનું રહેઠાણ હતું તે પક્ષીનાં બચ્ચાં એક વખત ભુખાં થયાં. ત્યારે તેઓને માટે ખોરાક શોધવા સીમોર્ગ પક્ષી પહાડપરનાં પોતાનાં મકાન પરથી નીચે આવ્યું. તેણે જોયું તો એક દુધમલ બાળક ત્યાં રડતું પડેલું હતું. નહીં તેનું પાળણું હતું કે નહીં કોઇ દાયા. નહીં તેનાં તન ઉપર પોષાક કે નહીં હોઠ ઉપર દુધ. પાળણાં તરીકે કાંતાકચરાની જમીન અને દાયા તરીકે ખાક હતાં. તે માટીમાં પડેલું હતું અને તેનાં માથાં ઉપર ખોરશેદ તપતો હતો. તોપણ તે જરા છાયામાં પડેલું

---

(૧) આ દાસ્તાનનું વાંચન રોજ ૨૨ મો માહા ૪ થો સને ૧૨૭૬ યઝદેજરદી તા૦ ૩ જી જાનેવારી ૧૯૦૭ ને દિને રાતે ૭ કલાકે નૌસારી ખાતે આંતીઆવાડમાં એરવદ એદલજી કેરસાસ્પજી આંતીઆનાં બેટા ભાઈ પેસતનજી અને ભત્રીજા ભાઇ હોરમજીની શાદી જે તા૦ ૬ થી જાનેવારીને દિને થઇ તેને લગતા અવસર ઉપર નોતરેલાં બાનુઓની એક મીજલસ હજુર આપ્યું હતું.

(૨) જમાની સર અન્ગુશતરા મી ચકીદ, જમાની ખરૂશીદની મી કશીદ

હતું. જાણે કોઇ વાઘનું ફરજંદ હોય તેમ તે બાળક ત્યાં પડેલું હતું. સીમોર્ગ પોતાનાં બચ્ચાંને માટે ખોરાક શોધતું ત્યાં આવી પોતાનાં પંજામાં તે બાળકને ઉઠાવી ચાલતું થયું. તે તેને પોતાનાં અલબુર્જ કુહ ઉપરનાં માળામાં લઇ ગયું કે ત્યાં તેનાં ભુખાં બચ્ચાંઓ તેને ફાડીને ખાઇ જાય. પણ તે નેકીના બખશનાર દાદાર ઓહરમજદની એવી બખ્શેશ થઇ કે તેણે સીમોર્ગનાં મનમાં મેહેર મુકી. તેણે તેને મારી નાખવાનો વિચાર તજી દીધો. જેનો ખુદાતાલા નેગેહદાર થાય તે જો બીજાની નજરમાં હલકો પડે તો શો મજાહકો?[1] સીમોર્ગને એક ગેબી આવાજ મળ્યો કે "ઓ મુબારક અને પાક નજરનાં પક્ષી! તું આ દુધમળ બાળકને તપાસ કારણ તેનાં ખુનથી એક મરદ પેદા થશે. અને તેનાથી જેહાનનાં પેહેલવાનો અને સરદારો પેદા પડશે. અમોએ આ બાળકને તુંને સોંપ્યુંછે કે તું જો કે જમાનો શું કામ કરેછે."

આ આવાજ સાંભળી સીમોર્ગે અને તેનાં બચ્ચાંઓએ તે દુધમળ બાળક તરફ નજર કીધી. તેઓને તે ખુબસુરત બાળક ઉપર મેહેર આવી. તેઓએ તે બાળકને ખોરાક તરીકે કુમળાં નાનાં શેકારોનું લોહી પાયું. એમ ઘણો વખત ગુજર્યો. બાળક જાલ ત્યાં છુપી રીતે ઉધર્યો અને હિમતવાન થતો ગયો. તે પહાડ ઉપરથી વંજારો પસાર થતી હતી. આ બાળક—બેટો જે હવે મોટો થયો હતો તે વંજારીઓનાં જોવામાં આવ્યો અને તેઓની મારફતે આ વાત બધે ફેલાઇ કે અલબુર્જ પહાડ પર સીમોર્ગની સંગતમાં એક છોકરો ઉધરેછે.

હવે આ વાત સામને પણ ખબર પડી. તે સાંભળવા પછી પોતાના બેટાને જંગલમાં એકાંત મેલી આવવાની વર્તણુકના હૈડાના ડંખ (દાધે દેલ) સાથે એક રાત્રે તે બિછાને ગયો ત્યારે તેને એક સ્વપ્નો આવ્યો. તેણે જોયું કે "હિંદુઓના મુલક (ફેરવરે હિંદુગાંન એટલે હિંદુસ્તાન) તરફથી એક સરફરાજ બહાદુર મરદ આરબી ઘોડા ઉપર સ્વાર થઇ તેની આગળ આવેછે અને તેનાં ફરજંદ માટે તેને સારી વધાઇની ખબર આપેછે. બીદાર થતાં, તેણે પોતાની હજુર મોબેદોને બોલાવ્યા અને પોતે સ્વપ્નામાં જે જોયું અને વંજારાઓથી જે સાંભળ્યું તે કહ્યું અને તેઓની સલાહ માગી. તેઓએ કહ્યું કે "જીઆનગાર જમીનપરનાં પ્રાણીઓ અને દરિયાની માહી વટિક પોતાનાં બચ્ચાંને ઉધારેછે અને તેં પોતાનાં બચ્ચાંને દૂર કીધું એ ઠીક નહીં. તે બચ્ચું હજુર હૈયાત હશે માટે તેં ત્યાં જઇ તેને શોધવું જોઇયે." બીજી રાત્રે પણ સામને એવા પ્રકારનો સ્વપ્નો આવ્યો કે હિંદુસ્તાનના એક પહાડ તરફથી એક બુલંદ વાવટો ધરી એક ગોલામ આવેછે. તેની સાથે બે મોટા દરજ્જાના મરદો છે. તેઓમાંથી એક જન સામને પોતાના બેટાને તજી દેવા માટે ઠપકો આપેછે. સામ એ સ્વપ્નો જોઇ બિહિને ઉઠયો. સહવાર પડતાં, સામ ઘોડા ઉપર સ્વાર થઇ જ્યાં તેના બેટાને મેલી આવવામાં આવ્યો હતો ત્યાં ગયો અને ત્યાંના પહાડ તરફ ફર્યો. ત્યાં તેણે પોતાનાં જેવી પેશાનીના એક જવાનને ઉપર ઉભેલો જોયો. પછી સામે ખોદાતાલા હજુર દુવા ગુજારી કે તેને તેનો બેટો પાછો મળે. તેજ દુઆ કબુલ થઇ. સીમોર્ગે પહાડ ઉપરથી સામને જોયો. તેણે જાલને તેડી તેને તેની જન્મની ખરી હકીકત કહી અને જણાવ્યું કે "તારૂં નામ મેં દસ્તાન આપ્યુંછે કારણકે તારા બાપે તારી સાથે ખોટી વર્તણુક (દસ્તાન) ચલાવીછે."[2] પછી તેણે જાલને સામને હવાલે કીધો. સામે પોતાના બેટાને ઘણી ખુશી સાથે પોતાને હવાલે લીધો. પછી પાદશાહ મીનોચેહેરને એ વાત ખબર પડી ત્યારે તેણે

(૧) કસીરા કે યઝદાન નેગેહદાર શુદ, ચે શુદ ગર બર દીગરી ખાર શુદ?
(૨) નેહાદમ તોરા નામ દસ્તાને જન્દ, કે બાતો પદર કર્દ દસ્તાનો બંદ.

પોતાના બેટા નોજરને મોકલી તેઓને પોતાની દરબારમાં બોલાવ્યા અને જાલને જોઇ ખુશ થયો. પછી સેતારેશનાસોએ જાલના સેતારાની ચાલ જોઇ અને તે ઉપરથી તેને માટે ભલું ભવીષ વર્તયું. ત્યારપછી સામ પોતાના બેટાને લઇ જાબુલસ્તાન જઇ રહયો.

એક વખતે જાલ ઇરાની શાહનશાહતમાં ફરવા નિકળ્યો. ફરતાં ફરતાં તે કાબુલના મુલકમાં આવી પોંહોંચ્યો. તે મુલકમાં મેહેરાબ નામનો પાદશાહ રાજ્ય કરતો હતો. તે એક ચબરાક અને ચાલાક પાદશાહ હતો, પણ તે જોહાક તાજી, જેણે શાહ જમશેદનો જમાનો બરગસ્તે કર્યો હતો, તેનાં વંશથી ઉતરી આવ્યો હતો, તેથી શાહ મીનોચેહેરને અને સામને તેને માટે સારો વિચાર હતો નહીં. એ પાદશાહ જાબુલસ્તાનના માલેક સામને ખંડણી આપતો હતો.

હવે જ્યારે કાબુલમાં આ પાદશાહ મેહેરાબને ખબર પડી, કે જાબુલસ્તાનથી ફરતો ફરતો સામનો બેટો જાલ તેના મુલક ભણી આવી પોંહોંચ્યોછે, ત્યારે તે તેને પોતાના મુલકમાં આવકાર આપવા સામે ગયો. જાલ તેને માનઅકરામ સાથે મળ્યો. બેઉ પાદશાહો ખુશીખુરમીની મિજલસ સમારી બેઠા. મેહેરાબનો ચેહેરો અને કદ જોઇ જાલેજર બહુ ખુશ થયો અને આફ્રીન કરવા લાગ્યો. મિજલસ બરખાસ્ત થતાં, જાલે તેનાં કદ અને રૂપની પોતાના દરબારીઓ આગળ તારીફ કરવા માંડી, ત્યારે એક દરબારીએ તે ઉપરથી તેની બેટી, જેણીનું નામ રોદાબે હતું, તેણીની અત્યંત તારીફ જાલેજર આગળ કહી. ફીરદોસી મુજબ તે દરબારીએ નીચે મુજબ રોદાબેની ખુબસુરતીની સીફત કીધી—

"તેના પડદા પાછળ એક બેટી છે કે જેણીનો ચેહેરો ખોર્શેદ કરતાં પણ સરસ છે. પગથી તે માથાં સુધી તેણી હાથીદાંત જેવી છે. ચેહેરામાં તેણી બેહેસ્ત મિસાલ અને કદમાં સાગનાં ઝાડ મિસાલ છે. તેણીનાં રૂપેરી ખભાં ઉપર કસ્તુરી મિસાલ બાલનાં બે ઝુલફાં પડેછે અને તેથી તેણીનું માથું, જાણે પગને વિંટાળનારાં કુંડળાં માફક બનેલુંછે. તેણીનું મ્હોં દાડમની મિસાલ અને તેણીના હોઠ આલુના ફળ મિસાલ છે. તેણીની રૂપેરી છાતી ઊપર બે દાડમના દાણા ઉગ્યાછે. તેણીની બે આંખો બાગમાં ઉગેલાં બે નરગેશનાં ફુલ મિસાલ છે. તેણીનાં પાપણ કાગડાના પીછાં કરતાં વધારે કાળાં છે. તેણીનાં બે ભવાં ગુંથેલી કમાન જેવાં (અથવા તરાઝ શેહેરની કમાન જેવાં) છે અને તેની ઉપર જાણે તુજના ઝાડે નાજ-નખરાંથી કસ્તુરીનું પડ કર્યું-છે. અગરજો તું ચંદ્રમા જોવા માગતો હોય, તો તેણીનો સુંદર ચેહેરો તે મિસાલે છે. અગરજો તું કસ્તુરી સુંઘવા માગતો હોય, તો તેણીના સુંદર બાલ તે મિસાલે છે. તેણી પૂરેપૂરી બેહેસ્ત મિસાલે સણગાર પામેલી અને ખુશીભરી અને મનપસંદ છે."

રોદાબેની ખુબસુરતીની આ હકીકત સાંભળી જાલેજરનું દિલ બીસબર થયું. સહવાર પડતાં, પાદશાહ મેહેરાબ, જાલેજરની મુલાકાતે તેના તંબુમાં પાછો આવ્યો. જાલે તેને તેના દરજ્જા પ્રમાણે આવકાર દીધો અને કહ્યું કે "તારી જે મુરાદ હોય તે મારી પાસે માગ." મેહેરાબે કહ્યું કે "મારી મુરાદ એકજ છે, અને તે આ, કે તું મારા મેહેલમાં આવ, કે તેથી મારો જાન ખોર્શેદ માફક રોશન થશે." જાલે જવાબ દીધો કે "એ બની શકે તેવું નથી. મારો બાપ સામ અને પાદશાહ જાણે, કે હું એક બુતપરસ્ત પાદશાહનાં મકાનમાં ગયો, અને ત્યાં શરાબ નોશ કીધો, તો તેઓ એ વાત પસંદ કરે નહીં. માટે એ અર્જ સિવાય બીજી કોઇ અર્જ ગમે તે કર." મેહેરાબ, જાહેરમાં જાલને દુઆ દઇ પણ મનમાં તેને નાપાક દીનનો સમજી, પોતાના મેહેલમાં પાછો ફર્યો. જાલ, તેની બેટીની ખુબસુરતીની જે તારીફ તેણે સાંભળી હતી તે ઉપરથી, તેને વખાણવા લાગ્યો. તે દિવાના જેવો થઇ ગયો.

આ ઉપરથી સાએર ફીરદોસી એક આરબ સરદારના શબ્દો યાદ કરેછે, કે જે શબ્દોમાં તે સ્ત્રીજાતની સંગતથી દૂર રહેવા જાણે ઠરાવ કરેછે. તે શબ્દો આ છે કે "જ્યાંસુધી હું જીવતો રહીશ ત્યાંસુધી ઘોડો મારો સોબતી રેહશે. ફરતાં આસમાનનો મેહેરાબ મારી ખેલવનગાહ થશે. મને કન્યા જોઇયે નહીં, કારણ તેથી હું લેહરી બની જઇશ અને અકલમંદોની નજરમાં રૂસવા થઇશ."

હવે એક દિવસે મેહેરાબ પોતાના મેહેલમાં પોતાની રાણી સીનદોખ્ત અને બેટી રોદાબે આગળ હતો. ત્યારે સીનદોખ્તે તેને જાલેજરની હકીકત પુછી, કે તે કેવો શખ્સ છે? મેહેરાબે તેની ઘણી સ્તુતિ કરી. તેણે જવાબ દીધો કે—

"દુનિયાના પેહેલવાનોમાં જાલેજરની બરાબરી કોઇ કરી શકે નહીં. તું તેના જેવા હાથ અને લગામ સાથેનો કોઇ શખ્સ, અને તેના જેવો જીન ઉપર બેઠેલો કોઇ સ્વાર મેહેલનાં ચિત્રોમાં પણ જોશે નહીં. તે સિંહના જેવું બદન અને હાથીના જેવું જોર ધરાવેછે. તેના બે હાથો નાઇલ નદીની માફક કામમાં જોરમંદ છે. તે તખ્ત ઉપર બેસેછે ત્યારે સોનું (આજુબાજુ ખેરાતમાં) ફેંકેછે અને જયારે લડાઇમાં જાયછે ત્યારે (જમીન ઉપર દુશ્મનોનાં) સર ફેંકેછે. તેનો ચેહેરો અર્ગવાનનાં ફુલની માફક લાલ છે. તે ઉમરમાં જવાન અને બીદાર છે અને તેનું નસીબ પણ જવાન છે. કીનો લેવામાં તે જેઆનગાર મગરમચ્છ માફક છે અને ઘોડાના જીન ઉપર તેજ ચુંગાલવાળા અજદાહના માફક છે. કીનાની વખતે તે ધુળને લોહીથી બેસાડી દે છે અને તે તેજદાર ખંજરનો ભોકનાર છે. તેનામાં એક ખામી ફકત આ છે, કે તેના બાલ સફેદ છે. તે છતાં કોઇ મરદ તેની એબ શોધવા માગતો હોય, તો તેને કોઇ સખુન કહી શકતો નથી. તેના બાલની સફેદી તેને જેબ આપેછે. તું કહેશે કે તે આપણાં દેલને જીતી લેછે."

જ્યારે જાલેજર બાબે આવા સખુનો રોદાબેએ સાંભળ્યા, ત્યારે તેણી તેની ઉપર મોહિ પડી અને આરામ અને ખાવું-પીવું છોડી દીધું. થોડાક દીવસ બાદ તેણીએ પોતાના વિચારો પોતાની પાંચ વિશ્વાસુ દાસીઓને જણાવ્યા. તેણીએ કહ્યું કે—

"જેમ જોશ મારતા દર્યાવમાંથી આકાશ તરફ મોજાઓ ઉઠેછે, તેમ હું જોશમાં જાલેજર ઉપર મોહિ પડીછું. સ્વપ્નામાં પણ મને તેનોજ વિચાર આવેછે. મારૂં દેલ, જાન અને હોંશ તેની ઉપર ફીદા છે. રાત અને દહાડો મને તેનાજ ચેહેરાનો ખ્યાલ આવેછે. માટે કાંઇ ઉપાય કરી મારા જાનને ગમથી છોડવવો જોઇયે."

તેણીના આ સખુનો સાંભળી, સઘળી દાસીઓ કહેવા લાગી કે—

"એ જેહાનની બાનુઓની સરદાર! મોટા માણસોની બેટીઓમાંની સરફરાજ બેટી! તું હિંદુસ્તાનથી ચીન સુધી બાનુઓમાં રોશન નગીનાની માફક વખણાયલી છે. તારા જેવું બાગમાં સરવનું ઝાડ નથી. તારા રૂખસારા જેવો કૃતિકા નક્ષત્રનો ચળકાટ નથી. તારા ચેહેરાના ચિત્રો કનોજ અને માઇના મુલકો તરફ અને ખાવરના મુલકના પાદશાહ તરફ જાયછે. ત્યારે તુંને શું આંખમાં શરમ નથી? તારા બાપને માટે તુંને કાંઇ માન નથી, કે જે ધણીને તારો બાપ પોતાથી દૂર રાખેછે, તેને તું તારી ગોદમાં લેવાને પસંદ કરેછે? એ (જાલ) પહાડોમાં પક્ષીથી ઉછરેલો છે અને પછી માણસોમાં બેઠક પામ્યોછે. કોઇપણ શખ્સ માએને પેટે બુઢો જનમ્યો નથી. એવા ધણીથી જે બાળક જન્મે તે ખાનદાની બને નહીં. તારા જેવી પરવાળાના હોઠવાળી, અને કસ્તુરીના બાલવાળી બાનુ, એક બુઢા મરદ સાથે પરણવા નિકળે, એ અજબ જેવું છે. કુલ જેહાન તારે માટે મોહોબત ધરાવેછે. મેહેલે મેહેલ તારા ચેહેરાનાં ચિત્રો છે. આવા ચેહેરા અને કદ અને બાલ સાથેની તું બાનુનો

ખાવિંદ થવા માટે તો ચોથા આસમાનમાંથી ખોર્શેદ ઉતરી આવશે."

જેમ આતશ પવન લાગવાથી વધુ ઉસ્કેરાય, તેમ રોદાબે આ સખુનોથીં ઉસ્કેરાઇ અને બોલી કે—

"તમારા સખુનો સાંભળવા લાયક નથી. જ્યારે મારૂં દિલ સેતારા ઉપર લાગ્યુંછે ત્યારે માહતાબથી તે કેમ ખુશી થશે ?

બ ગુલ ન નેગ્રદ આન કે ઉ ગેલ ખુરસ્ત
અગરચે ગુલ અઝ ગેલ સેતુદે તરસ્ત.

જેને ધુળ (ગેલ) માફક આવતી હોય તે ગુલાબ (ગુલ) ઉપર નહીં નજર કરે, જોકે ગુલાબ (ગુલ) ધુળ (ગેલ) કરતાં વધારે સ્તુતીપાત્ર છે. જેના દિલને સરકો દવા સમાન થઇ પડે, તેનું દરદ મધથી તો વધારે જીઆદે થાય. મને (ખાવિંદ તરીકે) નહીં કએસર જોઇતો, કે નહીં ચીનનો ફગફુર, કે નહીં ઇરાન જમીનનો કોઇ તાજદાર પાદશાહ. મારે લાયક સામનો બેટો જાલ છે, કે જે સિંહના જેવી બાજુ અને ખભાં અને યાલ ધરાવેછે. ગમે તો તેને બુઢો કહો કે ગમે તો જવાન કહો, પણ મારા જાન અને રવાનને તો તેનાથીજ આરામ છે. તેના સિવાય મારાં દિલમાં કોઇ પણ શખ્સ હોતો ના. તેના સિવાય મારી આગળ કોઈની યાદ તમો કરતાં ના. મારા દેલને તેની મોહોબતે જોયા વગર જખમી કર્યુંછે અને આ દોસ્તી મેં સાંભળવાથી બાંધીછે. હું તેની ઉપર મેહરબાન થાઇછું. તેના ચેહેરા અને બાલ ઉપર નહીં પણ તેના હુન્નર ઉપર હું ફીદા થાઇછું."

રોદાબેનો આ મક્કમ ઠરાવ જાણી, તેણીની બાંડીઓ તેણી જે ફરમાવે તે બજા લાવવાને કબુલ થઇ. તેઓએ તેણીની ખાહેશ મુજબ જાલને તેણીની આગળ લાવવાને મરજી જણાવી.

આ વખતે બહારની મોસમનો ફરવર્દીન મહિનો હતો. તેણીઓએ સોલેસણુગાર કીધો. તે મોસમમાં ગુલેગુલાબનો બહાર જંગલમાં સઘળે ખીલી રહયો હતો. નદીને પેલે કિનારે જાલની છાવણી હતી. તેણીઓ આ કિનારે ગુલાબના ફુલ વીણતી વીણતી જાલેજરના તંબુની સામે બાજુએ આવી. જાલેજરે એ સ્ત્રીઓને જોઇને પુછ્યું કે "એ ફુલ ચુંટનારીઓ કોણ છે ?" એક નોકરે જવાબ આપ્યો કે "એઓ મેહેરાબની બેટીએ ફુલ ચુંટવા મોકલેલી બાનુઓ છે." મેહેરાબની બેટીનું નામ સાંભળી, જાલનું દેલ તેણીને માટેની મોહોબતથી પાછું બળવા લાગ્યું. તે એક નોકર સાથે તે નદીના કિનારા ઉપર ગયો. નદીના પેલા કિનારા ઉપરથી તે બાનુંઓએ તેને જોયો. જાલે પોતાના નોકર પાસેથી કમાન માગી અને "ખશીશાર" નામનું એક પાણીનું મુર્ગ, જે તે નદીનાં પાણીપર હતું, તેનો તે શેકાર કરવા લાગ્યો. તેણે એક પોકાર માર્યો, જેના અવાજથી તે પક્ષીએ પાણી ઉપરથી ઉડવા માંડયું, કે તેવોજ જાલે તેની ભણી એક તીર ફેંકયો. તે પક્ષી તે તીરથી જખમી થયું અને તેનાં શરીરમાંથી ટપકતાં લોહીથી નદીનું પાણી લાલ થયું અને તે પક્ષી પોતે પેલે કિનારે જઇ પડયું. જાલે પોતાના નોકરને તે કિનારે જઇ તે પક્ષીને લાવવા ફરમાવ્યું. તે મછવામાં બેસી તે કિનારે ગયો. જે સેતાબી અને હુશિયારીથી જાલે તે પક્ષીને તીર માર્યો હતો, તેથી તે બાનુઓ ખુશ થઈ ગઇ હતી. તેથી તેઓમાંની એક તે નોકર આગળ આવી, અને તે તીર મારનાર માટે પુછ્યું કે "તે કોણ મરદ છે, કે જેના જેવો અમોએ કોઇ સ્વાર જોયો નથી ?" તે નોકરે જણાવ્યું કે "એતો સીસ્તાનનો શાહજાદો સામેસવારનો બેટો છે. એના જેવા બીજા કોઇ પણ સ્વાર ઉપર આસમાન ફરતો નથી અને દુનિયાએ એના જેવો બીજો કોઇ જોયો નથી." પેલી બાનુએ હસીને કહ્યું કે—

"તું એમ ના બોલ. શાહ મેહેરાબના મેહલમાં એક એવી બેટી છે કે જે તારા શેઠ કરતાં ઘણી સરસ છે. કદમાં તેણી સાગનાં

આડ મિસાલ (સુંદર) છે. રંગમાં તેણી હાથીદાંત (જેવી સફેદ) છે. માથાં ઉપરના કસ્તુરીના તાજથી તે એક ફરેસ્તા જેવી દિસેછે. તેણીની બે નરગેશજેવી આંખો સીહા છે અને તેણીનાં ભવાં કમાન સિસાલે છે. તેણીનું નાક એક રૂપેરી કલમ માફક એક સ્થંભ મિસાલે છે. તેણીનું મ્હોં એક દલગીર થયલા મરદનું દેલ જેમ સાંકડું હોય તેમ નાનું છે. તેણીનાં માથાં ઉપરના બાલનાં ઝુલફાં પગને બંદમાં લાવનાર કુંડાળા મિસાલે છે. તેણીની જાદુ સમાન અસર કરતી આંખો બાલથી ભરપૂર છે અને તેણીનો ચેહેરો તેજથી ભરપૂર છે. તેણીના ગાલો ગુલલાલાના ફુલ મિસાલે છે અને તેણીના બાલ કસ્તુરીની મિસાલે છે. દમ વટિક તેણીના હોઠ ઉપર માર્ગ મેળવી શકતો નથી અને તેણીના જેવો ફુલ જેહાનમાં કોઇ માહતાબ પણ નથી. અમો કાબુલસ્તાનથી જાબુલસ્તાનના પાદશાહ (જાલ) આગળ આવ્યાં છીએ, એવી મતલબથી કે તેણીના લાલ (નામના ગોહર) મિસાલેના હોઠને સામના બેટાના હોઠ સાથે મેળવીએ. આ લાયક છે અને ઘણું સજાવાર છે કે જાલની સાથે રોદાબેનો મેળાપ થાય."

આ સખુનો સાંભળી જાલેજરનો તે નોકર ખુશ થયો અને કહ્યું કે "રોશન આફતાબ સાથે માહતાબ મળે એ ઘણું નેક છે. જ્યારે જેહાનની મતલબ તે બેઉને એકમેક સાથે જોડવાની થઇછે, ત્યારે બેઉનાં દિલમાં એકમેક માટે પ્યાર બરપા થયોછે. જ્યારે તે (જેહાન)ની મતલબ (એક જોડાંને) છુટાં કરવાની હોયછે ત્યારે તે બાબે બોલવુંજ નહીં! તે એક સાથીને બીજાથી તુરત છુટો પાડી નાખેછે. તે (જેહાન જોડાંને) છુટું પાડેછે, તો તે જાહેર રીતે પાડેછે અને જોડી નાખેછે તો તે છુપી રીતે જોડેછે. જેહાંનની ખાસિએત એ પ્રમાણે જેમ આ, તેમ પેલી, બેઉ છે."

એમ જવાબ દઇ પેલો નોકર જાલ તરફ પાછો ફર્યો અને તેના પુછવાથી સઘળી હકીકત કહી. જાલે કહ્યું કે "તું જા અને તે બાનુઓને જરા થોભવા કહે. તેઓ બાગમાંના ગુલાબ સાથે મારા તરફથી થોડાંક ગોહરો પણ રોદાબે માટે ભેટ લઇ જાય." એમ કહી પોતાના ખજાનામાંથી કિમતી ભેટ સોગાદ તૈયાર કરાવી પોતાના માણસો પાસે છુપી રીતે તે બાનુઓ ઉપર રોદાબે માટેની ભેટ તરીકે મોકલાવી. જાલેજરના માણસોએ તે ભેટ સોગાદ રોદાબેને છુપી રીતે પોહોંચાડવા માટે પેલી બાનુઓને આપી. તે બાનુઓએ કહ્યું કે "એવી રીતે વાત છુપી રહેવાની નથી. બે માણસો વચ્ચેનીજ વાત છુપી રહે. બેથી ત્રણને મોહોડે ગઇ કે છુપી રહે નહીં. ત્રણથી ચોથા આગળ કહી કે જાણે અનજુમન આગળ ગઇ, માટે તું જઇને તારા શેઠને કેહ કે તારે કાંઇ છુપી વાત કહેવી હોય તો અમુને પોતાને કેહ." આવી રીતે જાલેજરને પોતાને મોહડે મોહડું મળવાની યુક્તિ રચીને પેલી બાનુઓ મનમાં ખુશ થવા લાગી કે "તે સિંહ જેવો નર હવે આપણી જાળમાં ફસ્યોછે." પેલો ખજાનો ભેટ આપવા આવનાર ખજાનચી, જે જાલેજરના છુપા વિશ્વાસમાં હતો, તે તેની આગળ આવ્યો, અને સઘળી વાત કહી. ત્યારે જાલેજર પોતે તે બાનુઓની આગળ આવ્યો અને તેઓને રોદાબેની સઘળી હકીકત પુછી, અને કહ્યું કે "મને તેણીને વિષે સઘળી હકીકત કહો. તમો જો સાચ્ચું કહેશો તો હું તમોને માનઅકરામથી નવાજીશ, પણ જો કાંઇપણ ખોટી વાત કહેશો તો હું તમોને હાથીના પગ તળે કચડી નાખીશ." તેણીઓમાંથી એક, જેણી જવાન હતી, તેણીએ કહ્યું કે "દુનિયામાં મોટાં માણસોમાં કોઇપણ માયથી તેણીના જેવી બેટી અવતરશે નહીં. તે સામના જેવા ચેહેરાની અને તેના કદની છે અને તેના જેવીજ પવિત્રાઇ અને અક્કલ અને વિચારની છે." એવા ઘણાક તારીફના શબ્દો કહી તેણીએ રોદાબેની વખાણ કીધી. ત્યારે જાલેજરે કહ્યું કે "હવે મને કહે કે તેણીની

નજદીક આવવાનો શું ઉપાય છે, કારણ કે મારો જાન અને દેલ તેણીની મોહબતથી ભરપૂર થયોછે અને મારી સઘળી આર્જુ તેણીનો ચેહેરો જોવાની છે." તે બાનુએ કહ્યું કે "તું ફરમાવે તો અમો સેતાબ તેણીની આગળ જઈએ અને હરેક તાલમેલથી તેણીની આગળ તારી વાત કરીએ અને તેણીનાં કસ્તુરીભર્યાં સરને જાળમાં લાવીએ અને તેણીના હોઠને તું સામના બેટાના હોઠ સાથે મેળવીએ. અને પછી જો તું પેહેલવાન કમન્દ હાથમાં લઇ તેણીના મેહેલ આગળ આવે અને તેણીના મેહેલના કંગારામાં તે કમન્દ નાખી તેની મદદથી મેહેલમાં આવે, તો તું સિંહના હાથમાં તે મેંહુ આવે. એ ઉપર તું વિચાર કરજે."

એમ કહી તે બાંદીઓ રોદાબેના મેહેલ ભણી પાછી ફરી. પાછું ફરતાં રાત પડી અને જરા મોડું થયું હતું, તેથી મેહેલના દર્બાને તેણીઓને આવે કવખતે બહાર ફરવા માટે જરા ધમકાવી. તેણીઓએ કહ્યું કે "આજે કાંઇ નવાઇનો દહાડો નથી, બહારની મોસમ છે અને અમો ફુલ ચુંટવામાં રોકાયાં હતાં" દર્બાને કહ્યું કે "આજનો દહાડો જુદા પ્રકારનો છે. કાબુલનો પાદશાહ જાબુલના પાદશાહ જાલ આગળ આવજા કરેછે અને તે તમોને એમ કવખતે બહાર જતાં જાણશે તો દાર કરશે."

પેલી બાંદીઓ રોદાબે આગળ ગઇ અને તેણીની આગળ જાલ તરફની ભેટ-સોગાદો રજુ કરીને, જાલના દેખાવની, તેની અદબઅદાની તેના દરજ્જાની અને તેનાં કદ અને ચેહેરાની ઘણી તરીફ કીધી. તેઓએ કહ્યું કે "તેની ફકત એક ખામી તેનાં સફેદ બાલ છે પણ તે ખામી પણ જાણે ખુબસુરતી છે. અમોએ તેને તુંને જોવા માટેનો માર્ગ દેખાડયોછે, માટે હવે તું તેને મળવા માટે તૈયાર થા." રોદાબેએ જાલને આવકાર દેવા માટે પોતાના મેહેલમાં સઘળી તૈયારી કીધી અને પોતે પણ સોલેસણગાર કરી તૈયાર થઇ અને એક દાસીને જાલને તેડવા મોકલી.

રાત પડતાં, જાલ રોદાબેના મેહેલ ભણી જવા નિકળ્યો. પેલી બાજુએ જેમ સીધાં સરવના ઝાડ ઉપર માહાતબ પ્રકાશે, તેમ મેહેલની બારીએ રોદાબે આવી ઉભી. જાલને દૂરથી આવતો જોઇ તેણીએ પોતાના હોઠ ખોલ્યા અને તેને આવકાર દીધો કે "ઓ ભલા બહાદુર મર્દ! તું ભલે આવ્યો. તારી ઉપર ખોદાતાલાની આફ્રીન હોજો. આ ફરતો આસમાન તારી ઉપર જમીન માફક (ફરમાનબરદાર) હોજો. તું ભલો, ખુશ દેલનો અને ખુશહાલ હોજો." જાલેજરે જવાબ દીધો કે "ઓ માહાતાબ જેવા ચેહેરાની બાનુ! મારાથી તારી ઉપર દુઆ અને આસમાનથી તારી ઉપર આફ્રીન હોજો. કેટલી બધી વખત રાત્રે ઉત્તર તરફના સેતારા તરફ નજર કરી પાક યજદાન આગળ પોકાર કરી મેં દુઆ ગુજારીછે, કે તે જેહાનનો સાહેબ મને તારો ચેહેરો દેખાડે. હવે હું તારા આવાજથી, તારા નાજ સાથેના આ શીરીન શબ્દોથી ખુશ થયોછું. હવે (ઉપર આવી) તુંને મળવાનો એક ઇલાજ શોધ, કારણ તું મેહેલની સરીલ ઉપર રહે અને હું નીચે રસ્તામાં રહું, તે શું કામનું?"

આ શબ્દો સાંભળતાં, તે ગુલનાર બાનુએ પોતાનાં સર ઉપરથી પોતાના બાલ છોડયા. પોતાના લાંબા બાલની તેણીએ કમન્દ બનાવી, એવી રીતે કે કોઇ કસ્તુરીની પણ એવી કમન્દ બનાવે નહીં. તે બાલને વાંક ઉપર વાંક આપી, અને સાપ માફક ગુચ ઉપર ગુચ આપી, અને વળાણ ઉપર વળાણ આપી. પછી મેહેલની સરીલ ઉપરથી તે બાલને નીચે ઉતાર્યા, તે એવી રીતે, કે તે જોઇને જાલે મનમાં કહ્યું કે "ખરેખર આ એક બરાબર કમન્દ છે." પછી મેહેલની સરીલ ઉપરથી રોદાબેએ આવાજ આપ્યો કે "ઓ નેકબખ્ત પેહેલવાનના દલેર પેહેલવાન બેટા! હવે સેતાબ કર, તારી કમર કશ, એક સિંહ

મિસાલ તારી છાતી અને કેઆની હાથ ખોલ, મારા સીહા બાલ એક છેડેથી પકડ; તારે માટે આ સઘળા બાલ છે.''

જાલે તે માહાતાબ જેવા ચેહેરાની બાનુ ઉપર નજર કરી અને તેણીના આવા શબ્દોથી અજબ થઇ ગયો. તેણે તેણીના આ કસ્તુરી મિસાલના બાલની કમન્દ ઉપર બોસા લીધા અને રોદાબેએ તે બોસાનો આવાજ સાંભળ્યો. પછી જાલેજરે જવાબ દીધો કે " એ બરાબર નથી. એવો કોઇ દહાડે ખોર્શેદ રોશન ના થનો, કે હું બેવકુફીભરી રીત તારા જાનને નુકસાન થાય તેમ હાથ લંબાઉં, યા મોહોબતથી જખમી થયલાં તારાં દેલને હું વધુ જખમી કરૂં.'' એમ કહી, પોતાની કમન્દ લઇ, તે મેહેલના કંગ્રા ઉપર નાખી, અને તેની મદદથી તે ઉપર ચઢી ગયો. રોદાબેએ તેને પોતાના દીવાનખાનામાં બસાડી આવકાર દીધો. જાલ અને રોદાબે બેઉ એકમેકનો ચેહેરો જોઇ ખુશ થયા અને બેઉએ એકમેક સાથે શાદીના ગાંઠમાં જોડાવાને કબૂલ કીધું. જાલેજરે રોદાબેને કહ્યું કે ''અએ રૂપેરી છાતીની અને કસ્તુરીના ખુશબુઈની સરવ જેવી સીધી બાનુ! જયારે મીનોચેહેર આ બાબત જાણશે ત્યારે તે, તે પસંદ કરશે નહીં. તેજ પ્રમાણે સામ નરીમાન પણ પોકાર કરી ઉઠશે. તે પણ હાથ અફાળશે અને મારી ઉપર ગુસ્સે થશે. પણ મારાં મનથી જાન અને તન વગર કિમતના છે. હું તેઓને હલકાં ગણીશ અને મારૂં કફન પેહેરીશ. પણ દાદગર દાવર આગળ કબૂલ થાઉંછું, કે હરગેજ તારા પેમાનથી હું ફરીશ નહીં. હું ખોદાતાલાની સેતાયશ કરીશ, યજદાંપરસ્તોની માફક નીઆએશ કરીશ, કે તે સાહેબ સામનું અને મારા દેશના પાદશાહનું દેલ નામરજી અને ગુસ્સા અને કીનાથી ધોઇ નાખે. જેહાનને પેદા કરનાર સાહેબ મારા સખુનો સાંભળશે અને તેથી તું મારી પ્રિયા તરીકે મશહુર થશે.''

રોદાબેએ આ સખુનો સાંભળી કહ્યું કે ''હું પણ એકીન અને દીનના દાવર ખોદા આગળ કબૂલ થાઉંછું—અને મારા આ બોલવા ઉપર જેહાનનો પેદા કરનાર સાહેબ સાક્ષી છે—કે જેહાન પેહેલવાન જાલેજર, કે જે તાજ અને ગંજનો અને કીર્તિ અને દબદબાનો સાહેબ છે, તે સિવાય મારી ઉપર કોઇપણ બીજો શખસ પાદશાહ થશે નહીં.''

બામદાદ થતાં, જાલ પોતાની છાવણીમાં પાછો ફર્યો અને પછી પોતાના દરબારીઓને મિજલસમાં બોલાવ્યા. શરૂઆતમાં તેણે ખોદાતાલાને યાદ કર્યો, કે કુલ જગત તેની પેદાયશ છે. તે ઇનસાફ અને બખ્શેશનો ખાવિંદ છે. એક કીડી વટિક પણ તેના વગર પોતાનો પગ ઉંચકતી નથી. પછી કહયું કે "તે દાદારે આ દુનિયાની વૃદ્ધિ જોડાં મારફતે કીધીછે, કારણ કે એકથી (એટલે જોડાં વગર) વૃદ્ધિ થતી નથી. તે કેર્દેગાર સિવાય કોઇપણ એકલો નથી. તેનેજ નથી કોઇ ભાગ્યો કે જોડયો કે યાર. તેણે જે પણ પેદા કર્યુંછે તે જોડાં તરીકે પેદા કર્યુંછે. છુપાંમાંથી તેણે ગુપચુપ રીતે એમ જાહેર રીતે પેદા કર્યુંછે. બુલંદ આસમાનમાંથી તું આ સખુનનો વિચાર કરશે, તો જોશે કે એજ રીતે દુનિયાની પેદાયશ છે. જમાનો માણસજાતથી આરાસ્તે થયો, અને સઘળી ચીજો તેનાથી કિમતી બની. અગરજો જેહાનમાં જોડું ન હતે, તો શકિત છુપી પડી રેહતે. વળી જોડાં વગર એક જવાન મર્દ ખોદાતાળાની દીન બરાબર પાળી શકે નહીં. વળી એક માણસ બુજોર્ગ તોખમનું હોય, પણ જોડાં વગર (એટલે બાયડી યા ખાવિંદ) વગર તે નહીં-મળતાવડા સ્વભાવનું થાય. એક જેહાનપેહેલવાન, ફરજંદથી રોશન રવાનનો થાય તેના કરતાં બીજું નેક શું હોય? જયારે માણસનો જવાનો (યાને મરવાનો એટલે બુઢાપાનો) વખત આવે, ત્યારે ફરજંદથી તેનો નરોજ (નવો દહાડો) જાણે પાછો આવેછે. દુનિયામાં ફરજંદથી નામ રહેછે, કે 'ફલાણો જાલનો છોકરો છે અને ફલાણો સામનો છોકરો છે.' તેનાથી

(એટલે ફરજંદથી) તાજ અને તખ્ત સણુગાર પામેલું રહેછે. તેનું (બાપનું) નામ જાય છે, પણ એનું (દીકરાનું) નસીબ ચાલુ રહેછે. હવે હાલ એ સઘળો મારો એહેવાલ છે. એ બિના મારા બાગનાં ગુલ અને નરગેસ (મિસાલ) છે. મારૂં દેલ ઉઠી ગયુંછે અને અક્કલ જતી રહીછે. માટે કહો કે તેનો એેલાજ શું છે? જ્યાંસુધી આ બાબતનો મને ઘણો ગમ લાગ્યો નહીં અને મારાં મગજ અને મનમાં ઘણું ઓછું આવ્યું નહીં ત્યાંસુધી મેં કાંઇ તમુને કહયું નહીં. મેહેરાબના મેહેલમાં મારી મેહેર સઘળી લાગી છે. તેની જમીન મારે મનથી ફરતા આસમાન માફક છે. મારૂં દેલ સીનદોખ્તની બેટીએ જીતી લીધુંછે. તમો શું કહોછો? શું સામ એ કબુલ કરશે? વળી જ્યારે મીનોચેહેર પાદશાહ એ વાત સાંભળશે, ત્યારે તે મારા ભાગપર એ જવાનીનો ખ્યાલ વિચારશે કે ગુનાહ વિચારશે? શું મોટાઓ કે નાનાઓ, જ્યારે પોતા માટે જોડું શોધેછે, ત્યારે તેઓ દીન અને રિવાજના ફરમાવવા મુજબ કામ કરેછે. દાનાવ આદમીએ એ બાબે કજીઓ કરવો નહીં જોઇયે, કારણ એ દીનનો રાહ છે અને એમાં શરમ જેવું કાંઇ નથી. ત્યારે મારા દુરઆગાહ મોબેદો! તમો આ બાબે શું કહોછો? દાનાવો આ બાબતમાં શું પરિણામ જોવછો?"

જાલના આ સખુનો સાંભળી, મિજલસના મોબેદો અને દાનાવો ચુપ રહ્યા, કારણકે તેઓ જાણુતા હતા, કે મેહેરાબનો વડવો જોહાક હતો, અને તેથી મીનોચેહેર શાહને જાલ અને રોદાબેની શાદી પસંદ પડશે નહીં. સઘળાઓને ચુપ જોઇ જાલે જાણ્યું, કે તેઓને આ વાત બરાબર પસંદ પડતી નથી. તેણે તેઓને કહ્યું, કે "આ બાબતમાં શું કરવું તે બાબે તમો મને ઇલાજ સૂચવો." તેઓએ કહ્યું કે "મેહેરાબ જોકે તારો બરોબરીઓ નથી, તોપણુ તે બહાદુર અને શક્તિવાન છે. જોકે તે જોહાકના ટોળાનો છે, તોપણુ તે આરબોનો સરદાર છે. માટે તું સામ ઉપર કાગળ લખી હુકમ માગ. સામ, શાહ મીનોચેહર ઉપર કાગળ લખશે અને શાહ સામનો સખુન કરશે."

આ સલાહ માન્ય કરી જાલે પોતાના બાપ સામ ઉપર કાગળ લખ્યો, અને તેમાં તેની કેટલી તારીફ કરી પોતાની હકીકત જણાવી, કે 'હું મેહેરાબની બેટી (ની મોહબત) થી રડતો થયોછું અને જાણે રોશન આતશ ઉપર બળતો થયોછું. અંધારી રાતના સેતારાઓ મારા યાર થઇ પડયાછે (એટલે રાત્રે ઉંઘ આવતી નથી અને તારાઓને જોયા કરૂંછું). મારી હાલત દરિયાના કિનારા જેવી થઇ પડીછે (એટલે મોહોબતના દુઃખના મોજાઓનો મારી ઉપર માર પડેછે). હું પોતે રંજમાં આવી પડયોછું અને સઘળા લોકો મારી હાલત ઉપર દયા કરી રડેછે. જોકે મારા દેલ ઉપર આટલો સેતમ પડેછે, તોપણુ તારાં ફરમાન વગર હું કાંઇપણ કરવા માગતો નથી. હવે તું જેહાન પેહેલવાન શું ફરમાવેછે! તું આ દરદ અને સખ્તીથી મારાં રવાનને છોડવ." જાલેજરે પોતાના બાપને વધુ યાદ આપી કે જ્યારે અલબુર્જ પહાડ ઉપરથી સીમોર્ગ પાસેથી તેણે તેને કબજામાં લીધો હતો, ત્યારે ખોદાતાળા હજુર કબૂલાત આપી હતી, કે તે, તે ફરજંદની જેવી કાંઇ ખાહેશ હશે તે બર લાવશે. તેથી જાલે બાપ પાસે માગી લીધું, કે તેની મેહેરાબની બેટી સાથે પરણવાની હાલ જે ખાહેશ છે તે બર લાવવી.

આ મુજબ એક નામું લખી પોતાના બાપ પાસે એક કાસદ પાસે મોકલ્યું. તે કાસદને હુકમ આપ્યો કે અવારનવાર બે ઘોડા રાખી કુચ કરે, કે એક થાકે તો બીજા ઉપર સ્વાર થાય. તે કાસદ સેતાબ પવન મિસાલે દોડયો. તેણે સામેસવાર આગળ આવી પોંહોંચી કુર્નેશ બજાવી, તેની ઉપર ખોદાતાળાની દુઆ ગુજારી જાલનું નામું આપ્યું. સામે જાલનું નામું લીધું અને તે વાંચી ફિક્કો થઇ ગયો. તે ઘણુા વિચારમાં પડયો. તે મનમાં

કહેવા લાગ્યો કે "જો હું ના કહુંછું, કે ડહાપણ ખરચી આ કામથી તું હાથ ઉઠાવ, તો હું દાદગર દાવર આગળ યાને અન્જુમન આગળ વચન તોડનાર થાઉંછું, કારણકે મેં તેની કોઇ પણ ખાહેશ બર લાવવાને કબૂલાત આપીછે. વળી જો હું હા કહુંછું, તો એક હાથ ઉપર પક્ષીથી પરવરશ પામેલા આ જવાન, અને બીજા હાથ ઉપર દેવથી જન્મેલી પેલી બેટી એ બેઉની ઓલાદથી કેવાં ફરજંદો અવતરશે !"

એવા વિચારમાં સામે પોતાના દરબારીઓની અને સેતારેશનાસોની એક મિજલસ બોલાવી અને તેઓની સલાહ લીધી. તેણે કહ્યું કે "આતશ અને પાણી જેવાં બે ગોહરોને હું સાથે મેલવું, તો તેનું પરિણામ કમબખ્તીમાં આવશે, કારણકે ફરીદુન અને જોહાક વચ્ચેની લડાઇ જાણે કીઆમત સુધી ચાલશે. માટે સેતારાની ચાલ જોઇ મને સલાહ આપો."

સેતારેશનાસોએ સેતારાની ચાલ જોઈ સામને ખુશીના સખુનો કહ્યા કે "રોદાબે અને જાલનું જોડું નામાંકિત નિવડશે, અને તેઓથી જે ફરજંદ અવતરશે, તે દુનિયામાં ઘણું નામ કાઢશે અને દુનિયામાંથી ઘણાં સંકટો ટાળશે. તે રૂમ અને હિંદુસ્તાન અને ઇરાનમાં કિર્તી મેળવશે." ત્યારે સામે જાલેજરના કાસદને આ પેગામ કહ્યો કે "જાલને કહે, કે આવી પ્રકારની મોહબત ડહાપણભરી નહીં હતી, પણ જ્યારે મેં તુંને વચન આપ્યો હતો, ત્યારે તેથી હું પાછો ફરતો નથી. પણ હું હાલતુરત શાહ મીનોચેહર આગળ જાઉંછું, અને જોઉં, કે તે પાદશાહ આ બાબતમાં શું ફરમાન આપેછે."

પેલો કાસદ આ પેગામ લઇ ખુશ થતો જાલેજર આગળ ગયો. તે જવાબ જાલે સાંભળી ખોદાતાળાના શુકરાના કીધા. તે રાતના ઉંઘાતો હતો નહીં અને દિવસના આસાએશ પામતો હતો નહીં. તે નહીં શરાબ પીતો કે નહીં ખુશી ખુરમી કરતો. તેનું ધ્યાન રોદાબેમાં હતું અને તે તેણીનોજ વિચાર કરતો હતો.

હવે જાલેજરે એક બાનુ, જેણી તેની અને રોદાબે વચ્ચે પેગામ લઇ જતી હતી, તેણીની પાસે રોદાબેને ખુશ પેગામ કહેવાડયો, કે સામેસવારે તેઓનાં લગન માટે બાહાલી આપીછે. આ ખુશ ખબર સાંભળી, રોદાબેએ તે બાનુને રૂપાના સિક્કાથી વધાવી લીધી અને પછી તેણીની પાસે જાલેજર માટે પોષાક અને એક કિમતી વિટીની ભેટ મોકલી. હવે આ સઘળી બાબત રોદાબેએ હજુ પોતાની મા સીનદોખ્તને કહી નહીં હતી. તેણી તે સઘળું જણાવવાની હતી, તેટલામાં પેલી બાંદીને પોષાક અને વિટીની ભેટ લઇ બાહેર જતી સીનદોખ્તે જોઇ. તે બાંદીને અવારનવાર ગુપચુપ આવતી જતી તેણીએ કેટલીક વાર જોઇ હતી. તે ઉપરથી આ વખતે તેણીની ઉપર સીનદોખ્તને શક ગયો, અને આવજા કરવા માટે અને પેલા પોષાક અને વિટી વિગેરે માટે તેણીને અતિ ઘણી ધમકાવીને પુછયું. તે બાંદીએ ઉડાવનારો ઘણોક જવાબ આપ્યો, પણ સીનદોખ્તની ખાતરી થઇ નહીં અને તેણીનું જુઠું પકડાઇ આવ્યું.

સીનદોખ્ત રડતી આંખે પોતાની બેટીના ઓરડામાં ગઇ, અને અંદરથી બારણું બંધ કરી, ઘણાં દુઃખી દિલે રોદાબેને કહ્યું કે "તું કુટંબનું સારૂં નામ બરબાદ કરવા બેઠીછે. માટે મને સઘળી ખરી વાત કેહ, કે એ બાંદી કોણ છે ? અને તું એની મારફતે કોણની ઉપર પોષાક અને વિટી ભેટ મોકલેછે ?" રોદાબે પોતાની માતા આગળ ઘણી શર્મીન્દી થઇ ગઇ અને આંખમાં આંસુ લાવી રડવા લાગી, અને પછી તેણીએ સઘળી ખરી હકીકત, અવલથી તે આખેર સુધી —સામે બેઉનાં લગન માટે બાહાલી આપી ત્યાંસુધી—કહી. આ સઘળી હકીકત જાણી સીનદોખ્ત પોતાનો ગુસ્સો ઘણીક હદે ભૂલી ગઇ, કારણકે, જો જાલેજર તેણીનો જમાઇ

થાય, તો તે ઘણો નામાંકિત નર હતો, અને તેથી દલગીર થવાનું કારણ ન હતું. પણ એક વાતનો તેણીને ડર રહ્યો, કે મીનોચેહરશાહ એ વાત જાણશે, તો તે પસંદ કરશે નહીં અને કાબુલને તારાજ કરશે. એવી ચિંતામાં તેણી ઘણી ગમગીન દિલે બિછાને ગઇ.

હવે મેહરાબે મેહલમાં આવતાં સીનદોખ્તને એ પ્રમાણે અત્યંત દલગીર જોઇ સબબ પુછયો. તેણીએ ઘણી રડતી આંખે રોદાબે બાબે સઘળી હકીકત કહી, કે "જાલેજરે તેણીનું દિલ જીતી લીધુંછે અને મેં તેણીને સમજાવવા છતાં તેણીએ તેના ઉપર દિલ બાંધ્યુંછે, જેથી સેવટે આપણી ખાનાખરાબી થશે." આ સખુનો સાંભળી મેહરાબ ચોંકયો અને પોતાની કમ્મર ઉપરની તલવાર ઉપર હાથ નાંખ્યો, કે જઇને રોદાબેને મારી નાંખે. તેણે કહ્યું કે "જ્યારે એ બેટી પેદા પડી, ત્યારે તેજ વખતે તેણીનું સર મારે કાપી નાંખવું જોઈતું હતું. પણ મેં તે કાપી નાંખ્યું નહીં, અને તેમ કરી મેં મારા નેઆગાનોનો રિવાજ પાળ્યો નહીં, તેથી આજે મારી આવી હાલત થઇ પડીછે. બાપનો રિવાજ મારે દીકરાએ પાળવોજ હતો. હવે મને બે વાતની ચિંતા આવી પડીછે. એક તો મારા જાનની, અને બીજી તો લાજની. જો સામ, મીનોચેહરશાહ સાથે મળી મારી ઉપર હુમલો લાવશે તો કાબુલને પાયમાલ કરશે."

સીનદોખ્તે મેહરાબને થંડો પાડયો કે "સામે તો આ બાબતમાં પોતાની બાહાલી આપીછે. માટે તેના સંબંધમાં કાંઇ ચિંતા નથી." પછી મેહરાબે પોતાની બેટીને પોતાની આગળ હાજર કરવા કહ્યું. સીનદોખ્તે જોયું, કે તે ગુસ્સામાં તેણીને મારી નાંખશે, તેથી તેની પાસે સોગંદ લઇ તેણીને તેડી લાવી. મેહરાબે ગુસ્સામાં તેણીને કહયું કે "તું પરી, એક આહરેમન સાથે શાદીના ગાંઠમાં જોડાવા માંગેછે. (માટે) તારે માથે તાજ યા તારે હાથે બાદશાહી વિટી મા હોતી. જો કેહતાનનાં જંગલમાંનો કોઇ સાપ પકડનાર, મોબેદ થવા માંગે, તો તેને સેતાબ મારવો ઘટેછે (એટલે એક બુરો આદમી ભલો બની શકે નહીં. તેમ તું આહરેમન જેવા જાલ સાથે પરણવા માંગેછે, તો તે ભલો થઇ શકનાર નથી)." રોદાબે તદન ચુપ રહી અને રડવા લાગી અને એક બોલ પણ બોલી નહીં.

હવે પેલી બાજુ શાહ મીનોચેહરને, જાલ રોદાબે સાથે પરણવા નિકળ્યોછે, એવી વાતની ખબર પડી. ત્યારે તેણે પોતાના દરબારીઓની મિજલસ બોલાવી, તેઓની સલાહ લીધી. તેણે કહ્યું, કે "ફરીદુને જોહાકને મારીને ઇરાનને બળામાંથી છોડવ્યું અને હવે જો તેજ જોહાકનાં કુટુંબની એક બેટી સાથે ઇરાન સરજમીનનો પેહેલવાન જાલ શાદીમાં જોડાશે, તો તેનું પરિણામ ઇરાન માટે ઘણું ખરાબ આવશે. એઓનાં પેટનું ફરજંદ ખરાબ આવશે." એ પછી તેણે પોતાના બેટા નોજરને સામેસવાર આગળ મોકલ્યો, કે તેને પોતા આગળ તેડી લાવે. નોજર ગયો અને પાદશાહનો પેગામ કહ્યો. સામે શાહનો પેગામ માથે ચઢાવ્યો અને કહ્યું કે "પાદશાહનો ચેહેરો જોઇ હું મારા જાનને ખુશ કરીશ." પછી તે રાત્રે નોજરને પોતા સાથે રાખી, ખાણાની મિજલસ સમારી. તેમાં પાદશાહ મીનોચેહેરની, પછી જાલની, પછી શાહજાદા નોજરની, અને પછી ખુદ મેજબાન સામની અને પછી બીજા મોટા માણસોની સલામતી લેવાઇ. ત્યારપછી સામ શાહના હુકમને માન આપી તેની દરબારમાં જવા નિકળ્યો.

શાહ મીનોચેહરને જ્યારે ખબર પડી, કે સામ આવી પોહોંચ્યો છે, ત્યારે તેણે તેનાં માનમાં મિજલસ સમારીને તેને આવકાર દીધો. શાહે સામને પેહેલે માજીનદરાનની લડાઇ, જે ઉપર તેને મોકલ્યો હતો, તેની સઘળી હકીકત પુછી. સામે લંબાણુથી

પોતાની ફતેહો વર્ણવી. શાહ તેની ફતેહની સઘળી હકીકત જાણી ખુશ થયો અને સામની સ્તુતિ કીધી.

હવે બીજી સહવારે સામ પાદશાહ આગળ ગયો, કે જાલ અને રોદાબે બાબે વાત કરે. પણ શાહે તેને એ બાબે બોલતો અટકાવી એકદમ હુકમ આપ્યો કે "તું મોટાં લશ્કર સાથે હિંદુસ્તાન જા, અને ત્યાં કાબુલના પાદશાહ મેહરાબના મેહેલને અને કાબુલ શેહેરને આગ લગાડી બાળી નાંખ. તે (મેહરાબ)થી તુંએ દુનિયાને છોડવવી જોઇયે. તેના તોખમનાં જે હોય, તે જોહાકના તોખમનાં ગણાય. માટે તેનાં ખેશાવંદો અને લાગતાવળગતાં સઘળાંઓને તું મારી નાંખ."

સામે જ્યારે શાહને આ મુજબ ગુસ્સામાં બોલતો જોયો, ત્યારે તે એક સખુન પણ બોલી શકયો નહીં. તેણે જમીનને બોસો દીધો અને તેનો હુકમ માથે ચઢાવ્યો, એવું કહીને કે "એ મુજબ (એટલે શાહે ફરમાવવા મુજબ) કરૂં અને શાહના દેલમાંથી કીનો કાઢી નાંખું."

હવે જ્યારે મેહરાબને અને જાલેજરને આ વાત ખબર પડી, કે સામ કાબુલ ઉપર શાહના હુકમથી હુમલો લાવેછે, ત્યારે કાબુલમાં અને મેહરાબના મેહેલમાં હોહા થઇ રહી. મેહરાબ, સીનદોખ્ત અને રોદાબે, પોતાના જાનથી નિરાશ થઇ ગયાં. જાલને એ વાતની ખબર પડી, કે તે ગુસ્સામાં એકદમ કાબુલથી નિકળી ચાલ્યો. તે બોલવા લાગ્યો કે "અગરજો જીઆંનગાર અઝદહા પોતાના દમથી દુનિયાને બાળીજ નાંખવા માંગતો હોય, અને જો તે કાબુલસ્તાનને પાયમાલ કરવા માંગતો હોય, તો તેણે પેહેલે મારૂં સર કાપી નાંખવું જોઇયે." એટલે કાબુલસ્તાન પાયમાલ થાય તે પેહેલાં પોતે મરવાનું જાલેજરે પસંદ કર્યું. તે પોતાના બાપનાં લશ્કર ભણી ગયો. સામને ખબર પડતાં, તેણે પોતાના બેટાને આવકાર દીધો. શરૂઆતની સાધારણ મુલાકાત પછી, જાલ પોતાના બાપ આગળ ગયો અને આંખમાં પાણી લાવી પેહેલે બાપ ઉપર આફ્રીન અને દુઆ ગુજારી કહ્યું કેઃ—

"ઓ બાપ! સઘળાં માણસો તારાથી ખુશ છે. તારાથી જમીન અને જમાનો ઇનસાફ મેળવેછે. પણ હુંજ તારા ઇનસાફથી બેનસીબ છું, જોકે તારી સાથે હું ખેશીપણું ધરાઉંછું. મને એક પક્ષીએ પરવરેશ કર્યોછે, અને હું ખાક ખાઇ ઉઘર્યોછું. મને દુનિયામાં કોઇ સાથે ટંટો નથી. હું જાણતો નથી કે મેં કાંઇ ગુનાહ કર્યો હોય કે જેથી કોઇ મારૂં બુરૂં કરે. તેં મને વચન આપ્યું હતું, કે તું મને દુખ દેશે નહીં અને મારી મોરાદનાં ઝાડનું ફળ ઉગાડશે (એટલે મારી ખાહેશો બર લાવશે). પણ હવે તું સેતાબ આવ્યો છે, કે મારૂં અએવાન તું બરબાદ કરે. માટે હું હવે તારી આગળ આવી ઉભો છું. મારાં હૈયાત તનને મેં તારા ગુસ્સાને સોંપ્યુંછે કે હથિયારથી તું મારાં તનના બે કકડા કર, પણ કાબુલ માટે તું મને કંઇ ના કેહ. તારે ગમે તે કર, કારણકે તું ફર્માનનો માલેક છે, પણ તું કાબુલને, જે પણ નુકસાન કરશે, તે જાણે મને પોતાને કીધા બરાબર થશે."

સામેસવારે પોતાના બેટા જાલના આ દુઃખી દિલના શબ્દો ધીરજથી સાંભળ્યા. પછી કહ્યું કે "તું દલગીર ના થા અને ગુસ્સે ના થા. હું એ બાબતનો ઇલાજ કરૂંછું. હું પાદશાહ ઉપર એક કાગળ લખું છું અને તે તારીજ પાસે મોકલુંછું. જ્યારે તે પાદશાહ નજરે નજર તારી હુશિયારી જોશે અને તારાં દીદાર જોશે, ત્યારે તુંને હેરાન કરવાનો વિચાર નહીં કરશે. અગરજો પાદશાહ તારો યાર થશે, તો તારી સઘળી મરજી પાર પડશે. એક સિંહ હમેશાં પોતાની બાજુના બળથી ફતેહ મેળવેછે અને જ્યાં જાયછે ત્યાં શેકાર મેળવેછે (એટલે એક દલેર મરદે પોતાનું કામ પોતાને હાથે કરવું

જોઇયે. માટે તું પોતે પાદશાહ આગળ જઇ તારૂં કામ કરી આવ)."

એમ કહી સામે એક નામું પાદશાહ ઉપર લખ્યું તેમાં અવલમાં તે કિરતારની તારીફ કીધી, પછી નામદાર પાદશાહની સ્તુતિ કીધી. પછી પાદશાહની નોકરીમાં જે સેવા બજાવી હતી તે અને કશફ જેવા ઝીઆનગારને માર્યો હતો, તે સઘળી વાત કહી, અને કહ્યું કે "હવે મારો બેટો જાલ તું પાદશાહની સઘળી સેવા બજા લાવવાને તૈયાર છે. પણ હાલ તેનાં મનની એક મોરાદ છે, કે જે મોરાદ તે દાદારની નજરમાં ભલી ગણાય તેવી છે. પણ પાદશાહની મરજી વગર અમો કાંઇપણ કરવા માગતા નથી. પાદશાહ જાણેછે, કે મેં ઘણાકોની હજુરમાં મારા બેટા જાલને, જ્યારે તેને હું અલબુર્જ ઉપરથી લાવ્યો ત્યારે, કોલ આપ્યોછે, કે હું તેની જેબી મરજી હશે તે પાર પાડીશ. જાલ કાબુલસ્તાનની એક બાનુ ઉપર મોહી પડયોછે, અને જેઓ તેને જોય છે તેઓ તેની હાલતની દયા ખાયછે. માટે હાલ જ્યારે તે પાદશાહ પાસે આવેછે, ત્યારે જે ઘટતું છે તે કર, કારણકે આ દુનિયામાં તે મારો એકલો દુઃખનો વિસરાવનાર (એટલે એકપુરો બેટો) છે.''

હવે પેલી તરફ જ્યારે કાબુલના પાદશાહ મેહરાબને ખબર પડી કે, જાબુલસ્તાનનો પાદશાહ સામ, શાહ મીનોચેહરના હુકમથી લશ્કર લઇ કાબુલ ઉપર હુમલો લાવેછે, ત્યારે તે પોતાની રાણી સીનદોખ્ત ઉપર ઘણો ગુસ્સે થયો, અને કહયું કે "હવે તુંને અને રોદાબેને તેની આગળ લઇ જવી જોઇયે અને તેની હજુરમાં તમો બેઉને કતલ કરવાં જોઇયે, કે તેથી કાબુલ ઉપરતું વીઘન દૂર થાય.''

સીનદોખ્તે પોતાના ખાવિંદ પાદશાહને ઠંડો પાડયો. તેણી એક ડાહી અને ચબરાક રાણી હતી, તેથી લાંબો વિચાર કરી તેણીએ કહયું કે "તું મને કેટલોક ખજાનો સામ માટે ભેટ આપ, કે હું પોતે તે લઇ તેની આગળ જાઉં અને તેને સમજાવું." મેહરાબે સામને ભેટ આપવા માટે ઘણોક ખજાનો અને ભેટસોગાદ આપ્યાં, કે જે લઇ સીનદોખ્ત સોલેસણગાર કરી સામની આગળ ગઇ. તેણી હાથી અને ઘોડા અને ગુલામો અને જરજવાહીરની જે ભેટસોગાદ લઇ ગઇ હતી, તે ભેટસોગાદની બે મૈલ સુધી હાર લાગી હતી. જ્યારે આવી કિમતી અને મોટી ભેટસોગાદ સાથે એક બાનુને સામેસવારે પોતા સન્મુખ જોઇ, ત્યારે તે વિચારમાં પડયો કે "જો હું એ સઘળું કબુલ રાખું છું, તો પાદશાહ મીનોચેહર ગુસ્સે થશે. જો હું એ નાપાડું છું તો જાલેજર ગુસ્સે થશે." આ મુસ્કેલી ટાળવા તેને એ સઘળી ભેટ જાલને માટે હોય એમ ગણી, તે જાલને નામે કબુલ રાખી, અને કહયું કે "એ સઘળું જાલના ખજાનચીને સોંપો." પછી સામે સીનદોખ્તને પુછયું, કે તેણી કોણ બાનુ હતી? ત્યારે સીનદોખ્તે પોતાના જાનની સલામતી માટે કોલ માંગ્યો, અને સામે તે તેણીના હાથ ઉપર હાથ ઠોકી આપ્યો. ત્યારે તેણીએ પોતાને મેહરાબની રાણી તરીકે જાહેર કરીને અરજ કરી કે "જો કોઇ વાંક હોય તો મેહરાબનો કે અમારો છે. પણ તે માટે તું આખા કાબુલને શા માટે પાયમાલ કરવા માંગેછે?" સામે સઘળી હકીકત સાંભળી સીનદોખ્તને દિલાસો દીધો અને જાલ અને રોદાબેની શાદી માટે પોતે પસંદગી જણાવી, જાલને શાહ આગળ મોકલ્યો હતો તેની વાત જણાવી, અને પોતે રોદાબેને જોવાની મરજી જણાવી. પછી તેણે ફરીથી સીનદોખ્તના હાથમાં હાથ આપી તેણીને કોલ આપ્યો, કે કાબુલ માટે તેણીએ બેફિકર રહેવું. સીનદોખ્ત ખુશ થઇ પોતાના શેહર ભણી પાછી ફરી.

હવે પેલી બાજુ જાલ મીનોચેહર પાદશાહ આગળ જઇ પોંહોંચ્યો અને બાપનું નામું કુર્નેશ બજાવીને પાદશાહને આપ્યું. મીનોચેહરશાહે તે નામું વાંચ્યું અને કહયું કે "જોકે તેં મારૂં દિલ ગમગીન કીધુંછે,

તોપણ સામનું આ દિલ જીતી લેનાર નામું વાંચી હું કબુલ થાઉંછું અને તારી જે મરજી હશે તે પાર પાડીશ." પછી જાલને પોતા પાસે થોડો વખત રાખ્યો. પાદશાહના કહેવાથી તેના ૬) કાબેલ દરબારીઓએ જાલને એક પછી એક ગુંચવાવનારા સવાલો યાને ઉખીઆણાઓ પુછયાં, જેના તેણે હુશિયારીથી જવાબો આપ્યા. પાદશાહ તેથી હેરત અને ખુશ થયો. પછી જાલે પાદશાહ હજુર પોતાનું જોર અને લડાઇનો હુન્નર દેખાડયાં. તેથી પણ શાહ અને દરબારીઓ હેરત થયા. એ સઘળું જોઇ, શાહે સેવટે સામના કાગળનો જવાબ આપ્યો અને તેમાં જણાવ્યું કે "મેં જાલની ખાહેશ કબુલ રાખીછે અને મારી બાહાલી આપીછે." જાલ ખુશ થઇ પોતાના બાપ આગળ જવા નિકળ્યો. તેણે આગમચથી એક કાસદને બાપ આગળ મોકલી, પાદશાહે તેની શાદી માટે બાહાલી આપી હતી, તેની ખુશ ખબર કેહેવડાવી. તે પેગામ સાંભળી, બુઢો સામ જાણે જવાન થયો અને તુરત મેહરાબ પાદશાહને તે ખુશ ખબર કેહેવડાવી. મેહરાબને તે જાણી એટલી તો ખુશી ઉપજી, કે જાણે તેથી મુએલો આદમી જીવતો થાય અને જઇફ હોય તે જવાન થાય. મેહરાબે તે ખબર સીનદોખ્તને કહી અને સીનદોખ્તે રોદાબેને કહી અને સઘળાંનાં દિલ ખુશ થયાં અને મેહેલમાં સઘળી શાદી રામશનીની તૈયારી થવા માંડી.

એ અરસામાં જાલ પણ મીનોચેહરશાહ આગળથી આવી પુગ્યો અને સામ પોતાના બેટા સાથે રોદાબેને જોવા જવા નિકળ્યો. મેહરાબે અને સીનદોખ્તે તેઓને માન અકરામથી આવકાર દીધો. કેટલોક વાર પછી સામે સીનદોખ્તને કહયું કે "રોદાબેને હજુ કેટલોક વાર સુધી છુપાવી રાખશો?" એમ કહી પોતાની ધારેલી વહુને જોવા માંગી. સીનદોખ્તે જવાબ આપ્યો કે "જો તમો આફતાબને (એટલે આફતાબ જેવી ખુબસુરત રોદાબેને) જોવા માંગોછો તો તેનો હદીઓ કયાં છે?" સામે જવાબ દીધો કે "તમોને ગમે તે મારી પાસે માંગી લેઓ. મારો ગંજ કે તાજ, તખ્ત કે શેહેર, મારૂં જેબી કાંઇ હોય તે તમારૂં છે." પછી રોદાબે હાજર થઇ અને તેણીને જોઇને સામ ઘણો ખુશ થયો. તે તેણીની પુરતી તારીફ કરી શકયો નહીં.

પછી સામે મેહરાબને પોતાની આગળ તેડયો અને રિવાજ અને ધર્મ મુજબ લગનનો ગાંઠ બાંધ્યો. એક તખ્ત ઉપર પરણતાં જોડાંને ખુશહાલ બેસાડયાં અને તેઓ ઉપર અકીક અને ઝબરજદનો નેસાર કીધો. આ મુજબ રોદાબે અને જાલની મોહોબતનું શુભ પરિણામ આવ્યું. તેઓ શાદીના ગાંઠમાં જોડાયાં અને તે લગનના પેહેલાં ફરજંદ તરીકે તેઓને ત્યાં જેહાંપેહેલવાન રૂસ્તમ પેદા થયો.

એ બેટાનો જનમ અજબ રીતે થયો. નવ માસ પુરા થતાં, રોદાબે ઘણું દુઃખ ખમવા લાગી અને છુટકારો નહીં થયો. એક દિવસ તેણી આ દુઃખ અને થાકથી ઘણી બિમાર પડી અને મેહેલમાં રડારડ થવા લાગી. જાલ પોતાની પ્રિયાનાં બિછાના આગળ આવ્યો. તેને યાદ આવી કે સીમોર્ગે તેને પોતાનું એક પીછ આપ્યું હતું, એવું કહીને કે "તારી ઉપર કોઇ મુસ્કેલી આવી પડે ત્યારે આ પીછ બાળજે કે હું તારી મદદે આવીશ." જાલે તેમ કર્યું અને સીમોર્ગ આવી ઉભું રહ્યું. તેણે સર્વને દિલાસો દીધો અને કહ્યું કે "રોદાબેને પેટ એક ઘણો જોરાવર અને નામાંક્તિ બેટો પેદા થશે, પણ તે સાધારણ રીતે નહીં અવતરશે. પેહલાં તમો તેણીને શરાબ આપીને કેફમાં મસ્ત કરો કે તેણીને દુઃખ લાગે નહીં. પછી એક તેજ હથિયાર લાવી એક હુશિયાર મરદ પાસે તેણીની બાજુ ચીરાવો અને તેમાંથી બચ્ચું કહડાવી તે બાજુને પાછી સીવડાવી લો. પછી હું તમોને કહું તે પાલો લાવી તેને દુધ અને કસ્તુરીમાં મેળવી સુકવો અને તે તેણીના ચીરેલા જખમ ઉપર લગાડો. પછી તેના ઉપર મારૂં એક પીછ ફેરવો." જાલે તેમ કર્યું. એક હુશિયાર મોબેદ (શસ્રવૈદ) ને તેડયો અને તેણે સીમોર્ગના કહેવા મુજબ કર્યું, અને પેટ ચીરીને તે બાળકને બહાર કાઢયું.

થૉમસ મૂરની લાલારૂખમાંથી "આતશની સેતાયશ કરનારાઓ" નામની વાર્ત્તાનું દાસ્તાન. (૧)

કવિ થૉમસ મૂર—કવિ થૉમસ મૂર ઈ૦ સ૦ ૧૭૭૯ થી ૧૮૫૨ સુધીમાં થઈ ગયો છે. પોતાના જમાનામાં તે કવિ બાયરનના જેવો લોકપ્રીય સાએર થઇ ગયોછે. થૉમસ મૂર જેમ એક કવિ હતો તેમ એક જાતનો ગવૈયો હતો. તેનો આવાજ મિઠો અને સુંદર હતો, તેથી મ્હોટાં માણસો પોતાને ત્યાંની મિજલસોમાં તેને વારેઘડિયે કવિતા ગાવાને બોલાવતા. તેનામાં ગાવાની શક્તિ હોવાથી, તેની કવિતામાં ગાયનરૂપી ઝમક ઘણી દાખલ થઇછે. તેની સંખ્યાબંધ કવિતાઓમાં "લાલારૂખ" નામની કવિતા ઘણી મશહુર થઇછે. એ કવિતા લખવા આગમજ તેનું નામ કવિ તરીકે મશહુર થયું હતું. તેથી મેસર્સ લૉંગમૅનની કંપનીએ, હજીતો એ કવિતા લખાય તે આગમજથી, એ કવિતા માટે તેને ત્રણ હજાર પૌંડ આપવાને કબુલ કર્યા હતા, જે તેના વખતમાં એક કવિતાની ઘણી મ્હોટી કિમત ગણાતી હતી. જોકે **થૉમસ મૂરે** ઇરાન કે એશિયાનો બીજો કોઇપણ મુલક જોયો નહિ હતો, તોપણ તેણે ઇરાન દેશની રીતભાત, તવારીખ, ધર્મ, રિવાજ વગેરેની એટલીબધી હકીકતો વાંચી હતી કે ઘણાકો ભૂલમાં પડયા હતા કે એ લખનાર પૂર્વ ભણીના મુલકોમાં ફરી આવ્યો હશે. સર જેમ્સ મૅકિનટૉશ, સર જૉન માલ્કમ અને સર વિલિયમ આઉસ્લી જેવા પૂર્વ ભણીના અભ્યાસના પંડીતોએ "લાલારૂખ"ની પૂર્વ ભણીની બાબતો અને રીતભાતોની ચોકસાઇથી છક થઇ તેની સ્તુતિ કરી હતી.

દાસ્તાન જોકે કલ્પિત તોપણ તવારીખની એક હકીકત ઉપર રચેલું છે—હવે 'લાલારૂખ' માં "આતશની સેતાયશ કરનારાઓ" એવે નામની વાર્ત્તાનું જે દાસ્તાન થૉમસ મૂર જોડેછે તે, જોકે તેમાં જોડાયલી પ્યારની વાતની કળી તરફ જોતાં, કલ્પિત છે, તોપણ તે ઇરાનની તવારીખમાં જણાયલા એક બનાવની સહી અને ખરી હકીકત ઉપર જોડેલું છે. તે હકીકત આ છે, કે યજદજર્દ શેહેરિયારની હાર સાથ જોકે ઇરાનની જરથોસ્તી શહાનશાહતનો છેડો આવ્યો હતો, તોપણ વર્ષોના વર્ષોસુધી, કેટલાક દાયકા અને સદી સુધી, ઇરાનમાંથી જરથોસ્તી આતશ—જેમ તેઓનાં આતશબેહરામોમાં બળતો શારીરિક આતશ, તેમ દીન અને સચ્ચાઇ માટે જળતો તેઓનો જીગરનો આત્મિક આતશ—બુજાયો નહિ હતો. મારતા મારતા અને મરતા મરતા, હડી હડીને જરથોસ્તીઓ પહાડોમાં ઘણાંક વર્ષો સુધી ટકી રહ્યા હતા અને પછી સેવટે કેટલાકો ઇરાની

(૧) આ દાસ્તાનનું વાંચન પ્રથમ રોજ ૧૭ મો માહા ૨જો સને ૧૨૬૫, તા૦ ૧ લી નવેમ્બર ૧૮૯૫ ને દીને મરહુમ શેઠ હોરમજી બમનજી વાડીઆનાં આતશબેહરામની સાલગીરેહને દિને સાંજે ૫—૩૦ ને અમલે કોટમાં હોર્નબી રોડમાં આવેલાં "ધી થીઓસોફીકલ સોસાએટી"નાં દિવાનખાનાંમા આપ્યું હતું. ત્યાર પછી રોજ ૩ જો માહા ૨ જો સને ૧૨૭૪, તા૦ ૧૬ મી અકટોબર ૧૯૦૪ ને વાર રવીને દિને, જરથોશ્તી અન્જુમનનાં આતશબેહેરામની ૮મી સાલગીરેહને દીને રાતે ૮-૩૦ ને અમલે એજ આતશબેહરામમાં શેઠ દાદાભાઈ કનટ્રાકટરવાળાં દિવાનખાનાંમાં આપ્યું હતું.

અખાત તરફ આવી હોરમજદના ટાપુમાં ઘણુંક સુધી રહ્યા હતા અને લડાયું ત્યાંસુધી લડી પોતાની પવિત્ર જરથોસ્તી દીનને અને પોતાના રોશન આતશને સંભાળતા રહ્યા હતા.

દાસ્તાનમાં સાએરની નેમ—ત્યારે થૉમસ મૂર '**લાલારૂખ**'માં "આતશની સેતાયશ કરનારાઓ", એવે નામનાં દાસ્તાનમાં ઇરાનની જરથોસ્તી તવારીખના ગોયા છેલ્લા સફા ઉપર પોતાની વાર્તાનો મદાર રચેછે. પોતાની દીન અને પોતાના આતશ તરફ થોડાજ જરથોસ્તીઓ જાનફેશાની કરી ઉત્કંઠા દેખાડે તેવી ઉત્કંઠાથી તે જરથોસ્તીઓની તરફેણમાં, અને એક હાથમાં કોરાન અને બીજા હાથમાં તલવાર લઇ ફરતા આરબોની સામે, દેશાભિમાન અને દીનઅભિમાન ઉશકેરનારૂં, લાગણી સાથનું લખાણ કરેછે. મૂર કહેછે કે માણસ માણસો ધર્મોમાં અને વિચારોમાં મતફેરથી છુટાં પડે એ સંભવિક છે, માટે તેઓએ એકમેક તરફ છુટછાટની ભલી લાગણી (tolerance) થી જોવું જોઇયે. એવી લાગણીઓનો તે મજબૂત હિમાયતી હતો, માટે જ્યારે તેણે વાંચ્યું, કે કેવાં અણઘટતાં ઝનુનથી આરબોએ આતશની સેતાયશ કરનારા જરથોસ્તીઓને હેરાન કર્યા હતા, અને તેઓ ઉપર જુલમ કરી દીનને ખાતર તેમનું વાહાલું વતન તજવાની તેમને ફરજ પાડી હતી અને હજી ફરજ પાડતા હતા, ત્યારે તેણે આ કવિતામાં ઘણી લાગણી સાથ દિલ ઉશકેરનારૂં લખાણ કર્યું. આ કવિતામાં તેણે વાર્તા-રૂપે દેખાડયું છે કે હોરમજદના ટાપુમાં, પોતાના પવિત્ર આતશના રક્ષણમાં જરથોસ્તીઓ સેવટ સુધી કેવી હિમ્મત અને બહાદુરીથી લડયા છે.

વૉલ્ટેરનું એવીનેમનું બીજું દાસ્તાન—ફ્રેંચ સાએર વૉલ્ટેરે (Voltaire ૧૬૯૪થી ૧૭૭૮) નજદીક એવેજ નામનો, "લે ગેબ્ર" (Les Guebres) એટલે "આતશની સેતાયસ કરનારાઓ" એવે નામનો એક જાણીતો નાટક લખ્યોછે. તેણે જેવી મતલબથી પોતાનો એ નાટક લખ્યો હતો, તેવીજ મતલબથી થૉમસ મૂરે પોતાની આ કવિતા લખેલી મનાયછે. એ બેઉ કવિઓએ સહનશીલતા (Toleration) ની હીમાયત પોતાના એ પુસ્તકો મારફતે કીધીછે. જેનસેન (Jansen) નામનો એક ભણેલો પુરૂષ, જે ઈ૦ સ૦ ૧૫૮૫ થી ૧૬૩૮ સુધીમાં થઇ ગયો હતો, તેણે ઓગસ્ટાઇનસ (Augustinus) નામનું એક પુસ્તક પ્રગટ કીધું હતું. તેમાં તેને આગળ થઇ ગયલા એક ખ્રીસ્તી પીર ઓગસ્ટાઇન (Augustine) નાં શીખવેલાં કેટલાંક મતો ઉપર વિવેચન કીધું હતું, જે તે વખતના જેસ્યુઇટ ધર્મગુરૂઓને પસંદ નહીં આવ્યું હતું. તેનાં મરણ પછી તેની એ ચોપડી બાબે ઘણો ઝગદો ઉઠ્યો હતો કે તેમાં ખ્રીસ્તીઓના કેટલાક ફટવાઓથી ઉલટું ઓગસ્ટાઇનને નામે જણાવેલુ છે. જેનસેનીસ્ત (Jansenist) નામનો એક પંથ તે વખતે એના પછી એના નામ ઉપરથી ઉભો થયો કે જે એના કહેવાની તરફેણ કરી જેસ્યુઇસ્ટ ધર્મગુરૂઓનાં ફટવાથી જૂદો પડતો હતો. એ પંથસામે ઘણી ઉશકેરણી પોપ મારફતે ઉભી કરવામાં આવી હતી અને તેઓને હાડમાર કરવામાં આવ્યા હતા. કહે છે કે વૉલ્ટેરે, પોતાનાં "લે ગેબ્ર" નામનાં ઉપલાં પુસ્તકમાં ઇરાનના જરથોસ્તીઓ તરફ દીલસોજી દેખાડી, અંદરની મતલબ આ "જેનસેનીસ્ટ" પંથ તરફ દીલસોજી દેખાડવાની રાખી હતી.

થૉમસ મૂરના સંબંધમાં પણ એમજ ધારવામાં આવેછે. થૉમસ મૂર આયર્લંડ તરફનો એક વતની હતો. પોતાના દેશના છુટાપણા અને વધારા માટે તે આઇરીશ દેશહીતકારી પુરૂષો તરફ દીલસોજી દેખાડતો હતો. તેથી પોતાની "આતશની સેતાયશ કરનારાઓ" નામની કવિતામાં ઇરાની જરથોસ્તી હાફેદનાં ચિત્રમાં તે પોતાના આયર્લંડ દેશના એક દેશહીતકારી પુરૂષ (patriot) નો ખ્યાલ પણ મનમાં રાખતો હતો.

દાસ્તાનનો લાલારૂખની વાર્તા સાથે સંબંધ.

પોતાની લાલારૂખની આખી કવિતામાં તેણે "આતશની સેતાયશ કરનારાઓ" નું આ દાસ્તાન નીચે પ્રમાણે જોડયુંછે. પાદશાહ ઔરંગઝેબના વખતમાં મધ્ય એશીઆમાં આવેલા એક મુલક બ્યુકેરીઆનો એક રાજા, નામે અબદલ્લા, જે જંગીઝખાનના વંશનો હતો, તે મક્કાની હજ કરવા જતાં કાશમીરને માર્ગે દીલ્લી આવ્યો કે ત્યાંથી સુરત જઇ કીસ્તીમાં સવાર થઈ મક્કે જાય. તેણે હજે જવા માટે પોતાનું રાજ ત્યાગ કરી તે પોતાના બેટા અલીરીસ (Aliris) ને સોપ્યું હતું. તેણે હીંદુસ્તાન માર્ગે મક્કે જવા માટે ઔરંગઝેબની પરવાનગી માંગી હતી, જે એ પાદશાહે ઘણી ખુશી સાથે આપી હતી. તે ટીબેટને માર્ગે હીંદુસ્તાન આવ્યો હતો (જુઓ Dow's History of Hindostan vol. III p. 418). દીલ્લીમાં ઔરંગઝેબે તેની ઘણી મદારત કરી અને બેઉ પાદશાહોએ ઠરાવ્યું કે અબદલ્લાનો છોકરો, જેને અબદલ્લાએ પોતે રાજગાદી છોડી રાજ આપ્યું હતું, તેની ઔરંગઝેબની છોકરી નામે લાલારૂખ (એટલે ગુલલાલાના ચેહરાવાળી) સાથે શાદી કરવી. એ પ્રમાણે વેશવાળ થયા પછી થોડેક વખતે, જયારે બ્યુકેરીઆના જવાન શાહજાદાને રાજ-કારોબારમાંથી થોડીક ફુરસદ મળવાની આશા મળી, ત્યારે નકી થયું કે લાલારૂખે શાદી માટે કાસ્મીર જવું. ત્યાં જવાન શાહજાદો તેણીને પહેલી વાર મળનાર હતો, અને લગ્ન પછી થોડો વખત કાસ્મીરની સુંદર અને સુખી ખાણમાં એશઆરામમાં ગુજારી, પોતાની બાદશાહી બાયડીને પોતાના બ્યુકેરીઆના મુલકમાં લેઈ જનાર હતો. એક સગનવંતા દિવસે લાલારૂખ પોતાના પાદશાહી બાપની દીલ્લી શેહેરની દરબારમાંથી કાસ્મીર જવા પોતાની સાહેલીઓ સાથે નીકળી. રસ્તામાં જયારે તેઓ આસાએશ લેવાને થોભતાં ત્યારે વખત ગુજારવાને માટે શાહજાદી આગળ એક ઇરાની ગોલામ જાલ અને રોદાબેની મોહોબતનાં અને રૂસ્તમ અને સફેદ દેવની લડાઇનાં દાસતાનો ગાઇ સંભળાવતો. વળી બ્યુકેરીઆના શાહાજાદાની પોતાની દરબારમાંથી એક જવાન ખુબસુરત કવી, નામે ફરામરોજ, દીલ્લી તરફ આવ્યો હતો, કે તે માર્ગમાં શાહજાદીને પોતાની સાએરીથી ગમત આપે. શાહજાદી સાથે ઔરંગઝેબે ફદલાદીન નામે એક દરબારીને મોકલ્યો હતો કે તે શાહજાદીની સફર ઉપર કારભારી તરીકે દેખરેખ રાખે. તે દરબારી અને થોડીક સાહેલીઓ સીવાય બીજાઓને શાહજાદીની હજુરમાં જવાનો હુકમ નહીં હતો. પણ ઉપલા જવાન કવી ફરામરોજને તેણીના ભવિષ્યના ખાવીંદના ખાસ હોકમથી શાહાજાદીની હજુરમાં પોતાની કવીતાઓ ગાવા માટે જવાનો હુકમ હતો. જયારે પોતાના ઇરાની ગોલામનાં ગાણાંથી શાહાજાદી ધરાઇ ગઇ, ત્યારે ફદલાદીનના હુકમથી એક દીને ફરામરોજને શાહજાદી આગળ કવીતા ગાવા બોલાવવામાં આવ્યો. આ જવાન, જે લાલારૂખની ઉમરનોજ હતો, તેના દેખાવે શાહજાદી ઉપર સારી અસર કીધી ફરામરોજે પોતાની કવિતામાં જે પેહેલું દાસતાન લાલારૂખ આગળ સીતારના વાજીંત્ર સાથે ગાઇ સંભળાવ્યું, તે "ખોરાસાનના બુરખાવાળા પેગામ્બર" (The Veiled Prophet of Khorassan) નામનું હતું. તે દાસ્તાન પુરૂં થતાં, તેમજ બીજાં દાસ્તાનો પુરાં થતાં ફદલાદીન પોતાની ટીકા કરતો જે શાહજાદીને યા તેની સાહેલીઓને પસંદ આવતી હતી. બીજું દાસ્તાન ફરામરોજે "બેહેસ્ત અને પરી" (Paradise and the Peri) નું કહી સંભળાવ્યું હતું.

એમ કરતાં તેઓ લાહોર શેહેરમાં આવી પહોંચ્યાં જયાં તેણીને ખબર મળી કે તેણીનો ભવિષ્યનો ખાવીંદ-શાહજાદો કાસ્મીર આવી પહોંચ્યો હતો. અને શાલીમારના બાગમાં લગનની સાજવારીની સઘળી ગોઠવણ પોતે કરતો હતો. એક જવાન પરણનાર બાનુ આ ખબરથી ખુશી થાય, પણ તેણીએ આ

ખબર ઠંડે હૈડે સાંભળી, કારણ પેલા જવાન સાએર ફરામરોજે તેણીનું દીલ જીતી લીધું હતું. તેની મોહબતની જાળમાં વધારે નહીં સપડાવાને માટે તેણીએ ઠરાવ કર્યો, કે હવે ફરામરોજને પોતાની સનમુખ નહીં બોલાવવો, કે તેમ કરવાથી તે પોતાના ભવિષ્યના ખાવીંદને ઓછાં ઠંડા દીલથી અને સ્વચ્છ અને સાફ દીલથી કાસ્મીરમાં મળે. તેણીએ નાદરૂસ્ત તબીયતનું બહાનું કહાડી ફરામરોજની કવિતા વધુ સાંભળવાને ના પાડયું અને તેને પોતાની હજુરમાં બોલાવવો બંધ કીધો. એક દહાડો, લાહોર તરફ આવી પોંહોંચતાં, સાંજે કુચ કરતાં તેણી ઘોડા ઉપર સવાર થઈ હવા ખાતી કુચ કરતી હતી તેવામાં પડોશની ઝાડીમાંથી મોહોબતની ફર્યાદ કરતો કોઇનો અવાજ આવ્યો, અને ગાણું સંભળાયું, જે કોઇનું નહીં પણ ફરામરોજનું હતું જે લાલારૂખે તેને પોતાની હજુરમાં આવતો બંધ કીધો હતો તેથી પ્યારનો માર્યો દલગીર થતો હતો.

એમ કરતાં સાંજે તેઓએ એક અતી ઘણી ખુશનુમા જગ્યાએ છાવણી નાંખી જેની પડોશમાં એક ગંભીર અને અજાયબ જેવા મીનારા જેવી ઇમારતનું ખંડીયર હતું. તે શું ઇમારત હશે તે ફદલાદીન પણ જાણી નહીં શકયો. તેથી સાહેલીઓએ કહ્યું કે " આપણે ફરામરોજના મુલકની નજદીકમાં આવ્યાં છીયે, માટે ફરામરોજને તે ઇમારતની હકીકત ખબર હશે." એમ કહી હજી તો લાલારૂખ તેને બોલાવવા ના કહે, તેટલાં તેઓએ તેને તેડવા મોકલ્યો અને ફરામરોજ થોડીક પળમાં શાહજાદી હજુર, આટલા દહાડા તેને નહીં બોલાવેલો તેથા ફીકો અને દલગીર દેખાતો આવી ઉભો, અને શાહજાદી તેને એ પ્રમાણે દલગીર અને દુખી કરવા માટે પોતાના મનમાં મુજાવા લાગી. તેણે આવી ખુલાસો કર્યો કે " તે ખંડીયર તો આતશની સેતાયશ કરનારાઓના એક આતશકદેહનું ખંડીયર હતું, જે તે લોકોએ આરબોને હાથે હાડમાર થવાથી બચવા માટે હીંદુસ્તાન આવી બાંધ્યું હતું. જેમ બાકુમાં દેખાતા આતશને એક બાજુથી બંધ કરે તો બીજી બાજુએ દેખાવા માંડે તેમ એ લોકો જયારે એક જગ્યાએ તેઓને દાબી દેવામાં આવતા ત્યારે બીજી જગ્યાએ પ્રકાશી નીકળતા." એમ કહી ફરામરોજે તેઓ માટે પોતાની દીલસોજી દેખાડી કે " એઓ બીચારા બેગાનાઓના ભોગ થઇ પડયા હતા, કે જે પ્રમાણે કે અમારાં કાસ્મીરે પણ બેગાનાઓના ઝનુનનું ભોગ થઇ પડી પોતાનાં અસલી ખંડીયરો અને શાહજાદાઓ ખોયાં છે." આતશપરસ્તો માટેની એ દીલસોજી અને તેઓ ઉપર જુલમ પાડનારાઓ માટેની આવી નાપસંદગી ફદલાદીન જેવા ઝનુની મુસલમાન માટે બહુ હતી. ફરામરોજે કહયું કે "જો કહો તો આતશપરસ્તો પોતાના જુલમ કરનારાઓ સામે શું શું બાથ ભીડતા હતા તેની એક વાત કહું." લાલારૂખે પરવાનગી આપી ત્યારે ફરામરોજે "આતશની સેતાયસ કરનારાઓ" ના દાસ્તાનની સુંદર વાત કહી, જેમાં ઇરાનથી નાસભાગ કરતા ઇરાની આખાતપર આવી રહેલા થોડાક જરથોસ્તીઓની કહાણીની અસરકારક હકીકત હતી.

એ દાસ્તાનનું વર્ણન કરવા આગમચ આપણે જોઇ લઇએ કે ફરામરોજે એ દાસ્તાન કહી સંભળાવવા પછી તેનું અને લાલારૂખનું શું થયું અને તેઓ વચ્ચે મોહોબતની જે લાગણી ઉભરાઈ હતી તેનું પરીણામ શું આવ્યું. લાલારૂખ સફર કરતી કરતી કાસ્મીરની ખીણ નજદીક આવી લાગી. અહીં ફરામરોજે કાસ્મીરની સુંદરતા બાબે એક બીજી સુંદર કવિતા ગાઇ સંભળાવી, જેમાં નુરજેહાનની તેણીના ખાવીંદ સાથની મોહોબતની વાર્તાનું વર્ણન હતું. જયારે એ વાત તમામ થવા આવી ત્યારે તેઓ કાસ્મીરના સુંદર સરોવરોની ઘણાં નજદીક આવી પુગાં હતાં. હવે ફરામરોજ તેણીની છાવણીમાંથી જતો રહ્યો. તેણી તેની

ગેરહાજરીથી દલગીર થઇ. લાલારૂખના ભવિષ્યના ખાવીંદે તેણીને આવકાર આપવા કાસ્મીરમાં ઘણી સુંદર રચનાઓ કરી હતી, જેની નીશાનીઓ તેણી માર્ગમાં હવે જોવા લાગી. ગમે તેવાં સાફ અને પ્રમાણીક દીલ છતાં તેણી ફરામરોજની ગેરહાજરીથી દલગીર રહેતી. એમ કરતાં દલ સરોવરના શાલીમારના બાગ આગળ તેણી આવી પહોંચી. બીજે દિવસ તેણીની શાદીનો હતો. તે દિવસે તેણી સોળેસણગાર કરી પોતાના ભવિષ્યના ખાવીંદને મળવા નીકળી કે જે ખાવીંદને તેણીએ આગળ કદી જોયો હતો નહીં, કારણ એ બેઉના બાપોએ લગ્નનું કારજ ગોઠવ્યું હતું. તેણીના મછવાએ સાલીમારના બાગ તરફ હંકારવા માંડયું. તેણી આજુબાજુના ટાપુઓ ઉપર નજર ફેંકતી કે તેણીને ફરામરોજ એક વખત ફરીથી દેખાય. એમ કરતાં તેણી સરોવરને કીનારે ઉતરી અને સાલીમારનાં દીવાનખાનાંમાં લગ્નની જગ્યાએ આવી કે જ્યાં તેણીને માટે અને તેણીના ખાવીંદ શાહજાદા માટે બે તખ્તો ગોઠવેલાં હતાં. તેણીનો ખાવીંદ શાહજાદો, જે એક તખ્ત ઉપર બેઠેલો હતો, તે ઉતરી આવ્યો અને તેણે તેણીનો હાથ પકડી તેણીને આવકાર દીધો. તેણીએ અજબ થઇ ચીચીયારી પાડી અને બેશુદ્ધ થઇ ગઈ. તેણીની અજાયબીનું કારણ આ હતું, કે પેલો શાહજાદો તે કોઇ નહીં પણ પેલો સાએર ફરામરોજ પોતે હતો. પોતાની ભવિષ્યની મોહોરદારને જોવા માટે અને તેણીને ખુશ કરવા માટે અને તેણીનું દીલ જીતી લેવા માટે તે પોતે એક કવિ તરીકે સાએરના લેબાસમાં ફરામરોજ નામ ધારણ કરી, તેણીની આગળ ગયો હતો. લાલારૂખ હુશીયાર થઇ અને ખુશી થઇ કે જે કવીએ તેણીનું દીલ જીતી લીધું હતું તે કોઇ નહીં પણ તેણીનો ખાવીંદ શાહજાદો હતો.

હવે આપણે આપણાં આજનાં વિષયનાં ખુદ દાસ્તાન ઉપર આવીએ, કે જે દાસ્તાન લાલારૂખનાં આખાં દાસ્તાનનો એક ભાગ છે. ટૉમસ મૂરે જે અનુક્રમે એ દાસ્તાન વર્ણવ્યુંછે તે અનુક્રમથી થોડાક ફેરફારે એ દાસ્તાન હું રજુ કરીશ કે તે બરાબર સમજ પડે.

દાસ્તાનની હકીકત.

ઇરાની અખાતના હોરમજ ટાપુ ઉપર અલહસન નામનો અમીર હકુમત કરતો હતો. તે આતશપરસ્તોનો કટ્ટો દુશમન હતો. એ અલહસનની હીંદા નામે એક અતિઘણી ખુબસુરત છોકરી હતી, જેણી દરિયાની સફીલ ઉપર એક ઉંચા ખડક ઉપર બાંધેલા કીલ્લાના મેહેલમાં રહેતી હતી. તે મેહેલ એવો ખડક ઉપર આવ્યો હતો કે તેમાં જલદીથી કોઇથી જવાઇ શકાય નહીં. એક ચાંદરણી સુંદર રાત્રે તેણી પોતાના ઓરડાની બારીએ દર્યાની ખુબસુરતી નેહાળતી બેઠી હતી. એવામાં હલેસાંના અવાજ સાથે એક કીસ્તી આંચકા સાથે ખડકને અથડી નીચે ઉભી રહી, અને જેમ રોદાબેના મેહેલપર જાલ ચઢી ગયો હતો તેમ એક ખડક ઉપરથી બીજા ખડક ઉપર થઇ બારીએથી એક ખુબસુરત જવાન ઉપર આવી ઉભો રહયો. આવા ઉંચા ખડકવાળા મેહેલમાં આદમ એકાએક કેમ આવે, એમ વિચાર કરી તેણી તેને કોઇ ફીરેસ્તો સમજી. તે મરદ તેણીનાં મિઠ્ઠાં ગાણાથી તેણીની તરફ ખેંચાયો હતો. એકમેકને જોઇ તેઓ વચ્ચે મોહોબત બાજી. તેથી તેણે એમ રોજ આવવા માંડયું. તે કોણ હતો તે હજુ તેણી જાણતી નહીં હતી. એક દહાડે તે દલગીર દેખાયો તે પરથી તેણીએ કહ્યું કે " કદાચ કોઈ ધાસ્તી ટાળવા ખાતર તું મારી આગળથી જતો રહેવા માંગતો હશે." તેણે કહ્યું કે "હું કોઇથી બીહતો નથી સીવાય કે તારા બાપથી." તેણીએ કહ્યું કે "મારો બાપ બહાદુર માણસને ચાહે છે. તે તારા જેવા લડવૈયાને ખુશીથી જમાઇ કરશે. માટે તું જા અને તેનાં લશ્કરમાં જોડાઇ જા અને આતશપરસ્તો સામે તે લડાઇ

મચાવે છે તેમાં ભાગ લે." પેલા જવાને તુરત કપડાં ખસાડી અંદરથી પોતાની કમ્મર ઉપરની કુસ્તી દેખાડીને પોતાને જરથોસ્તી જાહેર કીધો અને જરથોસ્તી ધર્મ ખાતર મરવાને પોતાને તૈયાર જણાવ્યો. જ્યારે તેણીએ તેને આતશ પરસ્તો સામે લડવા જવા કહ્યું, ત્યારે તેણે નીચલા ગરમ શબ્દોમાં પોતાને જરથોસ્તી તરીકે જાહેર કીધો.

હાફેદે કુસ્તી દેખાડી હીન્દાને કહેલા સુખુન.

બંદ કર બંદ, બંદ કર જબાન,
સખુન તારા છે મોહોતના સમાન.
કમર પર કુસ્તી જો અએ નાર!
જો અને જારી કર બીસ્યાર.
જે આતશપરસ્તોને ધીક્કારેછ બાપ,
જે આતશપરસ્તોને દે છે શરાપ,
જે આતશપરસ્તો સાંજ ને સવાર
આકાશની સુંદર રોશની ને દવાર,
અહુરમજ્દનું માને છે જાથુક મકાન
સેતારાની રોશનીમાં માનેછ રેહેઠાન,
તે આતશપરસ્તોમાં હું પણ છું એક,
જે સાથે બાંધીછ તેં મોહોબત અનેક.
દીન ખાતર તજી છે ઇરાન જમીન,
આરબો સામે ધર્યો છે કીન.
આરબને દે છે તેઓ શરાપ,
જે આતશને બુજાવા લે છે અલાપ.
લીધા છે તેઓએ આવા સપત,
કે દેશ ખાતર મરવું બેહેતર છે ઝટ.

પછી તેણે તે બાનુને કહયું કે "પેહેલી રાત્રે જ્યારે હું અંહી ચઢી આવ્યો અને તારી મુલાકાત થઈ ત્યારે તારા જાલેમ બાપને હું શોધવા આવ્યો હતો. અફસોસ! કે તું કોઈ ઇરાની કન્યા નથી, કે જેમ હતે તો આપણે કેવાં સુખી થતે. મેં અસલી ઇરાની તરીકે આરબો સામે મારા દેશનો કિનો લેવાને ઠરાવ કર્યો છે."

તે હજુ પોતાના પ્યાર બાબે વાત આગળ ચલાવવા માંગતો હતો, તેવામાં દુરથી બાણો ઉડવા માંડયા, જે જોઈ તેણે તે બાબે વધુ વાત બંધ કીધી અને બોલ્યો કે "મને પાછું જવાની એ નિશાણી (signal) છે. જો હું અહીં વધુ વખત ખોટી થઈશ, તો હું અને તું બેઉ જણ મુશ્કેલીમાં આવીશું." એમ કહી તેણે જવા માંડ્યું. તેણીએ તેને વળગી થોભાવવા માંડ્યો. પણ "કીના! હું પાછો તારે સ્વાધીન છું," એમ કહી તે તેણીથી જેમ તેમ છુટો થયો અને હેઠે ખડક પર ઉતરી મછવામાં સવાર થઈ પોતાના મથક તરફ હંકારી ગયો. તેણી તેની મોહબતમાં ગીરફતાર થયલી હોવાથી આ જોઇ દંગ થઇ ગઇ અને દલગીરીમાં તેની પાછળ જોયા કીધું.

આ ઇરાની મરદનું નામ હાફેદ હતું. મુસલમાનોના દોરમાં ઘણાક જરથોસ્તીઓ વટલી ગયા હતા, પણ કેટલાકો પોતાની દીનને ખાતર આરબો સામે હિમ્મતથી ટકી રહયા હતા. આ બાબે સાએર મુર ઇરાનની કીર્તીનાં આગલા દાહાડા યાદ કરી કહે છે કે "હજુર પણ હાફેદના જેવા કોઈ માએના પુતો દીનને ખાતર લડવા અને જાન આપવા તૈયાર છે." સાએર રોશન ખોર્શેદને કહેતો હોય તેમ બોલે છે કે :—

ઇરાનના મુલકની અને જરથોશ્તી દીનની પડતી માટે શાએર ટૉમસ મૂરે કરેલો વિલાપ.

ઓ રોશન આફતાબ!

કયાં ગયા અસલી તે પુરાણા દીન,
જ્યારે ઇરાનની ખલકત અને સર જમીન,
ફરે જેમ તું તર્ફ સુર્જમુખી ફુલ,
તેમ નમવા તું તર્ફ ફરતીતી કુલ?
જ્યારે ઇરાની અખાતથી સમરકંદ વેર,
જગે જગ હતાં તુંજ આતશના ઘેર?
કયાં ગઈ તે સઘળી દરેમેહેર પાક?
કયાં ગયું સઘળું? થયું કેમ ખાક?
કોણને અમ પુછીએ આવો સવાલ?
કોણ દેશે જવાબ? કોણ આપશે ખેઆલ?

કેદેશીઆના ખુનખાર મેદાન અનેક,
જ્યાં આરબે તોડયો ઇરાનનો ટેક,
જ્યાં ઇરાનનાં તાજનું તોડયું ગોહર,
પુરાંણી દીન કરી જીરોજબર,
ત્યાં માર્યા જે ગયા છે ઇરાની બઉ,
પુછો તેમનાં ફરોહરને સવાલો સઉ.
બીજું તેમને પુછો જેઓ હાડમાર
થઇ ગયા છે છોડી મુલક ગુલઝાર;
વોઊરૂકશ દર્યાનો ઓહળો ફીનાર
ગયા છે છોડી પાહાડોને દ્વાર;
રખડતા રઝળતા પારકે ફીનાર,
દેશથી નીકાલ થઇ ગયા છે બહાર;
વાહલાં વતનથી લેઇને વેરાગ,
પારકા મુલકમાં કર્યો છે થાગ;
જાલેમ જુલમગારના જુલમની આગ,
છુટવા ન મળતોતો તેમને કોઇ લાગ;
પાક દીનને ખાતર છોડયું વતન,
ગોલામી સાંકળથી છોડવ્યું તન.
શું ખલાસ થઈ ઇરાનની મોહોટાઈ દમામ ?
શું બુજાયો મીથ્રનો આતશ તમામ ?
ના. ના.
હજુર પણ છે બઉ માયોના પુત,
ધરાવેછ જેઓ હિમ્મત અખુટ.
જ્યાં સુધી આકાશમાં રોશની છે કોઈ,
જ્યાં સુધી રગોમાં વહે છે લોહી,
ત્યાં સુધી થાશે નહીં કોઇના ગોલામ
આતશ પેરે લડશે છુટા તમામ.

જે કેટલાકો પોતાના દીનને ખાતર આરબો સામે હિમ્મતથી ટકી રહયા હતા તેઓમાં એક ઊપલો હાફેદ હતો. તે આરબો સાથ લડતો ગયો અને હઠતો ગયો અને શેવટે આ દરિયાના કીનારાના સરીલના એક કીલ્લામાં આવી પોતાનો પડાવ નાંખી પડયો. તે પોતાના દેશની પડતી માટે બળાપો કરી નીચલા સુખુનો બોલ્યો.

પહાડ ઉપર છેલ્લો આસરો લેતાં હાફેદના શબ્દો.

આ સેવટની જા આ સેવટ તમામ,
માણસથી બને તે કર્યું સઉ કામ.
પણ ઠંડે જો પેટે બેસે ઇરાન,
નીરાંતે રહે, ન દીએ ધેઆન;
હવશી સરદારનાં જુન્હા હેઠલ,
મોબેદ ને પેહેલવાનો થાય કતલ,
જંગી તેના બેટા ને સપુતો કોઇ,
રગોમાં ધરાવી રૂસતમનું લોહી,
આજકાલના જાલેમથી બીહે જો એમ
ને મેહેરની પરસ્તેશની તજે જો નેમ;
આ ઇસલામી દીન પર કરે વલણ
ઇરાનના દુસ્મનને કરે નમણ;
તો અફસોસ! નાચાર! કરવા દેઓ એમ
પણ જીગરનો ડંખ તેમને છોડશે તે કેમ ?

હવે જે કેટલાકો પોતાની દીનને ખાતર આરબો સામે હિમ્મતથી ટકી રહ્યા હતા તેઓમાં એક, આપણે કહ્યું તેમ, એ હાફેદ હતો. તે, ઉપર જણાવ્યું તેમ, એક રાત્રે દુસ્મનના સરદાર અલહસનને મારી નાંખવાની મતલબથી જ્યારે તેના કિલ્લા ઉપર દર્યાની સરીલપરથી ચઢી ગયો હતો ત્યારે તેને અલહસનની છોકરી સાથે ન ધારેલી મુલાકાત થઇ અને તેઓ એકમેકની મોહોબતમાં પડયાં અને તેથી અલહસન માર્યો જતો બચી ગયો. પોતાની હીન્દાની મોહોબત ખાતર તે તેણીના બાપને મારી શકયો નહીં. પણ મોહોબત છતાં તેનો પોતાની દીન તરફ ભાવ અને દીનના દુસ્મનો સામે ધિક્કાર જેવો ને તેવો હતો.

એ હાફેદ દરિયાના કિનારા ઉપર આવેલા એક બુલંદ પહાડવાળા મકાનમાં પોતાના ઇરાની સેપાહો સાથે રહેતો હતો. એ પહાડની ટોંચ ઉપર એક આતશકદેહ હતું. એ પહાડને મુસલમાનો "કોહે ગબ્ર" કરી કહેતા. તે માટે તેઓમાં તરેહવાર દંત કથા હતી તેઓ માનતા કે તેમાં દેવો અને જીનો રહેતા અને જેઓ તે મકાનમાં જવા માંગતા તેઓને હેરાન કરતા. એ આતશકદેહવાળા પહાડની તળેટીએ એક ઉંડો અંધારો ગોફો હતો, જેમાં જ્યારે તોફાની દર્યા તરફથી તોફાની પવનો ફુકતા, ત્યારે તરેહવાર ભયંકાર અવાજ નીકળતા. તેથી

ઉપલી દંતકથા ઉભી થઇ હતી કે એ તો જીનો પોકાર કરેછે. તેથી ધાસ્તી ખાઇ કોઇ પણ મુસલમાન સાંજની વખતે ત્યાંથી કીસ્તી હંકારી જવાની હિમ્મત કરતો નહીં.

જમીનની બાજુપર એ પહાડ સામા મુલકથી એક ઉંડી પોહોળી ભયંકર ખીણ વચમા આવવાથી છુટો પડયો હતો. એ ખીણની અંદર ઉછાળા મારતાં નાલાંઓ વહેતાં હતાં અને ટેકરીઓ ઉપર આતશના શોલા નીકળતા હતા. દર્યા અને જમીનની બાજુથી એ પ્રમાણે બચાવ પામેલા પહાડ ઉપર હાફેદ પોતાનાં બહાદુર નાનાં લશ્કર સાથે ઝાલ અને રૂસ્તમના લોહીના થોડાક બેટાઓ સાથે દીન દુશ્મનોથી પનાહ પકડી આવી રહ્યો હતો. ઉપલી ખીણને માર્ગે પેલી બાજુ જવાનો ફકત એક સાંકડો છુપો માર્ગ હતો જે ઇરાનીઓનેજ ખબર હતો.

એ પહાડી મકાને પોતાની આગલી ઇરાની જાહોજલાલી ખોહી હતી. જોકે પોતાના નેઆગાનોનાં અશો ફરોહરોની યાદનાં ફુલ અને ફળ સાથેનાં આગલ જશનો અંહી થતાં ન હતાં, જોકે આગલા મોબેદો અહીં નહીં હતા, જોકે ધર્મ ક્રિયાઓ અહી નહીં થતી, જોકે દાડમની પાતરી ચવાડીને નાહન નહવાડવાની ક્રીયાઓ અંહી બંધ પડી હતી, જોકે ભણતરો હવે અંહી નહીં ભણાતાં, જોકે લોબાનની ખુશબો અંહી બંધ પડી હતી, અને જોકે ખોર્શેદની સેતાયશની નિશાણીઓ અંહીથી ગુમ થઇ હતી, તોપણ અંહીનાં બચી રહેલાં એકાંત આતશકદેહમાં પોતાના દાદાર હોરમજ્દને યાદ કરી આતશ સનમુખ ઉપલા ઇરાની સીપાહોએ સોગંદ લીધા હતા કે ઇરાનનાં વાહલાં વતનની કીર્તી ખાતર અને દીનને ખાતર અંહી જાન આપવો. સાએર એ બાબે નીચે મુજબ કહેછે:

પહાડપરના આતશકદેહ બાબે સાએરનું વર્ણન.

બુલંદ આ મીનારો મકાન રોશન,
નથી અહીં રહયાં ફલ ફુલનાં જશન.
ફુલ ફળથી કરતાતા મોબેદો શાદ,
અશોનાં ફરોહરની ભલી અહીં યાદ.
ન રહયા મોબેદ કે ક્રિયા, સઉ ખાક,
ન એજમતી દારમની પાતરીઓ પાક;
નહીં આફરગાનીઆં કે નહીં આફ્રીન,
ન આકાશી ગોળાની નીશાણ કે ચીન.
પણ જે અહુરમજ્દની કરતાતા વડવાઓ યાદ,
તે અહુરમજ્દનેજ કર્યો તેઓએ શાદ.
આતશની સનમુખ લીધા સપત
કે જ્યાં સુધી વહે છે લોહી બહુ ઝટ,
ત્યાં સુધી ઇરાનની કીરતીને કાજ,
લડશું ને મરશું જાળવી બહુ લાજ.
આ આતશકદેહનાં રોશન મકાન
પર આપશું ને કરશું જાન કુરબાન.

પેલી ખુબસુરત હીંદા, જે અગાઉ ઇરાનીઓ સાથેની પોતાના બાપની લડાઇ માટે બેદરકાર હતી, તે પેલા ઇરાની જવાન સાથે મોહબતમાં પડવા પછી, તે લડાઇ માટે ચિંતાતુર રેહેવા લાગી, કે રખેને તે લડાઇમાં તેનો ઇરાની જવાન માર્યો જાએ. તે જવાનની છેલ્લી મુલાકાત પછી સાત દહાડા તેણીએ એવી ચિંતા અને ફીકરમાં કાઢયા. આઠમે દહાડે તેણીના બાપે આવી તેણીને કહ્યું કે "બેટી! તું ખુશાલ થા, કે હવે આજે રાતે ઇરાનીઓનો દહાડો બરગસ્તે થશે, કારણ કે હાફેદના ઇરાનીઓમાંથી એક, જે તેઓ સાથની છેલ્લી લડાઇમાં કિલ્લાની આએ બાજુ જખમી થઇ પડયો હતો, તે સાજો થઇ મને મળી ગયો છે અને તેણે એક છુપો રસ્તો, જે માર્ગે તે તેના સાથીઓ સાથ તે પહાડ પરના કિલ્લામાંથી આવજાવ કરે છે, તે રાતે મને દેખાડવાની કબુલાત આપી છે. તે માર્ગે જઇ હું સર્વ ઇરાનીઓને આજે રાતે કતલ કરીશ." એ વાત સાંભળી તેણી વધુ ચિંતાતુર થઈ અને બેહોશ થવા લાગી, એવી ચીંતાથી, કે હવે તેણીનો વહાલો જવાન પણ તે રાતની કતલમાં માર્યો જશે. તેણીને આવી ચિંતાતુર હાલતમાં જોઇ તેણીના બાપે ધાર્યું કે તેણી લડાઇ અને

કતલની વાતથી બીહી જાયછે. માટે તેણીને દિલાસો દઇ તેણે કહ્યું કે "તું બીહ ના. ઇરાનીઓ સાથેની આ લડાઇ આવી લાંબી અને ખુનખાર થશે એવું હું જાણતે તો તુંને હું આપણા મુલકથી અહીં સાથે લાવતે નહીં. પણ ફીકર નહીં. આજે રાતે, અમે દુશમનના કિલ્લા ઉપર પેલા ઈરાનીએ દગલબાજીથી દેખાડવા કબુલેલા રસ્તાને માર્ગે હુમલો લઇ જઇએ તે આગમચ, તું કીસ્તી ઉપર સવાર થઇ આપણા વતન તરફ ઉપડી જા."

હવે એક ઇરાનીએ પોતાના વતન તરફ બીવફા થઇ પોતાના ભાઇબંદ ઈરાનીઓના કીલ્લા તરફનો છુપો માર્ગ આરબોને દેખાડી દીધો હતો. તે ઉપરથી સાએર તેની ઉપર નીચે મુજબ ધીક્કાર નાંખેછે.

દગલબાજ ઇરાનીપર સાએરનો ફીટકાર.

નથી કોઇ જબાનમાં પુરતી તાકાત,
કે નાંખે તે દગાખોર પર લેઆનત.
જો લડવાને રાખેછ બહાદુરો દમ,
તો દગાથી મારેછ તે સઘળું બરહમ.
બરાજો તેની જીંદગીની જામ,
દગા ને ફરેબથી સઘળી તમામ.
આશાઓ તેની થાજો નીરાશ,
ખુશીની મળજો તેને ન આશ.
વહાલું વતન દેશે શરાપ,
ફરજંદો શરમાઇ કરશે વીલાપ.
ન ધરાવતો નેકી કે સુલેહનો ભાગ,
દેશની કીર્તિની તેને ન આગ.
પાણી વીનાનાં જંગલ વેરાન
માં પાણીથી ટળવળતો ખોહોજો તે જાન.
જેમ પાણીથી ટવળે એક સફરી તંગ,
તેમ આશાઓ તેની થાજો સૌ ભંગ.
અએ પએગમબર ભલા, અનુશે રવાન !
જયારે છોડે આ ધરતી તેનું રવાન,
ત્યારે એવું તું ફરમાવ કે બેહેસ્તનું દવાર,
ટળવળતો જોઇ કરે દોજખમાં થાર.

હવે પેલી આરબ બાનું હીંદા પોતાને મુલક જવા દલગીરીભરેલા ચહેરા સાથે કીસ્તીમાં ઉપડી. પણ આગળ ચાલતાં એકાએક તેણીની કીસ્તી ઉપર દુસ્મન ઇરાનીઓથી હુમલો થયો. તેણી ગભરાટમાં બેસુદ્ધ થઇ ગઇ. ઇરાનીઓએ તેણીને ઉંચકીને પોતાની કીસ્તીમાં નાંખી. શુદ્ધીમાં આવતાં તેણીએ જોયું તો તેણી એક કીસ્તીના તુટક ઉપર આરબોને બદલે અજાણીઓ (ઇરાનીઓ) વચ્ચે આવી પડી હતી. તે કીસ્તી પેલા પહાડી ઇરાની મથક તરફ ચાલી અને અંધારા ગાર જેવા પહાડી ગુફામાંથી તે રસ્તો કાપવા લાગી. ઇરાનીઓએ એકાએક તેણીની આંખે પાટો બાંધ્યો કે તેણી તે ગુફાનો, અને તે પહાડી મથકનો છુપો રસ્તો જાણી શકે નહીં. તેણી જાણી ચુકી હતી કે તેણી ઈરાની દુસ્મન હાફેદના માણસોને હાથ બંધીવાન પડી હતી. પણ તેણી હજુર જાણુતી નહીં હતી કે તેણીનો માનીતો જવાન તેજ ઇરાની સરદાર હાફેદ હતો. આંખે પાટો બાંધી તેણીને કિલ્લામાં ઉંચકી લઇ જવામાં આવી. પાટો બાંધેલો હતો તે છતાં તેણીએ ઉજાસના પ્રકાશથી જાણ્યું કે થોડા વારમાં અંધારા ગારમાંથી તેણીને અજવાળામાં લઇ જવામાં આવી હતી. હવે તેણી ધોધબંધ પ્રવાહના અને બીઆબાનમાં સંભળાતા અવાજો સાંભળવા લાગી. આંખે પાટા સાથે આવા બીહામણા અવાજો વચ્ચે તેણી ધારતીથી દંગ થઈ ગઇ હતી. તેવામાં તેણીનો હાફેદ તેણીની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે "ધુજ ના માહરી વ્હાલી ! તારો ગબર તારી પાસે છે." તેના અવાજથી તેણી મગન થઇ, પણ જયારે વિચારવા લાગી કે આજે રાત્રે મારા બાપના છુપા હુમલાથી જે ઈરાનીઓ માર્યા જશે તેમાં એ મારો માનીતો જવાન પણ માર્યો જશે. ત્યારે દલગીર થવા લાગી અને ખોદા પાસે દુવા માંગવા લાગી કે "ઓ ખોદા ! એ મારા વહાલાને બચાવજે." થોડા વારમાં તેણીની આંખેથી પાટા છોડવામાં આવ્યા. તેણી જોય છે તો તેણીનો વહાલો ગબર આગળ નહીં હતો અને મીનારાઓ ઉપર

કોઇ ઇરાની નહીં હતા. બધેથી "સરદાર હાફેદ! સરદાર હાફેદ!"ના પોકારો આવતા. તે નામ સાંભળી તેણી ગભરાવા લાગી, કારણ તેણી જાણતી હતી કે તે ઇરાની સરદારનું નામ હતું જે નામ સામે તેણીને તેના બાપની માફક ધિક્કાર હતો. તેણીએ ધાર્યું કે તે ઇરાની જાણશે કે તેણી આરબ છોકરી છે તો મારી નાંખશે. તેણી જાણતી ન હતી કે હાફેદ તેજ તેણી પર મોહબત રાખનાર જવાન છે. પણ જ્યારે તે પોકારવાળો હાફેદ તેણીની આગળ આવી ઉભો અને તેણીને ગોદમાં દાબી ત્યારે તેણીએ જોયું કે તે તો તેણીનો માયાળુ જવાન હતો. તેણી આવા ખુશીભર્યા મેળાપનો વિચાર કરતી હતી તેવામાં તેણીને યાદ આવી કે "હવે સાંજ વધતી ચાલી છે અને જેવી રાત પડશે કે તેણીનો બાપ પેલા દગલબાજ ઈરાનીએ દેખડાવેલા છુપા માર્ગે આ કિલ્લા ઉપર હુમલો કરશે જેમાં કદાચ તેણીનો હાફેદ પણ માર્યો જશે." તેવા વિચારમાં તેણી બોલી કે "રાત્રે તેનો (આરબ દુશ્મનનો) ખુની ટોળો હુમલો કરશે માટે નાસ, નાસ." હાફેદ રાત્રે થવાના હુમલાની વાત કાંઇ જાણતો ન હતો. તેથી વિચારવા લાગ્યો કે "તેણી મારે લીધે દીવાની થઇ એમ બોલે છે." તે પસ્તાવા લાગ્યો કે "આજે થયલા તોફાનમાં અમારી એઉની કીસ્તીઓ કયાંની કયાં એકઠી થઇ અને શું કરવા તેણીને હું અહીં લાવ્યો હોઇશ કે તેણી આવી હાલતે પહોંચી!" તે તેણીને દિલાસો લેવા લાગ્યો કે "ના બીહ, અમારો કિલ્લો એવો સલામત છે કે કોઇ દુશ્મન અહીં આવી શકે નહીં. માટે બીહ ના. સવારના પહોરમાં હું તારા બાપને મકાને તુંને સલામત પહોંચતી કરીશ." તેણી બોલી "સહવાર સુધી તું કદાચ જીવતો રેહશે નહીં." એમ કહી તેણીએ તેને પોતાના બાપે કહેલી વાત જાહેર કીધી અને કહ્યું કે "થોડા વખતમાં તમારી ઉપર હુમલો આવશે." આ દગલબાજીની ખબર સાંભળી હાફેદ દંગ થઇ ગયો પણ હિમ્મતથી બચાવની ગોઠવણોનો વિચાર કરવા લાગ્યો. તે બોલ્યો કે "જ્યારે સર્વ ખલાસ થશે ત્યારે પડોશના આતશકદેહમાં આતશ ઉપર અમો જઇ પડશું કે જે આતશે જેમ બળતી ચેહમાં બાળક જરથોસ્તને બચાવ્યો હતો તેમ અમોને બચાવશે." પણ હીંદા તેને નાસવાને આગ્રહ કરતી કે "કેથે બી ચાલ. આપણે નાસી જઈએ અને સાથે રહીએ. તું કહે તો હું તારા કોઇ ધર્માલયમાં આવું, અથવા તો તું મારી દીનના ધર્માલયમાં આવ, કે ત્યાં આપણે સાથે આપણી તકસીરો માટે બંદગી કરીને રહીએ." એમ કહી તેણી તેને ગુઠણુ મંડીએ પડી. પ્યારભરી લાગણીઓથી હાફેદની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં, જે નુછી તેણે હીન્દાને ઉઠાડી અને તુરત ત્યાંથી જઇ મીનારાની દીવાલ ઉપર જે રણસિંગડું ટાંગેલું હતું તે વજાડી પોતાના ગોડીઆઓને ખબર આપી કે "ધણી ધાસ્તીનો વખત માથે આવ્યો છે." તુરત સઘળા ઈરાનીઓ આતશવાળા ઓરડામાં એકઠા મળ્યા. હાફેદે એક પાલખી તૈયાર કરાવી અને તેમાં હીન્દાને તેણીનો હાથ મોહોબતથી છેલ્લીવાર દાબીને બેસાડી. તેણીએ ધાર્યું કે તેણીની શિખામણ માની હાફેદ નાસવાની તૈયારી કરે છે અને તેથી તેણીને પાલખીમાં બેસાડે છે. તેણીની પાલખી ઉંચકી ઇરાનીઓ ચાલવા લાગા. તેણી ચાલતી પાલખીએ હાફેદને કહેવા લાગી "જલદી કરો, જલદી કરો, કે આપણે વહાણપર ચઢી જઇએ અને તું હાફેદ......". એમ બોલતાં તેણી જોએ છે કે હાફેદ તો તેણીની સાથે આવતો નથી. તેણી નિરાશ થઇ બોલી કે "ઓ હાફેદ! જો આજે તુંએ અહીંજ મરવાનો ઠરાવ કીધો હોય તો મને પણ સાથેજ રાખ. તારી આગળ હું ૧૦૦૦૦ મોતે મરવાને ખુશીછું." તેણીએ પાલખી ઉંચકનારાઓને સબુર કરવા ઘણું કહ્યું. પણ અફસોસ! તેઓએ તે નહીં ઉભી રાખી કે નહીં હાફેદ તેણીની આગળ આવ્યો. દલગીરી ભરેલાં દીલ સાથે દુરથી હાફેદ જોતો ઉભો રહયો કે તેની હીન્દા આ ધાસ્તીભરેલા મામલાથી અને જગ્યાથી દુર જતી જાયછે.

તેવામાં એકાએક જમીન તરફથી હોકાર અને પોકાર ઉઠયો. તેણે જાણ્યું કે મુસલમાનો આવે છે તેથી પોતે કિનારા તરફથી ઉપર ટેકરી ઉપર પાછો ચહઢયો અને પોતાના વડીલોનાં અશો ફ્રોહરોને યાદ કરીને બોલ્યો કે "ઓ અમારા બહાદુર વડવાઓનાં ફ્રોહરો ! તમો કે જેઓ આકાશી સેતારાઓમાં ફરોછો તેઓ ખુશનુદ થાઓ, કારણ કે તમારા જેવા આતશથીજ ઝળતા આત્માઓ હવે તમારી નજદીક આવવાને પોતાની પાંખ ફફડાવે છે".

છેલ્લી મુશકેલી વખતે હાફેઝના હીમ્મતના સુખનો.

ખુશનુદ થાઓ ફ્રોહરો ! અશો ફ્રોહર !
રથેસ્તારો બાહદુરના અશો ફ્રોહર !
આકાશી મંડળમાં ફરો છો શાદ,
ખુશનુદ તમ થાઓ ખુશનુદ આબાદ,
કે બહાદુરો જંગીનાં ભલાં ફ્રોહર
પાંખોપર ઉડતાં આવેછ ઉપર.
(ઓ બાહાદુરો મારા !)
જ્યાં સુધી હાથમાં છે કૌવત ને તોર,
જ્યાં સુધી શમશેર ધરવાનું જોર,
ત્યાં સુધી મરશું શું ગુપચુપ ને શાંત ?
શું દુશ્મનને મારવા થાશું નીરાંત ?
ના ! ના !
ઓ ઇરાનપર ઝળતા આબતાબ રોશન !
અમ કીરતી સાથ મરવુંજ કરશું પસન્દ.
ફીકર નહીં જો થાશે આશાઓ ભંગ.
જ્યાં સુધી જીંદગી આવશે બતંગ,
ત્યાં સુધી લડશું ખેંચી તલવાર,
આ ખીનો ને ગોફ્ર કરશે પોકાર.
મચાવશું એવી અહીં લડાઇની જંગ,
કે ગબરની ખીનથી દરશે સૌ તંગ.
ચાલો મારા બાહાદુર ! થાવો તૈયાર,
આ આતશકદેહ છે સેવટનો યાર.
લડવું છે બેહેતર ને મરવું બળી નેક,
મરીએ ને મારીએ દુશ્મન અનેક.

હાફેઝના પોકાર સાથે સઘળા ઇરાનીઓ મેઆનમાંથી તલવાર ખેંચી પોતાના પવિત્ર આતશના ઓરડા આગળ તેના સેવટના બચાવમાં પોતાનું લોહી રેડવા એકઠા મળ્યા. પછી ત્યાંથી તેઓ દુશ્મનો સામે આગળ વધ્યા અને જ્યાં એક ખીન અને પાણીનું નાળું સામી બાજુની જગ્યાને તેઓથી છુટી પાડતું હતું ત્યાં જઈ પોતાનાં મથકનો બચાવ કરવાને ઉભા રહ્યા. દુશ્મનો આવ્યા અને પાણીમાં ઉતારીને આએ પાર આવવાની કોશેશ કીધી. પણ બહાદુર ઇરાનીઓએ તેઓને સંખ્યાબંધ મારી નાંખ્યા. પણ સેંકડો માર્યા ગયા તેઓની પાછળ બીજા સેંકડો અને હજારો આવતા ગયા અને મરણ પામેલા મુસલમાનોથી ગોયા તે પાણીના નાળાંમાં પુલ બની ગયો. તે મુએલાંઓ ઉપરથી ચાલી તેઓ સંખ્યા બંધ આવ્યા અને સેવટે ઈરાનીઓ નાચાર થયા. તેઓમાંથી કેટલાકો ત્યાંજ માર્યા ગયા. કેટલાકો દુશ્મન સામે મોહ રાખી હાફેઝ સાથે આતશ વાળા મકાન ભણી હઠયા અને ત્યાં જતાં માર્ગમાં મુઆ. દુશ્મનો ગડબડમાં પોતાનો માર્ગ થોડોવાર ભૂલ્યા અને હાફેઝ એકલો પડી ગયલો આતશના પવિત્ર મકાનની ટોંચ ઉપર જઇને થાકીને બેઠો અને પોતાની હીન્દાને યાદ કરવા લાગો. તેવામાં તેનો એક સાથી મરણતોલ આવી પહોંતો. હાફેઝે તેને હાથ આપી ઉંચે ખેંચી લીધો. તેવોજ તે બિચારો થાકથી મરણ પામ્યો. તેવામાં દુશ્મનો પાછા બળતી મસાલો સાથે નજદીક આવી પહોંચવાના પોકારો સંભળાયા. તેથી રખેને તેઓ આવી પોતાના વહાલા રફીકનાં શરીરને અપમાન કરે, એવા વિચારથી થાકેલો અને તુટેલા દીલનો હાફેઝ જેમ તેમ ઉઠયો. તેણે પવિત્ર આતશ ઉપર પોતાના તે રફીકનાં શરીરને મેલ્યું અને પોતે પણ દુશ્મનના હાથમાં બંધ પડવા કરતાં પવિત્ર આતશને શરણ થવા આતશનાં આફરગાનીઆપર ચઢયો. પણ તે આતશ તેના શરીરના કોઇપણ ભાગને નુકસાન કરે તેટલાં થાકથી તેણે પોતાનો કીર્તિવંત જાન મુકી દીધો.

પેલીગમ જે ઇરાની બચ્ચાઓ હાફેદના હુકમથી હીન્દાને તેણીના બાપના મકાન ભણી કીસ્તીમાં લઇ જતા હતા તેઓએ ઇરાનીઓના કિલ્લા ઉપરથી ધાસ્તીનું રણ શિંગડું જોઇ પોતાની કીસ્તી ઉભી રાખી અને ધાસ્તીથી તે કિલ્લા તરફ જોવા લાગ્યા. ત્યાં તેઓને અંહીતંહી બળતી મસાલો ફરતી દેખાવા લાગી. હીન્દા પોતે તો જાણતી હતી કે ત્યાં શું બનવાનું હતું અને બનેછે. તેથા પોતાના હાફેદ માટેની ચિંતાથી તેણી અર્ધી દીવાની બની જઇ ત્યાં ટીકવા લાગી. આતશના ઓરડામાંથી મોટા આતશનાં શોલા ઉઠવા લાગ્યા. તેણીએ જાણ્યું કે સઘળું થઈ ચુક્યું. અર્ધી દેવાની માફક તેણીએ તે આતશનો શોલો જેમાં તેણીનો હાફેદ બળતો હતો, તેની તરફ કુદકો માર્યો અને દરિયામાં પડી ડુબી મરણ પામી.

ફરેસ્તાઓની મોહોબત.[1]

રવાનની સ્થીતી બાબે પૂર્વ ભણીના વિચાર.

જરથોસ્તી ધર્મની શીખવણી પ્રમાણે, ખોદાતાલાએ શરૂઆતથીજ આ સૃષ્ટીની યોજના રચી રાખીછે. જરથોસ્તી ધર્મની ફ્રોહરની ફિલસુફી એ યોજનામાં અગતયનો ભાગ લેછે. ફ્રોહરો જેમ મરણ પામેલાં માણુસો (ઇરીસ્તનામ)નાં છે, તેમ વળી જીવતાં માણુસોનાં અને નહીં જન્મેલાં માણુસોનાં (જાતનામ્ચ અજાતનામ્ચ) પણ છે. એક માણુસ આએ દુનિયામાં જન્મે તે કુદરતની રચનામાં કોઇ અસાધારણ, નહીં આશા રાખેલો ઓચિંતો બનાવ નથી. ખોદાતાલાએ પોતાની જગતની રચનામાં તેના ફ્રોહરને આગળથી પેદા કરી રાખ્યું હતું. તે માણુસે અહીં જન્મ લેવા આગમચ તેનું ફ્રોહર કેથે હૈયાત હતું. તેના જન્મ લેવા સાથે તે ફ્રોહર આ દુનિયામાં આવેછે. તેના મરણ બાદ, તે આએ દુનિયામાંથી પસાર થશે. તે ફ્રોહર સાથે માણુસજાતનું રવાન આએ ગેથી દુનિયામાં પેલી મીનોઇ પાક દુનિયામાંથી આવેછે. આએ દુનિયામાં લોભ, લાલચ અને મોજે વચ્ચેથી તે નિષ્કલંક પસાર થાય તો તે પાછું ફરતાં મીનોઇ દુનિયામાં સુખી અને પાક હાલત ભોગવવા પામશે.

રવાનનું આવવું જવું પાંખ ઉપર.

અસલી કેલ્દીઅનો રવાનને આએ દુનિયામાં પાંખ સાથે આવતું ચિતારતા અને પાછું પણ પાંખ સાથે જતું ચિતારતા. જો તે રવાન પોતાની અસલ મીનોઇ સ્વચ્છ હાલત તજી અસ્વચ્છ બનતું, તો જાણે તેની પાંખો ખરી પડતી. જ્યારે તે પાછું અશો બનતું, ત્યારે જાણે તે પાંખો તેને પાછી ઉગતી. અવસ્તામાં ફ્રવર્દીન યષ્ટમાં પણ ફ્રોહરને પાંખ સાથે આવતું જણાવ્યુંછે.

આ સાએરે આ કવિતાની આગમચ જે ટુકો દિબાચો લખ્યો છે તે ઉપરથી દિસે છે કે તેણે ફરેસ્તાઓ બાબેનાં જરથોસ્તી ધર્મનાં થોડાક વિચારોનું જ્ઞાન ડા૦ હાઇડ (Hyde)નાં Historia Religionis Veterum Persarum નામના પુસ્તક (બાબ ૧૯ અને ૨૦) ઉપરથી મેલવ્યું હતું.

હવે સાએર મૂર પેગામ્બર જરથોસ્ત અને તેના શાગેર્દો વચ્ચેની એક પુર્સેશ પાસોખ અથવા સવાલ જવાબ નીચે પ્રમાણે જણાવેછે :—

જરથોશ્ત અને તેના શાગેર્દો વચ્ચે રવાનની પાંખ બાબે પુર્સેશ પાસોખ.

પેગામ્બર જરથોસ્તને તેના શાગેર્દોએ એક વખત પુછ્યું કે "એક આત્મા અથવા રવાનની પાંખો પાછી કેમ ઉગાડી શકાય?" જરથોસ્તે જવાબ દીધો કે "તેની ઉપર આબે હૈયાતનું પાણી (The Water of Life) છાંટયાંથી." ત્યારે શાગેર્દોએ પુછ્યું કે "તે આબે હૈયાતનું પાણી કયાં મેળવી શકાય?" પેગામ્બર જરથોસ્તે જવાબ દીધો કે "ખોદાતાલાના બાગમાં."

હવે સાએર મૂર પોતાની સત્તા જણાવતો નથી કે જરથોસ્તીઓનાં કયાં પુસ્તકને આધારે તે આ નાની પણ સુંદર વાર્તા આપેછે. સાએરની એ વાતચીતને બીજા એક કુદરતી સવાલથી તેના શાગેર્દો જો ચાહતે તો લંબાવી

(૧) ટૉમસ મુરની "ફરેસ્તાઓની મોહોબત." (The Loves of the Angels) નામની કવિતાની આ બાબત ઉપર ધી થીઓસોફિકલ સોસાયટીનાં દીવાનખાનામાં એક જાહેર વાંચન રોજ ૧૭ માહ ૨ સને ૧૨૬૬ યજદજર્દી, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૯૬ ને દિને મરહુમ શેઠ હોરમજી બમનજી વાડીઆનાં આતશબેહરામની સાલગીરેહને દિને સાંજે ૫—૩૦ ને અમલે આપ્યું હતું.

શકતે, કે જે સવાલ તે જમાનાના જરથોસ્તના કાબેલ શાગેર્દને પુછવાની અગત્ય હોય નહીં પણ આપણુ તેના હાલના જમાનાના કોઈ જરથોસ્તી શાગેર્દે કુદરતી રીતે પુછવાનો સબબ રહે. તે સવાલ આ કે "ખોદાતાલાના બાગનું પાણી અહીં કેમ લાવી શકીએ?" આ વાતચીત આપવા પછી સાએર મૂર જરથોસ્તીઓના ફરેસ્તા મંડળને યાદ કરેછે કે તેઓમાં દરેક દિવસ ઉપર એક જૂદો જૂદો ફરેસ્તો મવકલ છે. ત્યારે તે યજદ મંડળના વિચાર પરથી આપણે ઉપલા સવાલનો જવાબ દઇએ કે "આપણા દરેક રોજ ઉપર જે જે અમેશાસ્પંદો અને યજદો મવકલ છે તે અમેશાસ્પંદો યા યજદોના સદગુણો અખત્યાર કરી દરરોજ તે સદગુણોનું પાણી જે ખોદાતાલાના બાગનું આબે હૈયાત છે, તે આપણાં રવાનને આપી, જ્યારે તેનો આ દુનિયાથી ગુજર થવાનો વખત આવે ત્યારે, તેના ઉપર નેકીની પાંખ ઉગાડીને સવાબથી તેને હલકું બનાવીને તેને બેહેસ્ત દ્વારે આપણે ચઢાવી શકીશું.

આ વાર્તાનો ભાવાર્થ.

પણ આ વાર્તાનો નીતિમાન ભાવાર્થ ખુલ્લો છે. તે આ છે કે એક માણસ આ દુનિયામાં જન્મ લેછે ત્યારે ગોયા તેનું રવાન ખુદ ખોદાતાલાની દરબારમાંથી નિષ્કલંક, નિર્દોષ અને પાક આવેછે. માણસના હાથમાં છે કે તે તેને તેવી નિર્દોષ, નિષ્કલંક અને પાક હાલતમાં રાખે. ખુદ ખોદાતાલાની દરબારનું સ્વચ્છ આબે હૈયાતનું પાણી જો તે રવાન પર સીપતો રહે યાને કે ખુદ ખોદાતાલાને જે પસંદ તેવાં નિષ્કલંક, સ્વચ્છ અને નેક કામ કરતો રહે, તો તેનું રવાન, જેવી રીતે તે ગોયા નિષ્કલંક અને પાક ઉડતું આવ્યું તેવીજ રીતે તે ખુદ ખોદાતાલાની દરબારમાં જવાને શક્તિવાન થશે.

મૂર કહેછે કે પ્લેટોએ પૂર્વ ભણીના ધર્મો ઉપરથી ઘણાક વિચારો લીધા હતા. તેમાં આ ઉપલો વિચાર પણ એક હતો.

સાએર મૂરે આપવા ધારેલો ધડો.

હવે સાએર મૂરે "ફરેસ્તાઓની મોહોબત" (The Loves of the Angels) નામની કવિતામાં જે ધડો આપવાની કોશેશ કરીછે તે પૂર્વ ભણીના ધર્મોના ઉપલા આકીનને આધારે છે. તે દેખાડવા માગેછે કે અસ્વચ્છતા, મગરૂરી અને ખોદાતાલાની ગંજાવર કરામતોમાં દાખલ થવાનો અને તે સમજવાનો મગરૂરીભર્યો દાવો, એ એક આત્માને તેની અસલ સ્વચ્છ હાલતમાંથી નીચે પાડેછે. આ દુનિયાની પળવારની મોજેથી તે આત્મા બેહેસ્તની રોશની અને સુખ ખોહેછે અને જેમ પોતાનાં અંતઃકરણના ડંખથી તેમ ખોદાતાલાના ઇનસાફથી પોતાના ગુનાહ માટે સજા ખમેછે.

અસલી યુનાનીઓની અને પૂર્વ ભણીના કોઇક લોકોની વાર્તાઓ અલંકારિક રીતે જે ધડો આપેછે, તેવો ધડો ટૉમસ મૂર આપવા માગેછે. એ સાએર પોતે કહેછે તેમ, તેણે પોતાની "ફરેસ્તાઓની મોહોબત" નામની એ કવિતાનો આધાર આવી વાતો ઉપર થોડાક ફેરફાર સાથે રચ્યોછે.

તેની આ સુંદર કવિતા ટૉમસ મૂરે પોતાની પૈસા સંબંધી એકાદ મુસ્કેલી વખતે ઘણી ઝડપથી લખી હતી. તે પોતે કહેછે કે લૉર્ડ બાઇરન એવી મતલબની એક વાર્તા, નામે Heaven and Earth, લખેછે એવું તેના સાંભળવામાં આવ્યાથી, તેણે ઉતાવળ કરી એ વાર્તા લખી કે તેની વાર્તા બાઇરન જેવા કવિની વાર્તાની પાછળ બહાર પડવાથી કદાચ તેની કિમત ઉતરતી માલૂમ પડે.

ક્યુપિડ અને સાઇકીની યુનાની વાર્તા.

હવે યુનાનીઓની ક્યુપિડ અને સાઇકી (Cupid and Psyche)ની નીચલી દ્રષ્ટાંતરૂપી વાત (allegory) ની માફક આપણા સાએરની વાત નીતિમાન ધડો આપેછે.

સાઇકી (Psyche) એ શબ્દનો યુનાની ભાષામાં "આત્મા" તરીકે અર્થ થતો જે ઉપરથી આપણા હાલના ઇંગ્રેજી Psychic & Psychological શબ્દો નિકળ્યાછે. પુરાણા વખતમાં એ શબ્દ "આત્મા"ના સજીવારો-

પણુ (personification) તરીકે ગણાયો. સાઇકી એક રાજાની ત્રણ છોકરીઓમાંની નાની છોકરી હતી અને તેણી અતિ ઘણી ખુબસુરત હતી. તેણીની અત્યંત ખુબસુરતીથી વીનસ (Venus) દેવતો, જે અત્યંત રોશન શુક્ર સેતારા સાથે સંબંધ ધરાવેછે, અને જેનું ફારસી નામ 'નાહીદ' અવસ્તાના નારી યજદ (અદ્વિર્વસૂર) "અનાહીત" ઉપરથી નિકળ્યુંછે, તે તેની ઉપર અદેખાઈ કરવા લાગ્યો. હવે કયુપિદ (Cupid) અથવા'આમોર'નામનો યુનાની દેવતો મોહોબત ઉપર મવકલ હતો, એટલે તે સર્વમાં મોહોબત ઉશ્કેરતો હતો. તેથી વીનસે કયુપિદને અરજ કીધી કે સૌથી કંગાળ અને ધિક્કારવાજોગ માણસ માટેનો પ્યાર તું એ સાઇકીનાં મનમાં ઉસ્કેર. વીનસની મતલબ કે તેથી સાઇકીને તેની બીજી બેહેનપણીઓ વચ્ચે ખરાબ લાગે. કયુપિદ તેમ કરવા સાઇકી આગળ ગયો. પણુ તેણીની અત્યંત ખુબસુરતી જોઇને, તેણીનાં મનમાં બીજા કોઈ હલકા માણસ માટેનો પ્યાર ઉસ્કેરવાને બદલે તે પોતેજ તેણીના પ્યારમાં પડયો. તે તેણીને એક સુંદર રળીયામણી જગ્યાએ લઈ ગયો અને ત્યાં અણદીઠ અથવા ગેબી રીતે રોજ સૂર્ય અસ્ત પામવા પછી તેણીની મુલાકાત લેતો અને બામદાદ થવા આગમચ જતો રહેતો. કયુપિડે તેણીને કહયું હતું કે "હું કોણ છું? અને કેવો છું? તે બાબે પુછવા કે તપાસવાને તારે કાંઇપણુ જીજ્ઞાશા રાખવી નહીં." સાઇકીએ એમ કર્યું હતે તો તેણી કયુપિદની હાજરીનું સુખ ભોગવ્યા કરતે. પણુ નહીં. તેણીની બેહેનપણીઓએ તેણીને ખીજવી કે "જે ધણીની તું દર રાત્રે સંગત ભોગવેછે તે તો કોઇ કદરૂપો રાક્ષસ છે." એ ઉપરથી તેણીની જીજ્ઞાશા ઉસ્કેરાઇ અને એક રાત્રે જયારે પેલી એકાંત જગ્યાએ આવી કયુપિદ ઉંઘાયો હતો ત્યારે તેણી બત્તી સળગાવી તેનું મોહોડું જોવા ગઇ અને જોઇને અજબ થઇ ગઇ કે તેણીનો ખાવિંદ તો કોઇ ખુબસુરતમાં ખુબસુરત ફરેસ્તો છે. પોતાની ખુશી અને અજાયબીના બરાટ વચ્ચે તેણીના હાથમાંની બત્તીમાંના ગરમ તેલનું ટીપું કયુપિદના અંગ ઉપર પડયું અને તેથી તે જાગી ઉઠયો. પોતા તરફ બતલાવવામાં આવેલા બેવિશ્વાસથી અને પોતાનું કહેલું ન કરવા માટે ગુસ્સે થઇ તેણીને ઠપકો આપી કયુપિદ જતો રહ્યો. એ પ્રમાણે હદબહાર જીજ્ઞાશા રાખવાથી હવે સાઇકીનું સુખ જતું રહ્યું અને તેણી પોતાના કયુપિદને શોધવા માટે ગામે ગામ અને મંદિરે મંદિર ભટકવા લાગી. એમ કરતાં તેણી ખુદ પેલા વીનસના મેહેલમાં આવી લાગી, જે વીનસ તો તેણીને નામે બળતો હતો. તેથી વીનસે પોતાને ત્યાં તેણીને ગુલામ તરીકે રાખી. તેણીને તેણીના દરજ્જાથી ઉતરતાં તરેહવાર હલકાં કામો સોંપ્યાં. કયુપિડ જોકે હવે તેણીની આગળ આવતો નહીં હતો તોપણુ તે તેણીને પોતાની બાયડી તરીકે ચાહતો હતો અને ગેબી રીતે તેણીનાં મનમાં પોતાનાં દુઃખો હિમ્મતથી ખમવાને સબુરી અને હિમ્મત મેલતો. તેથી તેણી બધાં દુઃખો હિમ્મતથી ખમતી. પોતાના કયુપિદની ગેબી અણદીઠ મદદથી તેણી વીનસની અદેખાઇ દૂર કરવાને શક્તિવાન થઇ અને સેવટે પોતે અમ્મર થઇ કયુપિડ સાથે હમેશ સુધી જોડાઇ રહી.

એ વાર્તાનો બોધ.

એ સુંદર વાર્તા દેખાડેછે કે આત્મા (સાઇકી) પોતા ઉપર પડતાં દુઃખો હિમ્મતથી ખમે અને પોતાના જોરસાઓ સામે હિમ્મતથી થાય તો તે આસ્તે આસ્તે પવિત્ર થાયછે અને સેવટે પાક થાયછે અને જાથુકનું સુખ પામવાને શક્તિવાન થાયછે. કેટલાકો પ્રમાણે આ વાત ઇશ્વરની મોહોબત અને માણસના આત્મા (Divine Love and Human Soul) નો સંબંધ દેખાડેછે. માણસનો આત્મા ઇશ્વરના હુકમને માન આપીનેજ હમેશાં રહે તો સુખી થાય. Psyche ને કેટલાક યુનાની બાંધકામોના ચિત્રમાં એક પતંગિયાના રૂપમાં ચિતારીછે. તે આ દેખાડવા માટે કે માણસનો આત્મા એક પતંગિયા

મિસાલે છે. સર હમ્ફ્રી દેવી માણુસના આત્માના મોત પછીના ફેરફારની હાલતને ખરેખર પતંગીઆ સાથે સરખાવેછે અને આપણો ગુજરાતનો જાણીતો કવિ "આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી" ની જાણીતી સતરોમાં એમજ કહેવા માંગેછે.

સાએરની વાર્ત્તા બાબે બાઇબલનો ઇશારો.

હવે ટૉમસ મૂરની વાર્ત્તા, મુખ્ય કરીને જે દેખાડેછે તે આ છે કે સદ્દગુણોથી એક માણુસ ચાહેતો ફરેસ્તાની હાલતે પહોંચી શકે. તેજ પ્રમાણે, ભૂલ અને કસુર કરવાથી અને જોસ્સાઓને શરણુ થવાથી એક ફરેસ્તો વટીક ચઢતી હાલત ઉપરથી પડી ઉતરતી હાલતે આવી પડે. એ દેખાડવા માટે મૂર જે વાર્તા રચેછે તે બાબે બાઇબલ (જેનેસીસ VI ૨) માં નીચલો ઇશારો છે:—

"That the sons of God saw the daughters of men that they were fair; and they took them wives of all which they chose."

એ વાર્ત્તા બાબે કોરાનનો ઇશારો.

બાઇબલનો એ ઇશારો કોરાન (II. 95-et seq)માં ઇશારો કરેલી નીચલી બાબતને લાગતો છે. (S. B. E. Qurân Part I. Vol. VI. pp 13-14)

"And when there comes to them an apostle confirming what they have, a part of those who have received the Book, repudiate God's book, casting it behind their backs as though they did not know. And they follow that which the devils recited against Solomon's kingdom..........and what has been revealed to the two angels at Babylon, Hârût and Mârût."

હારૂત અને મારૂતની વાર્ત્તા.

એ હારૂત અને મારૂતના ઇશારાઓ નીચલી વાત બાબે છે:—એક દહાડો ખોદાની દરબારમાં માણુસજાતની વાત નિકળતાં ફરેસ્તાઓ માણુસજાતની નાફરમાની બાબે ફરિયાદ કરવા લાગ્યા. ખોદાતાલાએ કહ્યું કે "માણુસજાતમાં હવસો અને હદ બહાર શોખો (passions and lusts) છે તેથી તેઓ ગુનાહ કરેછે. તમો ફરેસ્તાઓ પણુ એવા હવસો ધરાવો તો, જેમ માણુસો ગુનાહ કરેછે તેમ ગુનાહ કરો." ફરેસ્તાઓએ કહ્યું કે "એમ કદી બને નહીં. અમો એમ કદી કરીએ નહીં." ત્યારે ખોદાતાલાએ એ બાબત તપાસવા માટે બે નામિચા ફરેસ્તાઓને હાજર થવા કહ્યું. હારૂત અને મારૂત નામના બે ફરેસ્તાઓ હાજર થયા. ખોદાતાલાએ આ બાબતનો ચુકાદો કરવા તેઓને આ દુનિયામાં મોકલવા કાઢ્યા. તેણે તેઓને "એસ્મે આજેમ" એટલે "ખોદાતાલાનું બુજોર્ગ નામ" શિખવ્યું અને આ દુનિયામાં મોકલ્યા.

હવે આ દુનિયામાં 'ઝુહરે' નામની એક ખુબસુરત ગાનારી અથવા રામશગર હતી, જેણી ફકીરો આગળ અને એલમે એલાહી જાણુનારા પરહેજગાર પીરમરદો આગળ રખડતી કે કોઇ તેણીને "એસ્મે આજેમ" એટલે ખોદાતાલાનું બુજોર્ગ નામ શિખવે.

હવે પેલા બે ફરેસ્તાઓ આસ્માન ઉપરથી આ દુનિયામાં બાબીલાન શેહેરમાં ઉતર્યા. ઝુહરને તેઓના આવવાની ખબર પડી. તેથી તેણી તેઓ આગળ ગઇ કે તેઓથી ખોદાતાલાનું બુજોર્ગ નામ શિખે. તેણીને જોઇને તેઓ તેણીની ઉપર મોહિત થઇ પડ્યા. તેઓ તેણીને ઘરે ગયા, ત્યાં શરાબ પીધો, શરાબમાં ચકચુર થયા અને તેણીને "ખોદાતાલાનું બુજોર્ગ નામ" શિખવી દીધું.

ઝુહરેએ આ એજમતી નામ શિખી લઇ તુરત નાહીધોઇ પોતાનું અંગ સાફ કર્યું. તેણીએ નવો સ્વચ્છ પોષાક પેહેર્યો અને તે

મુબારક નામ મ્હોં ઉપર લીધું. તે મુબારક નામની બરકતથી તેણી આકાશ ઉપર ચઢી ગઇ અને ઝુહરે(૧) અથવા શુક્ર સેતારામાં તેણીએ પોતાનો વાસો કીધો.

પેલા બે ફરેસ્તાઓને સજા તરીકે ખોદાતાલાએ બાબીલોનના એક ખોહમાં બંધ કીધા.

જાણીતો સાએર હાફેઝ પોતાની ગજલોમાંની ૧૪ મી ગજલ, જેની સતરો "હારૂતરા અને મારૂતરા" શબ્દોથી આખર થાયછે, તેમાં એ ફરેસ્તાઓની પડતીનો ઇશારો(૨) કરેછે.

એને મળતી યાહુદીઓની વાર્ત્તા.

અસલી યાહુદીઓની રાબીઓને લગતી બાબતોમાં પણ યુઝીએલ (Uzziel) અને શામકાઝાઇ (Shâmchazai) ફરેસ્તાઓ બાબે ઇશારો છે કે તેઓ બે ફરેસ્તા હતા અને તેઓ આકાશ ઉપરથી હેઠે ઉતરી આદમજાત સાથે ભેળાયા હતા અને તેથી તેઓની પડતી આવી હતી.

ફરેસ્તાઓની મોહોબત.

આપણા સાએરને પૂર્વ બાણીની જે વાર્ત્તાઓએ કેટલાક વિચારો સુચવ્યા હતા તે વાર્ત્તાઓ બાબે કેટલીક હકીકત તપાસી હવે આપણે સાએરનાં પોતાનાં દાસ્તાન ઉપર આવીએ. આ દાસ્તાન નીચે પ્રમાણે છે:—

આ પૃથ્વીની પેદાયશની બચગીના પુરાણા વખતમાં, માણુસજાત એટલું બીગુનાહ અને નિર્દોષ હતું કે તેના અને આકાશના ફરેસ્તાઓ વચ્ચે ઘણો નજદીકનો સંબંધ હતો.

તે અસલી ભલા સાદા નિર્દોષ વખતમાં પણ માણુસાઇ જોસ્સાઓ કોઇ કદાચ ફાવતા અને તેમાં ઓરતજાતની મોહોબ્બત ફરેસ્તાઓને પણ ખેંચતી.

એ પુરાણા નિર્દોષ વખતમાં એક અતિ સુંદર સાંજે ત્રણ ભલા જવાનો આકાશ અને ત્યાંના ફરેસ્તાઓ વિષે વાત કરતા હતા.

એમ વાત કરતાં કરતાં તેઓ દરેકે પોતપોતાની વાત કીધી કે તેઓ એક વખત આકાશમાં ફરેસ્તા હતા, પણ ઓરતજાતની મોહોબતના ખેંચાણથી ખેંચાઇ આકાશપરથી આ જમીન તરફ ખેંચાયા હતા. એ ત્રણ જવાનોમાંથી જે જવાને પેહેલે પોતાની વાત શરૂ કીધી તે, એ ત્રણેમાં જાણે સૌથી ઓછી ફરેસ્તાઇ ખસલતનો હતો. તે જ્યારે આકાશમાં પણ હતો ત્યારે તે ખોદાના તખ્ત(૩) ની છેક નજદીકના ફરેસ્તાઓમાંનો નહીં હતો. ફરેસ્તાઓના પણ દરજ્જાઓ અને ચઢ-ઉતર વર્ગો છે. તેમાં તે જાણે સૌથી છેલ્લા ઉતરતા વર્ગનો હતો. તે માણુસાઇ હવસ તરફ ખેંચાઈ એક ઓરતની મોહોબતથી જલદીથી લલચાયો હતો. તોપણ તે વારેઘડીએ પોતાની આગલી આકાશી, વધારે ચઢતી, વધારે સ્વચ્છ અને ભલી હાલતને યાદ કરતો હતો. તેણે પોતાની હકીકત નીચે પ્રમાણે કહી:—

પેહેલા ફરેસ્તાની વાત.

એક દહાડો આકાશના ઉંબર ઉપર છેક સૂર્ય તલુ થવાના મુલકમાં હું એક પેગામ લઇ

(૧) શુક્ર સેતારાનું બીજું ફારસી નામ નાહીદ છે. તે પેહેલવીના 'અનાહીત' અને અવસ્તાના 'અનાહીત' શબ્દ ઉપરથી છે, કે જે શબ્દ 'અર્દ્વીસુર અનાહીત' શબ્દમાં આવેછે. તેજ પ્રમાણે તેનું બીજું નામ 'ઝોહરે' છે તે "અર્દ્વીસુર અનાહીત" માંના 'સુર' શબ્દ ઉપરથી કદાચ હોય.

(૨) લોત્ફ બાશદ ગર ન પુશી અજ઼ ગુદા હા રૂતરા, તા બ કામે દેલ બેબીનદ દીદેહે મા રૂતરા.
હમચુ મારૂતીમ દાયમ દર બલાએ એશ્ક જા઼ર, કાશકી હરગેજ઼ ન દીદી દીદેહે મા રૂતરા.
કએ શુદી હારૂત દર ચાહે જ઼નખદાનશ અસીર, ગર ન ગોફ્તી શામે અજ઼ હોસ્ને ઉ મારૂતરા.
બુયે ગુલ બરખાસ્ત ગુઇ દર ચમન હા રૂત બુદ, બુલબુલાન મસ્તન્દ ગુઈ દીદેહે ચુન મા રૂતરા.
મીકશમ જુરો જ઼ફા હાયત જ઼હ્જ઼ન અઝ્ઝ સનમ, રૂઇ બેનોમા તા બેબીનદ હાફેઝ મા રૂતરા.

(૩) સાએર કહેછે કે અસલી ઇરાનીઓ પ્રમાણે એ તખ્ત આફતાબમાં મેલેલું હતું. એ ત્યારે વીરાફનામાના 'ખોરશેદ પાયા' બેહેસ્તનો ઇશારો છે.

જવા માટે નિકળેલો (રીરસ્તે) હતો અને આ જમીન ઉપર કયાં ઉતરૂં તેના વિચારમાં હતો. તેવામાં મેં આકાશ ઉપરથી એક ઘણો ખુબસુરત પણ મારી સરજતમાં તદ્દન નુકસાન કરનાર દેખાવ જોયો. એક બિલોર જેવા સ્વચ્છ સુંદર ઝરામાં અર્ધ દેખાતી અર્ધ નહીં-દેખાતી એવી આ પૃથ્વીની એક સુંદરમાં સુંદર સ્ત્રીને મેં જોઇ. તેણી હીરા માફક ચળકતાં પાણીમાં નાહતી નાહતી ગેલ કરતી હતી. હું આકાશમાંથી નીચે તે જગ્યાએ ઉતર્યો. તેણી ઉંચે હવામાં મને જોઇ ચોંકી, અને લાજમાં નિર્દોષ ગભરાટમાં પડી અને હવામાં ઉંચે ગભરાઇને મારી ભણી ટીકવા લાગી. તેણીની લાજ માટે દયા ખાઇ, મારી નજર મેં મારી પાંખો ભણી ફેરવી કે તુરત તેણી પાસે જંગલમાં ભરાઇ ગઇ. તે વખતથી તેણીની મોહોબતે મારી ઉપર ગલબો કીધો અને હું આસ્માન અને મને સોંપેલું પેગામનું કામ, એ સર્વ વિસરી ગયો અને ફકત તેણીનોજ વિચાર કરવા લાગ્યો.

થોડા વખતમાં હું તેણી, જેણીનું નામ લીઆ (Lea) હતું, તેણીને જઇ મળ્યો અને તેણીની સંગાથે સુખી વખત ગુજારવા લાગ્યો. તેણીનું ગાયન આકાશમાંના ગાયન સાથે હરી-ફાઇ કરતું હોય એવું હતું, બલકે મોહોબતના આતશથી ગરમ થઇ તે વધારે સુંદર લાગતું. તેણીના સરોદો અને તેણીના દેખાવ આગળ આસ્માન મારે મનથી કાંઇ બિશાતમાં નહીં હતો. જોકે આ દુનિયાની હવા આસ્માનની હવા કરતાં વધારે અસ્વચ્છ હતી, જોકે અહીંના ફુલો આસ્માન જેવાં સુંદર ન હતાં, જોકે અહીંથી મને આસ્માન ઝાંખો દિસતો હતો, તોપણ તેણીની હાજરીથી બધું મને સારૂં અને સારૂંજ દિસતું હતું. મારા મનથી બે દુનિયાઓ હતી. એક તે જગ્યા કે જ્યાં મારી સુંદર 'લીઆ' હતી, તે, અને બીજી બાકીની સઘળી જગ્યા કે જ્યાં તેણી ન હતી. પહેલી જગ્યા જોકે નાની તોપણ મને ઘણી સુંદર અને પવિત્ર લાગતી અને બીજી જોકે મોટી તોપણ સુસ્ત અને બીઆબાન લાગતી.

હું તેણીને એટલો તો ચાહતો હતો કે અગત્ય પડે તો મારી ફરેસ્તાઇ પાંખો તોડી નાંખવાને તૈયાર હતો. પણ તેણી સ્વચ્છ અને સ્થિર રહેતી. તેણી મને ચાહતી હતી ખરી. પણ તે માણસાઇ મોહોબત કરતાં ફરેસ્તાઇ મોહોબતથી વધારે ચાહતી. હું જ્યારે માણસાઇ પ્યારથી અહીં રહેવાને ખાતર મારી ફરેસ્તાઇ પાંખો દૂર કરવાને તૈયાર હતો, ત્યારે તેણી ફરેસ્તાઈ મોહોબત ધરાવીને આસ્માન ભણી ફરી, દુઆ ગુજારી, ફરેસ્તાઈ પાંખો માંગતી કે તે પાંખો મારફતે ઉપર ચઢે. તેણી દુઆ ગુજારતી કે "હું ઇચ્છું છું કે મારી સરજતમાં પેલાં સુંદર સેતારાનાં રૂહ (Spirit) તરીકે રહેવાનું સરજેલું હોય કે ત્યાં સ્વચ્છ હાલતમાં રહી હું રાત દાહડો બંદગી કરૂં અને પ્રકાશું અને ખોર્શેદની રોશની અને ગરમીથી મારૂં ધુપદાન સળગાઉં અને ધુપદાનનો આતશ આકાશમાં તે હમેશગીના સાહેબ ખોદાતાલાનાં મંદીરમાં મેલું."

આવી ફરેસ્તાઈ ખસલતવાળી ઓરતને જ્યારે મેં મારો દુનિયાઇ પ્યાર જાહેર કર્યો, ત્યારે, તેણી ફરેસ્તાઇ ખસલતને લીધે અલબતે ગુસ્સે તો નહીં થઇ પણ દલગીર થઈ, કે હું, જેને તેણી આકાશ અને તેણીના આત્મા વચ્ચે એક સંબંધના સાધન તરીકે ગણતી, તે મારી ફરેસ્તાઇ હાલત ઉપરથી માણસાઈ હાલત ઉપર ગગડી પડયો.

આ દુનિયામાં પેગામ આપી જેટલો વખત રહેવા માટે મને મોકલ્યો હતો તે વખત થઈ રહેવા આવ્યો હતો. તેથી તે રાત્રે મને પાછું ફરવાની ઇચ્છા થવા લાગી અને ફરેસ્તાઓને પાછા ફરતી વખતે જે બોલ (Spell-word) બોલવા માટે કહેવામાં આવેછે તે બોલવાની હું તૈયારીમાં હતો કે તે બોલું કે આસ્માનના ચોકીબાનો તે સાંભળી મને એક મિત્ર તરીકે આસ્માનમાં પાછો દાખલ કરે. પણ તેણીને મેલી

મારૂં જવાનું મન થયું નહીં અને તેણીના વગર બેહેસ્તમાં જવા કરતાં તેણીની સાથે દુ:ખ, નાશ અને મોત ખમવાને હું તૈયાર થયો.

વળી, તે રાત્રે એક મેજબાની થઇ હતી, જેમાં આ પૃથ્વીના સઘળા જવાન પુરૂષો અને સ્ત્રીઓ મોજ મારવા આવ્યાં હતાં. તેમાં મારી લીઆ પણ હતી. તેણીનાં મ્હોં ઉપર મારી વર્તણુકથી ઉતપન્ન થયલી દિલગીરીનો થોડોક છાપ પણ દિસતો. તે મેજબાનીમાં બીજાઓ સાથે દુનિયાની મિથ્યા મોજોમાં પણ મેં કમનસીબે ભાગ લીધો અને તેમાં વળી પેલો સત્યાનાશ અને ખાનાખરાબી ઉપજાવનાર શરાબ પણ મેં પીધો.

શરાબ બાબે સાએર મુરના સખુનો.

કંગાળ તે પીણું જીઆનગાર શરાબ,
જીગર ને ભેજાંને કરેછ ખરાબ.
જાદુઇ તે પીણું લલચાવેછ મન,
મનાઇની ચીજોપર થાયછે પ્રસન્ન.
જેમ વર્ષાદની કમાનના ઠગારા રંગ,
દિપાવેછ ગગન ને જમીન બતંગ;
પણ પળવારમાં થાયછે ખાલી ને ગેબ,
ખોહી દેછે સઘળી રોશની ને જેબ,
તેમ શરાબની મોજને પળવારની જાણ,
ખોહવાયછે તેથી બેઉ દુનિયાનું માન.
પેહેલી મેં પીધી શરાબની જામ,
અંધકારનાં ટીપાંથી ભીજવી જબાન,
કે ખોરેહ ને રોશની થયું સઉ ગુમ,
મુજ આત્માએ ખોહયું જોબન ને ઝુમ.
સ્વપનાપેર આવ્યા ગાંડા વિચાર,
હદ બહાર ઇચ્છાથી થયો નાચાર.
આકાશી રોશનીથી થયું મન દૂર,
હવસી ખેઆલોથી મગજ થયું પૂર.

શરાબ સાથેની તે મેજબાની બાદ હું અને મારી લીઆ અમો બેઉ એક એકાંત જગ્યાએ એક માંડવામાં બેઠાં હતાં. તેણી હંમેશ મુજબ પોતાના માનીતા સેતારા તરફ જોયા કરતી અને હંમેશ કરતાં વધુ અને વધુ ખાલેશ નિર્દોષ અને પાક દેખાતી. તેણીને આવી ફરેસ્તાઇ હાલતમાં જોઇ કદાચ હું મારો હવસી પ્યાર ભૂલી જઇ, બેહેસ્તની પાક મોહોબત ધરાવતે. પણ પેલા શરાબે મને તેમ કરવા દીધું નહીં. મેં તેણીને કહયું કે "જ્યારે તારી તરફના વળતા પ્યાર વગરજ મારી આએ દુનિયામાંથી પાછો જવાની સરજત છે, ત્યારે કાંઇ નહીં તો મારી તરફ મોહોબતભરી એક છેલ્લી નજર કર. એક બોસો દે કે તે લઇ હું મારી પાંખ ફફડાવી આકાશપર ઉડવા માંડું અને અમો ફરેસ્તાનો એજમતી શબ્દ બોલું કે આકાશના દરવાજા મારે માટે ઉઘડી જાય". તેણી ચોંકીને જરા હઠી ગઇ અને આકાશગમ પોતાની આંખો ઉઘાડી, ઉલટ અને હોંસથી મને કહયું કે "એજમતી શબ્દ ! એજમતી શબ્દ ! અરે તે શબ્દ હવડાં બોલ અને હું તારા હકમાં દુઆ દઇશ." ત્યારે હવસમાં ગીરફતાર થઇ હું શું કરતો હતો તે તદન વિસરી જઇ, મારી હાલતથી ગાફેલ બની, મેં તેણીને બોસો લીધો અને અમારો એજમતી શબ્દ બોલ્યો. મે તેણીને તે કહો, કે જે આજસુધી કોઇ પણ માનવીને કહેવામાં આવ્યો હતો નહીં. હું તે પાક એજમતી શબ્દ બોલી રહ્યો નહીં કે તેણીના હોઠે તે પાક કલામો ઉંચકી લીધા. તેણી ત્રણ વખત તે એજમતી પાક કલામના શબ્દો બોલી અને તુરત આસમાન ભણી ઉંચકાવા લાગી. આફીન, સાબુત આફીન, ખાલેશ નિષ્કલંક આફીન, દાદાર ઉપર શકશુબેહ વગરના મજબુત આફીનથી તેણી ફતેહમંદ દેખાવ સાથે જાણે હસ્તી રમતી હોય તેમ ઉપર ચઢવા લાગી. તેણીના મ્હોં ઉપર ખોરેહ અને ફરેસ્તાઇ નૂર ચળકવા લાગ્યાં અને તેણીની પીઠે બે પાંખો ઉગી નિકળી. તે પાંખો ચળકવા લાગી અને તે પાંખોથી તેણી આકાશ ભણી ઉડવા લાગી.

તેણીને આકાશમાં ચઢતી જોઇ, બેહેસ્તમાં તેણીને પાછો મળવાની પૂર આશામાં હું પણ પેલા એજમતી પાક કલામો ધારા પ્રમાણે ત્રણ ત્રણ વખત બોલ્યો કે બેહેસ્તના દરવાજા મારે માટે ઉઘડે. મેં તે શબ્દો બોલી મારી

પાંખો ફફડાવી. પણ અફસોસ! તે કલામોએ મારે માટે પોતાની એજમત ખોઇ દીધી હતી. મારી પાંખો ઉઘડી શકી નહીં અને એમની એમ પડી રહી. મેં ખોદાની બંદગી કીધી. હું રડયો, મેં મીનતગુજારી કીધી. પણ સઘળું ફોકટ! ખોદા મારાથી નારાજ થયો હતો અને મને તેની સજા થઇ.

પેહેલા ફરેસ્તાની વાત ઉપરથી મળતો ધડો.

એ ફરેસ્તાની વાત ત્યારે શો ધડો આપેછે? તે આપણને કેટલીક પ્રકારના નીચલા ધડા આપેછે.

૧. પેહેલું આ કે માણસ પોતાની રૂડી વર્તણુકથી, ખોદા ઉપરના સાબુત યાકીનથી, ફરેસ્તાઇ ખસલતથી, ચાહેતો ફરેસ્તો બની શકે.

૨. એથી ઉલટું એક ફરેસ્તો વટીક જો પોતાની રૂડી વર્તણુક જાળવી નહીં રાખે, જે ચઢતી પંકતીએ તે ચઢયોછે તે પંકતીને લાયકનો તે નહી નિવડે અને માણસાઇ હવસોને શરણુ થાય તો તે ફરેસ્તાઈ દરજ્જા ઉપરથી માણસને ઉતરતે દરજ્જે ઉતરી જાયછે.

૩. એ ઉપરથી બીજા નાના ધડાઓ આપણને ઘણા લેવાના છે. પેલી દુનિયામાં બેહેસ્ત પામવું કે દોજખ પામવું, ફરેસ્તાની સંગત પામવી કે દેવોની સોહોબતમાં પડવું એ આપણા હાથમાં છે.

૪. એટલુંજ નહીં, પણ ખુદ આ દુનિયામાં ચોકસ હદે સુખ પાસ કરવું કે દુઃખ જોવું, એ આપણા હાથમાં છે. સુખ બૂરી વર્તણુકથી દુઃખમાં બદલાઇ જાયછે. દુઃખ સદગુણી વર્તણુકથી સુખમાં બદલાઇ જાયછે.

જેમ ઘણીક વાર્ત્તાઓમાં તેમ આ વાર્ત્તામાં ઓરતજાતને માણસને લલચાવનાર તરીકે ગણીછે. ઓરતને ખોદાએ મરદ કરતાં ખુબસુરત બનાવીછે, પણ તેટલા માટે તેણીની ખુબસુરતી મરદ માટે કાંઈ શ્રાપ ગણાવો નહીં જોઇયે. ઓરતજાતની સંગતથી શુભ ફાયદાઓ મેળવવા, એ મરદના હાથમાં છે. સ્ત્રી જો બૂરી નિવડેછે તો ઘણીકવાર મરદ તેણીને તેમ બનાવેછે. ઉપલી વાર્ત્તામાં આપણે જોઇએ છીએ કે એક સ્ત્રી સઘળી લાલચો વચ્ચે, એક ફરેસ્તાની મોહોબતની લાલચ વચ્ચે પણ, કેવી રીતે ઉસ્તવાર રહી ફરેસ્તાઇ હાલત પામેછે.

બીજા ફરેસ્તાની વાત.

એ ફરેસ્તાનું નામ રૂબી હતું. તે ખોદાની પછી બીજે દરજ્જે ધરાવનાર ફરેસ્તાઓમાંનો એક હતો. તેણે પોતાની વાર્ત્તા નીચે મુજબ કહીઃ—

તમોને તે દહાડો ખબર છે કે જ્યારે ખોદાતાલાએ પોતાના સઘળા ફરેસ્તાઓની મિજલસ બોલાવી હતી કે તેઓ ખોદાતાલા પોતાની દુનિયાની પેદાયશને સંપૂર્ણ કરે તે માટેની સર્વથી છેલ્લી અજાયબ પેદાયશ જોએ. તે પેદાયશ ગોયા માણસ, ફરેસ્તાઓ, આફતાબ અને સેતારાઓ કરતાં પણ ચઢતી હતી. તે પેદાયશ માદાની એટલે ઓરતજાતની હતી. ઓરતજાતનું રવાન તે સાહેબે પેહેલાં પેદા કર્યું ત્યારથી તે રોશની અને સુંદર્તામાં આસ્તે આસ્તે વધતું ગયું. તમોને યાદ હશે કે જ્યારે ઇદનના બાગમાં પેદા કરેલી તે પેહેલી ઓરત શર્માલ ચેહરા સાથે દરિયા અને આકાશને કેમ નિહાળવા લાગી. તેણીને પેદા થયલી જોવા પછી, ત્યાં ભેગા મળેલા ફરેસ્તાઓમાંથી ઘણાકો પોતપોતાને કામે નિકળી જવા લાગ્યા. તેઓમાંથી જેઓ ત્યાં હજુ ઉભા રહ્યા હતા, તેઓ ઉપર તેણી નજર કરવા લાગી. તે છેલ્લા રહી ગયલા થોડાઓ, કે જેઓ ઇદનના બાગના આશીર્વાદ પામેલા ખુશનુમા દેખાવો છોડી જવાને આનાકાની કરતા હતા, તેઓમાંનો હું પણ એક હતો. ઓરતજાત પેદાયશનો અજાયબમાં અજાયબ ભેદ (Creation's strongest Mystery) છે. તે ઉપર તે વખતથી મારૂં મન વિચાર કરતું થયું અને તે પેહેલવેહેલી ઓરત ઉપરજ નહીં પણ તેણીના વર્ગની હવે પછી પેદા થનારી સઘળી ઓરતો માટે હું વિચાર કરવા લાગ્યો.

જ્યારે ખોદાતાલાએ સૃષ્ટિ પેહેલી પેદા કરવા માંડી અને સુંદર સેતારાઓ અને મંડળો પેદા કરવા માંડયાં ત્યારથીજ મારા મનમાં કોઇ સર્વથી સરસ અજબ પેદાયશ જોવાની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ હતી. તે ભવિષ્યની વધુ અજબ પેદાયશનું જ્ઞાન મેળવવા ઉપરજ જાણે મારી હસ્તીનો આધાર હોય તેમ મને લાગતું. આગળ આકાશમાં સુંદર સેતારાઓ, જે જાણે ફરેસ્તાઓના રસ્તા માટેની રોશની સમાન હતા, તેઓની કરામત, રોશની અને સુંદરતા નેહાલવામાંજ હું મજાહ ભોગવતો. દૂરમાં દૂર આવેલા સેતારાઓ[1] ભણી હું તેઓને નિહાળવા દોડતો. પણ માણસજાત અને તેમાં ઓરતજાતની પેદાયશ પછી તે ઓરતજાતને આસરો આપનાર આ નાની પૃથ્વી ઉપરજ મારી નજર ઠરી રહી અને અટકી રહી.

ઓરત જાત ઉપર મારી નજર પેહેલવહેલી એક અજાયબી તરીકે દોડવા લાગી. ખોદાની અજબ કરામત તરીકે મારી નજર તેઓ ઉપર પેહેલાં દોડવા લાગી. મોહોબતે મારા મનમાં પેહેલાં કાંઇ પણ જગ્યા લીધી નહીં હતી. પછી મારી સંતોષ નહીં પામે એવી જીજ્ઞાસાએ મને ઓરતજાતના માંહેલા ભિત્તરની હકીકત જાણવા માટે ઉશ્કેર્યો કે તેઓનો માંહેલો ખવાસ કેવો ઉમદા છે તે જાણું. મેં ઇવ (ઓરત)ને પહેલવહેલી બેહેસ્તમાં જોઇ હતી. તેણીનામાં નીચલી ત્રણ ખામીઓ મેં જોઇ હતી. (૧) જલદીથી બીજાઓ ઉપર વિશ્વાસ (Easy trust) રાખવો. (૨) બીજાઓના મીઠા શબ્દોથી લલચાઇ જવું. અને (૩) પારકી બાબતો જાણવાની જીજ્ઞાસા. વળી ત્યાં મેં એદમ (આદમ)ને જોયો હતો કે જે તેની મજબુતી અને અક્કલ છતાં તેણીના શબ્દોથી લલચાયો હતો અને જોકે તેણીના ભૂલથી ભૂલ તરફ ઘસડાયો હતો તોપણ તેણીનો વાંક ભૂલી જઇ તેણીને પોતાના જાન તરીકે ચાહતો હતો. જોકે તેણીની ભૂલથી એદમે ઇદનનો બાગ ખોયો હતો અને બહાર દેશનિકાલ થયો હતો, તોપણ તે દેશનિકાલ હાલતમાં પણ તેણીની હાજરીથી તે સુખ અને સુખ માનતો. ત્યારે ઓરતજાત ખોદાતાલાની આવી અજબ પેદાયશ હતી. તેણીના વિચાર, શબ્દો અને ચેહેરામાં એવી શક્તિ મેલાયલી કે ચાહે તો તેણી આશીર્વાદ પાથરે યા ચાહે તો કદુઆ પાથરે. ચાહે તો તેણી શ્રાપસમાન થઇ પડે યા ચાહે તો આશીર્વાદ સમાન થઇ પડે.

ઇવને જોવા પછી તેણીની બેટીઓ એટલે બીજી ઓરતોને હું જોતો આવતો હતો. સેવટે, મેં વિચાર કર્યો કે કોઇ એક સ્ત્રીને મારે ખોળી કાઢવી, કે જેણી ઓરતોમાં ખુબસુરતમાં ખુબસુરત અને હુશિયારમાં હુશિયાર હોય; પછી તેણીની સાથે વધારે નજદીકના સંબંધમાં આવી તેણીની ભિત્તરની બાબતો જાણવાનો મેં વિચાર કર્યો કે તેથી બીજાઓ ઉપર જાદુઇ અસર કરવાને તેણીની જે શકિત છે તે હું શિખી શકું અને તેણીની મારફતે ઓરતજાતના શરીર અને રવાનને લગતી સઘળી હકીકત જાણી શકું.

સેવટે, મારી મોરાદ બર આવી અને એક જવાન સ્ત્રીને મેં જોઇ જેણી જેમ શરીરે સર્વ પ્રકારે ખુબસુરત હતી તેમ મને પણ એટલી ચાલાક હતી કે તેણી ઈશ્વરી શકિતનો છાપ ધરાવતી. મનના સદગુણોને લીધે તેણી જાણે આકાશવાસી હોય તેવી લાગતી. તેથી તેણીએ મારૂં બહુ ધ્યાન ખેંચ્યું. મીનોઇ દુનિયામાં આપણું રવાન જે ખુશીઓ શોધે

---

(૧) સાએર અહીં બુનદહેશનાં ચાર સેતારાઓ નામે તીસ્તર, સતવસ, વનન્ત અને હફતોરંગનો ઇશારો કરેછે કે જેઓ આકાશની ચારે બાજુએ રહી બીજા સેતારાઓની ગોઆ તપાસ કરેછે (બુનદેહેશ ઇવેસ્ટ II ૭). એમાં તીશ્તર તે Sirius, સતવસ તે Antares, વનન્ત તે Fomalhaut અને હફતોરંગ તે Ursa Major છે.

તે ખુશીઓ જાણે એ સ્ત્રીમાં મળી ગઇ હતી. તેથી તેણીએ મારૂં ધ્યાન ખેંચ્યું.

મેં તેણીને પહેલી જોઇ ત્યારથીજ હું અદ્રેખાઇની રીતે તેણીની આગળ અને આગળજ રહેતો અને તેણીના મનના સઘળા વિચારો વાંચતો હતો. જેમ સ્વચ્છ સુંદર ઝરાઓની નીચેના કાંકરા આપણને ખુલ્લા દિસેછે તેમ તેણીના સ્વચ્છ મનની અંદરના વિચારો હું વાંચી શકતો હતો. જવાન સ્ત્રીઓ અથવા મરદોમાં તરેહવાર વિચારો ઉછાળા મારેછે. અચોકસ ઇચ્છાઓ, માનીતી કલ્પનાઓ, મોહોબતના સ્વપના જેવા વિચારો તેઓમાં ઉછાળા મારેછે. વળી કોઇક હવસી વિચારો, જેઓ જેમ ફુલની નીચે સર્પો સંતાઇ રહેછે તેમ, કેટલીકવાર સ્વચ્છ ખાલેશ વિચારોની પછવાડે સંતાતા ભમેછે તેઓ સર્વ તેણીના મનમાં ભમતા હતા. પણ તે સઘળા વચ્ચે, તે સઘળાની લાગણીઓ વચ્ચે, તેણીના મનમાં બુલંદ, ચઢતા પ્રકારના, અમીરી, મોટા મનના, આત્મિક બાબતોના ખ્યાલો ભમતા હતા. વળી તેવા ખ્યાલો સાથે સઘળી બાબતનું જ્ઞાન મેળવવાની મોટી જીજ્ઞાસા, કે જેવી જીજ્ઞાસાએ હવના મનમાં ઘર ઘાલ્યું હતું અને જેને લીધે તેણીએ બેહેસ્ત ખોહ્યું હતું તે તેણીના મનમાં ભમતી હતી.

મેં પેહેલવેહેલો તેણીની સનમુખ તેણીના સ્વપનામાં દેખાવ દીધો. હું સ્વપનામાં તેણીને દેખાતો અને ગેબ થતો. તેથી સ્વપ્ના મારફતે તેણીને મારો ઝાંખો વિચાર આવવા લાગ્યો. સ્વપ્નામાં મને જોતાં જોતાં તેણી પછી મારે માટે જાગતી હાલતમાં પણ વિચાર કરવા લાગી અને મને ખરેખર જોવાને ખાહેશ ધરાવવા લાગી.

તેણીએ પોતાના સુંદર બાગની નીચે સ્વચ્છ સફેદ સંગેમરમરનો એક માંડવ બનાવ્યો હતો. તે પાક જગ્યામાં તેણી પોતાની બંદગી કરવાને વારે ઘડીએ જતી હતી. એક રાત્રે તેણી તે એકાંત જગ્યાએ બંદગી કરવાને ગઇ હતી અને ત્યાં યજ્ઞકુંડ ઉપર ઘુંટણ મંડીએ પડી હતી. તેણીના વિચારો જાણે આકાશ અને જમીન બેઉ વચ્ચે હતા. જાણે ખોદા અને માણસ બેઉ તેણીના વિચારોને રોકતા. મીનોઇ દુનિયા અને ખોદા તેણીના વિચારોને પવિત્ર બનાવતા કે જેથી તેણી આએ ગેથી દુનિયાથી ચઢતી હાલતની ગણાય. પણ વળી સાથે આએ ગેથી અને માણસને લગતા ખ્યાલો તેણીના વિચારોને પવિત્ર થવા દેતા ન હતા અને તેથી તેણી મીનોઇ દુનિયાથી ઉતરતી હાલતમાં રહેતી. એવી અનઘન હાલતની વચ્ચે તેણી હતી.

સાએર જે કહેછે તે, જો જરથોસ્તી ધર્મના શબ્દોમાં કહીયે તો, 'રઓચસ ચીથ્ર' એટલે મીનોઈ રોશનીની તોખમનાં તત્વો અને 'તેમસ ચીથ્ર' એટલે ગેથીના અંધકારની તોખમનાં તત્વો, બેઉ તેણીની ઉપર અસર કરતાં અને પોતા તરફ તેણીને ખેંચતાં. પેહેલાં તત્વો તેણીને સંપૂર્ણ રીતે બેહેસ્તી બનાવવા માટે આકાશ ભણી ખેંચતાં. બીજાં તત્વો તેણીને બેહેસ્તથી દૂર રાખવા માટે આ દુનિયાભણી ખેંચતાં. એવી અનઘન હાલતમાં તેણી નીચે પ્રમાણે બોલવા લાગીઃ—"ઓ સ્વપનામાં નજરે પડતા ધણી! તું માણસાઇ પુરૂષ હોય, યા આકાશી પુરૂષ હોય, યા બેઉ અર્ધોઅર્ધ હોય, તું કાંઇપણ હોય, તોપણ મારે મનથી તો તું આકાશી છે. તું મારી ઉંઘને સુંદર બનાવેછે. તેથી જાગૃત રેહવું એ મારે મનથી જીંદગીસમાન ગણાતું નથી. પણ તારો દેખાવ મારાથી શા કાજે ગુમ થાયછે? તારા અને મારા વચ્ચે જે પરદો છે તે પરદો એક કલાક પણ ઉંચકાતો હોય, તો તે ખાતર હું મરવાને તૈયાર છું. તું મને સ્વપ્નામાં દેખાવા માંડયો, તે આગમચ મારૂં રવાન વધુ રોશની જોવાની ખાહેશ કરતું. પણ તું સ્વપ્નામાં દેખાવ પછી મારી તે ખાહેશ જોશબંદ હોંસ સમાન થઈ પડીછે. આ જગતમાં જેબી કાંઇ સુંદર

અને રોશન છે, તે જોવાને મારૂં રવાન તલપે-છે. પણ તે સર્વ કરતાં તુંને જોવાને તે વધારે તલપેછે. માટે ઓ રૂહ (Spirit) સમાન દેખાતા ધણી! તું યારી આપ, ગમે તો માણુસ માફક આપ, ગમે તો ફરેસ્તા માફક આપ. તારી સઘળી રોશન અજાયબીઓ મારી હજુર લાવ કે જાગતી હાલતમાં હું તે જોઉં; અથવા એમ નહીં તો મને તારે મકાને લઇ જા, પછી તે મકાન બેહેસ્ત હોય યા .... જેબી હોય ત્યાં હું તારી સાથે આવીશ. તારી ચશ્મ તળે પથરાવલાં જ્ઞાનનું પુસ્તક ધરાવનાર ધણી જેમી હોય-ફરેસ્તો હોય યા દેવ હોય,-તેને અને તે જ્ઞાનનાં પુસ્તકનાં થોડાં પાનાંઓને જોવા દે કે તે જોઇને હું મરણ પામું. તારી હવાઇ યા આકાશી પાંખો, જેની દરેક હીલચાલ મારાં મનમાં વીચારો ઉત્પન્ન કરેછે; તારા સુંદર વાળો, જેનાં રોશન જુલફાંઓ વચ્ચે બેહેસ્તના પવનો ફુંકેછે અને પોતાનો પમરાટ પાંથરે-છે; તારાં ઉલતમંદ ચશમો, જેઓ જીગરના છેક માંહેલા ભાગમાં પોતાની રોશનીના કીરણો ફેંકેછે; તે સર્વનાં નામથી, મારાથી પરસ્તેશ પામતા ઓ રૂહાની શખ્સ! હું તુંને અર્જ કરૂંછું કે અજાયબીમાં ગર્ક થતી મારી જાગૃત આંખો ઉપર તું પ્રકાશ. ફકત એક રાત પ્રકાશ અને મારી જાગૃત હાલતમાં મને નજરે પડ. હું બીજું કંઇ માગતી નહીં."

જ્યારથી સ્વપ્નામાં તેણીની નજરે પડી મેં તેણીનાં મન ઉપર છાપ માર્યો હતો ત્યારથી તેણી જાગતી હાલતમાં પણ મારે માટે વિચાર કરતી. સ્વપ્નામાં નજરે પડતું મારૂં રૂપ ફીરસ્તાઇ હતું, કે માણસાઈ હતું, કે શું હતું, તે નહીં જાણવાથી એ શબ્દોમાં તેણીએ ખાહેશ દેખાડવા માંડી કે તેણી જાણે કે એ શું ચમત્કાર હતો. એ પ્રમાણે ઘણી ઓજાર-ખાહીથી અરજ ગુજારી, થાકી જઇ, તેણીએ પોતાનું માથું યજ્ઞકુંડનાં પગથીઆં ઉપર મેલ્યું. તેણીની ઓજારખાહીથી પીગળી જઇ હું તે મંદિરમાં ઉતર્યો અને તેણીએ માથું ઉંચકી મારી ભણી નજર કીધી. હું મારી ફીરેસ્તાઇ અણદીઠ ગેબી હાલતમાં જેવો રોશન અને પ્રકાશીત તેણીને સ્વપ્નામાં દેખાયો હતો તેવો રોશન હવે દેખાયો નહીં. ફીરેસ્તાઇ નૂર થોડુંક કમ થઇ હવે મારામાં થોડુંક માણસાઇ ખોરેહ દાખલ થયું હતું. મારી પાંખો બંધ થઇ ગઇ હતી. બેહેસ્તનું નૂર મારામાંથી ઘણું કમ થઇ ગયું હતું.

હવે દહાડા અને મહિનાઓ પસાર થવા લાગ્યા. મારી જે મોરાદ હતી કે પેલી સુંદર અને ચાલાક નારને મેળવવી તે મારી મોરાદ પાર પડી અને હું જે માંગતો હતો તે મને મળ્યું. પણ શું હું સુખી હતો? ખોદા! તું સારી પેઠે જાણેછે કે જેઓ ચઢતી સવાબ-વંતી હાલતમાંથી ઉતરતી ગુનાહવંતી હાલત-માં ઉતરેછે તેઓ ખરા સુખી છે કે?

મારી આગલી ફરેસ્તાઇ હાલત, મારૂં ફરે-સ્તાઇ નૂર ખોહવાના પસ્તાવા વચ્ચે, તેની દલ-ગીરી વચ્ચે જે એક મુખ્ય ખુશી અને દિલાસો હતો, તે આ કે મારી 'લીલીસ' (Lilis) ને હું જોતો હતો કે જેણી મારી ઉપર ફિદા હતી. મારૂં નૂર કમ થયું હતું. જેમ આફતાબ પોતાની રોશની માહતાબને આપેછે તેમ મારૂં નૂર મારી લીલીસને મેં આપ્યું હોય તેમ હતું.

પણ મારે માટેની મોહોબત કરતાં તેણીના મનમાં જે બીજો શોખ હતો તે જીજ્ઞાસાનો હતો. આકાશ અને પૃથ્વી ઉપર જે જે કાંઇ હતું તેને માટેનું સર્વ જ્ઞાન મેળવવા તેણી માંગતી. જે જાણવાજોગ હતું તેજ ફકત નહીં પણ જે કાંઇ ખોદાતાલાએ માણસ-જાતની નજરથી છુપું રાખવાજોગ ધાર્યું હતું તે પણ સઘળું તેણીએ આસ્તે આસ્તે જાણવા માંગ્યું. તેણીના પ્યારની અસર તળે હું બધું તેણીને એક પછી એક કહેવા લાગ્યો. કુદરતનાં પેટામાં છુપાયલા સઘળા ભેદભરમો હું એક પછી એક બોલવા લાગ્યો. તેણીની જીજ્ઞાસા તૃપ્ત કરવા માટે જમીનના માંહેલા

પેટામાંથી હીરાઓની હસ્તી હું જાહેરમાં લાવ્યો. એજ પ્રમાણે, મોતીઓ તેણીની હજુરમાં જાહેરમાં લાવ્યો. તેણીના વર્ગની, એટલે ઓરતજાતની હંમેશની ખાહેશ મુજબ, તેણી તે હીરા મોતીથી પોતાને શણગારવા લાગી.

પછી તેણી વળી ખુદ આસ્માન અને તેના ભેદભરમોની અને ખુદ ખોદાતાલાની આ સૃષ્ટિ રચવાની યોજના વિષે મને સવાલ પર સવાલ કરવા લાગી. પેદાયશની શરૂઆતથી તે કેઆમત અને રસ્તાખીજ સુધીનું સઘળું પુછવા લાગી. એ સઘળી બાબતોના જ્ઞાનથી, તેણી પોતે જાણે બશારત પામેલી (inspired) હોય તેમ થઇ અને તેવા પ્રકારના વિચારોમાં ગુમ થઇ. દીનને લગતી ઘણીક રોશનીઓ, જે માણસજાત જાણી શકે, તે ઉપરાંત વધુ તેણી બશારતથી જાણવા લાગી. વળી, મારી મારફતે આકાશ અને ઇશ્વરના સઘળા ભેદભરમો જાણી તેણી એટલી તો કાબેલ અને ફાજેલ થઇ કે જાણે બેહેસ્તના દરવાજા તેણીની સામે ખુલ્લા થયા.

હું મારી પડતીના વિચારથી દલગીર થતો. ખોદાએ મના ફરમાવેલું જ્ઞાન મેં માણસજાતને આપ્યું તે ગુનાહની સજાની હું ધાસ્તી ખુલ્લી રાખતો હતો. જેઓ ખરી હકીકત જાણેછે તેઓ ઘણી ધાસ્તી રાખેછે. તેમ હું ગુનાહ યા નેકીની સજા યા બદલાની ખરી હકીકત જાણતો હતો. તેથી મારી સજા વિષે ખાતરીથી માની ચિંતા રાખતો હતો. મારા મનની આવી તોફાની હાલતમાં પણ તેણીની હાજરી મને થોડોક શાંત કરતી હતી.

પણ મને ઘણી દલગીરી એક એવા વિચારથી ઉપજતી કે જે, જે સઘળાઓ, જેઓ કોઇએકની ઉપર ઘણી મોહોબત રાખેછે, તેઓને ઉપજેછે. તે આ કે એ સ્ત્રી, જેણીને હું ઘણો ચાહતો હતો, તે કોઇ વખત મરણથી મારી આગળથી દૂર થશે. તેણીનાં મરણથી કોઇ દિવસ ઉપજનારી જુદાઇનો ખ્યાલજ મને નિરાશ કરતો હતો. વળી તે નિરાશીમાં આદમજાત કરતાં હું ફરેસ્તાને ઘણો વધારો એ વિચારથી થતો હતો કે એક ફરેસ્તા તરીકે હું મોત જે આ દુનિયાઇ દુઃખનો છેડો (This final seal of all earth's sorrow) લાવેછે, તેથી નિરાળો છું. હું ચિંતા કરતો કે હું મોતને પાત્ર ન હોવાથી મારા ગુનાહની સજા, મારી પડતી હાલત, હું હંમેશ અને હંમેશ જોયા કરીશ, પણ પેલી સ્ત્રી, જેણીની મોહોબતને લીધે હું પડતી પામ્યો તેણી મોતથી મારીથી છુટી થશે.

એક સુંદર સાંજે અમો બેઉ જણ સાથે તેજ સુંદર માંડવામાં હતાં કે જ્યાં જ્યારે તેણી નેમાજ કરતી હતી ત્યારે તેણીને આવીને હું મળ્યો હતો. અમો બેઉ ગંભીર ગમગીન ચિત્તમાં હતાં. તેવામાં તેણી બોલી કે,

" શરૂઆતમાં જેવા મને સ્વપ્ના આવતા હતા કે જેમાં હું તુંને જોતી હતી તેવો સ્વપ્નો મને કાલે રાત્રે આવ્યો હતો અને મેં તુંને તારા સુંદર હાર સાથે અને તારી ઉંઘડેલી પાંખો સાથે જોયો. જેમ પહેલાં મેં તુંને પુરતાં નૂર અને ખોરહે સાથે જોયો હતો તેમ મેં તુંને જોયો અને તુંએ મને તારી પાક છાતીએ લગાડી અને તેથી જાણે હું તારી સુંદર રોશનીની હવામાં દાખલ થઇ હોઉં તેમ મને લાગ્યું. મને વધુ લાગ્યું કે તારા વધારે સ્વચ્છ આત્મામાંથી આકાશી રોશની અથવા નૂર મારા દિલમાં આવવા લાગ્યું અને હું તારી માફક વિદેહ આત્મિક રૂહ અને ઇશ્વરી બની ગઇ. હવે તું મને કહે કે એવો સ્વપ્નો મને કેમ આવ્યો અને હવે જાગતી વખતે તે કેમ ગેબ થયો ? તું મારો ફરેસ્તો જેમ આકાશમાં પ્રકાશતો (અને જેમ હું સ્વપ્નામાં જોતી) તેમ ખરેખરો કયારે પ્રકાશશે ? મને તું કહે કે જેવો સ્વચ્છ અને રોશન અને આકાશી મેં તુંને સ્વપ્નામાં જોયો હતો તેવો તું ખરેખર મારી જાગૃત હાલતમાં કયારે પ્રકાશશે ? તે વખતે હું કહેવાને કેવી મગરૂર થઇશ કે ' આ

મારો ફરેસ્તો છે. તદન સ્વચ્છ, ઈશ્વરી અને રોશન. તે મારો છે, તે મારો છે.' જો તારી જગ્યાએ હું હતે એટલે હું એક ફરેસ્તો હતે અને તું, જેમ હું તારી ઉપર છું તેમ, મારી ઉપર ફિદા હતે તો હું એક પાકજાદ ફરેસ્તા તરીકેની ખુબસુરતી યા ભલાઇ યા નૂરનું એક પણ કીરણ તારીથી છુપાવતે? કદી નહીં. ત્યારે જો જેમ હું તુંને ચાહું-છું તેમ જો તું મને ચાહતો હોય તો એએ રૂહ! એએ ફરેસ્તા! તું તારાં પુરતાં નૂરથી, પુરતા પ્રકાશથી, પુરતી કીર્તિથી પ્રકાશ. કાંઇ ચિંતા ના રાખતો કે તારાં પુરતાં રોશન નૂરથી હું આદમજાતની આંખોને કાંઇ ઝાંખ લાગશે. હાલ તું જેવો પ્રકાશીત છે તેવા તારા પ્રકાશીત ચેહેરા ઉપર ઘણી વખત મેં નજર કીધી-છે. તેજ પ્રમાણે મારી ચશમો સેતારાઓની ઘણી નજદીક પહોંચીછે. તેથી મારી આંખો અત્યંત પ્રકાશ અથવા નૂર જોવાને જાણે ઘડાયલીછે. તેથી તું કાંઇ તે બાબે શક ના રાખ. અરે! કોણ કહી શકશે કે જે સ્વપ્નો મેં કાલે રાત્રે જોયોછે તે ખરો પડે અને મારૂં ઇશ્વરથી આશીર્વાદ પામેલું રવાન, તારૂં નૂર અને પ્રકાશ પોતામાં મેળવી શકે અને પોતે બહેસ્ત અથવા ઇશ્વરી બને. તું કાંઈ નહીં તો એક વખત તારા પૂર બહારમાં પ્રકાશ, તારી નૂરી પાંખો પૂર ચળકાટમાં ફફડાવ, અને તેવી હાલતમાં તુંને હાથ લગાડવાથીજ મારી આદમજાત તરીકેની ખાશિએત બદલાઈ જશે અને હું ફરેસ્તાઇ હાલતે પહોંચીશ."

તેણી એ સઘળું એવી રીતે બોલી કે, શું પૃથ્વી કે આકાશ, કોઇ તેણીની માગણી ના-પાડે નહીં! જાણે આકાશને પણ નીચે ઉતારી લાવે તેવી રીતે તેણી બોલી. આવી માગણી કબૂલ રાખવાથી શું પરિણામ નિપ-જશે તેનો નહીં તેણીએ કે નહીં મેં ખ્યાલ કીધો. મને એક વાતની ચિંતા લાગતી કે મારાં પુરતાં નૂરમાં હાજર થવાનો દેખાવ તેણીની આંખોને ઝંખાવી નાખશે. પણ તેણી તે ખમી શકશે એમ મને લાગ્યું. મારો ચળકાટ જોકે ઘણો રોશન અને પ્રકાશીત હતો તોપણ થંડો હતો. તેથી મને બીજી કોઇ ચિંતા લાગી નહીં. તેથી મેં મારાં પુરતાં નૂરમાં પ્રકાશવાની કોશેશ કીધી. તેણી શાંતપણે મને મારાં પ્રકાશીત નૂરમાં પોતાની ગોદમાં લેવાને હાથ ઉઘાડી તૈયાર રહી! મેં મારી ફરેસ્તાઇ હાલતની સઘળી સામગ્રી તૈયાર કીધી અને મારાં રોશન નૂરમાં એકદમ પ્રકાશ્યો.

પણ અફસોસ! અફસોસ! મારાં નૂરનો સ્વચ્છ શોળો, જે જ્યાંસુધી હું આકાશમાં પાક અને પવિત્ર હતો ત્યાંસુધી સ્વચ્છ અને થંડો હતો, તે હવે આ પૃથ્વીના આતશ માફક-મારી ફેરવાયલી ગુનાહભરેલી હાલતને લીધે—ગરમ થઇ ગયો હતો. તેથી મારા નૂરમંદ દેખાવ સાથે એક-દમ તેણી બળી જઇ મારા હાથોમાં કોલસા માફક પડી. તેણી મરણ પામી તેનો અફસોસ, પણ વળી હું શ્રાપ પામેલા રૂહને હાથેજ મરણ પામી તેનો બેવડો ત્રેવડો અફસોસ, મને થયો.

આએ અફસોસ અને દલગીરી એક જણને દિવાનો કરી નાંખે એવી હતી. પણ નહીં, એટ-લુંજ નહીં. મારે માટે અફસોસ કરવાને, દલ-ગીર થવાને હજી એક ચીજ જાણે બાકી હતી, અને તે આ, કે મારા આતશથી બળી જઇ ભસમ થતાં તેણીએ મારા હાથ ઉપર એક બોસો લીધો. મારા આતશથી તે બળતી હતી, તેથી તેણીનો બોસો પણ આતશ સમાન હતો. મને તે ગરમ લાગ્યો અને તેનો ચણચણાટ હજી મને લાગેછે. પણ વધુ અફસોસકારક આ કે તે બોસાનો તાપ દોજખના તાપના જેવો હતો અને તેથી હું દોજખની શિક્ષા પામ્યો.

અરે ખોદા! તે સ્ત્રી, જે થોડુંક ઉપર ખુદ ખોદાને ઇજત અને માન આપતી તે થોડાક વખતમાં આવી શ્રાપ પામેલી હાલતે પહોંચી! ઓ ખોદા! તારા હુકમને જો કોઇની બંદગી ફેરવતી હોય તો મારી બંદગી સાંભળ અને

તે સ્ત્રીને માફ કર. મેં તેણીની મગરૂર ખાહેશને ભૂલ કરવા શિખવ્યુંછે. માટે મારી ઉપર તારો ગુસ્સો ખાલી કરી તેણીને માફ કર.''

એમ કહી પેલો ફરેસ્તો અને તેના બેઉ સાથીઓ બંદગી કરવા ઘુટણમડિયે પડયા. તેઓ એમ બંદગી કરતા હતા તેવામાં એક ઝીણો અવાજ સંભળાવવા લાગ્યો. ત્રણે ફરેસ્તાઓ તે સાંભળવા લાગ્યાં, અને તેમાં ખાસ કરી ત્રીજો નાનો ફરેસ્તો કાન દઇ તે સાંભળવા લાગ્યો. તે અવાજ નીચે પ્રમાણે હતો:—

"મારા ફરેસ્તા ધણી, મારા ફરેસ્તા વહાલા! મારી સાથે બંદગી કર. આજે રાત્રે હું ઘુટણમંડિયે પડી બંદગી કરી મારો અવાજ ઉપર મોકલવાની ફોકટ કોશેશ કરૂંછું. હું તારા વિના ખરી બંદગી કરી શકતી નથી.

મેં મારા માંડવામાં યજ્ઞકુંડના આતશ ઉપર સુંગધી લોબાન બાળી તેને રોશન રાખ્યોછે. પણ તારા વિના તે બરાબર બળતો નથી. જેમ મધરાતે એક મછવાને ખલાસી વિના દરિયામાં ઉતાર્યો હોય, જેમ એક સારંગી (lute) ની મુખ્ય તાણ તુટી ગઇ હોય, જેમ એક પક્ષીની બે પાંખોમાંથી એક પાંખ તુટી ગઇ હોય, તેમ મારી હાલત થઇછે. શું જીંદગીમાં કે મોતમાં તું મારાથી છુટો ના પડ. જ્યારે તું તારી રોશન હાલતમાં પાછો બેહેસ્તમાં આવે ત્યારે મને તારી આગળ આવવા દેજે. તારા વિના કરતાં તારી સાથે હું વધારે સુખી થઇશ.''

પેલા ત્રણ ફરેસ્તાઓમાંથી નાનો ત્રીજો ફરેસ્તો એ અવાજ વધુ ધ્યાનથી સાંભળતો. એ અવાજ બંધ પડયો કે એક સુંદર રોશનીનો ચમકારો દેખાયો જેની વચ્ચે બે ચળકતી આંખો નજરે પડી પણ તુરત તે ચમકારો ગેબ થઇ ગયો.

"મારી નામા, હું આવુંછું, હું આવુંછું" એવા શબ્દો પેલો ત્રીજો ફરેસ્તો આ દેખાવ જોઇ બોલ્યો.

આ ફરેસ્તાને લગતી હકીકત નીચે પ્રમાણે છે:—

ત્રીજા ફરેસ્તાની હકીકત.

ખોદાતાલાના ફરેસ્તાઓમાં ચેરૂબીમ (Cherubim) નામના ફરેસ્તાઓ કરતાં સેરાફીમ (Seraphim) નામના ફરેસ્તા વધારે ચઢતો દરજ્જો ભોગવેછે. એવા ચઢતે દરજ્જેના ફરેસ્તાઓમાં જરફ (Zaraph) નામનો ફરેસ્તો હતો. ચેરૂબીમ ફરેસ્તાઓ જ્ઞાન (Knowledge) માં ચઢતા હતા, પણ સેરેફીમ ઇશ્વર તરફની મોહોબત (Divine Love) માં ચઢતા હતા. સાએર કહેછે કે જ્ઞાન કરતાં મોહોબત વધારે સરસ છે.

So much doth love
Transcend all Knowledge, ev'n in heaven.

એ જરફ ફરેસ્તો ખોદાતાલાની તરફની મોહોબતમાં સર્વથી પહેલો હતો. તે સાહેબની મોહોબતમાંજ તે પોતાની હૈયાતી સમજતો. પણ અફસોસ કે ઘણીકવાર કાંઇક ઘણાં ભલાં સાથે કાંઇક ભૂડું યા ખામી જોડાયલી હોયછે, તેમ એ ચહડતી પંકતીના ફરેસ્તા સાથે આ ખામી જોડાયલી હતી કે તેના પેદા કરનાર (Creator) તરફની તેની મોહોબત આસ્તે આસ્તે તેના પેદા કરેલા (Creature) તરફ એક જોસ્સા માફક જોશબંધ વેહેવા લાગી.

એક સંધ્યાકાળે એક સુંદર શાંત દરિયાના કિનારે જ્યારે તે ઉભો હતો ત્યારે એક સીતારનો સુંદર અવાજ તેને કાને આવવા લાગ્યો અને તે અવાજનો માર્ગ શાંત કરવા તે દરિયાના મોજાઓ પણ જાણે ચુપ અને શાંત થઇ ગયા. તે સીતાર સાથે જે ગાણું ગવાતું તે પાક ખોદાતાલાની સીફતનું ગાણું હતું. ખોદાતાલા, તેની દયા, તેના વિચારથી મળતી શાંતિ, તેની ઉપરનું આકીન, એ સર્વ બાબતનું તે ગાણું હતું. તે પાણીજગીની સીફતમાં હતું. પેલો ફરેસ્તો આ સુંદર અવાજ કયાંથી આવેછે તે સાંભળતો સાંભળતો આગળ વધ્યો તો તેણે

જોયું કે દરિયાના કિનારે એક સુંદર સ્ત્રી તે ગાણું ગાતી હતી. તેણીએ સીતાર વજાડતાં વજાડતાં આકાશ ભણી પોતાની આંખો કરી હતી.

પાક મોહોબત, ધર્મ અને ગાયન! તમો, જેઓ ઇદનના બેહેસ્તની આ પૃથ્વી ઉપર બાકી રહેલી ત્રણ ચીજો છો, તેઓ કેવું સ્વપ્નું ઉત્પન્ન કરોછો! તે સ્ત્રી, જે એ પ્રમાણે પાક મોહોબત, ગાયન અને ધર્મ અથવા ખોદા ઉપર જાનફેશાણી (Devotion) દેખાડતી, તેણીની ઉપર જરફ ફીરેસ્તો ફિદા થયા વગર કેમ રહે! તે તેણીની આગળ ગયો અને તેણીની સાથે તેજ સાંજે લગનના ગાંઠમાં જોડાયો.

એ ફ્રેસ્તાનો વાંક આજ કે એક ઓરતજાતના નાજથી આકાશ ભણીથી જમીન તરફ તે ખેંચાયો. માટે ખોદા તેની ઉપર કાંઈ ઘણો નારાજ થયો નહીં હતો, પણ દયાની નજરથી જોતો. વળી, તેઓ બેઉ નરમાસવાળાં હતાં. નમાનાપણું, જે સર્વ નેકીઓનું મૂળ છે, તે એ બેઉના સદગુણ હતા.

Humility, that low, sweet root,
from which all heavenly virtues shoot.

એ ખાસ કરી 'નામા' સ્ત્રીનો સદગુણ હતો. તેણી કોઈ એવાં જ્ઞાનની ઘણી જીજ્ઞાસા રાખતી નહીં હતી, કે જેથી ઈવે (Eve) બેહેસ્ત ખોયું હતું.

તેની ઇતબાર અને મોહોબત, જ્ઞાન કરતાં વધારે ધરાવતી.

To *love*,
To *trust*, is happier than to *know*.

એઓની શિક્ષા એજ હતી કે તેઓ આ દુનિયામાંજ રહે અને ખાસેશ એકમેક ઉપરના સંપૂર્ણ વિશ્વાસ સાથે મોહોબત ભોગવવા વગર રહે અને તે સાથે તેને લગતી નિરાશી, નામુરાદીઓ ભોગવે. બીજી રીતે મોહોબતમાં તેઓ સુખી હતાં. આ પૃથ્વી ઉપર તું કોઈ જોડું પ્યારમાં સુખી જોય તો તું "જરફ અને નામા"ને જોતો હોય તેમ ધારજે.

ફ્રેંન્ચ સાએર વૉલ્ટેરના "લે ગેબ્ર" (Les Guebres) એટલે "આતશની સેતાયશ કરનારાઓ" નામની વાર્ત્તાનું દાસ્તાન. (૧)

આપણા એક આતશબેહેરામની સાલગીરેહના આજના મુબારક રોજે હું એક ફ્રેન્ચ દાસ્તાન કહેવાને ઉભો છું. મેં આગળ કેટલાક આપણાં શાહનામામાનાં ફારસી દાસ્તાનો કહ્યાંછે અને તેઓનું વાંચન વાંચ્યુંછે. આજના રોજનાં જેવા આતશબહેરામની સાલગીરેહના એક આગલા અવસર ઉપર મેં જાણીતા અંગ્રેજી સાએર **ટૉમસ** મૂરની 'લાલા રૂખ' નામની કવિતામાંથી "Fire-worshippers" અથવા "આતશની સેતાયશ કરનારાઓ" એવે નામનું દાસ્તાન વાંચી અને કહી સંભળાવ્યું હતું. આજે જે દાસ્તાન હું કહેવા માગુંછું તે એક ફ્રેન્ચ દાસ્તાન છે.

ટૉમ્સ મૂરમાંથી વાંચેલાં અને કહેલાં દાસ્તાન વચ્ચે અને વૉલ્ટેરના આજે કહેવામાં આવનારાં દાસ્તાન વચ્ચે કેટલાક પ્રકારનું સરખાપણું છે.

૧. પેહેલું તો અંગ્રેજી સાએર ટૉમ્સ મૂરે પોતાના દાસ્તાનને The Fire worshippers એટલે "આતશની સેતાયશ કરનારાઓ" એવું જે નામ આપ્યુંછે, તેવુંજ 'લે ગેબ્ર' એટલે "આતશની સેતાયશ કરનારાઓ" નામ ફ્રેન્ચ સાએર વૉલ્ટેરે પોતાના દાસ્તાનને આપ્યુંછે.

૨. બેઉનાં દાસ્તાનો કલ્પીત જોડી કાહાડેલાં છે. પણ તે બેઉ એક સાચી બીનાના પાયા ઉપર, એક બીના, જે વૉલ્ટેરના પોતાના શબ્દોમાં કહીએ તો, la plus exacte vérité એટલે "ઘણીજ ચોકસ સચ્ચાઇ" છે, તે ઉપર રચેલાંછે. તે સચ્ચાઇ આ છે કે, અસલી ઇરાનીઓ ઉપર પોતાની દીન તરફની તેઓની જાનફેશાની ખાતર બીજી દીનવાળાઓ તરફથી ઘણો જુલમ ગુજર્યો હતો અને તેઓને પોતાની જન્મભૂમિ ઉપરથી નાસભાગ કરવું પડતું હતું.

ટૉમ્સ મૂરના દાસ્તાનમાં આપણા શાહાનશાહ યજદજર્દ શેહરયારની હાર પછી આરબોને હાથે હારમાર થઇ અસલી જરથોસ્તી ઇરાનીઓ ઓરમઝ ટાપુ સુધી નાસી આવ્યા હતા, તે નાસભાગના એક બનાવ સાથે વાર્ત્તાની કળી જોડાઇછે. વૉલ્ટેરનું દાસ્તાન આપણને આરબોની ફતેહની આગમચના એક જમાના ઉપર લઇ જાયછે, કે જ્યારે હજુર તો જરથોસ્તી ઝુંડો ઇરાન સરજમીનના મોટા ભાગ ઉપર ઉડતો હતો. તે જમાનો રોમન શાહાનશાહ ગેલીએનસ (Gallienus) નો હતો, કે જ્યારે ઇરાની શાહાનશાહતના પશ્ચિમ ભણીના ભાગ સીરિયામાં રોમનોની સત્તા ચાલતી હતી. ત્યાં તે રોમનો, જેઓનો ધર્મ તે વખતે ઘણાક દેવતાઓને માનવાનો હતો, તેઓ જેમ ખ્રિસ્તિ તેમ જરથોસ્તી એ બેઉ ધર્મવાળાઓ ઉપર જુલમ કરતા હતા.

૩. વળી, બેઉ દાસ્તાનોમાં મોહોબતની કળી વાર્ત્તામાં જોડાઇછે. બેઉમાં એક જરથોસ્તી અને એક નહીં-જરથોસ્તી અથવા જૂદી દીનવાળાઓ

---

(૧) આ દાસ્તાન રોજ ૧૭મો માહા રજે શાહેનશાહી સને ૧૨૭૩ યજદજર્દી, તા૦ ૩૧ મી અક્ટોબર ૧૯૦૩ ને વાર સનીને દિને, મરહુમ શેઠ હોરમજી બમનજી વાડીયાજીના આતશબેહેરામની સાલગીરેહને દિને, સાંજે ૫-૩૦ ને અમલે, ફરામજી કાવસજી ઇન્સ્ટિટયુટમાં, 'બજ્મે જશને રૂજે હોરમજદ' મંડલી તરફથી કહી સંભળાવવામાં આવ્યું હતું.

વચ્ચેનાં લગનો અગત્યનો ભાગલેછે. ટૉમ્સ મૂરનાં દાસ્તાનમાં એક જરથોસ્તી જવાન મરદ નહીં–જરથોસ્તી અથવા મુસલમાન સ્ત્રીના પ્યારમાં પડેછે. પણ વૉલ્ટેરના દાસ્તાનમાં રોમન શેહેરીઓ અને સરદારો જરથોસ્તી સ્ત્રીઓ સાથે લગનનાં ગાંઠમાં જોડાયછે.

૪. બેઉ કરૂણારસ દાસ્તાનો (Tragedies) છે. પણ જ્યારે ટૉમ્સ મૂરનું દાસ્તાન સંપૂર્ણ કરૂણારસિક છે, અને તેમાં વાર્તાનાં નાયક અને નાયકા મરણ પામેછે, ત્યારે વૉલ્ટેરનું દાસ્તાન વાર્તાના આખા ભાગમાં અતિઘણી કરૂણારસિક હાલત બાદ સેવટના થોડાક ભાગમાં સારૂં રૂપ લેછે અને સઘળાં પોતાનો જાન સલામત બચાવેછે.

આજના આપણા દાસ્તાનના મૂળ આધાર અથવા મતલબ માટેના ફકરા (text) તરીકે જો આપણે કોઇ સતરો લઇએ તો તે વૉલ્ટેરની પોતાની Henriade નામની ચોપડીની નીચલી સતરો છેઃ—

"Et périsse à jamais l'affreuse politique,

Qui prétend sur les cœurs un pouvoir despotique,

Qui veut, le fer en main, convertir les mortels,

Qui du sang hérétique arrose les autels,

Et prenant un faux zèle et l'intérêt pour guides,

Ne sert un Dieu de paix que par de homicides!"

અર્થ. "તે ભયંકર રાજનીતિ નાબુદ થાઓ કે જે માણસોનાં અંતઃકરણ ઉપર જાસ્તી ચલાવેછે, કે જે હાથમાં તલવાર રાખી માણસોને વટળાવવા ચાહેછે, જે પોતાથી દીનમાં છુટા પડનારના લોહીથી યજ્ઞકુંડોને ધોવા માગેછે અને ખોટા જનુનને અને સ્વાર્થને પોતાના રેહબર ભોમીઆ તરીકે ગણી સુલેહસંપજ ચાહનારા ખોદાની સેવા ખુનોથી બજાલાવેછે."

આ સતરોથી જે રાજ યા મંડળ ગેરરીતીથી માણસોમાં એક ધર્મ યા એતેકાદ ફેલાવવાની કોશેશ કરે તે તરફ ધિક્કાર દેખાડવાની વૉલ્ટેરની મતલબ છે. તે કહેછે કે "માણસના અંતઃકરણપર મનગમતા વિચારો પસંદ કરવાનું રાખો." તેના આ શબ્દો આપણા પેગામ્બરના ઇજદ્દસ્નેના પેલા જાણીતા શબ્દોની યાદ આપેછે કે જેમાં તે પોતાના સાંભળનારાઓને તેનું બોલેલું સમજી, તે ઉપર ગોર કરી, પસંદ પડે તે કબૂલ કરવાને કહેછે.

હવે દાસ્તાંનના જમાના ઉપર અને તેની બાબત ઉપર આવવા આગમચ આપણે આપણા સાએર બાબે—આપણા દાસ્તાનના કર્તા બાબે—થોડોક વિચાર કરીએ. 'એનસાઇક્લોપીડિયા બ્રિટૅનિકા'માં એ સાએર માટે જે લાંબી હકીકત આપીછે, તેમાંથી આ નીચલી થોડીક હકીકત એકઠી કરીછે.

વૉલ્ટેરની જીંદગીનો એહેવાલઃ— વાલ્ટેર એક સાએર, નાટકકાર, તવારીખનવેશ અને વળી ફિલસુફ પણ ગણાતો. તે ઇ. સ. ૧૬૯૪ માં પેરીસમાં જનમ્યો હતો અને ઇ. સ. ૧૭૭૮ માં મરણ પામ્યો હતો. બચપણથી તે શકમંદ ઉછર્યો હતો એટલેકે પોતા સનમુખ રજુ થતી પુરાણી બાબત ઉપર એક પ્રકારનો શક (scepticism) દેખાડતો. તેણે જેસ્યુઇસ્ટોની હકુમત તળેની એક કૉલેજમાં કેળવણી લીધી હતી. તે નાટકો લખવામાં પ્રવીણ નિવડયો હતો. તેનો એક સબબ જેસ્યુઇસ્ટોની આ કૉલેજની કેળવણી ગણવામાં આવેછે, કારણકે રેનેસાંસ (Renaissance) ના વખતથી નિશાળોને કેટલીક હદે નાટકશાળા બનાવવાનો જે રિવાજ શરૂ થયો હતો તે રિવાજ એ જેસ્યુઇસ્ટોએ પોતાની પાઠશાળાઓમાં ચાલુ રાખ્યો હતો. નાટકોથી ધડો આપવો એ તેઓ એક અગત્યનું કામ ગણાતા હતા. તેના બાપની મરજી તેને કાયદાનો અભ્યાસ કરાવવાની હતી પણ તે પોતે

સાહિત્યને પોતાના ધંધા તરીકે લેવા માગતો હતો. તે વખતની થોડીક વળાણુ મુજબ તેનો બાપ સાહિત્યને એક ધંધા તરીકે ગણુતો ન હતો. વૉલ્ટેરને કેટલીક હદે પોતાના બાપની મરજીને શરણુ થઇ કાયદાનો અભ્યાસ કરવો પડયો,પણુ તે ઉપર ઘણું ધ્યાન આપવાને બદલે સાહિત્યના અભ્યાસ ઉપર તે ખાનગી રીતે વધુ ધ્યાન આપતો. તેણે નાની ઉમ્મરથી કવિતાઓ રચવા માંડી. પણુ તે કોઇક ધણીઓની આબરૂ ઉપર હુમલો કરનારી હોવાથી, તે કેટલીક વાર મુશ્કેલીમાં આવી પડયો. રાજા લુઇ ૧૪ માના મરણુ વખતે જે રીજંટ રાજ્યકારભાર ચલાવતો તેની સાંમે તેને ડચેસ ઑફ મેન (Duchess of Maine) નામની એક ઉમરાવ બાનુની ઉશ્કેરણીથી કવિતા લખવાથી તેને ઇ. સ. ૧૭૧૬ માં દેશનિકાળ કાઢવામાં આવ્યો હતો. ત્યાંથી પાછો આવ્યા પછી, એવાંજ કોઇ લખાણુ માટે તેને ૧૭૧૭ માં બાસ્ટીલમાં બંધ કરવામાં આવ્યો. ૧૧ મા મહિના બાદ તે ત્યાંથી છુટયો. એનો એડીપ (Œdipe) નામનો નાટક એ અરસામાં ઘણો ફતેહમંદ નિવડયો અને તેથી એને ઘણા પૈસા મળ્યા જે એણે સટ્ટામાં વાપર્યા. એ સટ્ટો એને કેટલીકવાર ફતેહમંદ નિવડયો. ૧૭૧૯ માં વળી પાછું તેને કોઇની આબરૂને નુકસાન કરનારા લખાણુ માટે દેશનિકાળ જવું પડયું, જ્યાંથી ૧૭૨૦ માં તે પાછો પેરીસ આવ્યો. ૧૭૨૧ માં એનો બાપ મરી ગયો અને તેની મોટી મિલકત એને મળી. વળી, ઉપર કહેલા રીજંટે એને એ વખતે મોટું સાલીઆણું આપતું કીધું હતું. એણે આગળ આ રીજંટને અપમાન કીધું હતું, તે છતાં તેણે એને સાલીઆણું આપતું કીધું. એ દાખલામાં આપણે તે પ્રકારની નબળાઇ જોઇએ છીએ કે જે ઘણા જમાનામાં અને ઘણાક દેશોમાં આપણે કોઇક તવંગર માણુસોમાં જોઇએ છીએ. તેઓ કોઇક જાણીતા લખનારાઓ, જેઓ કલમ ઉપર સારો કાબુ ધરાવતા હોય તેઓને, તેઓની બીજી વર્તણુક તપાસવા વગર અથવા તેવી વર્તણુક જાણુવા છતાં તે ઉપર આંખવીચામણા કરી, નાણાંની મદદ કરી, પોતાની મેહેરબાની તળે રાખેછે, કે તેઓ ટાઢા-મીઠા રહી તેઓ સાંમે લખાણુ કરે નહીં અને સામી તેઓની સ્તુતિ કરે. તે રીજંટે વળી એને એક જાસુસ અથવા છુપા રાજદ્વારી (Secret diplomatist) તરીકે રાખી પોતાને ખરચે છુપી ખબરઅંતર લાવવા ગામેગામ મોકલ્યો. કહેછે કે હાલ પણુ ફ્રેન્ચ સરકાર પોતાના દેશના સાહિત્યમાં પ્રવીણુ માણુસો (men of letters)ને પૈસા આપી મુસાફરીએ મોકલેછે. તે રિવાજ એના વખતથી શરૂ થયલોછે. એવા જાસુસ તરીકેના કામમાં કહેછે કે વૉલ્ટેરને એક વખત માર વટીક ખાવો પડયો હતો. ૧૭૨૪ માં રીજંટ મરણુ પામ્યો અને તેના મરણુથી એણે એક મુરબ્બી ખોયો. ત્યારપછી ડયુક ઑફ રીશેલ્યુ (Richelieu), જે પણુ એક ઉડાઉ ઉમરાવ હતો, તે તેનો મુરબ્બી અને મિત્ર થયો. એનાં એ વખતનાં કેટલાંક લખાણો પાદશાહી ખાનદાન અને અમીર ઉમરાવોની ખુશામત કરનારાં ગણાયાંછે. ૧૭૨૫માં તેને Chevalier de Rohan નામના એક તવંગર પુરૂષ સાથે બોલાચાલી થઇ અને તેણે એને પોતાના માણુસ પાસે મરાવ્યો. ત્યારપછી એને બીજી વખત બાસ્ટીલ (Bastille)માં બંદીખાને નાખવામાં આવ્યો. ત્યાંથી એને એની અરજ ઉપરથી ઈંગ્લંડ મોકલી દેવામાં આવ્યો. ઈંગ્લંડની મુલાકાતે તેને ઘણો ફાયદો કીધો. હાલસુધી તે છુટાછવાયા ઓછી અગત્યનાં લખાણો કરતો હતો, તેને બદલે તે હવે યૂરોપના સાહિત્યના પ્રવીણુ માણુસોમાંનો એક ગણાવા લાગ્યો. અહીં તે ૧૭૨૬ થી ૧૭૨૯ સુધી રહયો અને જયોર્જ બીજાની રાણી કેરોલીને તેના તરફ મેહેરબાની દેખાડી. અહીં એણે માણુસોના જાં છુટા વિચાર તરફનું જે શહનશીલતાપણું (toleration) જોયું

તેથી એની ઉપર ઘણી અસર થઇ. એણે ઈંગ્લંડની રાણીને પોતાનાં હેન્રીઆ (Henriade) નામનાં જાણીતાં પુસ્તકનો અંગ્રેજી તરજુમો અર્પણ કીધો અને એ ચોપડીથી ઘણા પૈસા મેળવ્યા. ૧૭૨૯માં તે પરવાનગીથી પેરીસ પાછો ફર્યો. ત્યાં આવતાં તેણે એક સોરટીના સટ્ટામાં ઘણું નાણું પેદા કર્યું. ૧૭૩૩માં તેણે Lettres Philosophiques sur les Anglais નામની ચોપડી પ્રગટ કીધી. તેમાં ફ્રાન્સનાં ધર્મ અને રાજ્યની બાબત ઉપર તેણે હુમલો કીધો. એજ વર્ષમાં તેણે Temple du Goût નામની ચોપડી પ્રગટ કરી. તેમાં પોતાના વખતના ફ્રેન્ચ સાહિત્યના લખનારાઓ ઉપર અને તેમાં ખાસ કરી રૂસો (Rousseau) ઉપર તેણે હુમલો કીધો. એમાંથી પેહેલી ચોપડીને ૧૭૩૪માં રદ કરી બાળી નાખવાનો હુકમ મળ્યો અને તે પોતે નાસી ગયો અને સીરી (Cirey) નામની જગ્યાએ શેમ્પેન (Champagne) ની સરહદ ઉપર જઇ રહયો. ૧૭૩૬માં વળી તે લોખંડના ભરતકામ (iron-founding) ના ધંધામાં પડયો. ૧૭૩૯માં તેને પ્રશીઆના રાજા ફ્રેડરિક સાથે પિછાન પડી, જેને ત્યાં તે પાછળથી ૧૭૫૧માં જઇ રહયો. ઇ૦ સ૦ ૧૭૪૬માં તેને એકેડેમીમાં ચુંટી કહાડવામાં આવ્યો. પ્રશીઆના રાજા ફ્રેડરિકની દરબારની એની મુલાકાત બાબે મેકૉલે તેમ કારલાઇલે પણ લખ્યુંછે, જેમાં તેઓ વૉલ્ટેર સામે ઘણા સખત ચયલા ગણાયછે. ફ્રેડરિકની દરબારમાં તેને પાળવ્યું નહીં. એ બેઉ એકમેક સાથે સારી રીતે વર્તયા નહીં. વળી ત્યાં વૉલ્ટેર એક જાતના જુગારી સટ્ટામાં પડયો અને કહેછે કે એક વખત ફૉર્જરી યાને જુઠી સહીના વાંકના સપાટામાં પણ તે આવ્યો હતો. ફ્રેડરિકની દરબારમાં તે મોપેરટુઇ (Maupertuis) નામના બીજા વિદ્વાન સાથે અણબનાવમાં આવી પડયો. ફ્રેડરિક, મોપેરટુઇની તરફેણ કરતો. બેઉ એકમેક સામે લખાણ કરતા. વૉલ્ટેરે તેની સામે Diatribe du Docteur Akakia નામની ચોપડી લખી, પણ પાદશાહની પરવાનગી વગર તે તે છપાવી શકયો નહીં. ત્યારે કહેછે કે તેણે એક બીજું વાંધા વગરનું ચોપાનિયું પાદશાહને દેખાડયું. પાદશાહે તેમાં વાંધા જેવું નહીં જોઇ તેના છેલ્લા પાના ઉપર પોતાની સહી કરી, તે છપાવવાની પરવાનગી આપી. ત્યારે કહેછે કે વૉલ્ટેરે બીજી ફૉર્જરી કીધી. પેલા મોપેરટુઇની સામેના અસલ સખ્ત લખાણ Akakia ની સેવટે પેલાં નિર્દોષ લખાણવાળું પાદશાહની સહીનું છેલ્લું પાનું જોડી દઇ, તે પ્રગટ કીધું. તેથી પાદશાહ સાથે એ બાબે ઘણો અણગમો ઉભો થયો. સેવટે તે પરવાનગીથી પેરીસ જવા ઉપડયો. માર્ગમાં તેને ઉપલાં 'એકેકિયા'નાં લખાણનો એક વધારો (supplement) વધારે સખ્ત ભાષામાં પ્રગટ કીધો. પાદશાહે તેને ફ્રૅન્કર્ફૉર્ટ ખાતે પકડાવ્યો. થોડોક વખત પછી તેને ત્યાંથી જવા દેવામાં આવ્યો. ફ્રાન્સમાં તેને દાખલ કરવામાં આવ્યો નહીં. કહેછે કે તેણે કોલમાર (Colmar) ખાતે કનફેસન (confession) કરી યુકરિસ્ત (Eucharist) ની ક્રિયા કરી, એવા ખ્યાલથી કે તેની એવી વર્તણુકથી તેની સામે થનારા દુશ્મનો નરમ પડે પણ તેમ બન્યું નહીં. તેણે ફેર્ની (Ferney) નામની જગાએ લાંબો વખત પોતાનું ઘરબાર માંડયું. પછી લુઇ ૧૬માના ગાદીનશીન થવાના વખત બાદ, તે પેરીસમાં આવ્યો અને ત્યાં મરણ પામ્યો. તેના લશ્તાનો પાદરી તેને ધર્મનાં મકાનમાં દાટતો અટકાવશે એવી ચિંતાથી, એવો હુકમ આવે તેની આગમચ, દોડાદોડી કરી તેને દાટી દેવામાં આવ્યો.

પેહેલી નજરે કોઇક સાહેબોને એમ લાગે કે " આજના જેવા ધર્મસંબંધી તેહેવારને દિવસે વૉલ્ટેર જેવા ફ્રેન્ચ નાટકકાર અને સાએરનું લખેલું એક દાસ્તાન પ્રસંગોપાત કેમ કહેવાય અને વળી તે એક ધર્મગુરૂને મોહોડેથી વાજબી કેમ કહેવાય, કારણ કે વૉલ્ટેર તો ફ્રેન્ચ પ્રજાના મોટા ભાગના મનથી

અને બીજી પ્રજાઓના પણ મોટા ભાગના મનથી ધર્મ વિરૂદ્ધ (Anti-religious) અને ધર્મગુરૂ વિરૂદ્ધ (Anti-ecclesiastical) ગણાયછે ?" પણ આપણે આ દસ્તાન જાણીશું તો જોઈશું કે રોશની જ્યાંથી પણ આવે તે આવકારદાયક હોય છે. ઘણીકવાર આપણા દોસ્તો આપણને શિખવેછે તેના કરતાં આપણા દુશ્મનો આપણને વધુ શિખવેછે, આપણા દોસ્તો ફાયદો કરેછે તેના કરતાં દુશ્મનો વધારે કરેછે, કારણકે તેઓની આપણા સામેની વર્તણુક આપણને નમરવશ કરવાને બદલે સાહુચેત રાખેછે અને ખાડાખબોચીઆં આગો-માં રખેને પડીએ તે બાબે ખબરદાર કરેછે. હવે વૉલ્ટેર ધર્મ વિરૂદ્ધ હતો કે ધર્મગુરૂ વિરૂદ્ધ હતો તે બાબે હું કાંઇ એના લખાણોના વાંચન ઉપરથી બોલવાને શકિત-વાન નથી, કારણકે એના લખાણોનો મારો અભ્યાસ કાંઇ નથી. પણ તેના આજના આ દાસ્તાનની બાબતવાળા નાટક ઉપરથીજ જો હું તેને માટે વિચાર બાંધું તો તેમાં હું ધર્મ વિરૂદ્ધ અને ધર્મગુરૂ વિરૂદ્ધ કાંઇ પણ જોતો નથી. ધર્મને નામે—ધર્મના આંધળાં ઝુનુનને નામે જે ઘણું અનુઘટતું થાયછે અને ધર્મગુરૂઓની સત્તાના નામ હેઠળ, તેઓનાં ઝનુ-નના નામ હેઠળ જે ઘણુંક થાયછે તે અલબતે તેમાં વખોડી કાઢયુંછે. તમો જ્યારે આ દાસ્તાનમાં તે હકીકત જાણશો ત્યારે અલબતે તેમાં વખોડી કાઢવા જેવું થોડું જોશો પણ વખાણવા લાયક ઘણું જોશો, કારણકે રોમનો-ના ધર્મને નામે અને તેઓના ધર્મગુરૂના આકાશી ગણાતા દરજ્જાના ઓથાં હેઠળ, નિર્દોષ ઇરાની જરથોસ્તીઓ, જેઓએ પોતાના ધર્મને વળગી રહેવા માંગ્યું હતું, તેઓ ઉપર જે બહુ દુઃખ પાડવામાં આવ્યું હતું, તે સામે તે અણગમો દેખાડે છે.

વૉલ્ટેરની જીંદગીનો એહવાલ આપણને અલબતે દેખાડેછે કે તેની જીંદગી કાંઇ આપણને માટે સર્વ પ્રકારે નકલ કરવા જોગ નહીં હતી. ધર્મના રિવાજો અને ક્રિયાઓ અને જુના વિચારોને માન આપે અને તેમ માન આપી તે સાથે ચોખ્ખો નીતિમાન નિવડે એવા પુરૂષને અલબતે આપણે પસંદ કરીશું. ત્યાર પછી બીજા બે પ્રકારના માણસો સરખામણી માટે આપણી હજુર રજુ થાય. એક તે, કે જે ધર્મના રિવાજો, ક્રિયાઓ અને જુના વિચારોને નજરે પડતી રીતે ઘણું માન આપે, પણ તે ફક્ત તેમાંજ ધર્મ સમજે અને નીતિમાન જીંદગી ઉપર ધ્યાન આપે નહીં. બીજો તે, કે જે ધર્મના રિવાજો અને ક્રિયાઓ અને જુના વિચારોને નજરે પડતું થોડું માન આપે, પણ નીતિ-માન જીંદગીને પેહેલું વજન આપે. એવા બે શખ્સોમાં અલબતે આપણે બીજાને પેહેલે પસંદ કરીશું.

હવે એ ત્રણ પ્રકારના શખ્સોમાંથી વૉલ્ટેર અલબતે પેહેલા વર્ગનો હતોજ નહીં, તે બાબે તો શક છેજ નહીં. હવે તે ત્રીજા પ્ર-કારનો શખ્સ હતો કે તે બાબે મતફેર છે. મોટા ભાગનો વિચાર એવો દિસેછે કે તે તેવા પ્રકારનો પણ નહીં હતો. 'એનસાઇક્લો-પીડિયા બ્રિટૅનિકા'માં એની જીંદગીની હકીકત લખનાર કહેછે કે "He is not a good subject for those who maintain that nice morality may exist independently of religion." એ મુજબ, એની જીંદગી કોઈ રીતે આપણ માટે નકલ કરવા જોગ નથી, પણ આપણને તેની સાથે કામ નથી. આપણું દાસ્તાન તેની જીંદગીનું દાસ્તાન નથી પણ તેણે લખેલું એક દાસ્તાન છે. તે આપણને આપણી સાસા-નિયન શાહાનશાહતના એક જમાના ઉપર લઇ જાયછે કે જે જમાનામાં પણ આપણાં ઇરાનની સરહદની બહાર બીજી પ્રજાના મુલકમાં આપણા જરથોસ્તીઓ ઉપર દીનને ખાતર જુલ્મ પડયો હતો.

હવે આપણે આપણા દાસ્તાનના જમાના અને જગ્યા ઉપર આવીએ.

વૉલ્ટેરના દાસ્તાનનો જમાનો તે રોમન શા-હાનશાહ ગેલીએનસ (*Gallienus*) નો જમાનો

છે. એ શાહાનશાહે પેહેલે પોતાના બાપ વેલેરીઅનની સાથે જોડિયા-શાહાનશાહ તરીકે ઈ. સ. ૨૫૩ થી ૨૬૦ સુધી રાજ્ય કર્યું હતું. ત્યાર પછી જ્યારે વેલેરીઅન ઇરાની શાહાનશાહ શાપુર તે અરદેશર બાબેગાનના બેટાના હાથમાં લડાઇમાં બંદીવાન પડયો, ત્યારે તેણે એકલાએ ઇ. સ. ૨૬૦ થી ૨૬૮ સુધી રાજ્ય કીધું હતું. ત્યારે એ જમાનામાં, ઇરાનની શાહાનશાહાત અરદેશર બાબેગાનને હાથ સજીવન થઇને તેના બેટા શાપુરના હાથમાં હજુર પોતાની નવી જાહોજલાલી ભોગવતી હતી. વેલેરીઅનને બંધ કરી, શાપુરે રોમના તખ્ત ઉપર એક એવા ધણીને શાહનશાહ તરીકે બેસાડયો કે જે તેના હુકમોને તાબે થાય. તે ધણી એનટીઓક શેહેરનો એક અમલદાર નામે 'સીરિઆડીસ' (Cyriades) હતો. **ગિબન** કહેછે કે(૧) તેણે આ મેહેરબાનીના બદલામાં પોતાના દેશને દગો કરી એનટીઓક શેહેર ઇરાની પાદશાહને શરણ કીધું. વળી, **ગિબન** જણાવેછે કે ઇરાનીઓ જોસબંધ આગળ વધતા હતા, પણ માર્ગમાં 'એમેસા' (Emesa) શેહેર-જેનું નામ આપણે વૉલ્ટેરની વાર્તામાં વાંચીએ છીએ-તેનો વડો ધર્મગુરૂ સામે થયો. તે બાબે **ગિબન** કહેછે કે The tide of devastation was stopped for a moment by the resolution of the high priest of Emesa. Arrayed in his sacerdatal robes, he appeared at the head of a great body of fanatic peasants, armed only with slings, and defended his god and his property from the sacrilegious hands of the followers of Zoroaster."

ત્યારે એવું દિસેછે કે શાપુરની ફતેહમંદ કુચે ઘણાક રોમન શેહેરોને તેના પોતાના અને તેના ધર્મના કટા વેરી બનાવ્યાં હતાં. એ ઇરાની પાદશાહ અને બીજા પાદશાહો પણ, લાગ ફાવવે, પોતાની સતાના દોરથી અને ફતેહના તોરથી જરથોસ્તી ધર્મ રોમન મુલકોમાં ફેલાવવાને કોશેશ કરતા હતા. આગળ, હખામનિયમ પાદશાહોના વખતમાં યુનાનીઓએ પણ ઇરાનીઓને હાથ પોતાનાં મંદિરો પાયમાળ કરવાની ફરિયાદ કીધી હતી. એમ એક ફતેહમંદ પાદશાહના લશ્કર સાથે તેનો ધર્મ, જોરથી—કદાચ તેની જાણ વગર પણ—કુચ કરે તેમાં નવાઇ નહીં. ત્યારે શાપુર અને અરદેશર બાબેગાનના વખતમાં તેમ બન્યું હોય. રોમન ધર્મગુરૂઓને તે માટે મનમાં ડાઘ હોય. વળી ઇરાની લશ્કરને હાથે તેઓનો મુલક પાયમાલ થયો તેનો તેઓનાં મનમાં ડાઘ હોય. તે ખાતર તેઓએ ઇરાનીઓને પોતાના દેશ અને દીનના દુશ્મન ગણી 'સીરિયા'ના મુલક ભણીના પોતાને તાબેના મુલકોમાં તેઓ સામે વેર રાખી તેઓ ઉપર જુલમ કર્યો હોય એ કુદરતી છે.

ત્યારે, વૉલ્ટેરે પોતાની વાર્તાનાં વતન તરીકે 'સીરિયા'ના મુલકનો એ ભાગ લીધોછે અને પોતાની વાર્તાના જમાનાં તરીકે એ જમાનો લીધોછે, તેનો સબબ આપણને સમજ પડેછે. વળી, તેણે ઇરાનીઓ ઉપર જુલમ ગુજારનાર મુખ્ય પુરૂષ તરીકે રોમનોના એક ધર્મગુરૂને દરશાવ્યોછે તે પણ ઉપલી હકીકત ઉપરથી સમજ પડેછે કે જે હકીકત મુજબ 'એમેસા'ના એક રોમન ધર્મગુરૂએ શાપુરની કુચને અટકાવી હતી.

હવે વૉલ્ટેર પોતાના દસ્તાનના દિબાચામાં કહેછે તેમ, તેણે આ નાટક પેહેલે ખ્રિસ્તિ ધર્મ ઉપર રોમન શાહાનશાહોના ગુજરતા જુલમનાં એક ચિત્ર તરીકે ધાર્યો હતો. પણ એવો ચિતાર તેણે બીજા નાટકોમાં ચિતાર્યો હતો. તેથી ખ્રિસ્તિ ધર્મના ચિતારને વારેઘડીએ તખ્તા ઉપર રજુ કરવાનું દુરૂસ્ત નહીં ધારી તેણે એ નાટકનું દાસ્તાન ઇરાનીઓને લાગુ પાડયું, કારણકે રોમન શાહાનશાહો અને અમલદારો જેમ નવા દાખલ થતા

(૧) The Decline and Fall of the Roman Empire, Vol I. p. 162.

ખ્રિસ્તિ ધર્મ સામે સખ્ત થતા હતા, તેમ ઇરાની ધર્મ સામે પણ સખ્ત થતા હતા. રોમન શાહાનશાહોમાં ખ્રિસ્તિ ધર્મને પેહેલવેહેલો મદદ કરનાર શાહાનશાહ 'કૉનસ્ટૅનટાઇન' હતો જે ખ્રિસ્તિ ધર્મની તવારીખમાં તેજ જગ્યા લેછે કે જે બુધિસ્ત ધર્મની તવારીખમાં 'આસોક' લેછે અને જરથોસ્તી ધર્મની તવારીખમાં 'શાહ ગુસ્તાસ્પ' લેછે.

આ દાસ્તાનવાળો ગેલેનીઅસ શાહાનશાહ સર્વ વાતે બુરો ગણાતો, પણ તેણે ધર્મનાં છુટાપણાંની શરૂઆત કીધી હતી, તેથી તેનું તે કામ ઘણાં બુંડા કામોમાં ભલું ગણાતું.

શરૂઆતમાં આપણા દાસ્તાનના કર્ત્તા, દાસ્તાનના જમાના અને દાસ્તાનની જગ્યા બાબે આટલી લગાર લંબાણુથી તપાસ કરી, હવે આપણે આપણાં દાસ્તાન ઉપર આવીએ.

આપણે કહ્યું કે આપણી વાર્તાનું મથક સીરિયાના મુલકમાં છે. તે એ મુલકમાં ઓરોન્ટીસની ખીણુમાં આવેલું આપામે અથવા આપામીઆ (Apamea) નામનું પુરાણું શેહેર છે, કે જેને સેલ્યુકસ નિકાટોર (Seleucus Nicator) નામના સરદારે પોતાની બાયડી અપમ (Apama)ના નામ ઉપરથી એ નામ આપ્યું હતું. ક્રુઝેડસ (Crusades)ની ધાર્મિક લડાઇના વખતમાં તે ફામે (Fameh) નામથી જણાયલું હતું.

આ દાસ્તાન મુજબ આપામેના કિલ્લામાં બે ભાઇઓ છે. એકનું નામ 'ઇરદાં' (Iradan) અને બીજાનું નામ ' સેસેન ' (Céséne). ઇરદાં લશ્કરી અમલદાર છે અને તે આપામેના કિલ્લાનો વડો છે. સેસેન તેનો ભાઇ છે અને તેના હાથ તળે અમલદાર છે.

એક દહાડે એ બેઉ ભાઇઓ માંહોમાંહે વાત કરેછે. સેસેન પોતાના ભાઇ ઇરદાંને કહેછે કે " હું આ નોકરી કરતાં કંટાળી ગયોછું. શાહાનશાહની હાજરીથી દૂર આએ આપામેના કિલ્લામાં એક વડા ધર્મગુરૂના અમલ હેઠળ રહી કામ કરતાં મને કંટાળો આવેછે. મેં તો અહીં તારા હાથ હેઠળ રહી મારી બહાદુરી દેખાડવાની આશા રાખી હતી, પણ અહીં તેમ બનતું નથી. અહીંતો વડા ધર્મગુરૂનો દોર છે, અને તું તો જાણે તેના હાથ હેઠળ એક સરદાર છે.''

તેનો ભાઇ ઇરદાં તેનાં મત સાથ મળતો થયો અને પોતે પણ કંટાળેલોછે એમ જણાવ્યું અને બોલ્યો કે " પણ કરવું શું ? નસીબ જોગે હું એક સિપાહ તરીકે વધ્યોછું. નથી કોઇનો વગવસીલો કે ટેકો. આગળા સીઝરો (કએસરો, શાહાનશાહો)ના વખતથી આ શેહેરમાં ધર્મગુરૂઓનો દોર ચાલતો આવેલોછે. ઇરાની શાહાનશાહતથી આપણો મુલક છુટો પડયોછે. શાહાનશાહ વેલેરીઅન ઇરાની શાહાનશાહને હાથ બંદીવાન થઇ મુઓ હતો. જાણે તેના કિનામા આ શેહેરમાં ઇરાનીઓ ઉપર જુલમ છે. ઇરાની ધર્મ પાળવો એ ગુનાહ ગણાય છે. એઓ બિહેછે કે રખેને આ મુલકના લોકો ઇરાની ધર્મ, જે આપણા ધર્મ, કાયદા, રિવાજથી જૂદો છે, તે કબૂલ રાખે. કહેછે કે અહીં સીરિયામાં ૨૦ જૂદા જૂદા ધર્મો ફેલાયા હતા, તેથી તેઓ બીજા ધર્મો તરફ સખ્ત થાયછે."

સેસેન.—એમ કરવું ભૂલભર્યું છે. એક પ્રજા ઉપર માનભરી રીતે રાજ્ય ચલાવ્યું હોય તો તે પ્રજા પોતાના ધર્મ અને રાજ્ય વચ્ચે ફરક સમજી બેઉ તરફ એકસરખી રીતે વફાદાર રહે. તે પ્રજા પોતાનું હૈડું પોતાના દેવતાઓ તરફ રાખે, પણ પોતાના હાથ હમેશાં પોતાના પાદશાહ તરફ રાખે. શાહાનશાહ ગમે તો ઇરાની પ્રજા ઉપર વેર લે. પણ આ શેહેરમા જે નિર્દોષ ઇરાનીઓ હોય તેઓ ઉપર શા કાજે જુલમ કરવામાં આવે ? અને તે અમલમાં વડા ધર્મગુરૂને તારી સાથે શેહેરની હકુમતમાં શા માટે હમશરીક કરવામાં આવે ? અહીં વડા ધર્મગુરૂની જાલેમ ગુલામગીરીમાં ફરજિયાત રહેવા કરતાં જંગલમાં રહેવાનું હું પસંદ કરૂં.

ઇરદાં—મેં ૧૦૦ વખત એ બાબે વિચાર કીધો અને ધાર્યું કે આવી નોકરી છોડી દઈ

સ્વતંત્ર એકાંતવાસમાં જાઉં. પણ ચુગલીખોરોના ધાકથી બીધેલો છું. તું જાણેછે કે આગળ આપણી સરહદ ઉપર એમેસ (Emesse) ના ગામમાં ઇરાનીઓ રહેતા હતા, જ્યાં આપણે લગનના ગાંઠથી જોડાયા હતા. આપણે છુપી રીતે પરણ્યા હતા, કારણકે આપણા દેશના કાયદાએ એવાં ઇરાની બાનુઓ સાથેનાં લગનોને મોતની સજાને પાત્ર ગણ્યાં હતાં.

સેસેન—એ સઘળાંમાં આપણો પોતાનો વાંક છે. શા કાજે આપણ રોમન વાવતા હેઠળ લડયા ? અરે, એક સિપાહનું નસીબ ઘણું ખરાબ હોયછે. તેને પોતાની મરજી વિરૂદ્ધ કેટલીક વાર પોતાના શેહેર સામે, પોતાના ઘરબાર સામે લડવું પડેછે. પાદશાહના હુકમથી આપણે એમેસ ગામ ઉપર હુમલો કરી તેને સળગાવી મેલ્યું. તેમાં કોણ જાણેછે કે આપણે હાથેજ આપણી બાયડીઓ અને બચ્ચાંઓ—તારો છોકરો અને મારી છોકરી—બળી મુઆં હશે ?

ઇરદાં—એ સઘળું મને યાદ આવેછે અને મારૂં દિલ મને હમેશાં ડંખ દેછે કે સિપાહ તરીકેના મારા આ ધંધાને લીધે મારાં કુટુંબને બાળી નાખવાનાં કામમાં મેં ભાગ લીધો. આપણાં નસીબમાં કમબખ્તીના દહાડા કાઢવાના છે.

સેસેન—શાહાનશાહ અત્રે આજકાલ આવવાનો છે, ત્યારે તેને કહીને આ નોકરી છોડી દે અને બીજી કોઇ સારી નોકરી માગ.

ઇરદાં—તેની આજુબાજુ ખુશામતીઆ દરબારીઓ એટલા બધા હોયછે, કે તેની આગળજ જવા પામવું મુશ્કેલ હોયછે. આપણી દાદ તેની આગળ લાગે નહીં.

સેસેન—ફિકર નહીં તે આવે કે આપણે તેના પગ આગળ પડીશું અને અરજ ગુજારીશું. જો તે તાજોતખ્તને લાયકનો હશે, તો આપણને સાંભળશે.

એ બે ભાઇઓ એમ વાત કરતા હતા તેટલામાં મેગાટીસ નામનો એક સિપાહ, જે જાતે અને ધર્મે ઇરાની હતો, પણ જેણે પોતાનો ધર્મ છુપાવ્યો હતો, તે આવી પોંહોંચ્યો અને ઇરદાંને કહેવા લાગ્યો કે "આપામેના ધર્મગુરૂઓ એકદમ તુંને મળવા અને તારી સાથે વાત કરવા માગેછે."

ઇરદાં—વળી કોઇ નિર્દોષ ભોગ તેઓને હાથ લાગ્યોછે કે ?

હવે સેસેન બહાર ગયો અને શેહેરનો વડો ધર્મગુરૂ પોતાના સોબતીઓ તથા સિપાહો સાથે આવ્યો.

ઇરદાં—કેમ સાહેબ, તમોને કેમ આવવું પડયું ?

વડો ધર્મગુરૂ—દેવતાઓની સેવા બજાવવા, તેઓના કાયદા પાળવા, શાહાનશાહનો લાભ સાચવવા, શાહાનશાહના હુકમ પાળવા આવવું પડયુંછે.

ઇરદાં—એ સઘળાંને માન આપવાને હું તૈયાર છું. શો હુકમ છે ?

વડો ધર્મગુરૂ—એક ઇરાની છોડી, જેણી ઇરાની ધર્મગુરૂઓની ચેલી છે, તેણી લીબનના પહાડની તળેટીએ ખોર્શેદની સેતાયશ કરતી હતી. એવી સેતાયશથી આપણા દેવતાઓને અપમાન થાયછે, માટે તેણીને મારી નાખવાનો હુકમ તારે આ કિલ્લાના સરદાર તરીકે આપવો જોઇયે.

ઇરદાં—શું તેણીને મારી નાખવી ?

ધર્મગુરૂ—હા, કાયદા પ્રમાણે તેમ થવું જોઇયે.

ઇરદાં—પણ એટલી બધી સખ્તાઇ એક છોડી ઉપર, એક બચ્ચાં ઉપર ?

ધર્મગુરૂ—એક લડવૈયાએ આવી બાબતમાં ધર્મગુરૂના ચુકાદાની વચ્ચે આવવું નહીં જોઇયે. ઇનસાફ કરવો, માફ કરવું કે સજા કરવી એ મારૂં કામ છે અને તારે તો મારૂં કહ્યું માની તે મોતની સજાના હુકમને બાહાલી આપવી જોઇયે.

ઇરદાં—તમારો હક શો છે તે હું સમજુ-છું. માનવંત ધર્મગુરૂઓએ હંમેશાં તકો-બરીને અને ધાતકીપણાંને ધિક્કારી કાઢયું છે. તમોએ તેઓની નકલ કરવી જોઇયે. હું આ જગ્યાએ હાકેમ છું, માટે મારે કાયદા પ્રમાણે જુસ્તેજોઇ કરવી જોઇયે. તમે મારી સાથે અદાલત (કૉર્ટ)માં બેસો અને આપણે ઇનસાફ કરીએ. સિપાહો! તે છોડીને નર્માસથી લઇ આવો.

સિપાહો પેલી ઇરાની છોડી, જેણીનું નામ આર્ઝામ (Arzame) હતું તેણીને લાવ્યા.

ઇરદાં—છોડી! આવ અને હિમ્મત ધર.

પેલા ધર્મગુરૂએ તેણીની ઉપર નીચે મુજબ વાંક મુકયો :-"તેં મારી નજર હજુર મોબેદોએ જાહેર કરેલા ખોટા દેવતાઓની યાદમાં ગુનાહ-ભરી રીતે લોબાન બાળ્યુંછે અને રોમનોના દેવતાઓને માન આપ્યું નથી."

ઇરદાં—(પેલી છોડિને પુછેછે.) આ દેશના પુરાણા પાક ધર્મને તું માન આપતી નથી એ વાત શુ ખરી છે?

આર્ઝામ—હા સાહેબ, તે ખરી છે.

ધર્મગુરૂ—ચાલો બસ. તેણી પોતાને મોહોડે કબૂલ કરેછે. હવે તેણીને મારી નાખવી જોઇયે.

ઇરદાં—જો સીરિયન પ્રજાના કોઇ માણસને મોબેદ વટળાવેછે તો તેને દેશનિકાળ કાઢવાની સજા છે. આ છોડી પોતે ઇરાની છે, માટે તેણીને તેણીના ઇરાની મુલક મોકલી દેવી જોઇયે. બાઇ! તારૂં વતન કયું?

આર્ઝામ—મારે સાચું કહેવું જોઇયે. મારૂં વતન આજ શેહેર છે.

ઇરદાં—કેવી સાચી છોડી છે! ધર્મગુરૂ સાહેબો! આ કોમળ નારની–છોડીની—હાલત જોઇ તેણીની ઉપર દયા કરવી જોઇયે.

ધર્મગુરૂ—કાયદા પ્રમાણે અમે ખોટી માયા દેખાડી શકતા નથી. તેણીએ ખોરશેદની સેતાયશ કીધી માટે તેણીને મારી નાખવી જોઇયે.

આર્ઝામ—મારો ઇનસાફ કરવા આગમચ તમોએ ઇનસાફ જાણવો જોઇયે. તમે મારા ધર્મને સજા કરોછો પણ તે ધર્મ તમે જાણતા નથી.

આર્ઝામનું જરથોશ્તી દીન બાબે ભાષાણ.

ન્યાય કરવા ચાહે તો ન્યાયને પિછાન,
મનમાંથી દૂર કર ખોટું ગુમાન.
કરવા તું ચાહેછે મુજ દીનને સજા,
પણ જાણે ન દીન, ત્યારે બેજા.
ધરાવતો નથી મુજ દીનનું જ્ઞાન,
સમજ મારી દીન, ધર તું ધ્યાન.
રોશન તે આફતાબ, જે પાંથરેછે નૂર,
યજદો સઘળા, જે કુદરતમાં પૂર,
હવા ને પવન, ધરતી ને જળ,
જે સર્વપર કરેછ તેઓ અમલ,
એ સઘલી ચીજોની કોઇ પરસ્તેશ,
કરતી નહીં મારી દીન જે ખાલેશ.
આફતાબની કરતી નહીં પુંજા હું કાંઇ,
તે દાદારનીજ પુંજા કરૂંછું સહી.
કર્યોછે તેણે ખોરશેદ પેદા,
ધાતકીને કરેછ જે સજા સદા.
રોશની છે દાદારની પેહેલી પેદાસ,
સૂર્ય પર ચિતારેછ ખુદ ચેહરો ખાસ.
પ્રકાશેછ તેમાં કોઇ તેનો ખવાસ,
રોશન તેમાં દિસેછ તેનો અંશ આશ.
ખોરશેદમાં જોઇએછ તે દાદારનું નૂર,
પુંજા તેની કરીએછ જીગરથી પૂર.
બળતા આતશના સોલાની આગ
થી જરથોસ્તને ઉપજી ઉલટ બહુ પાક.
દેખાડયો તેણે અમને દાદાર,
જે દાદારને ગણેછે તું એમ અકાર.
માનતા નહીં તમો ખોદા તે એક,
પણ માનોછો દેવતા જે છે અનેક.
દાદાર તે દેછે ફરજનું ભાન,
માબાપને તાબે રહેવા ફરમાન.
રાજા તરફ વફાનો શિખવેછે બોલ,
આપો જો હોય શાહને કોઈ કોલ.

નિર્દોષને જાલેમથી કરેછે દૂર,
ઇનસાફ તે શિખવેછે દયા જરૂર.
કિનાથી રાખેછે દીલને તે સાફ,
સુલેહને જાળવી ફરમાવેછ માફ.
દીન મારી આવાં દેછે ફરમાન,
આવા એક ખોદા કાજ ધરાવ્યેછ માન.
મારવા જો ઇચ્છેછ તો માર મને માર,
દીન ખાતર મરવા છું હું તૈયાર.

આવી છટાદાર રીતે પોતાની દીનનો બચાવ આઝીમે કીધો, તે સાંભળી ઇરદાંએ પેલા ધર્મગુરૂને કહયું કે

“ તેણીનાં સાફ દિલે, તેણીની ઉમ્મરે, તેણીના સુભાષિતપણાએ તમારી સખ્તાઇને નરમ કરવી જોઈયે. હું આ છોડીને નિર્દોષ ગણુંછું. ”

વડો પાદરી—અને હું તેણીને ગુનેહગાર ગણુંછું. અમે તારા જેવા એક દીન તરફ નાવફા સિપાહને એમ ગુનેહગારને બચાવવા દઇશું નહીં.

બીજો ધર્મગુરૂ—આ છોડીને આ ખોટી દીનના માર્ગે ઉપર કોણ લઇ ગયુંછે અને એ કોણુની ખુનની છે તે જાણવું જોઇયે.

આઝીમ—શું ? હું મારાં માબાપનું નામ તમોને જાહેર કરૂં કે તમો તેઓ ઉપર જુલમ કરો ? જો હું તમારી ખાહેશને માન આપી મારાં માબાપનું નામ જણાઉં તો, હું માબાપનાં ખુનની તકસીરવાર થાઉં. તમારો હુકમ અણઘટતો છે. મને કહો કે કયા કાયદાથી, કયા હુકમથી તમે કોઇને તેનાં માબાપનું નામ દઇને તેઓને ફસાવવાનો હુકમ કરી શકો ? મને હવે વધુ પુછો ના અને હું તેનો જવાબ દઇશ નહીં.

વડો ધર્મગુરૂ—તારાં માબાપનું નામ દેવાને તુંને ફરજ પાડવામાં આવશે. ત્રિબ્યુન (ઇરદાં) ! શાહાનશાહનાં નામથી આ ગુનેહગારને તારે હવાલે અમે સોંપીએ છીએ અને તું તેણીને માટે જવાબદાર છે.

એટલું કહીને ધર્મગુરૂઓ જતા રહ્યા. પછી ઇરદાંએ પેલી છોડીને કહ્યું:—“ તું જરા ધીરજ ધર. તું જોયછે કે તેં આ મારે માથે ભયંકર ફરજ નાખીછે. ધર્મગુરૂઓ તરીકે તેઓએ તુંને મોતને લાયક ગુનેહગાર ઠેરવીછે. એક સિપાહસાલાર તરીકે મેં તુંને બિનગુનાહ ઠેરવીછે. પણ હું તેઓનાં મત વિરૂદ્ધ કાંઇ કરી શકતો નથી, કારણ આમ લોકો તેઓને માન આપેછે. તેઓને શાહાનશાહનો ટેકો છે. તેઓનો હુકમ, જોકે હું તેઓની તદન વિરૂદ્ધ છું, તે છતાં કદાચ અમલમાં આવશે.

આઝીમ—મારૂં દિલ તમારી મેહેરબાની પિછાનેછે.

ઇરદાં—જો તું તારી દીનને છોડી દેશે અને શાહાનશાહને અરજ કરશે તો તેઓના આ ઘાતકી ચુકાદાથી તું બચી શકશે. એમ કરવાને તુંને અરજ કરવાની હું રજા લઉંછું.

આઝીમ—સાહેબ, હું તેમ કરી શકતી નથી.

ઇરદાં—મને ધ્રુજરી છુટેછે. તારા જેવી કોમળ છોડીમાં આવી હુજત હું સમજી શકતો નથી. તું એક ઉગરતી છોડી તારો ઉગરતો વખત, અમારી દીનના વિચારોથી ઉલટા વિચારો ધરાવી, તમામ કરેછે.

આઝીમ—અફસોસ ! મારા બાપદાદાઓ જે દાદારની પરસ્તેશ કરતા આવ્યાછે તેની પરસ્તેશ કરવા માટે હું તમારા ધર્મગુરૂઓને હાથે મારી જઇશ. તેઓથી જૂદો વિચાર ધરાવવા માટે મારે સિકંજા યાને શરીરે દુઃખ દેવાના યંત્ર (rack) ઉપર માર્યું જવું પડશે.

ઇરદાં—તું હિમ્મતથી તારાં આંસુ દાબી રાખેછે, પણ મને રડવું આવેછે. પણ ફિકર નહીં, કમનસીબ છોડી ! હું તુંને છોડવીશ. તુંને હેરાન કરનારાઓનો ક્રોધ હું ખેંચી લઇ, તે સામે થઇશ. મને તારાં માબાપ સાથે વાત કરવા દે. તેઓ કોણ છે ?

આઝીમ—તેઓ ગરીબ ખેડુતો છે, જેઓ

જેમ પોતાની દીન ઉપર તેમ પોતાના શાહાન-શાહ ઉપર વફાદાર છે.

ઇરદાં—તારી મુશ્કેલી જાણી તેઓ ચિંતાથી મરવા પડશે. તેઓનાં નામ કહે.

આઝ્રામ—મેં પેલા જુલમગારોથી તેઓનાં નામ છુપાવ્યાંછે, પણ તમને તે કહીશ. મારા બાપનું નામ આર્ઝેમોં (Arzémon)છે. મારી મા મને ઝોળીમાંજ રમતી મેલી મરણ પામી હતી. કહેછે કે તેણી હારમારી વચ્ચે રડતી મરણ પામી. મારા બાપે મને તેણીના ધર્મમાં ઉધારીછે. હું બીજું કાંઈ જાણતી નથી. મારી દીન સાદી અને પાક છે. તે કુદરતના હાથ મારફતે દાદારની બક્ષેશ છે. હું તે દીનને ખાતર મરી જાઉંછું.

ઇરદાં—ઓ ખોદા! આ સુંદર છોડી ઉપર તારી મેહેર વરસાવ. તારો બાપ આપામેમાં છે કે?

આઝ્રામ—નહીં, તે પાદશાહના લશ્કર સાથે ગયોછે. તે પોતાના બાગનો મેવો પાદશાહને માટે લઇ જાયછે.

ઇરદાં—તે ઝનુનીઓ તારી ઉપર પોતાનું ઝનુન દેખાડે તે અટકાવવા ખાતર મારી નોકરીનો ભોગ આપવાને હું ખુશી થઇશ. ફિકર નહીં, મારા સિપાહો! તમે એણીને તપાસજો. તે જુલમગારો એણીને હેરાન નહીં કરે તે તમો જોજો.

આઝ્રામ સિપાહો સાથે ગઈ.

ઇરદાંએ હવે વિચાર કરવા માંડયો કે આઝ્રામને મોતના પંજામાંથી કેમ બચાવવી. લાંબો વિચાર કર્યા પછી તેણે જોયું કે દેશનો કાયદો એક રોમન મરદની સ્ત્રીને બચાવેછે, પછી તે સ્ત્રી કોઇપણ ધર્મની હોય. તેથી નેક આઝ્રામને મોતના પંજામાંથી બચાવવા તેણે પેલા જાલેમ ધર્મગુરૂઓ આગળ જઇ તેઓને કહયું કે "એ છોડી સાથે હું પરણવા માગુંછું, તેથી કાયદા પ્રમાણે એક રોમન શેહેરીની બાયડીને હાથ લગાડવાને કોઇનની તાકાત નથી." આ શબ્દોથી પેલા જાલેમ ધર્મગુરૂઓ પેહેલાં તો દંગ થઈ નાસીપાસ થઇ ગયા, પણ પછી બોલ્યા કે, "તું તેણીની સાથે પરણવાનો છે તે તો ફકત તેણીને બચાવવા માટેનો ઢોંગ છે."

ત્યારપછી પોતાના ભાઇ સેસેનને મળતાં ઇરદાંએ તેની આગળ સઘળી વાત કહી અને કહયું કે, "હું કહુંછું તે તેણીને બચાવવા માટે ઢોંગ તરીકે ફકત કહુંછું એમ નથી, તે દેખાડવાને માટે હું તેણીની સાથે જલદીથી પરણવા માગુંછું, માટે તું લગનની તૈયારી કર."

સેસેને પોતાના ભાઇનો આ ઠરાવ પસંદ કર્યો કે આવાં લગન ઘણા મોટાં મનના છે.

તે ઉપરથી ઇરદાંએ આઝ્રામને તેડાવી. તેણે તેણીની આગળ તેણીની સાથે પરણવાની પોતાની મરજી જણાવી કે તેમ થવાથી તેણી મોતના પંજામાંથી છુટશે એટલુંજ નહીં, પણ પોતાનો ધર્મ પોતાનાં ઘરમાં છુપી રીતે છુટથી પાળી શકશે.

આઝ્રામે આ માગણી માટે મોટો ઉપકાર માન્યો, પણ તેની સાથે કાંઇ છુપી વાત કરવા માગી. તેણીની એવી મરજી જોઇ, સેસેન ભાઇ આગળથી ખીસી ગયો કે જઇને લગનના સાક્ષીઓની, ભેટ-સોગાદની અને લગન માટેના ધર્મના મકાનની તૈયારી કરે. પછી આઝ્રામે કહ્યું:—

"મારા બાપ! હું ધ્રુજતી તારે ઘુંટણ-મડીએ પડું છું."

ઇરદાં—બિહિ ના, હું તારો ખાવિંદ, જે તુંને ચાહું છું તેની આગળ જે કહેવું હોય તે હિમ્મતથી કહે.

તેણીએ કહ્યું કે "હું મારા પિત્રાઇ ભાઇ સાથે અદરાઈછું અને મારો બાપ થોડા વખતમાં આવી અમોને પરણાવનાર હતો. પણ હવે પેલા જુલમગારોને હાથે આવેલું મોત તે લગન અટકાવશે." આઝ્રામને ખબર નહીં હતી કે તેણી જવાન આર્ઝેમોંનની પિત્રાઇ બેહેન થઇ હતી. તેઓને ભાઇબેહેન તરીકે ઉધારવામાં આવ્યાં હતાં, તેથી તેણીએ

કહેવાતા ઇરાની વિચારોને આધારે પોતાના ભાઇ સાથે અદરાવાની વાત કહી.

ઇરદાં આ વાત જાણી ચોંકયો અને કમકમ્યો, પણ નાચાર થઇ બોલ્યો—"ફિકર નહીં, જોકે આ વાતથી હું કમકમુંછું તોપણ હું તારી સેવા બજાવીશ અને કોઇ રીતે તારા જાનને હાની પોંહોંચતી બચાવીશ."

આઝામે કહ્યું કે "તારી માગણી નાપાડી અને મારાં અજબ લગનની વાત કહી, મેં તુંને ચોંકાવ્યોછે અને નારાજ કર્યોછે, પણ હું તારી પાસે માગી લઉંછું કે મારી ઉપર મેહેરબાની કરી એ જુલમગારોને હાથે મરી જતી મને અટકાવી, મને તારે હાથે મારી નાખ."

ઇરદાંએ કહ્યું કે "એમ કદી નહીં બને. તેં જે કહ્યું તે મને ઘણું કમકમાટભર્યું લાગેછે તે છતાં હું તુંને ધિક્કારીશ નહીં, તુંને તજી દઇશ નહીં, પણ તારો બચાવ કરીશ."

એવામાં ઇરદાંનો ભાઇ સેસેન આવી પોંહોંચ્યો અને ભાઇને કહેવા લાગ્યો કે,

"ભાઇ, લગનની સઘળી તૈયારી છે. ધર્મનું મકાન તૈયાર છે. લગનના ધર્મગુરૂ અને સાહેલીઓ તૈયાર છે. લગનની મસાલો તૈયાર છે. આપણા થોડાક દોસ્તો તારી સાથે ધર્મનાં મકાનમાં આવવા તૈયાર છે."

ઈરદાં—દોસ્તોને પાછા મોકલી દે. મસાલો બુજાવી દે.

સેસેન—કાંય! શું થયું! શો ફેરફાર! શી આફત આવીછે!

ઈરદાં—હવે નહીં ધર્મનું મકાન, કે નહીં લગન.

આઝામ—હું તેને લાયકની નથી.

ઇરદાં—મારે આ જગ્યા છોડવી જોઇયે અને તું ચાહે ત્યાં એકાંતવાસ પકડવો જોઇયે અને આપણાં બચ્ચાંઓ માટે રડવું જોઇયે. આપણી ધણિયાણીઓ, આપણાં છોકરાંઓ, કે જેઓ આપણાથી છીનવી લેવાયાં છે, તે માટે રડવું જોઇયે. મારે મારા બેટા માટે, તું ભાઇએ તારી બેટી માટે રડવું જોઇયે. હવે સઘળું થઇ ચુકયું. આશા જેવું કાંઇ રહ્યું નહીં. મારાં મનના અંધાપાએ સૂચવ્યું કે મારે બીજાં લગન કરવાં કે જે આગલાં લગનની ખોટ માટે મને દિલાસો દે. પણ હું ઠગાયો. ચાલો, આપણે કયે નાહાસી જઇએ.

સેસેન—શી આફત છે તે કહે. તું મને ધાસ્તીથી ધ્રુજાવી મારેછે. શું તું આઝામને તેણીના પેલા નીચ ખુનીઓના હાથમાં છોડી દેવા માગેછે?

ઇરદાં—સબર! શું તું એક સિપાહબચ્ચાથી એવી આશા રાખેછે? જે મેં કરવાનું માથે લીધુંછે તે હું કરીશ. હું તેણીનું મ્હોં જોઇશ નહીં, પણ તેણીને બચાવીશ.

આઝામ—ઓ સખી દિલના ભાઇઓ, મને તજી દેઓ. મને એકલી મરવા દેઓ.

આ વાત ચાલતી હતી તેટલામાં પેલા પાદરીઓ વિગેરે પાછા આવ્યા.

વડો ધર્મગુરૂ—આવી રીતે આપણા કાયદાનો અનાદર કરવામાં આવેછે. લગનનું બહાનું કાઢી એક ગુનેહગારને બચાવવા માગેછે. સિપાહો, એણીને પકડો.

આઝામ—(ઇરદાંને) ઓ બાપ!

ઇરદાં—(સિપાહોને) ખબરદાર, ઓ નિમકહરામો!

સેસેન—જે કોઈ એણીને પકડવાને હિમ્મત કરશે તે મારે હાથે માર્યો જશે.

ઇરદાં—તમો સિપાહો! જો આ ધર્મગુરૂઓની સેવા બજાવશો તો તમો વધુ વાર સિપાહ ગણાશો નહીં.

વડો ધર્મગુરૂ—દેવતાઓ, રીક્ષર અને અમે તારા શેઠો છીએ.

આ વાતચીતમાં બેઉ ભાઇઓએ આઝામને નસાડી મેલી.

પછી વડો ધર્મગુરૂ બોલ્યો—

"ફિકર નહીં. શાહાનશાહ થોડા વખતમાં

આવી પોંહોંચશે અને આવી સરજોરીની ખબર લેશે."

હવે ઇરદાંએ ભાઇને કહ્યું કે, "આપણું ગામ ઇરાની સરહદની નજદીકમાં છે, માટે તેણીને આપણે તે સરહદ બહાર ઇરાની મુલકમાં નહસાડી દઇએ. તેથી તે લોકોને નભરવસ કરવા તું એ ધર્મગુરૂઓ આગળ જા અને કહે કે 'મારા ભાઇએ વિચાર કીધો છે અને હવે તે તેણીને વધુવાર બચાવશે નહીં. વિગેરે.' તેટલાં તેણી ઇરાની મુલકમાં જતી રહેશે અને પછી આપણે પણ આ કામ છોડી એકાંતવાસ પકડીશું."

સેસેને તેમ કરવાને કબૂલ કીધું અને વડા ધર્મગુરૂ આગળ તે ગયો.

એવામાં આઝ્રમનો પિત્રાઇ (તેણીની જાણ મુજબ, ભાઇ) આર્ઝમોં ઇરદાં આગળ આવી પોંહોંચ્યો અને બોલવા લાગ્યો કે, "હું તેણીને ક્યા શોધું?" તે પોતાની પિત્રાઇ બેહેનની શોધમાં નિકળેલો ગાંડોઘેલો બની ગયો હતો.

ઇરદાંએ કહ્યું કે "હું આ કિલ્લાનો સરદાર છું. અહીં સઘળા જાલેમો છે. તું ધીરજ ધર. હું તુંને બચાવીશ. તું તેણીને શોધી કાઢી શકશે."

જવાન આર્ઝમોં—સાહેબ, જુલમથી મારૂં મગજ ઠેકાણે નથી. તમે કહોછો કે તમે અહીં સરદાર છો ત્યારે શું તમારી હકુમતમાં મારી નિર્દોષ બેહેનને તેણીનાં ઘરમાંથી મારી નાખવાને માટે એમ કાઢી લાવવામાં આવે? શું તમે તેણીને હેરાન કરશો?

ઇરદાં—તારાં દુઃખી દિલથી તું મને તેણીને હેરાન કરનાર સમજેછે, પણ મને તો તમો બેઉ ઉપર દયા આવેછે.

આર્ઝમોં—ત્યારે તમે મને મારી બેહેન મેળવી આપો, નહીં તો મારી નાખો.

ઇરદાંએ કહયું કે "તું મારી સાથે આવ." એમ કહી તેને બાજુએ લઇ જઇ, તેણે તેની બેહેનની હકીકત કહી અને તેણીને બચાવી લેવાની પોતાની મરજી જણાવી. પછી, ખોદાનું નામ લઇ, હિમ્મત પકડી કે તેણીને બચાવવી.

ઇરદાંએ જવાન આર્ઝમોંને સઘળી હકીકત કહેવા પછી, આર્ઝમોં પેલા ઇરાની સિપાહ મેગાટીસને મળ્યો, તેને જોઇ અજબ થયો અને કહયું કે "તું એક ઇરાની બચ્ચો અહીં રોમનોનો સિપાહ થયો"! મેગાટીસે શરમાઇ જઇ, પોતાની નાચારી જાહેરે કરી કે જવાનીમાં, મનની નબળાઇમાં, ગરીબાઇને લીધે, તેણે સિપાહનો પેશો એ શેહેરમાં અખત્યાર કર્યો. આર્ઝમોંએ આશા દેખાડી કે સરદાર ઇરદાં માયાળુ છે તેથી તેના હાથ તળે તું સુખી થશે.

મેગાટીસ—અરે મારૂં માન કે રોમનો પોતાની કબુલાત થોડી પાળેછે. ઇરદાંને હું જાણું છું. તે એમેસ શેહેરમાં એક ઇરાની બાનું સાથે પરણ્યો હતો, જેણીને પેટે તેને એક છોકરો થયો હતો. પણ પાદશાહે હુકમ આપ્યો ત્યારે તેજ પ્રિયાનાં ગામ ઉપર તે હુમલો લઇ ગયો અને તે ગામનો તેણે નાશ કર્યો. મારા સાથીઓમાંથી ભાગ્યે અડધા નિર્દોષ આઝ્રમની દયા ખાયછે અને જેઓ દયા ખાયછે તે પણ અર્ધાં દિલની.

આર્ઝમોં—પણ ઇરદાં ઘણો સાચો અને માળાળુ છે. તે અહીંના વડા ધર્મગુરૂને ધિક્કારેછે અને અમોને બચાવી લેછે. અમોને ઇરાની સરહદમાં મોકલી દેવાને તે પગલાં લેછે.

મેગાટીસ—તું ધારેછે કે તારે ખાતર તે પોતાને જોખમમાં નાખશે?

આર્ઝમોં (જેને ઇરદાંએ સઘળી વાત કહી સધ્યારો આપેલો અને કહેલું કે "હું તમો બેઉને તમારી ઇરાનની સરહદમાં મોકલી દેવાની ગોઠવણ કરૂં છું," તેણે કહ્યું કે)—ઇરદાંએ એમ કહ્યુંછે. ટુકમાં હું કહુંછું કે થોડા વખતમાં અમો ઇરાનની સરહદમાં જતાં રહીશું.

મેગાટીસે તે માન્યું નહીં.

હવે પેલી બાજુ ઇરદાંએ પોતાના બાઇ સેસેન સાથે ગોઠવણ કરી પેલા ધર્મગુરૂઓને

ઉડાવવા અને ખોટે ભરોસે રાખવા સેસેન પાસે કહેવડાવેલું કે હવે તે (ઇરદાં) તેણીને બચાવવા હિમ્મત કરશે નહીં. એમ તેઓને ખોટે ભરોસે રાખી, એ બેઉ ભાઇઓની મતલબ વખત કાઢી, બીજી યુક્તિ કરી, આઝીમને ઇરાનની સરહદમાં મોકલી દેવાની હતી. હવે સેસેન, ભાઇના શિખવવા મુજબ, વડા ધર્મગુરૂ આગળ જઇ ખોટું બોલ્યો કે, "હવે મારો ભાઇ આઝીમને બચાવશે નહીં અને તેણીને મારી નાખવા સામે વાંધો લેશે નહીં." તે શબ્દો ધર્મગુરૂઓની દરબારમાં મેગાટીસે સાંભળ્યા હતા, તેથી તેણે તે ખરૂં માનેલું કે "હવે ઇરદાં અને સેસેન પણ તેણીને મારી નખાવવા તૈયાર છે." તેથી તેણે હવે જવાન આઝેમોંનું કહેલું માનવાને નાપાડ્યું કે ઇરદાં તેણીને બચાવશે. તેણે માન્યું કે એમ કહી ઇરદાં એ બેઉને દગો દેછે. તેથી તેણે શક દેખાડયો અને કહ્યું કે "એક કલાકમાં તેણીને મારી નાખવામાં આવશે."

આઝેમોં—એમ બને નહીં.

મેગાટીસ—મેં દગલબાજ સેસેનને મારી નજરે નજરે આઝીમને વડા ધર્મગુરૂ આગળ લઇ જતો જોયો અને તેણીને મારી નાખવાની ગોઠવણ કબુલ રાખતો જોયો.

આઝેમોં—ત્યારે તો હું મુઓ ! તું શું કહેછે ! શું આ કિલ્લામાંથી, આ ગામમાંથી નાહાસવાનો કોઇ માર્ગ નથી ?

આઝેમોં, દિવાના માફક દોડી, જતો રહેવા માગેછે. મેગાટીસ તેને થંડો પાડેછે. તેવામાં સામેથી આઝીમ આવેછે. આઝેમોં મેગાટીસને કહેછે કે "તું જે કહેછે કે એક કલાકમાં તેણીને મારી નાખવામાં આવશે તે વાત તેણીને ના કહેતો કે તેણી ગભરાય નહીં."

આઝીમ મેગાટીસને જોઇને તેને ઓળખેછે અને અજબ થાયછે કે એક આતશની સેતાયશ કરનાર ઇરાનીબચ્ચો રોમનોનો સિપાહ બને ! મેગાટીસ પોતાની હાલત માટે શરમાયછે. પછી, તેણી પોતાના પિત્રાઇ ભાઇ, જે તેણીનો અદરાયલા ખાવિંદ થાય, તેને કહેછે કે "આપણી ઇરાનની સરહદની નાહાસભાગની સઘળી તૈયારી થઇછે. આપણી સાથે ઇરદાંના થોડાક વફાદાર સિપાહો આવશે. મેગાટીસ પણ તેઓમાંનો એક છે કે ?"

જવાન આઝેમોં આ વાત માનતો નથી, કારણ મેગાટીસે ભૂલથી તેની ખાતરી કીધી હતી કે ઇરદાં અને સેસેન તો તેણીને મારી નખાવવા યુક્તિ રચેછે. તેથી તે આઝીમની નાહાસવાની વાત માનતો નહીં અને સામો ધાસ્તીથી ફિક્કો પડેછે. તેનાં મનમાં, એ બેઉ ભાઇઓને, તેની ખોટી ધારણા મુજબની તેમની દગલબાજી માટે મારી નાખવાનો વિચાર આવેછે. તેથી તે આઝીમને પુછેછે કે "કહે કે એ બેઉ ભાઇઓ કયાં છે ?"

આઝીમ—તેઓ વડા ધર્મગુરૂ આગળ છે. હવડાં અહીં આવશે.

"વડા ધર્મગુરૂ આગળ છે," એમ સાંભળી જવાન આઝેમોંની વધારે ખાતરી થઇ કે તેઓ ખરેખર કાવતરૂં રચેછે. તે બોલ્યો "મેગાટીસ ! તેં કહયું તે મુજબ સઘળું થઇ ચુકયું."

આઝીમ ભાઇને ઇરદાં સામે બેવિશ્વાસ દેખાડવા માટે ઠપકો આપેછે. તેણીએ આઝેમોંને સઘળી વાત કહી કે "ઇરદાં એવો ભલો છે કે મને બચાવવાને ખાતર તે મારી સાથે પરણવા માગતો હતો, પણ મેં તેને આપણે અદરાયાંછે તે જણાવ્યું ત્યારે તેણે મારી ઉપરથી હાથ ઉઠાવ્યોછે અને તે છતાં મને બચાવવાને માથે લીધુંછે."

આઝીમે જાણ્યું કે આ સઘળી હકીકતથી તેણીનો પિત્રાઇ આઝેમોં થંડો પડશે. પણ નહીં. તેથી ઉલટું, તેનાં મનમાં ઇરદાંની દગલબાજીનું ગુમાન મજબુત થયું. તેણે ધાર્યું કે "તે આઝીમ સાથે પરણવા માગતો હતો, તે આઝીમે નાપાડી, તેથી તે કપટી થઇને હવે તેણીને મારી નખાવવાની ખચિત યુક્તિ કરેછે." તેણે એ ધારેલી દગલબાજીના કિનામાં ઇરદાંને

મારી નાખવાનો ઠરાવ કર્યો. તેણે જાણ્યું કે તેને મારીને તે જીવવાનો નથી. તેથી પોતાની પિત્રાઇને છેલ્લી કોટી કરી, દિવાના માફક તેણીની આગળથી તે નિકળી ગયો અને જઇને ઇરદાંને ખંજર માર્યું. ઇરદાં જખમી—મરણતોલ જખમી—થયો, તેટલામાં બીજાઓએ આર્ઝમોંને પકડી લઇ તેના હાથમાં બેડી નાખી.

સેસેન તેના હાથમાં બેડી નખાવી તેને ધસડી લાવ્યો અને સિપાહોને કહ્યું કે, "આ નિમકહરામને રીબાવી રીબાવી મારી નાખો અને મારા ભાઇનો કિનો લેઓ."

આર્ઝમોંને એમ પકડી લાવેલો જોઇ આર્ઝામ અને મેગાટીસ બેઉ ગભરાયાં. આર્ઝામ ગભરાઇને એક બાજટ ઉપર પડી. તેણીને જોઇ સેસેને કહ્યું કે "ઓ બેવફા ઓરત! તું એને એમ ધાતકી બનાવેછે કે?"

આર્ઝામ—શું થયું? એણે શો ગુનાહ કર્યોછે?

સેસેન—એ ધાતકી ખુનીએ પોતાનું ભલું ઇચ્છનાર, પોતાને બચાવનાર ઉપર ખુની હુમલો કર્યોછે.

આર્ઝામ—શું ઇરદાં માર્યો ગયોછે?

સેસેન—દેવતાઓની મેહેરથી તે જાનથી જતો બચ્યોછે. સિપાહો! એને રીબાવીને મારો. ઓ કમબખ્ત! મરવા આગમચ કહે કે એ જબુન કામમાં તારો સાથી કોણ છે? શું તે આ ઓરત છે કે મેગાટીસ છે? અફસોસ! આ ઓરતને બચાવવા ખાતર અમોએ વડા ધર્મગુરૂ આગળ ખોટું કહ્યું અને બેઉને એઓના દેશની સરહદમાં મોકલી દેવાની તૈયારી કરી હતી, તેટલાં અમારી આ ભલાઇનો આ બદલો!

જ્યારે આર્ઝમોંએ સેસેનને એમ બોલતાં સાંભળ્યો કે તેણીને ખાતર "વડા ધર્મગુરૂ આગળ અમોએ ખોટું કહ્યું" ત્યારે તેને સુધ આવી કે આ તો કોઈ ભૂલ થયલી દિસેછે. મેગાટીસે પોતાની નજરે નજર જે જોયલું જણાવ્યું તે ખરૂં હતું, પણ તે તો એઓએ વડા ધર્મગુરૂને ઉડાવવા ખોટું કહેલું દિસેછે. ખરી વાત ઉપર રોશનીનાં એમ કિરણ પડતાં જોઇ, તેણે સેસેનને પુછ્યું કે "ત્યારે શું તારો ભાઇ દગલબાજ નથી? શું તે મારી બેહેનને વડા ધર્મગુરૂને હવાલે કરવા માગતો નહીં હતો?"

સેસેન—અલબત નહીં. તે એમ થતું અટકાવવાને જુલમગારોનું સઘળું લોહી રેડતે.

આર્ઝમોં—બસ, હવે હું સમજ્યો. હું તમો બેઉને પગે પડુંછું. હું ખરેખર તમારો ગુનેહગાર છું અને પસ્તાઉંછું.

સેસેન—સિપાહો, એ કહેછે તે સાંભળો. હવે એ તમારા હાથમાં છે. એને માટે મોત પુરતું છે, પણ તે લાવવા કાજે ધાતકી ના થતા.

આર્ઝામ—તેને મોતની સજા ઘટેછે. પણ તેની સાથે મને, તેની પિત્રાઇને, તેની બાયડીને, પણ મારી નાખો. મારી જીંદગી મારી ઉપર મોત સમાન હતી અને તે હવે વધારે તેમ થઇછે.

મેગાટીસ—મને મારી નાખવો જોઈયે. એ સઘળું મારાથી થયુંછે. હું પોતે ઇરાની છું. મેં તમોને વડા ધર્મગુરૂ આગળ તેણીને માટે જે બોલતા સાંભળ્યા, તે ઉપરથી મેં જે ધાર્યું તે મેં એને કહ્યું અને તેનું આ પરિણામ આવ્યું અને તેણે એમ બેહેન માટે કિનો લીધો. તમારો ભાઇ ઇરદાં હજી જીવતો છે. માટે ફરીથી વિચાર કરી, ઇનસાફ કરો.

સેસેન—કમબખ્ત ઓરત! તું અમારે મકાને જા. તુંને બચાવવા માટે હું દલગીર નથી, પણ આ દગલબાજ માર્યો જશે. એમ કહી, તે સિપાહો સાથે આર્ઝમોંને લઇ ગયો.

હવે આર્ઝામ એકલી પડી અફસોસ કરવા લાગી કે "મારે કોઇ રીતે મરવું છે—યાતો આ જુલમગાર ધર્મગુરૂઓને હાથે યાતો મારે પોતાને હાથે અથવા તો દુઃખ અને બળાપાની મારી."

આઝામનો મોત માટે હિમ્મતભર્યો ઠરાવ.

ઓ મોત! ઓ નસીબ! ઓ દાદારે પાક!
કુલ કુદરતને સરજનાર મેહેરબાન બાપ!
બુલંદ ઓ સાહેબ! કરીમે કારસાજ!
માણુસને સરજ્યાંછ શું મુસીબત કાજ?
કુદરત તારી બેટી, માણુસ તારૂં રૂપ,
બૂરી તે શક્તિ ફેરવેછ સ્વરૂપ.
શું આહરેમન બૂરો કરેછ ખરાબ,
દુઃખો તે લાવેછ, સરજેછ સંતાપ?
શું દુશ્મન તે તારો? આ જીંદગીની જોત,
ને બુઝાવે તે, કરે લોત પોત.
મોતમાં પણ તારીપર બાધુંછું આશ,
રવાન મારૂં શોધશે, પનાહ તારી ખાસ.
તું દાદારે આપ્યો મારો આ જાન,
દેલ મારૂં કહેછે "ખોદાનેજ માન."
આહરેમન જે તોડેછ કાયદા તુંજ ખાસ,
છીનવી નહીં શકશે, મારી તે આશ.
તું દાદારને મળવાની આશાનાં સુખ,
માં ભુલીશ હું મારી જીંદગીનાં દુઃખ.
મોત છે આ સબબે ખરૂં એક સુખ,
દાદાર સાથ મેળાપ, તો મોત નથી દુઃખ.

હવે પેલી ગમ બુઘો આર્ઝમોં, જે પેલી આઝામ અને જવાન આર્ઝમોંનો બુઢો બાપ થાય તેને ખબર પડી કે ધર્મગુરૂઓના હુકમથી તેનાં ઘરમાંથી તેની છોડીને પકડી લઈ જવામાં આવીછે. તે વખતે તે શાહાનશાહની સવારી સાથે તેને પોતાના બાગનાં ફળફુલ પોહોંચાડવાને ગયો હતો. ઘરે પાછા ફરતાં, તેને ઉપલી વાત ખબર પડતાં, તે આપામના કિલ્લા ભણી દોડી આવ્યો. પેલા સિપાહબચ્ચા મેગાટીસે તેને અટકાવ્યો, ત્યારે તેણે અજબ થઇને પુછ્યું કે "મેગાટીસ, તું શા માટે મને અંદર જતો અટકાવેછે? મારાં બચ્ચાંઓ કયાં છે?"

મેગાટીસ—મેં તુંને કહ્યું કે તેઓનો જાન જોખમમાં છે. તું તેઓને બચાવી શકનાર નથી.

બુઢો આર્ઝમોં—ફિકર નહિ, હું છેલ્લી કોશીસ કરીશ. શું આ કિલ્લાનો સરદાર ઇરદાં નથી, કે જેને સરહદ ઉપર શાહાનશાહે નેમ્યોછે?

મેગાટીસ—હા, તેજ છે, પણ તે તુંને સાંભળી શકશે નહીં.

બુઢો આર્ઝમોં—શાહાનશાહ મારૂં સાંભળવાની મેહેરબાની કરેછે, ત્યારે શું તે સાંભળશે નહીં? પાદશાહ મુજ ગરીબને હાથે મારા બાગનો મેવો કબુલેછે તો શું ઇરદાં મારૂં સાંભળશે નહીં?

મેગાટીસ—અહીં બધે ખુન ને મારામારીની વાત છે.

બુઢો આર્ઝમોં—હું જાણુંછું. તે સબબેજ હું ઈરદાંને મળવા માગુંછું.

મેગાટીસ—જા. બીજાઓ મરેછે તેમાં તું પણ મરવા જા.

બુઢો આર્ઝમોં—તું શું કહેવા માગેછે? તે બરાબર કહે.

મેગાટીસ—મારો સરદાર ઇરદાં તો કદાચ આ વખતે મરણ પણ પામ્યો હશે! તારા બેટા જવાન આર્ઝમોંએ તેને કારી જખમ કર્યોછે.

બુઢો આર્ઝમોં—અફસોસ! આ શું જબુન કામ! મેં શું તેને આવાં કામ માટે પાળીપોષી મોટો કીધો. તે બચપણમાં તો ઘણો નરમ અને ઉદાર દિલનો ઉધર્યો હતો અને હવે એનામાં આ શો ફેરફાર!

મેગાટીસ—મારે લીધે એમ બન્યુંછે. પણ તેણે જે કારી જખ્મ કર્યોછે તેનો હું જવાબદાર નથી.

બુઢો આર્ઝમોં—મારા દહાડા ભરાઇ ચુકવા આવ્યાછે. પણ મારે જઇને ઇરદાં સાથે વાત કરવી જોઇયે.

હવે ઇરદાં, પોતાના ભાઇના હાથ ઉપર હાથ ટેકવી, ઝોળીમાં જખ્મી હાથ ઠેરવી, આવ્યો અને ખુરસી ઉપર બેઠો. સેસેને મેગાટીસને કહ્યું કે "કોઇને અંદર આવવા દેતો ના."

ઇરદાં અફસોસ કરેછે કે તેની ઘણી સત્તા ઓછી થઇ. હજી તે પેલા ખુની જવાન આર્ઝેમોને મારવાનો વિચાર કરતો નથી, પણ તેને જીવતો રહેવા દેવા ભાઇને કહેછે.

એવામાં આર્ઝોમ આવીને સેસેનને પગે પડેછે અને કહેછે કે "મારા પિત્રાઇને મારવા લઇ જાયછે. તું મને પણ મારી નખાવ."

સેસેન—તું મને વધારે સંતાપ ના દે. તુંને બચાવવાને અમોએ કોલ આપ્યોછે તે બજા લાવીશું.

આર્ઝોમ—તમારા કોલથી હું તમોને છુટા કરૂંછું. મને પણ મારી નખાવો.

સેસેન—પણ ખોદા જાણે મને તારી ઉપર દયા આવેછે. એવામાં મેગાટીસે આવીને કહ્યું કે "એક બુઢો ઓહોંસ કરીને ઇરદાંને મળવા માગેછે." ઇરદાંએ, ભાઇના ના કહેવા છતાં, તેને અંદર તેડાવ્યો. બુઢો આર્ઝેમોં અંદર આવ્યો અને આર્ઝોમ પોતાના બાપને જોઇ બોલી કે "અરે બાપ! શું તારી નજરે અમોને......(મરતાં જોવાને આવેછે)!"

બુઢો આર્ઝેમોં—હું તમોને મદદ કરવા આવ્યોછું.

ઇરદાંએ તે બુઢાને તેના આવવાનું કારણ પુછ્યું અને કહ્યું કે "હું તારાં બેઉ બચ્ચાંઓને ચાહુંછું અને જે બન્યુંછે તે પેલા જાલેમ ધર્મગુરૂઓને લીધેછે."

બુઢો આર્ઝેમોં—હું તે જાણું છું. તું જવાન આર્ઝેમોંને અહીં તેડ. તેના દેખતાં હું તુંને એક વાત કહેવા માગુંછું.

ઇરાદાંએ તેને તેડાવ્યો. તે આવીને ઇરદાંને જખમી કરવા માટે અફસોસ કરવા લાગ્યો. બુઢા આર્ઝેમોંએ કહ્યું "હું બધાઓ માટે દિલાસાના બે શબ્દો લાવ્યોછું."

પછી તેણે આગલી વાત કહી કે "એમેસનાં ગામમાં હું ૬૦ વર્ષ થયાં ખેતી કરૂંછું. ત્યાં તમો બેઉ ભાઇઓ ઇરાની બાનુઓ સાથે પરણ્યા હતા. તેમાં ઇરદાંને ત્યાં એક છોકરો અને સેસેનને ત્યાં એક છોકરી જન્મી હતી. તમારામાંથી એકની બાયડી મરણ પામી અને રોમનોએ તે શેહેર ઉપર હુમલો કરતાં, બીજાની બાયડી બેઉ બચ્ચાંઓ સાથે નાઠી અને બેઉ છોકરાંઓને (પિત્રાઇઓને) મને સોંપ્યાં અને પોતાનીજ (જરથોસ્તી) દીનમાં ઉધારવા તાકીદ કીધી અને તેણી બે વર્ષ રહી મરણ પામી.

સેસેને પુછ્યું "એ બધી વાતની કાંઇ તારી પાસે ગવાહી છે?"

આર્ઝેમોંએ એક કાગળ કાઢીને આપ્યું કે તે બાઇએ તે ધ્રુજતા હાથે અને છેલ્લી પળે લખી આપ્યું હતું. સેસેને તે પોતાના ભાઇ ઇરદાંની બાયડીના દસ્તખત તરીકે પિછાન્યું. તે વાંચી તેણે કહ્યું કે "ભાઇ ઇરદાં, આ જવાન આર્ઝેમોં તો તારો છોકરો છે. આ છોડી આર્ઝોમ તો મારી છોકરી છે." બેઉ ભાઇઓ પોતાનાં બચ્ચાંઓને હેતથી મળ્યા. તેવામાં મેગાટીસે આવી કહ્યું કે પ્રીટર (રોમન પોલીસ અમલદાર)નો ધર્મગુરૂઓ ઉપર હુકમ આવ્યોછે કે, "બુઢા આર્ઝેમોંને અને એ બેઉ પિત્રાઇઓને મારી નાખવાં."

જવાન આર્ઝેમોંએ તેઓ સામે જઇ લડવા કહ્યું, પણ ઇરદાંએ સઘળાને થંડા પાડયા કે, "જે ખોદાએ આપણને એમ મેળવ્યાંછે તે આપણાં દુખને આશા વિના રાખતો નથી." તેણે જવાન આર્ઝેમોંને કહ્યું કે શાહાનશાહ આવેછે તેની આગળ સઘળી વાત કહો.

ત્યારપછી ઇરદાંએ પોતાના ભાઇ સેસેનને પ્રીટર આગળ મોકલ્યો કે તેને જઇ સઘળી હકીકત કહે અને આ બેઉ બચ્ચાં માટે માફી ચાહે અને તેઓને પરણાવવાની પરવાનગી માગે. પછી, તેણે પેલાં બેઉ પિત્રાઇઓને કહ્યું કે, "મારાં લગન માટે જે તૈયારી હતી તે તમારે માટે કામ લાગશે. મેં સેસેનને પ્રીટર આગળ મોકલ્યોછે અને બધું સારૂં થશે. હવે જ્યારે તમે રોમન શેહેરીઓનાં બચ્ચાંઓ છો, ત્યારે તમને કોઇ છેડશે નહીં."

એવામાં સેસેન આવેછે અને આશાભર્યાંને બદલે ઉલટા સમાચાર લાવેછે. એક આ કે "પ્રીટરને સમજાવીને ઇરદાંને કિલ્લાના સરદારની જગ્યા ઉપરથી ખસેડવામાં આવ્યોછે" અને બીજો આ કે "ઇરાની બાનુઓ સાથેનાં આપણાં લગન ગુનેહગાર ગણવામાં આવ્યાંછે અને આપણાં બચ્ચાંઓને ના-હકદાર ગણવામાં આવ્યાંછે."

ઇરદાં—હવે થઇ ચુકયું. આ મોટું અપમાન છે.

જવાન આર્ઝમોં—મારે હાથે મારા પિતાને જખમ થયો તેજ કમબખ્તી. હવે જ્યારે થઇ ચુકયુંછે, ત્યારે હું એ સઘળાંનો કિનો લઇશ.

આર્ઝીમ—

આફતો સઘળી જે આવીછે કુળ,
તે સઘળાંનું હુંજ છું કમીનું મૂળ.
ધર્મગુરૂ રેડવા માગેછે ખુન,
ન માનતી હું તેની દીન કે સખુન.
શું કેસર ન ધરાવતો અક્કલ કે હોશ,
કે ખુન મારૂં રેડી પકડે સંતોષ ?
જે ખોદાએ બખ્સ્યું તેને રાજ તાજ,
કર્યો નહીં તેણે તેને નેક સાજ,
કે જાલેમ ને બુરા પર રાખે નજર,
કે કરે નહીં તેઓ ભીરૈ જબર,
શું શાહેરીઓ ભલા કે સરદાર દલેર,
શું સેપાહો બહાદુર ભલા ને શેર ?
આહા !
સઘળા આ ફેસાદનો સબબ છે શું ?
સઘળી આ ઝહેમતની મકસદ છે શું ?
એક ધર્મના ગુરૂનું ધાતકી ફરમાન,
જે ગુરૂમાં દયાનું કાંઇ ન ભાન.
જ્યારે પણ જાએ તે પાદશાહની પાસ,
ત્યારે તે મેળવે કૂર ફરમાનો ખાસ.
ન ધરાવે મુદલ દયા કે રેહેમ,
જુલમ સિવાયે ન રાખે તે નેમ.
શું કામનો કેસર ? ન પોંહચે ને દાદ,
શું કામનું તેનું રાજ જો બીદાદ !
જેમ દેવતાઓ રોમન ન રાખે દરકાર,
તેમ કેસર પણ એવોજ નામનો બીદાર.

સેસેન—શાહાનશાહને બીજાં કામોની રોકાણોને લીધે આટલી બધી હદની બેદાદી અને જુલમની ખબર કદાચ ન હોય. એક ઉપાય રહયોછે. હું પોતે પાદશાહ આગળ જાઉં અને જેમ તેમ મુલાકાત કરી તેને ખરી હકીકત સમજાઉં. જો તે મારૂં નહીં સમજશે તો તેની હજુરમાંજ હું ખંજર ભોકી મરણ પામીશ અને મરતી વખત તેને કહીશ કે "એ જંગલી ! તું રાજ્ય કરતાં શિખ." આમ કહી તે જુમમાં ને જુમમાં બહાર ગયો અને તેની પાછળ ન્હાનો આર્ઝમોં પણ ગયો.

થોડા વખતમાં બુઢો આર્ઝમોં આવ્યો અને કહ્યું કે જવાન આર્ઝમોં જતો હતો, તેવામાં વડા ધર્મગુરૂના કહેવાથી સિપાહો તેને પકડવા દોડયા તે સામે થયો અને તેણે વડા ધર્મગુરૂને મારી નાખ્યો.

સેસેન અને જવાન આર્ઝમોં પણ આવ્યા અને ઉપલી ખબર કહી. એક હાથ ઉપર તે જાલેમ ધર્મગુરૂનાં મરણથી તેઓ ખુશી થયા, પણ બીજા હાથ ઉપર તેઓએ ખાતરીથી માન્યું કે ગમે તેવા જાલેમ પણ એક વડા ધર્મગુરૂના માર્યા જવાથી શાહાનશાહ સર્વેને મારી નાખશે.

એવામાં સામેથી ગડબડ દેખાઇ અને જોયું તો શેહેરની આજુબાજુ લશ્કર ફરી વળેછે અને શાહાનશાહ પોતે આવેછે.

શાહાનશાહ તેઓ આગળ આવ્યો અને તેણે કહ્યું કે "તમો બધા ગુનેહગારો છો. તમોએ કાયદાને તમારા હાથમાં લીધો. હા, હું જાણુંછું, કે તે ધર્મગુરૂ જુલમગાર હતો, પણ તમોએ મારી આગળ ફરિયાદ લાવવી હતી. હું તમોને ઇનસાફ આપતે, પણ તે ધર્મગુરૂને મારી નાખી તમોએ ઘણું ખોટું કામ કીધું."

બુઢા આર્ઝમોંએ શાહાનશાહને સઘળી હકીકત જરૂર કહી હતી, તેથી પાદશાહે ઉપર મુજબ સખ્ત ઠપકો આપી, અખાડા કીધા. બેઉ ભાઇઓને પોતાની સાથે લશ્કરમાં લીધા. બેઉ પિત્રાઇઓને પરણવાની પરવાનગી

આપી. ખુદા આર્ઝેમોને વધુ જમીન ભેટ આપી અને હવેથી ધર્મગુરૂઓની સત્તા કાબુમાં રાખી, ઇરાનીઓ (જરથોસ્તીઓ) ને ધર્મનું છુટાપણું આપ્યું.

વૉલ્ટેરે પોતાના નાટકનાં આ દાસ્તાનને જે બીજું નામ આપ્યું છે તે નામજ આપણી આગળ એક ધડો રજુ કરેછે. તે નામ "Le Tolerance" એટલે સહનશીળતા છે; એટલેકે આપણી દીનથી જે જુદી દીન પાળતા હોય તેઓ તરફ પણ આપણે ભાઇચારાની, મિત્રાચારીની નજરે જોવાનું છે. દરેક માણસને પોતાના વિચારો મુબારક છે. વિચારનું છુટાપણું સર્વે માટે છે. જ્યારે આ દાસ્તાન એક દીનવાળાએ બીજી દીનવાળાઓ તરફ જાળવવી જોઇતી સહનશીળતાનો ધડો આપેછે, ત્યારે ખુદ એકજ દીનવાળાઓએ પોતાનીજ દીનવાળાઓ, જેઓ ધર્મ સંબંધી બાબતમાં થોડોક જૂદો યા બીજા પ્રકારનો વિચાર ધરાવતા હોય, તેઓ તરફ કેટલી બધી સહનશીળતા ધરાવવી જોઇએ?

ખુસ્રુ પરવીઝ.(૧)

"માહી ગાને બીનાએ ફર્વર્દીન રુમે ખોર્દાદ" નામનાં પેહેલવી પુસ્તકમાં પાદશાહ ખુસ્રુ પરવેજને એક ભાગ્યશાળી પુરૂષ ગણી તેની જીંદગીની ૧૮ ચીજ યા બનાવો, જૂદાં જૂદાં ૧૮ વર્ષે, ફર્વર્દીન મહીનોને ખોરદાદ રોજે, યાને ખોરદાદસાલને દાહાડે બનેલા જણાવ્યા છે. પણ તે કયા બનાવો તે જણાવ્યું નથી. ત્યાં કહે છે કે :

"બીનાએ ફર્વર્દીન રુમે ખુર્દાદ હસ્ત દેહ મન્દવમ પવન હસ્તાદ શન્ત વલ ખુસ્રુએ હોર્મઝદાન યામતુનીત (દસ્તુર જામાસ્પજીની આવૃતી ફ. ૨૭. પા. ૧૦૫.)

અર્થ:—ફર્વર્દીન મહીનો ને ખોરદાદ રોજે ૧૮ ચીજો ૧૮ વર્ષમાં હોરમઝદના ખુસ્રુને પોંહોતી (યાને તેના સંબંધમાં ૧૮ બનાવો બન્યા.)

ખુસ્રુ પરવેઝ (ઇ. સ. ૫૯૧ થી ૬૨૬) નું ૩૫) વર્ષનું લાંબું–અને તે મુદતમાં કેટલીક હદે કિર્તીવંત–રાજ એટલા બધા બનાવોથી ભરપુર હતુ કે ઉપલાં પેહેલવી લખાણ મુજબ તેની જીંદગીના ઘણાક મોટા બનાવો એ રોજે બન્યા હોય, યા પાછળથી એ રોજ સાથે જોડાયા હોય.

આજનું આપણું દાસ્તાન કાંઇ ખુસ્રુ પરવેજનાં આખાં રાજ્યના બનાવો ઉપર નથી પણ તેની જીંદગીની શરૂઆતના ભાગ ઉપર છે, કે જ્યારે તે પોતાના બાપની શકમંદ નજરથી થોડો વખત દુર રહેવા પછી ઇરાનની ગાદી ઉપર આવ્યો હતો અને પછી બેહરામ ચોબીનને હાથે હાર ખાઇ રૂમના મુલક ભણી નાઠો હતો, અને ત્યાંથી શાહનશાહ મોરીસ (Maurice) ની મદદ લેઇ પોતાનું રાજ્ય પાછું લેવા પામ્યો હતો.

ખુસ્રુ પરવીજનું રાજ્ય ઇરાનની તવારીખમાં એક ઘણું મશહુર રાજ થઇ ગયું છે. નોશેરવાન અદલના વખતમાં ઇરાને ઘણી કિર્તી મેળવી હતી. તેના નબીરા ખુસ્રુ પરવીઝે પેલી ઇરાની શિખામણ કે, "અઝ પદર નામ બરદાર બાશ" એટલે "બાપ કરતાં વધારે કિર્તીવંત થાજે," તે મુજબ ઇરાનની કિર્તી ઘણી વધારી હતી. પણ અફસોસની વાત આ છે કે એ કિર્તીના વધારા સાથે એ પાદશાહે પોતાની અને પોતાની દરબારની મોજશોખ પણ ઘણી વધારી હતી. તેથી ઈરાન તેના વખતમાં જેટલી ઝડપથી કિર્તીની ટોચે ચહડયું હતું તેટલીજ ઝડપથી પડયું અને દસ બાર વર્ષના ટુંકા અરસામાં આરબોને હાથે એવું તો વધુ નીચે પડયું કે તે ફરીથી ઉઠવા પામ્યુંજ નહીં.

ખુસ્રુ પરવીજનાં કિર્તીવંત રાજ્યની હકીકત સાથે તવારીખનવેશો એની મોજીલી જીંદગીની પણ તરેહવાર હકીકતો આપે છે. મોસમે મોસમ માટે તેણે જૂદી જૂદી જગ્યાઓ ઉપર ગંજાવર સુંદર મેહેલો બાંધ્યા હતા. એ મેહેલામાં એણે કિંમતી તખ્તો બરપા કીધાં હતાં તેમાં 'તખ્ત દીસ' નામનું એનું તખત તેના કિમત અને સુંદરતા માટે મશહુર છે (૨) એ તખ્તની હકીકત નીચે મુજબ છેઃ

---

(૧) આ દાસ્તાનનું વાંચણ ગાથા ૩ જો સને ૧૨૭૬ યઝદેજરદી તા૦ ૧૧ મી સપટેમબર ૧૯૦૭ ને વાર બુધને દીને રાત્રે ૯ ને અમલે જશન મંડળી તરફથી ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટનાં મકાનમાં આપવામાં આવ્યું હતું

(૨) તબરી Tabari par Zotenberg. Vol. II p. 305.

જોહાકને હરાવી ફરેદુન જ્યારે ઇરાનનાં તખ્ત ઉપર બેઠો, ત્યારે દેમાવંદ પહાડમાં રેહતા જહન બુર્ઝીન નામના કારીગરે તેને માટે એક ઉમદા તખ્ત બનાવ્યું હતું. જ્યારે ફરેદુને પોતાના મુલકની વેહેંચણી કરી એરચને ઇરાનનું રાજ્ય આપ્યું, ત્યારે તેણે તે રાજ્ય સાથે ત્રણ ઉમદા ચીજો તેને ભેટ આપી હતી. તેમાં, ૧ આ તાકદીસ નામનું તખ્ત, ૨ ગાવની સિકલનો પોતાનો ગુરૂજ, અને ૩ 'હફત ચશ્મે' નામનું એક કિંમતી ગોહર. એરચનાં મરણ પછી એ ત્રણે ચીજો મીનોચેહરના હાથમાં આવી અને તેમાં આ તખ્ત પણ આવ્યું. તેની પછી એ તખ્ત ઇરાનના પાદશાહોના હાથમા એક પછી એક આવતું ગયું, અને દરેક પાદશાહ તેની ઉપર કિંમતી ઝવેર અને ગોહરોનો વધુ જડાવ કરી તેને વધુ ખુબસૂરત બનાવતો ગયો. શાહ કએખુસ્રુએ તેના શણગારમાં વધારો કીધો. તેની પછી તે લોહોરાસ્પના હાથમાં અને પછી ગુસ્તાસ્પના હાથમાં આવ્યું. ગુસ્તાસ્પે પોતાના વડા દસ્તુર અને વઝીર જામાસ્પને કહ્યું કે, "તું મારી મોટાઇ રહી જાય એવી રીતે એની ખુબસૂરતીમાં કાંઇ વધુ શણગાર કરી શકશે?" કહે છે કે જામાસ્પ, જે પોતે સેતારેશનાસ હતો, તેણે તેની ઉપર બુલંદ આસ્માનનું ચિત્ર પાડયું, અને તે ઉપર રાશીઓ અને સેતારા એવી ખુબસૂરત રીતે ચિતરાવ્યા, કે તે ઉપરથી સેતારેશનાસીની પીછાન થઇ શકે. આ તખ્ત કએખુસ્રુ પછી ઇરાની પાદશાહોના હાથમાં એક પછી એક આવતાં તેના ઉપરના શણગારમાં વધારો થતો ચાલ્યો. ઇરાનની ફતેહ સાથે તે સિકંદરના હાથમાં ગયું. તે પાદશાહે ઇરાનને જેમ ઘણી રીતે ખરાબ કીધું હતુ, તેમ તેણે એ દેશનાં નામીચાં તખ્તને ભાગી નાંખી ખરાબ કીધું, અને તે ઉપરનું જર ઝવાહેર લઇ લીધું સિકંદરે તેના ઉપરનો ખજાનો લઇ તેને ખરાબ કીધું, પણ ઇરાનના ઘણાક નામદાર અમીર ઉમરાવોએ તે તખ્તના ખાલી ટુકડાબુકલા પોતાના મુલકની આગળી કીર્તિની યાદગારી તરીકે જાળવી રાખ્યા અને તે એકના હાથમાંથી યાદગાર ચીજ (Relic) તરીકે બીજાના હાથમાં પસાર થતા રહ્યા. એમ અરદેશર બાબેગાનના વખત સુધી ચાલુ રહ્યું. અરદેશરે ઇરાનને પડતીમાંથી ચઢતીમાં આણવાને તરેહવાર કોશેશો કીધી હતી. તે કોશેશોમાં એક કોશેશ આ પુરાંણાં કીર્તિવંત તખ્તના આ ટુકડાબુકલા પાછા એકઠા કરી એક નવું કિંમતી તખ્ત બનાવવાની હતી. અરદેશર એ કામ પુરૂં કરે તેટલામાં મરણ પામ્યો. તેની પછીના પાદશાહોએ અરદેશરની કોશેશ થોડી ઘણી ચાલુ રાખી. પણ સેવટે પાદશાહ ખુસ્રુ પર્વીજે તે કોશેશને ફતેહમંદ કરી, એ તખ્તને પાછું કિંમતી, સુંદર અને કીર્તિમંદ બનાવ્યું. તેણે મુલકે મુલકથી કીસબી કારીગરો અને સુથારોને બોલાવ્યા અને એ તખ્તને નવું બરપા કરવા માંડયું. એ મુલકે મુલકના સુથારોમાં આપણે મકાનના મુલકના સુથારોને પણ આવેલા જોઇએ છીએ. કહે છે કે ૧,૧૨૦ ઉસ્તાદ કારીગરો એ તખ્ત બનાવવા પાછળ કામે લાગ્યા હતા અને એ દરેક કારીગરના હાથ હેઠળ ૩૦ ચેલાઓ કામ કરતા હતા. એ બાબે ફીરદોસી કહે છે કે,

વરા દરગર આમદ જે રૂમો જે ચીન
જે મકાનો બગદાદ વ ઇરાન જમીન
હજારો સદો બીસ્ત ઉસ્તાદ બુદ
કે કર્દારે આન તખ્ત શાન યાદ બુદ
અઝા હર યકી મર્દ શાગેર્દ સી
જે રૂમી ઓ બગદાદી ઓ પારસી
બે ફર્મુદ તા યક જમાન દમ જદન્દ
બ દુ સાલ આન કાર દર હમ જદન્દ

અર્થ—તેને માટે કારીગરો રૂમ, ચીન, મકાન, બગદાદ અને ઇરાન જમીન તરફથી આવ્યા. ૧,૧૨૦ ઉસ્તાદો હતા, કે જેઓનાં કામથી તખ્ત યાદગાર રહ્યું. તે દરેક (ઉસ્તાદ) મરદ સાથે ત્રીસ રૂમી, બગદાદી અને પારસી શાગેર્દો હતા. પાદશાહે ફરમાવ્યું કે

સઘળાઓ તે ઉપર કામે લાગે. એ વર્ષ સુધી તેઓ એ કામ પાછળ મંડયા.

એ તખ્તની ઉંચાઇ ૧૦૦ શાહરસ (એટલે વામ Fathom) હતી, અને વળી તેની ઉપર બીજો ૭૦ વામનો ભાગ હતો. ૧૨૦ વામ તેની પોહોળાઇ હતી. એ પોહોળાઇ ઉંચાઇ કરતાં કમતર હતી. મહીનાના ત્રીસે ત્રીસ દહાડા તેની ઉપર જૂદા જૂદા ગાલીચા બીછાવવામાં આવતા. તેની ઉપર ૧,૪૦,૦૦૦ કિંમતી ઝવેરો જડેલાં હતાં અને તે દરેક ઝવેર ૬૬ મીસ્કાલ વજનનાં હતાં. આફતાબની ચાલ પ્રમાણે તેની સાંમેના દેખાવ બદલાતા હતા.

એ તખ્તના ત્રણ ભાગ હતા. નીચલા ભાગને 'મીશ-સર' (મેંઢાંનું માથું) કહેતા. તેની ઉપર દરબારના દેહકાંનો અને બીજા અમલદારો બેસતા હતા. તેનાથી ચઢતા બીજા ભાગ ઉપર ચઢતી પંકતીના લશકરી અમલદારો બેસતા હતા, ઉપરના ચઢતા ત્રીજા ભાગ ઉપર પાદશાહનો કારોબાર ચલાવનારો દસ્તુર પાદશાહની પાસે બેસતો હતો. તેની બેઠક પાદશાહની પાસે હતી, તેથી તે દસ્તુર હંમેશાં ડાહ્યો અને વફાદાર હોતો.

ખુસ્રુ પરવેજની દરબારના દમામ માટે ૯૦૦ હાથીઓ રાખવામાં આવતા હતા. જ્યારે તે શેહેર બાહર જતો ત્યારે તેની છાવણીના તંબુઓ લઈ જવા માટે ૧૨૦૦૦ મોટાં અને ૮૦૦૦ નાહનાં ઉંટો કામમાં આવતાં. ૬૦૦૦ ચોકીબાનો (guards) અસવારનવાર તેના મેહેલ આગળ ચોકી કરતા હતા. ૧૦૦ ભોંયરાંઓમાં સોનાં રૂપાંની તરેહવાર ચીજો ભરેલી હતી. તેનો બાદ વર્દ (૧) નામનો એક જાણીતો ખજાનો હતો, જેનું નામ આ ઉપરથી પડયું હતું કે એક વર્ષે ભોગજોગે રોમન શાહનશાહ હેરાકલીઅસનાં વાહાણો પવન (બાદ) થી ધસડાઇ તેને બંદરે આવ્યાં હતાં. તેઓનો માલ એણે એ ખજાનામાં ભર્યો હતો. ૪૦૦૦૦ રૂપેરી થાંભલાઓ તેના મેહેલને ટેકવતા. તે મેહેલમાં ૧૦૦૦ સુનાના ગોળાઓ (globes) ટાંગેલા હતા અને તેઓ તરેહવાર ગ્રહો અને નક્ષત્રોની ચાલ દેખાડતા.

મુસલમાન તવારીખનવેશો કહે છે કે એના મેહેલોમાં ૧૨૦૦૦ તો માહતાબના ચેહેરાની સ્ત્રીઓ હતી. એના તબેલામાં ૫૦૦૦૦ તો સુંદર ઘોડાઓ હતા, જેઓમાં એનો શબદીજ નામનો એક નામીચો ઘોડો જાણીતો હતો. ગાયનકારોમાં એનો બરબદ નામનો ગવૈયો મશહુર હતો. એની રાણીઓમાં શીરીનનું નામ મશહુર છે અને ખુસરૂ શીરીનની મોહબતનાં દાસ્તાનો એકથી વધુ સાએરોએ લખ્યાં છે. એવું એક દાસ્તાન નીજામી સાએરની નામીચી ખુમ્સે યા પાંચ કવીતા નામની કવીતાના ઝુમખામાં છે કે જેવા ઝુમખાની બીજા સાએરોએ પણ નકલ કરી છે. (૨)

હવે માલકમ કહે છે તેમ પુર્વ ભણીના ઈસલામી લખનારાઓએ એની મોજીલી જીંદગી માટે ઘણી સહરાગાત કરી છે. તે સહરાગાતનો ઘણોક ભાગ બાદ કરતાં પણ એ પાદશાહ બીજા ઇરાની પાદશાહો કરતાં ઘણો મોજીલો ગણાય.

વળી એ પાદશાહે ચહડતી અને પડતી બેઉ જોઇ હતી. પોતાના બાપના વખતમાં તેણે ઘણી હાડમારી જોઇ હતી. બેહરામ ચોબીને તેને નામના સીક્કા પાડયા તેથી તેનો બાપ તેના ઉપર શક લઇ ગયો કે તેનો દીકરો તેનું રાજ્ય લેઈ લેવા ધારે છે. તે શકને લીધે તેને બાપની દરબારમાંથી નાહાસવું પડયું. તે નાસીને આદર ગુશસ્પનાં આતશબેહરાંમમાં એકાંતવાસ પકડી બેઠો. પછી બાપના અંધાપા વખતે તે ઇરાન આવ્યો અને ગાદી ઉપર બેઠો. પછી બેહેરામ ચોબીનના બળવા સામે ટકી નહીં શકવાથી, રૂમ ભણી નાઠો. એ મુજબ

(૧) Tabari par Zotenberg Vol. II p. 305.

(૨) એના ખજાનાનાં વર્ણન માટે અને એના શબદીજ઼ ઘોડા માટે જુઓ Tabari par Zotenberg II p. 304 Chap. LV.

શરૂઆતની જવાન ઉમર હાડમારીમાં કાહાડી પાછળથી તેણે એશઆરામમાં જીંદગી ગુજારી. તેનાં રાજ્યની પાછલી કિર્તીમાં વધારો કરનારો એક સબબ રૂમની સલ્તનતની પડતી હતી.

વળી તેણે જેમ જવાની હાડમારીમાં કાહડી હતી તેમ મોટી ઉમર પછી બુઢાપો પણ હાડમારીમાં કાહડયો અને પોતાના બેટાને હાથેજ બંદીખાને પડી સેવટે બેટાનેજ હાથે માર્યો ગયો હતો.

એની એવી દુરદશા માટે એક હાથ ઉપર મોહોમેદનો, તેમ બીજા હાથ ઉપર ખ્રિસ્તીઓ સંતોષ લે છે, કે એ તેની દુર-દશા તેણે તેઓના ધર્મને અપમાન કીધું તેનું પરીણામ હતું. જરથોસ્તીઓ પણ એ-ઓના અવાજમાં પોતાનો અવાજ ઉમેરી શકે કે તેણે ખ્રિસ્તી પાદશાહની બેટી સાથે શાદી કીધી અને વળી ખ્રિસ્તી ક્રૉસ (Cross) વીગેરેની નિશાણીઓ સાથનો પોશાક પેહેરી પોતાની દીન અને દેશ તરફ, થોડી કે ઘણી, થોરો કે ઘણો વખત, બેદરકારી દેખાડી, તેનું એ દુરદશા પરીણામ હતું.

મોહોમેદન લખનારાઓ તેની પડતીના સબબ તરીકે પોતાના પેગમ્બરને આપેલું અપમાન ગણે છે. કહે છે કે ખુસ્રુ પરવીજ એક વખત કરસુ (Karasoo) નદીના કિનારા ઉપર છાવણી નાંખીને પડયો હતો. ત્યારે પેગમ-બર મહમદ તરફથી તેના ઉપર એક પત્ર આવ્યો. તેમાં તેને જરથોસ્તી દીન તર્ક કરી ઇસલામી દીન અખત્યાર કરવા કહી. ખુસ્રુ તે વાંચી બહુ ગુસ્સે થયો અને તે કાગળને તુચ્છકાર સાથે ફાડી નાંખી પડોશની કરસુ નદીમાં નાંખી દીધું. પેગમબર મહમદે એ વાત જાણી ત્યારે કહ્યું કે "ખોદા એ પ્રમાણે તેનાં રાજ્યને ફાડીનોડી નાંખશે (૧)." પોતાના પેગામ્બરને કરેલાં અપમાનને મુસલમાન તવા-રીખનવેશો તેની હાડમારી લાગુ પાડે છે. સર જોન માલકમ (૨) કહે છે કે સને ૧૮૦૦ માં એક વખત તે એ નદીને કિનારે હતો. ત્યાં વાત કરતાં તેણે એક ઇસ્લામી શખ્સને કહ્યું કે "આ નદીનો પાત ઘણો નીચે છે તેથી તેનું પાણી નેહેર મારફતે ખેતીનાં કામમાં વપરાઇ શકાય નહીં." ત્યારે પેલા ઇસ્લામીએ જવાબ દીધો કે "એક વખત તો એ પાત ઉંચો હતો અને બધે પાણી પોંહોચાડી શકાતું હતું. પણ ખુસ્રુ પરવીજે મહમદ પેગમબરના કાગળને અપમાન આપી ફાડી નાંખીને આ નદીમાં નાંખ્યું, ત્યારથી તે નદીનો પાત નીચે બેસી ગયો." આ મુજબ હજુર પણ એ મુલકમાં ઇસ્લામીઓ ખુસ્રુ પરવીજનાં આ કામને શ્રાપ લાગુ પાડે છે.

એજ મુજબ ખ્રિસ્તીઓ તેની પાછલી હાડ-મારી તેની ખ્રિસ્તીઓ તરફની સખત વર્તણુકને લાગુ પાડે છે. જ્યારે તેના ખ્રિસ્તી સસરા મોરીસને મારી નાખવામાં આવ્યો અને રૂમ (કોનસ્તાન્ટીનોપલ)ના મુલકમાં લોકોએ ફેસાદ ઉઠાડી બીજા હલકી પંક્તીના એક પુરૂષ ફોકોસ (Phocos) ને ગાદીએ બેસાડયો ત્યારે ખુસ્રુ પોતાના સસરાનાં ખુનનો કીનો લેવા રૂમ સામે લશ્કર લેઇ ગયો. તેની સાથે તેનો એક સાળો પણ હતો. તેણે દારા, એડીસા અને બીજાં નામીચાં શેહેરો લેઈ સીરીઆનો મુલક જીત્યો અને જેરૂસેલમ લીધું. ત્યાંનાં એક ધર્માલયમાં પેલો ખરો ક્રાસ (The true Cross), જે ઉપર ક્રાઇસ્ટને મારી નાંખવામાં આવ્યો હતો, તેનો એક સોનેરી દાબડો (Golden case) જમીનમાં દાટેલો હતો. તેણે તે કાહડી લીધો અને પોતા સાથે લેઇ ગયો.

ગીબન (૩) કહે છે કે જેરૂસેલમ ઉપરના એ હુમલામાં તેની સાથે ૨૬૦૦૦ યાહુદીઓનું લશ્કર હતું. તે યાહુદીઓ ખ્રિસ્તીઓ સામેની

(૧) "God will tear the kingdom" Gibbon III p. 251.
(૨) History of Persia Vol I p. 126.
(૩) Vol. III p. 249 Chap. XLVI.

પોતાની અસલી દુસ્મનીને લીધે તેની સાથે ખુશીથી સામેલ થયા. જરથોસ્તી ધર્મગુરૂઓએ તેને ખ્રિસ્તીઓનાં આ ધર્મસ્થળનો નાશ કરવા ઉશ્કેર્યો. તેણે ક્રાઇસ્ટની કબરવાળાં મકાનને અને હેલેના અને કોન્સ્ટનટાઇનનાં દેવલો (Churches of Helena and Constantine) ને આગ લગાડી બાળી નાંખ્યાં અને ખ્રિસ્તી ક્રૉસ ઇરાન લઇ ગયો. તેની સાથનાં આરબ અને યાહુદી લસ્કરે ૯૦૦૦૦ ખ્રિસ્તીઓની કતલ કરી.

જેમ ઇસ્લામીઓ અને ખ્રિસ્તીઓ એને માટે ફર્યાદ કરતા કે તેણે, ઉપર મુજબ, તેઓમાંથી એકના પેગમબરના પત્રને અને બીજાના પેગમબરની કબર અને ક્રૉસને અપમાન કર્યું, તેમ જરથોસ્તીઓ પણ તેની કોઇ વર્તણુક તરફ, પોતાની દીન તરફની બેદરકારી માટે આંગળી કરે. પણ એવું દીસે છે કે એમાં એની પોતાના ધર્મ તરફની બેદરકારી કરતાં રાજદ્વારી કુનેહ વધારે હતી.

આપણે પાછળ જોઇશું કે (ક) તેણે રૂમના ખ્રિસ્તી પાદશાહની ખ્રિસ્તી બેટી સાથે શાદી કરી હતી. (ખ) તેણે એક મોટાં દરબારી ખાંણાં વખતે પોતાના ખ્રિસ્તી સસરાએ ભેટ આપેલો ખ્રિસ્તી ક્રોસ સાથનો ઝભો પેહર્યો હતો. (ગ) વળી કહે છે કે તેને સર્જીઅસ (Sergius) નામનો એક ખ્રિસ્તી પીર (Saint), જેની કબર એન્ટીઓક (Antioch) ખાતે હતી, તેની ઉપર આકીન હતું. એ માનતો કે એ પીર તેનાં સ્વપનામાં આવતો અને તેની દુઆઓ બર લાવતો. તેથી તેણે તેનાં કબરવાળાં મંદીરને સોનાં રૂપાંની ચીજો ભેટ આપી હતી. તેણે જે ફતેહો મેળવી હતી, અને વળી તેની રાણી સીરા (શીરીન) આશાવંતી હાલતમાં આવી હતી, તે સર્વ એ પીરનીજ દુઆની બરકતથી હતું એમ એ માનતો. એ સઘળા વેહેમ હોય. પોતાના ધર્મ ઉપર ચુસ્ત હોવા છતાં કોઈ લોકોને કોઇ પારકા ધર્મના પીર સાધુઓ ઉપર વેહેમ હોય છે, તેમ એ પાદશાહનો વેહેમ હોય. યા એ સર્વ કોઈ રાજદ્વારી કુનેહ હોય, કારણ કે ગીબન જણાવે છે કે તેણે તો ખ્રિસ્તી ધર્મ તરફ પોતાની નાપસંદગી જણાવી હતી. જ્યારે મોરીસનું ખુન થયા પછી તેણે રૂમના મુલક ઉપર હુમલો કીધો અને ઘણાક મુલકો લીધા ત્યારે રૂમન શાહાનશાહ હેરાક્લીઅસે (Heraclius) તેની ઉપર તેના એક ઇરાની સરદાર સઇન (Sain) મારફતે સુલેહનો પેગામ મોકલ્યો. તે વખતે તેણે ખ્રિસ્તી ધર્મ તરફ નાપસંદગી દેખાડી અને પોતાના ધર્મ ઉપર જાનફેશાંની દેખાડી પોતાના સરદારને કહ્યું કે:

It was not an embassy, it was the person of Heraclius bound in chains that he should have brought to the foot of my throne. I will never give peace to the Emperor of Rome till he has abjured his crucified God and embraced the worship of the Sun (Gibbon III p. 252).

એટલે "તેણે મારા તખતના પગ આગળ એલચીખાતું નહીં પણ ખુદ હેરાકલીઅસને બેડીથી બાંધી લાવવો હતો. જ્યાં સુધી રૂમનો શાહાનશાહ, પોતાના ફાંસી દીધેલા ખોદાને માનવાનું છોડી દેશે નહીં અને ખોરશેદની સેતાયશ અખત્યાર કરશે નહીં ત્યાંસુધી હું તેને સુલેહ આપીશ નહીં.

હવે ઇસ્લામી અને ખ્રિસ્તી લખનારાઓ તેની જે હાડમારી તેઓના ધર્મને કરેલાં અપમાનને લાગુ પાડે છે તે આ હતી, કે ખુસ્રુ પરવીજનાં રાજ્યનાં છેલ્લાં ૬ વર્ષમાં રૂમનો હેરાકલીઅસ શાહનશાહ ઇરાન ઉપર હુમલો લાવ્યો. એશઆરામમાં ચકચુર થયલો ખુસ્રુ પરવીજ નાહાઠો. વળી અધુરાંમાં પુરૂં એમ બન્યું કે તેના એક બેટા શીરૂઇએ તેને બંદીખાને નાંખ્યો અને પછી પાંચ દાહડા રહીને મારી નાંખ્યો. કહે છે કે ખુસ્રુએ પોતાના

બીજા બેટા મરદઝ (Merdaza) ને પોતા પાછળ ગાદી આપવાનો વિચાર રાખ્યો હતો. તેથી તેના વડા બેટા શીરૂયએ પોતાના હક ખાતર તેને મારી નાંખ્યો.

ત્યારે જમાનાની આવી તરેહવાર ગર્દેશ જોયલો આ નામીચા પાદશાહ, જેને માટે માલકમ બરાબર રીતે કહે છે કે તે ૬) વર્ષ આગમચ મરણ પામ્યો હતે તો ખરેખર એક કિર્તીવંત ભાગ્યશાળી પાદશાહ ગણાયો હતે, તેનાં રાજ્યની શરૂઆતના ભાગનું ફીરદોસીનું દાસ્તાંન હું આજે રજુ કરવા માંગુ છું.

ખુસ્રુ પરવીજ નોશરવાંન અદલના બેટા હોરમજદનો બેટો હતો. હોરમજદ નોશેરવાંનની તે રાણી કે જે ચીનના ખાકાનની બેટી હતી, તેને પેટનો હતો. તેણે પોતાના બાપ નોશેરવાનનાં મરણ પછી ગાદી ઉપર આવતાં થોડોક વખત ઘણી સારી રીતે રાજ કર્યું. પણ પછી થોડા વખતમાં તેનું મન ફર્યું, અને તેણે બુરી રીતે અમલ કરવા માંડયો. તેણે પોતાના બાપના ત્રણ નામીચા દરબારીઓ ઇજદ ગુશસ્પ, બુજર્ચમેહર અને માહઆદરને મારી નખાવ્યા. તેણે પોતાના બાપના મોબેદાંન મોબેદ જર્દહેસ્તને બંદીખાને નખાવ્યો. તેણે બેહેરામ, આદરમેહાન અને સીમાહ વર્જીન નામના પોતાના બાપના માનીતા દરબારીઓને મારી નખાવ્યા. આ અરસામાં તેનું ધ્યાન તેના પિતાએ પોતાની હેયાતીમાં લખી રાખેલા એક અગમચેતીના કાગળ ઉપર ખેંચાયું કે જેમાં તેણે આગાહી કીધી હતી કે હોરમજદ થોડાંક વર્ષ સારી રીતે અમલ કરી પછવાડેથી બુરો નીવડશે અને તેથી તેના ઉપર અને ઇરાન ઉપર આફત આવશે. એ કાગળ ઉપર ધીરજથી ગોર કરતાં તેના વિચારો ફર્યા અને તેણે પાછો ઇનસાફી રાહ અખત્યાર કર્યો.

એના ઇનસાફના સંબંધમાં પ્રોફેસર નોએલ્ડકે (Noeldke) કહે છે કે તે બીજી દીનવાળાઓને પોતાની દીન ઇરાનમાં છુટથી પાળવા દેતો હતો. એક વખત તેના દરબારી ધર્મગુરૂઓએ તેને ખ્રિસ્તીઓ તરફ મેહરબાની દેખાડતો અટકાવા માંગ્યો. ત્યારે તેણે તેઓને કહ્યું કે, "જેમ મારૂં પાદશાહી તખ્ત ફકત આગલા બે પગો ઉપર ઉભું રહી શકે નહીં તેમ જો આપણે ખ્રિસ્તીઓ અને બીજી દીનવાળાઓને આપણી સામે કરીશું તો આપણું રાજ ટકી શકે નહીં. માટે ખ્રિસ્તીઓ ઉપરના તમારા ટીકાઓ બંધ કરો અને ઉલટથી ભલાં કામો કરો કે ખ્રિસ્તીઓ અને બાજી દીનવાળાઓ તે ભલાં કામો જોય અને તેથી તમારી દીનને વખાણે અને તે તરફ ખેંચાય."(1)

પણ હોરમજદ પોતાના બુરા વિચારો ફેરવી ઇનસાફી રાહ અખત્યાર કરે તેટલાં તો— જાણે તેની બુરાઇની સજામાં—તેના દુસ્મનોએ તેની ઉપર ઉલટવા માંડયું. ચીનનો ખાકાન, નામે શાહ સાવેહ, તેના સામે લશ્કર લાવ્યો. તેની સામે તેણે બેહેરામ ચોબીનને લશ્કર આપી મોકલ્યો.

એ બેહરામ ચોબીન માટે કહે છે કે તે રએના મુલકનાં એક નામીચાં ખાનદાનનો પુરૂષ હતો. નોશેરવાન અદલના વખતમાંજ તેણે દારા શેહેરના ઘેરા વખતે બાહાદુરીથી કિર્તી મેળવી હતી. તેથી પાદશાહ નોશેરવાને તેને મોટો સરદાર બનાવ્યો હતો અને સીરીઆના મુલકનો હાકેમ બનાવ્યો હતો. તેથી હોરમજદના વખતમાં જ્યારે ચીનના

(1) As our royal throne cannot stand on its front legs alone, so our rule cannot stand and be firm if we turn against us the Christians and members of other alien religions. Cease therefore your attack on the Christians and follow zealously good works that the Christians and others of alien faith may see them and give praise and be drawn towards your faith (Encyclopædia Britannicca Vol. XVII p. 613).

ખાકાંને ઇરાન ઉપર હુમલો કર્યો ત્યારે મેહેરાન સેતાદ નામનો એક બુઝોર્ગ દરબારી, જે નોશીરવાનના કેહવાથી ખાકાનની દરબારમાં એક માગું લઇ જનાર (મીઆન્ચી) તરીકે જઇ તેની બેટીઓમાંથી એક ખરી પાદશાહી લોહીની બેટીની નોશેરવાન માટે પસંદગી કરી લાવ્યો હતો, તેણે હોરમજદ પાદશાહને એ બેહરામ ચોબીનની ભલામણ કરી કે તેણે તેને ખાકાન સામે સરદાર બનાવવો. કહે છે કે મેહેરાન સેતાદને એ બાબે કાંઈ અગાહી થઇ હતી.

મેહરાન સેતાદની સલાહ ઉપરથી હોરમજદે બેહરામ ચોબીનને પોતાનાં લશ્કરનો સરદાર નેમ્યો. કહે છે કે એને ચોબીન એટલે લાકડાં (ફા. ચુબ) જેવો એટલા માટે કહેતા કે એ લાકડાં માફક મજબુત હતો (૧). બેહરામે ખાકાનને હરાવ્યો અને મોટી લુંટ મેળવી. તે લુંટ તેણે પાદશાહ હોરમજદ માટે મોકલી. પણ કહે છે કે યજદાનબખ્શ નામના હોરમજદના એક માનીતા દરબારીએ પાદશાહને કહ્યું કે લડાઇમાં જેટલી લુંટ મળી હતી તેનો ઘણો નાહનો ભાગ બેહરામે તેની ઉપર મોકલ્યો હતો. એક આખી ગાય સાથે સરખાવતાં ગાયનો કાન જેટલો નાહનો હતો, તેટલા પ્રમાણમાં બેહરામે મોકલેલી લુંટ તેણે મેળવેલી લુંટ સાથ સરખાવતાં હતી. એ ઉપરથી પાદશાહ, બેહરામ ચોબીન તરફ શકમંદ થયો. શકમંદ થઇ તે તેનાં બળથી બીહીવા પણ લાગો. એ પછી ખાકાન સાથની લડાઇ પછી જ્યારે બેહરામ ચોબીન રૂમીઓ સાથની લડાઇમાં હાર્યો, ત્યારે પાદશાહ હોરમજ પોતાનાં ઇરાની લશ્કરની હાર માટે દલગીર થવાને બદલે સામો ખુશી થયો કે તેથી બેહરામનો દોર જરા નરમ રહે. તેથી તેણે બેહેરામ ઉપર એક ઓરતનો પોષાક અને ચર્કો મોકલ્યો (૨). તેની મતલબ તેને તાણો મારવાની હતી કે "તું બાહાદુર પેહેલવાન નથી પણ ચર્કો કાંતનાર ઓરત મીસાલ છે." કહે છે કે બેહરામે પાદશાહની એ વર્તણુકની થાપણ બનાવી. તેણે ઓરતનો તે પોષાક પેહેર્યો અને પોતાનાં લશ્કર આગળ આવ્યો અને તેઓને કહ્યું કે "પાદશાહે આ પોષાક મોકલી આ રીતે મારી સેવાની કદર બુજી છે અને ખાકાન સાથની લડાઇનો બદલો આપ્યો છે!" તે ઉપરથી તેનું લશ્કર પાદશાહ હોરમજદ સામે ઉશકેરાયું અને તેને ઠપકો આપવા લાગ્યુ કે "તે પોતાનાં લશ્કરની અને બાહાદુર સરદારોની આવી રીતે કદર બુજે છો!" તેઓ હવે છડે ચોક બેહરામ ઉપર પોતાના રાજા તરીકે કુરબાની કરવા લાગા. આ પ્રમાણે ઇરાનના આ નામીયા સરદાર અને ઇરાનના પાદશાહ વચ્ચે દુશ્મનાઇ ઉભી થઇ જે હોરમજદ પછી ખુસ્રુ પરવીજનાં રાજમાં પણ ચાલુ રહી.

પાદશાહને પોતા સામે ઉપર મુજબ શકમંદ જોઇ બેહરામ ચોબીને હવે તેની સામે બંડ ઉઠાવ્યુ. તેણે પેહેલે હોરમજદ અને તેના બેટા ખુસ્રુ પરવીજ વચ્ચે મીનાકેસો ઉત્પન્ન કર્યો. તેણે પોતાની બુરી નેમમાં ફતેહ પામવા માટે તાલમેલથી હવે રાજ્યના સીક્કા પાદશાહ હોરમજના બેટા ખુસ્રુ પરવીજને નામે પડાવ્યા. બેહરામ ચોબીનની બુરી મતલબ આ કામ કરવામાં આ હતી કે બાપ દીકરાઓ વચ્ચે દુશ્મની જાગે. ખુસ્રુએ પોતાના બાપની હૈયાતીમાંજ પોતે સીક્કા પડાવ્યા છે એમ હોરમજદ જાણે તો તે પોતાના બેટા ઉપર શક લઇ જાય કે તે રાજ ગાદી લઇ લેવા માંગે છે. એમ શક લઇ જઇ તે બેટાને બંદ કરે યા મારી નાંખે તો બેહરામ ચોબીનનું બળવો ઉઠાવી ઇરાનનું રાજ લેવાનું કામ સેહલ થાય, કારણ કે ખુસ્રુ જેવો એક ભલો અને બાહાદુર નર તેના માર્ગમાંથી દુર થાય. વળી એ કાવત્રાં ભરી યુક્તીથી પાદશાહ હોરમજદનું પોતાનું દેલ પણ દુઃખી થાય.

(૧) Gibbon's Decline & Fall of the Roman Empire, III p. 234.

(૨) Ibid Vol. III p. 234. Malcolm's History of Persia (1829) Vol. I p. 121

બેહરામ ચોબીન પોતાની આ બુરી મતલબમાં ફાવ્યો. પોતાના બેટાને નામના સીક્કા જોઇ હોરમજદ તેના ઉપર શકમંદ અને ગોસ્સે થયો, અને પોતાના એક વઝીરની સલાહથી તેને બંદીખાને નાંખવાનો વિચાર કીધો. ખુસ્રુ પરવીજ, જે પોતે નિરદોશ હતો, તેને પોતાના બાપનો વિચાર માલમ પડવાથી તે એકદમ છુપાછુપ પોતાના બાપની દરબારમાંથી નાહઠો. પાદશાહ હોરમજદ પોતાના બે સાળાઓ—એટલે ખુસ્રુ પરવીજના મામાઓ—બન્દુઇ અને ગસ્તહમ ઉપર પણ શક લઇ જવા લાગો કે તેઓ ખુસ્રુ ઉશ્કેરે છે. તેથી તેણે તેઓને બંદીખાને નાંખ્યા.

પછી પાદશાહ હોરમજદે આઇન ગુશસ્પ નામના સરદારને બેહરામ ચોબીનની સામે લડવા મોકલ્યો. તે આઇન ગુશસ્પ લડાઇમાં માર્યો ગયો. આથી પાદશાહ ઘણો દલગીર થયો. પાદશાહના કેટલાક દરબારીઓએ બંન્દુઇ અને ગસ્તહમને છોડી મેલ્યા અને હવે તેઓએ પણ શાહ સામે માથુ ઉચકયું અને પાદશાહ આગળ જઇ તેની આંખો ઢાંકી નાંખી તેને આંધળો કરી નાંખ્યો. આ વખતે ખુસ્રુ પરવેજ આદર ગુશસ્પના આતશબેહરામમાં જઇ રહ્યો હતો. ત્યાં તેના ઉપલા બે સાળાઓએ કાસદને મોકલ્યો, કે તેને જઇને જણાવે કે તેનો બાપ આંધળો થયો છે, માટે આવી ઇરાનની ગાદી લેવી. ખુસ્રુએ તે કાસદને જવાબ આપ્યો કે "મારા બાપે મારી ઉપર કીનો લેવાને ઠરાવ કીધો હતો તેથી હું તેની દરબારમાંથી દુર નાહસ્યો હતો. હવે હું તેનો ફરમાનબરદાર થઇ રહેવશ. અને તેના સર્વ સખુનો માથે ચહડાવીશ." ખુસ્રુ ઇરાનનાં પાયતખ્ત ખાતે આવ્યો અને સર્વએ તેને આવકાર દઇ ગાદીએ બેસાડયો. ખુસ્રુએ પોતાના દરબારીઓને જાહેર કર્યું કે તે ભલી અને ઇનસાફી રીતે અમલ કરશે. પછી તે પોતાના અપંગ થયલા બાપ હજુર ગયો. પોતાના બાપની અપંગ હાલત જોઇ તેણે અફસોસ કીધો અને કહ્યું કે "ઓ પદર! જો હું તારી આગળ તારી બાજુ સમાન હાજર હતે તો કોઇ તારી આંગળી વટીકને એક સોય પણ બોંકી શકતે નહીં. હવે તું ચાહે તે મારી પાસે માંગ. હું તારો ફરમાનબરદાર છું."

હવે પેલી બાજુ જ્યારે બેહરામ ચોબીનને ખબર પડી કે પાદશાહ હોરમજદ અપંગ થઇ ગયો છે અને ખુસરૂ પરવેજ (૧) ગાદી ઉપર આવ્યો છે ત્યારે તેણે લશ્કર સાથે ખુસ્રુ સામે કુચ કરવા માંડી. બેઉનાં લશ્કર એકમેકની સામે મળ્યાં. ખુસ્રુ એમ બોલ્યો કે "બેહરામ ચોબીન પોતે ખુશી સાથે શરણ થાય એમ દીસતું નથી. પણ હું એ માટે એક રોશન રસ્તો શોધું છું. જ્યારે ખચ્ચર બોજાની નજદીક આવે નહીં ત્યારે તારે બોજો ખચ્ચર ઉપર લેઇ જવો. (એટલે જ્યારે ખચ્ચર જ્યાં તેની ઉપર લાધવાનો સામન પડયો હોય ત્યાં ખુશીથી નહીં આવે ત્યારે તે જ્યાં ઉભું હોય ત્યાં સામન લઇ જઇ તેના ઉપર લાધવો.(૨) (એટલે કે જ્યારે બેહરામ ખુશીથી શરણ થતો નહીં ત્યારે તેને આપણે તાબે કરવો જોઇએ). પછી ખુસ્રુ બેહરામ ચોબીન આગળ ગયો અને પેહલે તેને નરમ શબ્દોથી લડાઇથી વાર્યો. પણ બેહરામે તેને મચક આપી નહી અને તેને ચીનના ખાકાનની છોકરીના છોકરા તરીકે તાણો માર્યો. પછી તેઓએ એક મેક સામે સખ્ત શબ્દો વાપરયા. પછી ખુસ્રુ ઘોડા ઉપરથી નીચે ઉતરયો અને માથા ઉપરથી તાજ ઉતારી ખોર્શેદ તરફ મોંહ કરી ખોદાતાળા હજુર દુઆ ગુજારવા લાગો કે "ઓ દાદાર! ઉમેદનાં ઝાડ ઉપર તારાથી ફળ લાગે છે. જો તારી મરજી હોય કે કેઆંનીઓનું તોખમ

(૧) ફારસીમાં પરવેજ શબ્દનો અર્થ 'ફતેહમંદ' થાયછે.

(૨) પેલી કેહવત સમાનના આ શબ્દોની આ સખુનો યાદ આપે છે "If the mountain does not go to Mahomed, let Mahomed go to the mountain."

ચાલુ ન રહે તો હું એક આતશકદેહમાં જઇ મારા દાહડા તમામ કરવાને રાજી છું. પણ જો તારી મરજી હોય કે હું પાદશાહી કરૂં તો મારાં લશ્કરને જોર અને ફતેહ બખશ. જો હું બેહરામ ચોબીન સામેની લડાઇમાં મારી મોરાદ મેળવીશ અને ફતેહ પામીશ તો હું આદર ગુશસ્પનાં આતશ કદેહમાં જઇશ અને તે મકાનને ઘોડાઓ અને સાંકળીઓ અને ગુસ્વાર (એટલે કાનમાં પેહેડવાનાં ગોહરો) અને સોનેરી પોષાક અને ગોહરો અને સોનાના દીનારની ૧૦૦ કોથળીઓ સખાવતમાં યા ધર્મખાતે ભેટ આપીશ. જો હું ફતેહમંદ પાદશાહ થઈશ તો તે પવિત્ર મકાનના ગરીબ પુંજારીઓને એક લાખ દેરમ ભેટ આપીશ. બેહરામીઆનો એટલે બેહરામનાં લશ્કરમાંથી જે કોઇ બંદીવાન પકડાશે તેઓને હું આતશકદેહના નોકર બનાવીશ અને મોબેદો અને હેરબદોનાં દેલ ખુશી કરીશ."

ખુસ્રુ પરવીજે આ મુજબ દુઆ ગુજારી અને પોતે જો તાજો તખ્ત પાછું મેળવે તો ધર્મનાં કામો અને સખાવત કરવા માટે કબુલાત આપી, અથવા આપણા હાલના શબ્દોમાં બોલીએ તો માનતા લીધી. તે માટેના ફીરદોસી પ્રમાણેના શબ્દો નીચે પ્રમાણે છે.

ખુસ્રુ પરવીજની દાદાર હજુર દુઆ.

ઓ ઇનસાફના આપનાર! ઓ દાદગર!
ઉમેદો તારીથી આવે છે બર.
બેહરામ છે બંદા મીસાલે આજ
લગાડેછ તખ્તને શરમ ને લાજ.
જો કેઆંની તોખમથી જતું હોય રાજ
તો બાંધું હું મારો સામન ને સાજ,
આતશ કદેહમાં થાઉં એકાંત
દુધના ખોરાક પર થાઉં હું શાંત,
તજું હું સૌ ધન ને દોલત
હલકો એક પોષાક પેહરૂં હું જત.
પણ ચાહે જો તું કે થાઉં પાદશાહ
તો બંદો હું થાઇશ ખરો દાદખાહ.
ફતેહમંદ કર તુ મારા સેપાહ
ના આપ એ ગોલામને તખત ને ગાહ.
જો મેળવીશ હું તાજ તખત ને અસ્પ
તો દોડતો હું જઇશ આજર ગુશસ્પ.
ત્યાં જર અને ઝવેરનો કરીશ નેસાર
સુનાં રૂપાંનો કરીશ સીંગાર.
કોથળીઓ સો ભરી સોનું દીનાર
ગુંબદ પર તેનાં કરીશ નેસાર.
વળી મોબેદો ત્યાંનાને લાખ એક દેરમ
આપીશ હું તેમને ને કરીશ ધરમ.
આપીશ એ સઘળું જો થઇશ હું શાહ
જો મેળવીશ હું ઇરાનનું તખ્ત અને ગાહ.
શેહેરો જે થયાં છે તબાહ વેરાન
જાનવરો વેહેશીનાં થયાંછ મકાન.
તે સઘળાંને કરીશ આબાદ તમામ
વેરાનીનું હું રાખીશ ન નામ.
થાવશ જો પાછો હું શેહરયાર
તો ખરચીશ હું એવા લાખ એક દીનાર.
બેહરામનાં લશ્કરમાંથી સેપાહ
પડશે જે મારા બંદમાં તબાહ,
તે સર્વને આઝર ગુશસ્પને ઠામ
મોકલીશ હું કરવા તે આતશનું કામ.

આ મુજબ દુઆ ગુજારી ખુસ્રો પરવીજ બેહરામ ચોબીન આગળ પાછો આવ્યો અને તેને નીચે પ્રમાણે કહ્યું.

ખુસ્રુ પરવીજના બેહરામ ચોબીનને સખુન.

ઓ દેવથી ભમાયલા દોજખી મરદ!
દુર થાઇ છે તારેથી અક્કલ ખેરદ.
થાયો છે દેવ બહુ તુંપર ગાલેબ,
આંધળો થાઇ કરેછ તું ગુસ્સો તાલેબ.
અક્કલને છોડી તું પકડે છે કીન,
દેવોથી મેળવે છે બુરી આફ્રીન.
શેહેરને બદલે કાંતાનું રન,
બાગને બદલે દોજખનું વન.
મગજ તારૂં થયું છે અક્કલથી સુમ,
દેલ તારૂં થયું છે રોશનીથી ગુમ.
શોધે છે તું હાલ જાદુઇ ફરેબ,
બુલંદ તારૂં નસીબ થાય છે ગેબ.
નાંખે છે એવાં ઝાડ પર તું હાથ,
કે ઝેર સીવા બીજો મળશે ન સાથ.

વડીલો તારાએ કર્યું ન કામ,
કરવા તે કામ તું ભીડે છે હામ.
આપ્યું છે તુંને શું ખોદાએ કમ?
ગુરગીનની યાદ તું કર હરદમ.
ઓ બદ બખ્ત મર્દ! ઓ બીદાદગર!
જે બને ન તેનું ગુમાન ના કર.
કરચલું કેમ ઉડે જાણે અકાબ?
અકાબ કેમ પોંહોંચે જ્યાં આફતાબ?
ખાઉં છું સપત લઇ યજદાંનનું નામ,
કે આવે તું એકલો, ના લશ્કર તમામ,
તો કરૂં નહીં મુદ્દલ તુને હેરાન,
જો કરૂં હું હેરાન તો થાઉં પરેશાન.
સખુન તારા સખ્તથી થયોછ નિરાશ,
પણ ખોદાપર રાખુંછું મારી હું આશ.
જો લાયક નહીં હોઉં કે પામું હું તખ્ત,
તો રાખે તે ખોદા મને ઝીરદસ્ત.

બેહરામે જ્યારે ખુસ્રુ પરવીજના આ શબ્દો સાંભળ્યા ત્યારે તુંદીથી જવાબ આપ્યો. એકમેક સાથ કેટલીક તકરાર કરવા બાદ બેઉ જણાં છુટા પડયા. બેહરામ ચોબીનની એક બેહેન ગોર્દીયે નામની હતી. તેણીએ પોતાના ભાઇને પાદશાહ સાથની મોલાકાતથી પાછો ફરતાં જોયો ત્યારે તેની આગળ ચીંતા ભર્યાં દેલ સાથે ગઇ અને પુછયું કે "આજે પાદશાહ સાથે શું બન્યું? જો પાદશાહ પોતાની જવાની અને નાની ઉમરને લીધે જરા તુંદ બન્યો હોય, તો તુંએ સુલેહના વિચારથી ફરવું નહીં જોઇએ." ત્યારે બેહરામે પોતાની બેહેનને કહ્યું કે "એને પાદશાહ નહીં ગણવો જોઇએ. તે નથી એક જંગી સવાર કે નહીં છુટા હાથનો બખશનાર; નથી તે દાનાઇ ભર્યા વિચારનો કે નથી રોશન દેલનો. કિંમતી ગોહર કરતાં હુન્નર બેહેતર." ત્યારે તેની બેહેને તેને નીચે પ્રમાણે શીખામણ દીધી.

ગર્દુઇના, પોતાના ભાઈ બેહરામ ચોબીનને શીખામણના શબ્દો.

અએ ચપળ બુદ્ધીના ભાઇ નામવર!
ઓ કિર્તીને શોધનાર ભલા બેહેતર!
કહું છું હું બહુ પણ સાંભળતો નહીં,
દેખાદેછ તુંદાઇ અને બદખુઇ.
બલખના દાનાવના સાંભળ સુખન,
"સદા સાચ્ચુ લાગે કડવું જખુન."
જે કોઈ કહે તુંને તારી જે એબ,
તે રાસ્તીને દે છે હમેશાં જેબ.
વતનને પોતાનાં કર ના વેરાન,
ચાહતો હોય દુનીઆમાં ધરાવવા માન.
હતો એક દાનાવ મરદ નેક બખ્ત,
કહી છે એક વાત તેણે એક વખ્ત.
કેહતો એક ખર જેના બે કાન,
ગયો તે એક વખ્ત બાગદને થાન,
માંગ્યાં બે સીંગ પણ મળ્યાં ન તે
ફોકટમાં ખોયા કાનો ખુદ બે.
નામોશી ના શોધ સંતોષ પકર,
નથી થયા તારા વડીલ તાજવર.
જો પાદશાહનો હતે ન બેટો જવાન,
તો કહેતે નહીં કાંઇ, ન ખોલતે જબાન.
ખુસ્રુનો બાપ છે જીવતો તમામ,
તખત ને તાજ છે તેઓને ઠામ.
બાપથી બેટો મેળવે છે રાજ,
વચમાં પડવાની તુંને શી કાજ?
ચીંતામાં છું કે મુશકેલ આ કામ,
થશે કેમ ખલાસ? શું સેવટ તમામ?
શોધેછ તું હંમેશ દરદ દુઃખ કુલ,
સુંઘેછ તું હમેશ બદ જેહરનું ફુલ.
લોકો એમ કેહશે કે થયો બેહરામ,
ખરો માર્ગ છોડી નીમક હરામ.
ખોદા પણ થાશે તેથી નારાજ,
દોજખમાં થાશે તું સેવટ તારાજ.
નથી રેહેતી કાયમ જેહાન મુજ ભાઇ!
નેકી સીવા રેહેતું નથી અંહી કાંઇ.
વિચાર કર કે આપણો હોરમજદ શાહ,
દુનિયામાં થયો તારો દસ્તગાહ.
તારે હાથ આવ્યું સાવેહનું તખ્ત,
બુલંદ તેથી થયું તારૂં નેક બખ્ત.
જે ઇરાનના શાહથી થયો નામવર,
તેનુજ તખ્ત લેવા થયોછ તતપર.
કિર્તી જે તારી તે ખોદાથીજ માન,
શાહ તરફ ના થા એમ બદ ગુમાન.

એમ બેહરામ ચોબીનને તેની બેહેન ગોર્દીય એ ખુસરો સામે લડાઇ કરવાથી વાર્યો, પણ તે સમજ્યો નહીં. સેવટે તેઓ વચ્ચે એક ઘણી ઝુઆનગાર અને ખુનખાર લડાઇ થાઇ. બેહરામ ચોબીને એક રાત્રે ખુસ્રુનાં લશ્કર ઉપર હુમલો કરી શબેખુન રેડયું. સેવટે ખુસ્રુની હાર થઇ અને તે નાઠો. ખુસ્રુને તેના બાપે સલાહ આપી કે "તું રૂમ ભણી જા અને ત્યાંના કએસર પાસે મદદ માંગ. રૂમના પાદશાહો ફરેદુનની ઓલાદથી ઉતરી આવ્યા છે. વળી તેઓ તારા ખેશી થાય છે."(૧) પોતાના બાપની આ સલાહ માન્ય કરી ખુસ્રુ રૂમના મુલક ભણી ગયો. પછી બેહરામ ઇરાનની રાજધાની તરફ આવ્યો. તે ત્યાં આવી રખેને પાદશાહ હોરમજને પાછો ગાદીએ બેસાડે એવી ચીંતાથી ખુસ્રુના મામાઓ બન્દુઇ અને ગસ્તહમે તે બુઢા પાદશાહને મારી નાંખ્યો.

બેહરામે ઇરાની સલતનતમાં આવી ખુસ્રુની પછવાડે બેહરામ બીન સીઆવશ નામના સરદારને મોકલ્યો. ખુસ્રુ પરવીજ કુચ ઉપર કુચ કરતો એક મકાનમાં આવી પોંહોતો કે જે એક ખ્રિસ્તી ધર્માલય (યજદાનસરાય) હતું. તે બંદગી કરવાની એક જગ્યા (પરસ્તેશગાહ) હતી. તેમાં ગુનાહ માટે સોક યા પસ્તાવો કરનારાઓ (સુગવારાન) રહેતા હતા. અને તેમાં પાદરીઓ (સેકુબા) અને ધર્મ ગુરૂ (મેહ્રાન Metropolitan) રહેતા હતા.(૨) ખુસરૂએ ત્યાં જઇ કાંઇ ખાવાનું માંગ્યું. ત્યાંના પાદરીએ રોટી અને થોડીક નદીને કિનારે ઉગતી ભાજી રજુ કીધી. પાદશાહ ખુસ્રુ પરવીજ અને તેના બે સાથીઓએ બરસમ સાથે બાજ ધરીને ખાનું ખાધું. પછી ખુસ્રુએ જરા શરાબ માંગ્યો. તે પાદરીએ કહયું કે "અમો ગરમીની મોસમમાં ખજુર (ખોર્મા) નો દારૂ બનાવીએ છીએ તે કહો તો આપું" ખુસરૂએ તે માંગ્યો અને તે સુંદર ગોશન શરાબની ત્રણ જામ પીધી. ખાનું ખાઇ શરાબ પી ખુસ્રુ તે ધર્માલયની રેતીની જમીન ઉપર પોતાના મામા બન્દુઇના પગપર માથું મુકી સુઇ ગયો.

તે જરા સુતો નહીં તેટલાંમાં તે મઠના પાદરીએ તેઓને કહયું કે "સામેથી કોઇ લશ્કર આવે છે." તે સાંભળી ખુસ્રુ જાગી ઉઠયો અને જાણ્યું કે બેહેરામ ચોબીનનું લશ્કર તેની દુન્બાલે આવે છે. તેણે હવે પોતાની કમબખ્તી પુરી જાણી. પણ તેના મામા બન્દુઇએ પોતાના જાનના જોખમે તેને બચાવી લેવાની યુકતી કીધી. તેણે ખુસરો પાસેથી તેનો પાદશાહી પોષાક અને તાજ વગેરે કહડાવી લીધું અને પછી તેને કહયું કે "તું ગસ્તહમની સાથે નહસાય તેમ જલદી નાહસ." ખુસરો તુરત નાહઠો. હવે બન્દુઇએ ખુસ્રુનું તાજ અને પાદશાહી પોષાક પોતે પેહેર્યાં અને પેલા ધર્માલયની અગાશી ઉપર આવી ઉભો. પેલું લશ્કર આવી પોહોતું. તેઓએ દુરથી બન્દુઇને ખુસ્રુના તાજ અને પાદશાહી પોષાક સાથે જોયો, ત્યારે ધાર્યું કે "આ ખુસ્રુ પરવીજ છે અને તે અહી ભરાયો છે." તેથી તેઓએ તુરત તે મકાનની આજુ બાજુ ઘેરો નાંખ્યો. બન્દુઇ થોડોક વાર દુરથી દેખાવ દેઇ તુરત અંદર ગયો અને તાજ અને પાદશાહી પોષાક દુર કરી પાછો પોતાનો પોષાક પેહેરી લઇ અગાશી ઉપર આવ્યો. તેટલાંમાં લશ્કરે તે મકાનને પુરતો ઘેરો ઘાલ્યો હતો. બન્દુઇએ પોકાર મારી કહયું કે, "તમારો સરદાર કોણ છે? તેને મારે ખુસ્રુ પરવીજનો પેગામ કેહેવો છે." બેહરામ સીઆવક્ષ તેની આગળ આવ્યો અને કહ્યું કે, "હું સરદાર છું." ત્યારે બન્દુઇએ તેને કહયું કે, "પાદશાહ ખુસ્રુ પરવેજે કહેવાડયું છે કે તે હાલ પએ દર પએ કુચથી થાકી

(૧) ફરેદુને પોતાના એક બેટાને રૂમનો મુલક આપ્યો હતો તે બાબતનો અને નોશેરવાન રૂમ તરફની એક ખ્રિસ્તી શાહજાદી સાથે પરણ્યો હતો તેનો એ ઇસારો છે.

(૨) આ વર્ણન દેખાડે છે તે એક ખ્રિસ્તી મઠ (Monastery) હતું.

ગયો છે માટે તે આજે નહીં પણ કાલે તમોને શરણ થશે અને બેહેરામ ચોબીન હજુર આવશે." પેલા સરદારે ધાર્યું કે "હવે ખુસ્રુ અંહી બંદ છે તે અહીંથી જવાનો કયાં છે?" તેથી તેણે આ અરજ કબુલ કરી. બીજી સહવારે બન્દુઇ પાછો અગાશી ઉપર આવ્યો અને બેહરામ સીઆવક્ષને કહ્યું કે, "પાદશાહે આજે આખી રાત બંદગીમાં ગુજારી છે અને તે આજનો દાહડો ખાબ કરી આસાએસ લેવા માંગે છે. સવારે તે શરણ થશે." બેહરામે કહ્યું કે, "જબરદસ્તીથી પકડતાં ખુસ્રોના જાનને કાંઈ હાની થાય તેના કરતાં તે એમજ શરણ થાય તો સારૂં." એમ ધારી એક દિવસની વધુ મેહતલ આપી તેટલાંમાં તો ખુસ્રુ પરવીજ રૂમ ભણી પુષ્કળ દુર કુચ કરી ગયો હતો.

બીજી સવારે બન્દુઇ હિંમતથી બેહરામ સીઆવક્ષ આગળ આવ્યો અને તેને ખુસરૂ પરવેજની ખરી હકીકત કહી જણાવ્યું કે, "ખુસ્રુ રૂમની સરહદમાં દાખલ થઇ ચુકો હશે. હવે તું જે કહે તે કરવાને હું રાજી છું. તું કહે તો તારી સાથે બેહરામ ચોબીન આગળ આવું અને ખુસ્રુની સર્વે હકીકત મોંહોડે મોંહાડું જણાઉં. તુ કહે તો હથિઆર બાંધી લડવા તૈયાર છું." તેના આ સખુનો સાંભળી અને ખુસ્રુ નાસી જવાની વાત જાણી બેહરામ સીઆવક્ષ દલગીર થયો. પછી તે બન્દુઇને પોતા સાથે બેહરામ ચોબીન આગળ લઇ ગયો. બેહરામ ચોબીને તેનાં તન ઉપર જંજીર નાંખી બંધ કર્યો.

ત્યાર પછી બેહરામ ચોબીને ઇરાની અમીર ઉમરાવોની એક સભા બોલાવી અને તેઓને કહ્યું કે, "ખુસ્રુ પરવીજ પોતાના બાપ હોરમજનું ખુન કરાવી રૂમ ભણી નાસી ગયો છે. તેથી હવે તમો ઇરાનનું રાજ કોણને આપવા માંગો છો?" સભામાં કેટલાકોએ બેહરામ ચોબીનનેજ પાદશાહ ઠેરવવાને કહ્યું અને કેટલાકોએ ખુસ્રુનેજ કબુલ રાખ્યો. સેવટે બેહરામ ચોબીને પોતાને પાદશાહ તરીકે જાહેર કર્યો, અને ગામેગામ તે માટે જાહેર નામાં કાહડયાં. આદર મહીનો ને ખોરશેદ રોજે એ બન્યું. તેણે જાહેર કર્યું "કે જેઓ ખુસ્રુનેજ પાદશાહ કબુલ રાખવા માગતા હોય તેઓએ ઇરાન મુલક છોડી જવો." તે ઉપરથી ઘણાકો ઇરાન છોડી ખુસ્રુ પરવેજ તરફ રૂમ ભણી ગયા. ખુસ્રુ પરવીજનો મામો બન્દુઇ, જે બેહરામ ચોબીનના હુકમથી બેહરામ સીઆવક્ષના હાથમાં બંધ હતો, તેણે બેહરામ સીઆવક્ષને સમજાવ્યો કે તે તેને છોડી દે. તેણે તેને કબુલાત આપી કે ખુસ્રુ રૂમની મદદથી પાછો ઇરાન આવશે ત્યારે તે તેને મોટો દરજ્જો અપાવશે. તે ઉપરથી બેહેરામ સીઆવક્ષે તેને છોડી દીધો. એટલુંજ નહીં પણ તેણે એક દીવસે બેહરામ ચોબીનને મારી નાંખવાને માથે લીધું. બેહરામ ચોબીને એક દીવસે ચોગાન ગુઇ રમવા પોતાના સરદારોને બોલાવ્યા હતા. તે દીવસે બેહરામ સીઆવક્ષે પોતાના શરીર ઉપર છુપું લડાઇનું બખતર પેહેરી ત્યાં રમવા જવાની યુક્તી રચી કે તેમ ત્યાં જઇ બેહરામ ચોબીનને મારી નાંખે. તેની બાયડી, જેણીને પોતાના ખાવીંદ તરફ પુરતી પ્રિતી નહીં હતી, તેણીએ છુપી રીતે બેહરામ ચોબીનને એ વાત જણાવી. તેથી જ્યારે બેહરામ સીઆવક્ષ, ગોઠવણ પ્રમાણે, છુપા બખતરમાં સજ થઇ બેહરામ ચોબીન સાથ ચોગાન ગુઇ રમવા ગયો ત્યારે બેહરામ ચોબીને તેને મારી નાંખ્યો. બન્દુઇને એ વાતની ખબર પડતાં તે નાહડો.

હવે પેલી બાજુ ખુસ્રુ પરવેજ પેલા મઠમાંથી [illegible] કુચપર કુચ કરતો રૂમની સરહદ ઉપર આવ્યો. તે બાબલે નામનાં શેહેરમાં આવ્યો અને ત્યાં ઉતારો લીધો. તેટલામાં બેહરામ ચોબીનના સવારો ત્યાંના હાકેમ ઉપર કાગળ લાવ્યા કે તપાસે કે ત્યાં ખુસ્રુ પરવેજ આવે તો તેને પકડે. ત્યારે ખુસ્રુ ત્યાંથી નાહઠો. માર્ગમાં વેરાન જંગલમાં ખોરાક વગર ટળવળ્યો. રસ્તામાં મળતી વેપારી વણ-

જારો પાસેથી તેણે ખાણું મેળવ્યું. પછી તે કર્સીન (પશ્ચીમ બાજુના લખનારાઓનું Circesium) નામનાં શેહેરમાં આવ્યો. તેના ખ્રિસ્તી રેહવાસીઓ તેને તેનાં લશ્કરી માણસો સાથે જોઇ શેહેર માંહે ભરાઇ ગયા. ખુસ્રુએ તેઓને સધ્યારો આપ્યો કે તે લડવા નથી આવ્યો. તે છતાં તેઓએ તેને મદદ કીધી નહીં અને શેહેરના દરવાજા બંધ કરી દીધા. ત્રણ દાહડા સુધી ખુસ્રુ લશ્કર સાથે ખોરાક વગર બાહેર પડી રહયો. તેણે ચોથે દીવસે શેહેરમાં પેગામ મોકલી ખોરાક માટે અરજ કીધી પણ તેઓએ તેને કાંઇ મદદ કીધી નહીં. ચોથે દીવસે એકાએક વાદળ ઘેરાઇ ઘણું મોટું તોફાન થઇ આવ્યું અને તેથી શેહેરની અર્ધી દીવાલ પડી ગઇ. ત્યાંના ખ્રિસ્તી લોકોએ ધાર્યું કે "આ બીચારાના માણસોને મદદ નહીં આપી તેની સજા ખોદાતાલાએ કીધી છે." તેથી તુરત તેઓએ મોહોલે મોહોલે ખોરાક એકઠો કરી પોતાના ત્રણ પાદરીઓ સાથે મોકલી આપ્યો અને તે શેહેરમાં આવેલી એક પાદશાહી ઇમારતમાં ખુસ્રુને આસરો આપ્યો. ત્યાંથી ખુસ્રુએ કએસર ઉપર પોતાની હકીકતનો કાગજ લખ્યો અને ત્યાંથી માનુઇ શેહેર, જેને ખુસ્રુ મીનોઇ કહેતો તે તરફ ગયો. ત્યાંના પાદરીઓએ તેને આવકાર દીધો. ત્યાના વડા પાદરીએ આગાહીથી ખુસ્રુને પીછાન્યો અને તેનું ભવિષ્ય તેને કહ્યું કે તે ઇરાનનું રાજ પાછું મેળવશે અને રૂમના કએસરની બેટી શાદીમાં મેળવશે. તે પાદરીએ વળી ખુસ્રુને તેના મામા ગરતહમથી ચેતેલો રેહવા જણાવ્યું કે તે કોઇ દીવસે તેની ઉપર સખ્તી લાવશે.

પછી ખુસ્રુ ત્યાંથી અરૂરીંગ નામનાં શેહેરમાં આવ્યો. ત્યાં તેને કએસર તરફથી આવકાર દેનારો એક કાગજ મળ્યો. ખુસ્રુએ ગરતહમને બીજા દરબારીઓ સાથે રૂમ બાજુ મોકલ્યો અને એક કાગજ કએસર પર લખી પોતાનું તખ્ત પાછું મેળવવા માટે મદદ માંગી. કએસરે તે નામાનો જવાબ વાળી મદદ આપવા પેહેલે કબુલ કર્યું. પણ પછી પોતાના સરદારો સાથે મસલત કરતાં તેઓએ કહ્યું કે "ખુસ્રુ પરવેજ તારી મદદથી ઇરાનનું રાજ પાછું મેળવી પછી કદાચ રૂમ સાથે જંગ ઉઠાવશે અને જેમ તેના ઇરાની વડીલોએ રૂમ સાથ અવાર નવાર જંગ કરી છે તેમ કરશે." આ ઉપરથી કએસરે પાછું નામું લખી પોતાનો આગલો વિચાર ફેરવી જ્યાં સુધી ખુસ્રુ પરવેજ કાંઇ સરતો કરે નહીં ત્યાં સુધી મદદ આપવાને ના પાડ્યું. ત્યારે ખુસ્રુએ પાછું નામું લખી મદદ માટે આગ્રહ કીધો. ત્યારે કએસરે કેટલીક સરતો જણાવી કે જો રૂમની મદદથી ખુસરો ઇરાનનું રાજ પાછું મેળવે તો તેણે તે સરતો પાળવી. તે સરતોમાંની મુખ્ય આ હતી:

૧. ઇરાને રૂમ પાસે કાંઇ પણ ખંડણી લેવી નહીં.

૨. ઇરાને રૂમ સાથની આગલી લડાઇઓમાં રૂમનાં જે શેહેરો હાથ કીધાં હતાં તે રૂમને પાછાં સપુરદ કરવાં

૩. ઇરાને રૂમની સરહદમાં હવે કદી પગ મેલવો નહીં.

જો આ સરતો ખુસ્રુ પરવીજ કબુલ રાખે તો રૂમના કએસરે ખુસ્રુ પરવીજને મદદ કરવાને કબુલ કર્યું કે તેથી એરચનાં ખુનથી ઇરાન અને રૂમ વચ્ચે જે પેહેલ વેહલો કીનો શરૂ થયો હતો તે નાબુદ થાય. વળી આ સરતો સાથના કોલકરાર વધારે મજબુત રહે અને તેઓ વચ્ચે સગાઇનું સાટું રહે તે કાજે કએસરે વધુ આ કહેવાડ્યું કે, "મારા મહેલમાં મારી એક છોકરી છે, જે મોટામાં મોટાં માણસને લાયકની છે, તેણીની તું અમારી દીનની રીતી મુજબ અને અમારી રાહ અને આઇન મુજબ માગણી કર. કએસરની નસલની એક બેટી (શાદીમાં લીધા)થી એરચ (નાં ખુન) નો કીનો વીસરાઇ જશે." ખુસ્રુ પરવીજે કએસરની આ સરતો ઉપર પોતાના દરબારીઓના સલાહ લીધી અને

તેઓએ તે સરતો કબુલ કરવાને ભલામણ કીધી કે તેથી એક હાથ ઉપર ખુસ્રુને પોતાનું રાજ પાછું લેવામાં મદદ થાય અને બીજા હાથ ઉપર રૂમ અને ઇરાન વચ્ચેનાં લાંબા વખતનાં વેર અને કજીઆનો અંત આવે. ત્યારે ખુસ્રુએ કએસર ઉપર એક નામું લખાવી તેના સરતો કબુલ રાખી. તે નામામાં તેણે કએસરની બેટીના સંબંધમાં લખ્યું કે, "હું તેણીના બાપની બાહલી સાથે કએસરની બેટીની શાદી માટે માંગણી કરૂં છું કે જે બેટી પાક માતા (એટલે કએસરની હકદાર રાંણી) ને પેટની હોય. તેણીની હું મારી પુરતી રાજીખુશી (હમદાસ્તાની)થી ([1]) માંગણી કરૂં છું........મેં કએસર તરફથી તેના તે બેટીને કબુલ રાખી છે કે જેણી તેની બેટીઓમાં તાજ (અફસર) સમાન છે (એટલે સર્વ રીતે ચહડતી છે). તેણીનામાં જે એબ હોય કે હુન્નર હોય તે સાથે તેણીને મેં કબુલ રાખી છે. મારા આ લખવા ઉપર પાક યજદાન મારો ગવાહ છે."

ફીરદોસી પ્રમાણે ખુસ્રુનો જવાબ નીચે મુજબ હતો:

ખુસ્રુ પરવીજનો કએસરને સરતો કબુલ રાખવાનો જવાબ.

હું લઉંછું સપત કે યજદાને પાક,
આ ફરતો ખોર્શેદ આ ધરતીને ખાક,
એ સર્વના નામના લઉંછું સપત,
કે જ્યાં સુધી ધરાઉં તાજો તખત,
જ્યાં સુધી હું છું ઇરાનનો શાહ,
જ્યાં સુધી ધરાંઉં જંગ ને સીપાહ,
ત્યાં સુધી માંગું ન ખંડણી કે બાજ,
ન કરૂં લડાઇ ને જંગના આવાજ;
ન લેઉં રૂમના મુલકનું નામ,
આપી દેઉં તેનાં શેહેરો તમામ;
કએસરને સોંપું તેની દેખરેખ,
લખી આપું તે માટે કહે તેવો લેખ.
માંગુંછ તું કએસરની બેટીનો હાથ,
જે બેટી હોય પાક તોખમની સાથ.
દરબારમાં તારી છે મારા સરદાર,
ગસ્તમ ને શાપુર જેવા નામદાર,
તેઓ સાથ આવે લસ્કર તમામ,
મોકલ ત્યારે તારી બેટી નેકનામ.
સગપણથી તારાં થઇશ હું મગન,
ખુર્જોગી પામશે ઇરાન અનજુમન.
કયોમર્સ પેહેલો પછી જમશેદ,
દુનિયા પામી તેમથી સર્વ ઉમેદ.
તેઓથી ઉતરી ભલી ઓલાદ,
ખુર્જોગો તે દાના ને ભલા ને શાદ,
તેઓના વંશથી શાહો તાજદાર,
કેખશરૂ કાઉસ થયા નામદાર.
તેઓ પછી થાઓ કેકોબાદ શાહ,
જે મેંઢાં ને વરૂને દેતો પનાહ.
ગાદીએ આવ્યો પછી લોહરાસ્પ,
તે પછી થાયો શાહ ગુસ્તાસ્પ.
પછી આવ્યો જંગી અસફન્દયાર,
તે પછી બહમન બેટો નામદાર.
પછી આવ્યો અરદેશીર બાબેગાન,
ઇરાનનું થાયું બખત જવાન.
ધરાંઉંછું હાલ હું તેમની ઓલાદ,
કએસરની સગાઇથી થાઉંછું શાદ.
સેલમથી છે તું શાહની ઓલાદ,
કીનો થાઇ દુર થાશે સઉ શાદ.
ઇરાન ને રૂમ જોડાશે સાથ,
સુલેહમાં રહી ન ભીડશે તે બાથ.

જ્યારે ખુસ્રુ પરવીજે એ મુજબ નામું લખ્યું ત્યારે કએસરે ખુસ્રુની મદદે મોકલવા લસ્કર તૈયાર કરાવ્યું. તે લસ્કર સાથે પોતાની બેટીને ખુસ્રુ સાથે પરણાવવા મોકલવાની ગોઠવણ કીધી. એ બાબે ફીરદોસી કહે છે કે, "તેની એક છોકરી હતી તેણીનું નામ મરીઅમ હતું. તેણી ડાહી, ટેકવાળી વિચારવંત અને ભલી મોરાદો ધરાવનારી હતી. તેણે તેણીને ખુસ્રુને અસલી રેવાજ

(૧) સરખાવો, આશીરવાદમાં સગાઇ કબુલ રાખવા માટે પુછાતો સવાલ "તાવાન મેરા દુહ્‌માન બરાએ જની હમદાસ્તાની."

અને દીન મુજબ શાદીમાં આપી અને તેણીની ઉપર ખોદાતાલાની દુઆઓ માંગી. પછી તેણે તેણીનાં લગનની રીત માટે બીસ્યાર જર ખજાનો તૈયાર કરાવ્યો. પછી તેણે એક જોશી પાસે એક સારો દાહાડો જોવાડયો અને બેહરામ રોજે સારા સગન સાથે શેહેરમાંથી લશ્કર સાથે પોતાની છોકરીને વળાવવા બાહેર નીકળ્યો. તેણે ત્રણ દાહડા સુધી તેણીની સાથે અને લશ્કર સાથે કુચ કીધી. ચોથે દાહાડે તેણે પોતાની બેટી મરીઅમને પોતા આગળ બોલાવી અને થોડાક શિખામણના સુખનો કહ્યા કે માર્ગમાં તપાસીને રહે અને ખુસ્રુ પરવીજ આગળ જાઇ પોહોંચે ત્યાંવેર તપાસીને મર્યાદા સાથનો પોષાક પેહેરી કુચ કરે. પછી તેણે પોતાની બેટીને પ્યાર સાથ છેલ્લી સલામ કીધી અને દુઆ દીધી કે, 'માર્ગમાં ફરતો આસમાન તારો યાર થાય.'"

પછી તેણે મરીઅમના ભાઇ એટલે પોતાના બેટા નીયાતુશને પોતા આગળ બોલાવ્યો અને લશ્કર અને જર ખજાનો અને મરીઅમને તેના હવાલામાં સોંપ્યાં. પછી તે પોતાની બેટીથી જુદો પડવા માટે આંખમાં આંસુ લાવી પોતાનાં મકાન તરફ પાછો ફર્યો.

જ્યારે ખુસ્રુ પરવીજને ખબર પડી કે કએસર તરફથી તેનું લશ્કર મદદે આવી પોહોંતું છે અને તે સાથે મરીઅમ આવે છે, ત્યારે તે તેઓને એસ્તેકબાલ લેવા ગયો. તેણે નીયાતુશ સાથે બગલગીરી કીધી. અને પછી તે પોતાની મરીઅમની પાલખી (અમારી) આગળ ગયો અને તેણીને તેણીના પરદામાં જોઇ અને ખેર આફીઅત પુછી તેણીના હાથ ઉપર બોસો દઇ તેણીને આવકાર આપ્યો. તેણીને જોઇ તે ઘણો ખુશી થયો. તે ત્રણ દાહાડા સુધી તેણીની સાથે રંગ રાગ અને ખુશીખુરમીમાં રહ્યો અને ચોથે દાહાડે ન્યાતુશને બોલાવી તેની મારફતે રૂમી લશ્કરના સરદારો અને અમલદારો સાથે ઓળખાણ કરી અને પછી આઠમે દાહડે સઘળાં લશ્કર સાથે ઇરાન ભણી કુચ કરવા માંડી.

તે પેહલવેહેલો આદર આબાદગાનના મુલકમાં ગયો. પછી નસ્તુરને લશ્કર સોંપી પોતે થોડાક સવારો સાથે ખનજસ્ટ ભણી ગયો. માર્ગમાં તેને તેનો મામો બન્દુઇ, જે કોઇ યુક્તીથી બેહરામ ચોબીનના હાથથી છુટી નાહાસી આવ્યો હતો, તે અને મઓસીલ નામનો એક સરદાર મળ્યા. પછી તે આજર ગુશસ્પનાં આતશ બેહરામમાં ગયો. એ જાણીતાં આતશ બેહરામની ખુસરો પરવીજની આ મુલાકાતનું વર્ણન ફીરદોસી નીચે પ્રમાણે આપે છે. "તે બાજ સાથે (એટલે બાજ ધરીને) આતશકદેહમાં દાખલ થાયો. તેનું દેલ (ઇરાનનું તાજ પોતાને માથે ન હોવાથી તેનાં) દરદથી ભરપુર હતું. (તે આતશબેહરામનો) હેરબદ તે યજદાંપરસ્ત પાદશાહ આગળ હાથમાં જંદ અવસ્તા લઇને આવ્યો. પાદશાહે પોતાનો સોનેરી કમરબંદ છોડયો અને આતશ ઉપર કેટલાંક ગોહરોનો નેસાર કીધો. પછી તેણે આતશની નીઆએશ કીધી અને હેરબદ ભણે તે કરતાં મોટે અવાજે પોતે ભણ્યો. તેણે દુઆ ગુજારી કે 'ઓ ઇનસાફના પાક દાવર! મારા દુશ્મનોનાં સરને તું ખાકમાં નાંખ. તું જાણે છે કે હું ઇનસાફ માટે પોકારૂં છું. નેકીના રાહનો ખેઆલ કરૂંછું.'"

બીદાદગર બેહરામ ચોબીન ઉપર ફતેહ મેળવવા માટે આ પ્રમાણે આતશબેહરામમાં બંદગી કરી તેણે પોતાનો કમરબંદ પાછો બાંધ્યો અને પોતાના માર્ગે ચાલ્યો. બેહરામ ચોબીનને જ્યારે ખબર પડી કે ખુસ્રુ પરવેજ રૂમના કએસરનાં લશ્કરની મદદ સાથ ઇરાન ઉપર પોતાનું તખત લેવા હુમલો લાવે છે ત્યારે તે પોતાનાં ઇરાની લશ્કર સાથે સામે ગયો. તેણે પેહેલાં રૂમી લશ્કરને શીકસ્ત આપી. બીજી લડાઇ થઇ તેમાં પણ ખુસ્રુએ હાર ખાધી. ખુસ્રુની હાલત ઘણી બતંગ થઇ પડી હતી. તેણે ખોદા હજુર દુઆ ગુજારી કે, "ઓ કેરદેગાર! તું મારી આ નાચારીની હાલતમાં મારી દસ્તગીરી કર." ખુસ્રુ તે દાદાર હજુર પોકાર કરી પોતાની

નાચાર હાલતમાં મદદ માટે દુઆ ગુજારતો હતો તેવામાં મુબારક સરોશ યજદ તેની હજુર આવ્યો. "તે સરોશ ખુસ્રુની નજદીક આવ્યો. તેનો પોષાક લીલા રંગનો હતો અને તે ઘોડા ઉપર સવાર હતો. તેને જોઇ ખુસ્રુને જરા હિંમત આવી. તેણે ખુસ્રુ આગળ આવી તેનો હાથ પકડયો. પાક યજદાન તરફથી એમ બને તેમાં અજબ થવા જેવું કાંઇ નથી. ખુસ્રુએ રડતા અને પોકાર કરતા આવાજે તેને કહ્યું કે, 'તું કોણ છે? તારૂં નામ શું?' તે ફરેસ્તાએ કહ્યું કે, 'મારૂં નામ સરોશ છે. તું હવે સલામત (અએમન) થયો છે. માટે હવે પોકાર ના કર. તું હવે પાદશાહ થશે. તુંએ એક પહરેજગાર મરદ બનવું.' એટલું કહી તે બેમાલુમ થઇ ગયો."

બેહરામ ચોબીને પણ આ ચમત્તકાર જોયો અને તેથી ધ્રુજવા અને ધભરાવા લાગો. બીજી બાજુએ ન્યાતુશ પણ ખુસ્રુની લડાઇમાં હાર થયલી જોઇ ખોદાતાલાને યાદ કરવા લાગો. પાદશાહની રાણી મરીઅમ પણ પોતાના જેહાનદાર પાદશાહની મુશ્કેલી માટે ગમખાર થઇ દુઆ ગુજારવા લાગી. ખુસ્રુ મરીઅમની આગળ આવ્યો અને તેણે પોતે જે ચમત્તકાર જોયો હતો તે તેણીને જણાવ્યો.

હવે ખુસ્રુને બેહરામ ચોબીન સાથ ત્રીજી લડાઈ થઈ અને બેહરામ ચોબીન હાર્યો. તે નાહઠો અને ચીનના ખાકાનના મુલકમાં તેની પનાહ હેઠળ ગયો. ખુસ્રુ પરવીજે રૂમના કએસર ઉપર પોતાની ફતેહનો પેગામ મોકલ્યો. કએસર તે પેગામથી ખુશી થયો અને પોતાના જમાઇ ઉપર મુબારકબાદી સાથે કેટલીક ભેટસોગાદ મોકલી. એ ભેટ સોગાદમાં એક પીળો ઝભો હતો કે જે ઉપર સોનેરી ભરતકામ હતું અને ગોહરોથી જડેલી કોર હતી. તેની ઉપર ખ્રીસ્તી ધર્મની નિશાણી તરીકેનો ક્રૉસ હતો. જ્યારે ખુસ્રુ પરવીજે એ ભેટસોગાદો જોઇ ત્યારે ઉપલા ઝભા માટે તેણે પોતાના દસ્તુરને કહ્યું કે, "આએ સોનેરી જરાન સાથનો રૂમી પોષાક આપણા ઇરાની ઉમરાવોને લાયકનો નથી કારણ કે આ ક્રૉસ સાથનો પોષાક તો કેથલીક ધર્મગુરૂઓ (જાસલીકાન)નો પોષાક છે. જો આપણા પોષાક ઉપર ક્રૉસ (ચલીપા) હોય તો ખ્રિસ્તીઓની રાહ રસમ મુજબનું ગણાય. પણ જો હું એ પોષાક નથી પેહરતો તો કએસરનાં મનમાં માઠું આવશે અને મારી ઉપર શક લઇ જશે. જો હું આ પોષાક પેહેરૂં છું તો મારી દરબારના નામદારો કહેશે કે 'પાદશાહ ખ્રિસ્તી થઇ ગયો છે, કે તેણે ક્રૉસ અખત્યાર કર્યો છે.'" ત્યારે દસ્તુરે જવાબ આપ્યો કે, "ઓ પાદશાહ! દીન કાંઇ પોષાકમાં સમાઇ નથી. (કે દીન નીસ્ત શાહ બ પુસેશ બ પાય). જો કે તું (ખ્રિસ્તી) કએસરનો ખેશી થયો છે તો-પણ તું પેગામ્બર જરથોસ્તની દીન ઉપર મુસ્તાક છે (એટલે દસ્તુરે કહયું કે દીન પોષાકમાં નહીં પણ જીગરમાં સમાયલી છે. માટે તું જરૂરને ખાતર ખ્રિસ્તી પાદશાહે ભેટ આપેલો ખ્રિસ્તી પોષાક પેહેરે તે છતા તારા જીગરમાં જરથોસ્તી છે એટલે બસ). ત્યારે ખુસ્રુએ પોતાના ખ્રિસ્તી સસરાએ ભેટ આપેલો ખ્રીસ્તી ક્રૉસ સાથનો પોષાક પેહેર્યો. તે જોઇ કોઇક દાનેશમંદ ઇરાનીઓ સમજતા કે કએસરના વિચારને ખાતર તેને એમ કરવું પડયું છે. કોઇક બીજાઓ કહેતા કે, "પાદશાહ બાતેનમાં ખ્રિસ્તી થયો છે."

એક ખ્રિસ્તી પાદશાહની ખ્રીસ્તી બેટી સાથ પરણવાને લીધે લોક ચકચારમાંથી પસાર થવા બાદ બેવાજ એક સબબે બીજી ચકચાર ઉઠી, જેણે જરા ગંભીર રૂપ લીધું હતું. તે ચકચાર નીચલા પ્રકારની હતી. પાદશાહ ખુસ્રુ પરવીજે પોતાના ખ્રીસ્તી સસરા તરફથી ભેટસોગાદ આવવા પછી પોતાના ખ્રીસ્તી સાળા ન્યાતુસને અને તેની સાથના બીજા રૂમી સરદારોને એક દિવસે જીઆફત આપી. તેમાં કેટલાક રૂમી ફીલસુફો, જેઓને પણ રૂમના કએસરે ખુસ્રુની દરબારમાં મોકલ્યા હતા, તેઓ પણ હાજર હતા. પાદશાહ અને તેના મેહમાનો ખાનાની મેજ ઉપર આવીને

બેહા ત્યારે ઇરાની દરબારના સરેસતા પ્રમાણે પાદશાહનો મામો ત્યાં બાજ ધરવાની બર્સમ લેઇને આવ્યો. જેહાનદાર પાદશાહે મોટી બાજ લીધી અને બાજમાં હલુથી બંદગી કરી [1]. ન્યાતુશે જ્યારે એમ જોયું ત્યારે રોટી (નાન) ફેંકી દીધી અને ગુસ્સે થઇ ખાનાની મેજ આગળથી હટી ગયો. અને બોલ્યો કે "બાજ અને ક્રૉસ એ બેઉ સાથે રહે તો તે કએસર તરફથી મેસાયા (ક્રાઇસ્ટ) ઉપર જુલમ (મીસાલે છે.) (એટલે કે જ્યાં એક ખ્રીસ્તી ધર્મ પાળનાર હાજર હોય ત્યાં જરથોસ્તી રેવાજ પ્રમાણે બાજ ધરવી એ દરૂસ્ત નથી) [2]" જ્યારે બન્દુઇએ આ મામલો જોયો ત્યારે તેણે તે ચલીપા-પરસ્ત (એટલે ક્રૉસને પુંજનાર) ને મોહોડાં ઉપર એક લપરાક મારી. જ્યારે ખુસ્રુએ આ મામલો જોયો ત્યારે દલગીર થયો અને સમ્બલીદનાં ફુલની માફક ફીક્કો થઇ ગયો. તે બોલ્યો કે, "આ કમઅકલ પેહલવાને કજીઓ કંકાસ કરી શરાબ પીવો નહીં જોઇએ. એને ન્યાતુશ રૂમી સાથે શું કામ છે? આ ટંટાથી તેણે પોતાનાં તનને (એટલે પોતાને) હલકો પાડયો છે."

હવે ન્યાતુશ પોતાની જગ્યા ઉપરથી તુરત ઉઠયો અને શરાબની થોડીક ચકચુર હાલતમાં પોતાની છાવણીમાં ગયો અને લડાઇ કરવા કાજે લડાઇનું રૂમી બખતર પેહર્યું કે જઇને પાદશાહની મીજલસને મારીને વાખેરી નાંખે. સઘળા લડાયક રૂમી સવારો ખુસ્રુની દરગાહ તરફ ગયા. ન્યાતુશે એક રૂમી સવારને પવન માફક સેતાબીથી ખુસ્રુ આગળ મોકલ્યો અને કહેવાડયું કે, "બન્દુઇ જેવો એક નાકસ મરદ, (મારા જેવા) એક યજદાં પરસ્ત મરદને મોહડાં ઉપર લપરાક કેમ મારે? તું તેને મારી નજદીક મોકલી દે નહીં તો તારી મીજલસ (અનજુમન) માં તું કડવાશ જોશે. આ ઉંધી અક્કલનો શખસ (બન્દુઇ), જે શાહનશાહી તખત લેવા માંગે છે, તેના તરફ તું ઢળે તેના કરતાં મને તુંએ વધારે માન આપવું જોઇએ." જ્યારે પાદશાહે આ સુખનો સાંભળ્યા ત્યારે ગુસ્સે થાયો કે "કોઇબી શખ્સ પોતાનાં યજદાનની દીન છુપાવે નહીં (એટલે મારી દરબારમાં અમારી જરથોસ્તી દીનનો બાજ ધરવાનો રેવાજ જાહેર રીતે પાળવામાં અમોએ કાંઇ ખોટું કર્યું નથી). કયોમર્સ અને જમશેદથી કેકોબાદ સુધીના પાદશાહોએ કદી મેસાયા (ક્રાઇસ્ટ) ને યાદ કર્યો નથી. એવું કદી બનશે નહીં કે, મારા નેયાગાનોની અને મારા નામચીન જેહાનદાર અને પાક પાદશાહોની દીન હું છોડી દેઉં અને ક્રાઇસ્ટની દીનનો થાઉં અને ખાણાં ઉપર બાજ નહીં ધરી હું ખ્રિસ્તી થાઉં." આ સઘળું જોઇ મરીઅમે ખુસ્રુને કહ્યું કે "આ મીજલશમાં ઉઠેલા ટંટાનો હું છેડો લાવીશ. તું સરફરાજ બન્દુઇને મારે સ્વાધીન કર કે હું તેને રૂમીઓ આગળ લઇ જાઉં. તેઓ તેને જોશે કે હું તેને સલામત પાછો લાવીશ. કોઇએ પણ બેહુદી રીતે કજીઓ કરવો નહીં જોઇએ."

ખુસ્રુએ બન્દુઇને દસ સવારો સાથે મરીઅમની સાથે ન્યાતુશ આગળ મોકલ્યો અને મરીઅમને કહ્યું કે "તું જઇને ન્યાતુશને કહે કે રૂમના કએસરથી શું તેં સાંભળ્યું છે કે ખુસ્રુએ પોતાની દીન છોડી દેવી? તું જાણતો નથી કે ઇરાની ઉમરાવો કદી પોતાની દીન છોડતા નથી. તું બન્દુઇને કોટી કર અને કાંઇ બુરો સખુન ના બોલ." મરીઅમ બન્દુઇને લેઇને ન્યાતુશ આગળ ગઇ અને બેઉને સુલેહ કરાવી. ન્યાતુસે બન્દુઇને ભેટસોગાદ આપી અને બેઉ જન ખુસ્રુ આગળ આવ્યા. શરાબની મસ્તીમાં આવી ચલાવેલી ચાલ માટે ન્યાંતુશે શાહ આગળ પોતાની દલગીરી દેખાડી અને કહ્યું કે, "તું તારા નેયાગાંનોની દીન

(૧) જેહાનદાર બે ગીરફ્ત બાજે મેહાંન,
બ જમ જમ હમી રાએ જદ દર નેહાન.

(૨) હમી ગોફ્ત બાજો ચલીપા બહમ,
જે કએસર બુવદ બર મેસાયા સેતમ.

પ્રમાણે અમલ કરવાનું ચાલુ રાખ. એક ડાહ્યો આદમી પોતાની દીનથી કદી ફરતો નથી (ખેરદમંદ મર્દુમ નગર્દદ જ કીશ). આ મુજબ મરીઅમે પોતાનાં ડહાપણ અને શીરીન જબાનથી પાદશાહની દરબારની એક રાજદ્વારી ખટપટ ટાળી અને તેની દરબારમાં સુલેહ પાથરી. થોડા વખત બાદ તેણીએ એક બેટાને જન્મ આપ્યો. તે બેટાને ખુસ્રુએ જાહેરમાં શીરૂઇ નામ આપ્યું અને ખાનગીમાં કોબાદ નામ આપ્યું.

ખુસ્રુએ મરીઅમને પેટ એક બેટો અવતરવાની ખુશ ખબર કએસરને કેહવાડી. તે ખુશ ખબર સાંભળી કએસર ખુશી થયો. તેણે પોતાના જમાઇ ખુસ્રુ પરવેજ માટે એક નામું લખી કેટલીક ભેટસોગાદ મોકલી. આ નામામાં તેણે કેટલીક બાબતો લખી તેમાં એક આ હતી કે, "તારા ખજાનામાં હમારા પેગમબર ક્રાઇસ્ટને જે ક્રૉસ ઉપર મારી નાંખવામાં આવ્યો હતો તે ક્રૉસનું લાકડું છે. તે મેહરબાની કરી મારા ઉપર મોકલ કે તેથી તારો અમો ઉપર મોટો ઉપકાર થશે." પાદશાહ ખુસ્રુએ નામાનાં જવાબમાં કેહવાડ્યું કે "તારે ગમે તે બીજું કાંઇ માગ પણ એ ચીજ ના માંગ. તું લાકડાંના એ ટુકડાને ઘણું વજન આપીને માગે છે, પણ હું જો તે તારી ઉપર મોકલું તો સઘળો મુલક મારી ઉપર હસશે અને મારા મોબેદો કહેશે કે હું મરીઅમને ખાતર ખ્રિસ્તી બની ગયો છું. બીજું તું તારી બેટી મરીઅમ માટે પુછાવે છે તો તેણી સુખી અને ખુશ છે અને પોતાનો ખ્રિસ્તી ધર્મ પાળે છે."

હવે ફીરદુશી કહે છે કે ખુસ્રુ પરવીજે કેટલોક વખત પછી એક બીજી બાયડી કીધી જેનું નામ શીરીન તરીકે મશહુર થયું છે. ખુસ્રુ પોતાની આગલી રાણી મરીઅમ ઉપર પાદશાહી રાણી તરીકે ચાહ રાખતો હતો તે શીરીનને ગમતું હતું નહીં. તેથી તેણીએ એક દીવસે છુપી રીતે મરીઅમને ઝેર આપી મારી નાંખી. આ કામ તેણીએ એવી તો છુપી રીતે કર્યું હતું કે પાદશાહને પણ તેની ખબર પડી હતી નહીં. એમ મરીઅમને મારી નાંખી શીરીન પાદશાહના મેહેલની વડી રાણી થઇ.